


3

જાણ્યું છતાં અજાણ્યું

- મુનીન્દ્ર

જાણ્યું છતાં અજાણ્યું

૩

(અગમ્ય વિદ્યા)

મુનીન્દ્ર

નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધીરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

ચમત્કારો ને પ્રભુ

યોગાચરણથી ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત થઈ શકે છે. આ સિદ્ધિઓ, એ પ્રાપ્ત કરનારને ચમત્કારો સર્જવા સમર્થ બનાવે છે. કુદરતના કાયદાઓને નિરોધી શકે એવી વિસ્મયકારક આ શક્તિઓ છે. આ શક્તિઓ દ્વારા કેટલાક યોગીઓ એવાં કાર્યો કરે છે, કે જેના તરફ બીજાઓ, નવાઈથી જોઈ રહે છે. આ યોગીઓના શિષ્યો આ 'શક્તિઓ' અને 'ચમત્કારો'ની જાહેરાત કરતા ફરે છે.

ભગવાન રામકૃષ્ણ કહેતા કે આવી શક્તિઓ પ્રાપ્ત કરી એ દ્વારા લોકોને તાજ્જુબીમાં નાખવા એ યોગ્ય નથી.

કોઈ આવીને એમને કહેતું કે : 'પેલા ગામમાં એક જબરા ચમત્કારિક યોગી આવ્યા છે, એને મળવું જોઈએ.'

પરમહંસ જવાબ વાળતા : 'ત્યાં જશો નહીં. એમને જોવાથી તમને કશો લાભ થશે, એવી માન્યતાથી એમને મળવાનું ટાળજો.'

યોગીઓના આ ચમત્કારો ઠગારા છે એવું તેમણે કહ્યું નથી. એમણે તો માત્ર એટલું જ શીખવ્યું કે ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત કરવી એ પ્રભુને ભજવાનો સાચો માર્ગ નથી.

'બ્રહ્મના શોધનારના માર્ગમાં આ શક્તિઓ એ કાંટાળા ઘાસ સમાન છે. એમાં ગૂંચવાશો નહીં. તમારી માંદગીને મંત્રોથી દૂર કરનારા પાસે કે યોગની શક્તિથી તમારો મુકદ્દમો જીતી આપવાની વાત કરનાર પાસે જશો નહીં.

'સાચા ભક્તો પ્રભુની કૃપા સિવાય અન્ય કશું ઈચ્છતા નથી. અમુક ચોક્કસ શક્તિઓ ભક્તિ, યોગાચરણ તેમ જ શિસ્ત દ્વારા પ્રાપ્ત થઈ શકે. આમ છતાંયે આ શક્તિઓ બહુધા એમની મેળે જ આવતી હોય છે. સાચા ભક્તો એ શક્તિઓને પ્રાપ્ત કરવાના સભાન પ્રયાસો નહીં કરે.

'જો આપણે ખાઈએ છીએ તો આપણે મળમૂત્ર અને પરસેવાને બહાર ફેંકી દઈએ છીએ, પણ કેવળ મળત્યાગ માટે જ

કોઈ આહાર કરતું નથી. સાચા ભક્તો ભક્તિ કે યોગનું આચરણ સિદ્ધિઓ મેળવવા નહીં કરે. સિદ્ધિઓ મળ સમાન છે.'

સિદ્ધિઓ પ્રાપ્ત કરવાથી અહંકાર વધે છે. તેથી ભક્તિને એ અવરોધે છે અને પ્રભુપ્રાપ્તિના માર્ગમાં સહાયભૂત બનતી નથી. આથી શ્રી રામકૃષ્ણે સિદ્ધિઓને યોગની અવગણનારૂપે ઓળખાવી છે.

રામકૃષ્ણ કહેતા એ કથા અહીં રજૂ કરી છે : એક યોગી એના ગુરુ પાસે ગયા અને કહ્યું : "મેં ચૌદ વરસ સુધી એકાંતમાં તપ આચરી પાણી પર ચાલવાની શક્તિ પ્રાપ્ત કરી છે."

ગુરુએ પ્રત્યુત્તર વાળ્યો : "વત્સ, તેં આટલી મહેનત શા માટે લીધી ? તારાં ચૌદ વરસ પાણીમાં ગયાં ! કેવળ પચીસ પૈસામાં નાવિક તને પેલે કિનારે લઈ ગયો હોત. તેં પ્રાપ્તિ કરેલી સિદ્ધિનું મૂલ્ય પચીસ પૈસા જેટલું જ છે."

સિદ્ધિની શોધમાં કોઈએ દિવસો બગાડવા નહીં. પ્રભુની કૃપા પામવા સાચી ભક્તિનું આચરણ કરવું. તેમના ચમત્કારોથી તમને લલચાવવા ઈચ્છતા યોગીઓનો સથવારો જતો કરવો.

– રાજાજી

મૂલ્યાંકન કરવા જેટલા આપણે નીડર થઈએ ને પ્રમાણિક રહીએ.

પ્રજ્ઞાપરાધ એ જેમ રોગોનું મોટું કારણ છે, એમ અગમ્ય હેરાનગતિ–બાધાઓનું પણ એ એક કારણ છે. સંસારમાં છેતરપિંડી, પરઘાત કે પારકાને દુઃખી કરવાનો પ્રયત્ન ન કરીએ, તો ગમે તેવું દુષ્ટ સત્ત્વ માણસને ડરાવી શકતું નથી. ને સત્ત્વશીલ માણસ હંમેશાં એ બધાંથી અસ્પૃશ્ય રહે છે.

અધ્યાત્મક્ષેત્ર, ગૂઢ અનુભવો ને ચમત્કારો આ બધાંને ઝીણી ચાળણીએ ચાળવા માટે આ લેખોનું પ્રયોજન છે.

'મન કે હારે હાર હૈ, મન કે જીતે જીત.'

સાચાની સાબિતી નથી. ખોટાની ખાતરી નથી, એ બધાંને જ્ઞાન-વિજ્ઞાનનાં નવાં તોલાં ને નવાં ત્રાજવાં લઈને તોળીએ.

આ વખતે કેટલાંક ચરિત્રો આપ્યાં છે. અનુભવીઓના અનુભવ આપ્યા છે. ચવચવના મુરબ્બાની જાણે બરણી ભરી છે. ભારત અને ભારત બહારની વ્યક્તિઓ અને ઘટનાઓને પણ સ્થાન આપ્યાં છે. જ્યાંથી જે જાણવા ને નાણવા જેવું લાગ્યું તે પણ સંગ્રહિત કર્યું છે. સહુનો આભાર.

સો વાતની એક વાત એ છે કે -

પ્રાર્થના, જપ, મૌન, સ્તોત્ર-સ્તવન, સાકાર-નિરાકાર પ્રભુ-પૂજન, દાન અને દયા - આ સાથે ચારિત્ર્ય, નીડરતા ને સત્યનિષ્ઠા જરૂરી છે : આવો માણસ ભૂતડાંની ભાઈબંધી કરે તોય ડર નથી. આકાશી બલા સામે એ એકલો ખડો રહી શકે છે. કમનસીબીના અંધકારને એ પુરુષાર્થ ને શ્રદ્ધાના દીપથી આલોકિત કરે છે. સંસારના સમરમાં એ વિજયી સિપાહી તરીકે આગળ વધે છે, ને આખરે સેનાપતિ બની જાય છે – અપ્રતિમ આત્મશ્રદ્ધા ને આત્મશક્તિથી.

મનુષ્ય સાન્ત છે, ઈશ્વર કે આત્મા અનંત છે. એ અનંતને ઓળખવાનો આ આછોપાતળો પ્રયત્ન છે.

ગુજરાતના સુપ્રસિદ્ધ દૈનિક 'ગુજરાત સમાચાર'માં "જાણ્યું

ગુજરાતના સુપ્રસિદ્ધ દૈનિક 'ગુજરાત સમાચાર'માં "જાણ્યું છતાં અજાણ્યું" નામની લેખમાળાએ યોગીઓ, સંતો, સર્જનો, આચાર્યો ને નાનાવિધ વાચકોનું સારું એવું લક્ષ ખેંચ્યું છે. પ્રત્યુત્તર નહિ વાળવાના નિયમથી પત્રોનો મોટો ગંજ પણ સામે છે. એ પત્રોનો પ્રત્યુત્તર તો કોઈ પરમજ્ઞાની જ વાળી શકે. એવા જ્ઞાનનો આ લેખકનો દાવો નથી.

એ કટારમાંથી કેટલાક લેખો અહીં ઉદ્ધૃત કર્યા છે : એ માટે 'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રી શાંતિલાલ શાહનો હું ઋણી છું.

મુનીન્દ્ર

વખતે પરચા કે ચમત્કારો અધ્યાત્મજીવનની ફલશ્રુતિ સમા ભાસતા. યોગ એ સંસારની એટમબૉંબથીય અધિકી તાકાત લાગતી. યોગીઓ દેવ ભાસતા.

ઉત્તર પ્રદેશ ને મધ્ય પ્રદેશના નિવાસ દરમિયાન જંગલો, જૂના કિલ્લાઓ, ખંડેરો, વાવો ને સ્મશાનની સફરો કરેલી. આ વખતે કોઈ અગમ્ય જીવસૃષ્ટિના અસ્તિત્વથી મન ડોલાયમાન રહેતું. કોઈ વાર હિંમતથી એને નાણી જોવા મન થતું : કોઈ વાર નાહિંમત થઈ મન બેસી જતું. માણસનું બળ ને અબળ જાણે મનના સંજોગોને આધીન લાગતું.

એ પ્રસંગે વિદ્યા શીખવા જેમ વિદ્યાર્થી ગુરુને શોધે, એમ આ ચમત્કારિક ઘટનાઓ, આત્મિક દુનિયા, આધ્યાત્મિક શક્તિનો તાગ લેવા સાધુ, સંતો, મહંતો, ફકીરો, સાંઈઓ ને જાણકારોની જેવી બની તેવી ઉપાસના કરેલી.

નાનું શું મન મોટું થઈને આ બધા અગમ્ય ને અઘોર જેવા જગતને હજાર નયનથી નીરખતું હતું. કોઈવાર એકદમ ઈન્કાર કરી બેસતું, કોઈ વાર ખાતરીની સ્વાનુભવસિદ્ધ વાત લાગતી. પણ મનને તસલ્લી આપે એ રીતે કોઈ ઘટના ઘટી નહિ. કોઈ ગુરુ મળ્યો નહિ. ત્રીસ વર્ષ પહેલાંનો અસંતોષ આજે પણ ચાલુ જ છે.

ને ચમત્કારિક દુનિયામાં તો ભરપટ્ટે ચમત્કારો ચાલતા હતા. એક ચપટી ભભૂતથી રોગ દૂર થતા હતા, સંકલ્પથી ધારેલો માણસ કે વસ્તુ હાજર થતી : આપણા મનમાં ઊગેલી વાત બીજાના મનમાં પણ એ વખતે ઊગતી, પરોક્ષ ભૂતકાળ પ્રત્યક્ષ હોય એ રીતે કહેવાતો : ભાવિની લીલા પણ મનપ્રદેશને અભિભૂત કરી દેતી. માનવામાં ન આવે તોય ઈન્કાર ન કરી શકાય તેટલાં પ્રમાણો નજર સામે હતાં. જેટલું જાણવામાં આવે એનાથી વધુ અજાણ્યું સર્વ ઘટનાઓમાં રહેતું જ.

આ બધું શું ? એનો તાગ કઈ રીતે લેવો ? અધ્યાત્મ અંધારો કૂવો લાગ્યો. તત્ત્વ કરતાં ફેલફિતૂર વધુ ભાસ્યાં.

મન જે આંખે જુએ, એ આંખે એવું દેખાય. મંત્ર, તંત્ર ને

યંત્રની દુનિયામાં ડૂબકી ખાધી તો મોટા મોટા દાક્તર-વૈદોથી ન મટતા રોગો એનાથી ચૂટકી વગાડતાં મટી જતા જોયા. સંપાદકને જ નાનપણમાં એકાંતરિયો તાવ ને બરોલ હતાં. દવાઓ ખૂબ ખાધે ન મટ્યાં, ને એક સાંઈએ ક્ષણમાં મટાડ્યાં. રાંઝણના મંત્ર-પ્રયોગોથી સ્વસ્થ થયેલી વ્યક્તિઓ તો નજર સામે છે. સાપ–વીંછીના પ્રયોગો તો રસ્તે ચાલતાં જોવા મળે છે. આ બધું છે છે ને નથી. નથી નથી ને છે !

આ જ્ઞાન છે, સાથે કોઈ ગુપ્ત વિજ્ઞાન પણ છે : એટલી શ્રદ્ધા જરૂર છે; પણ એ શ્રદ્ધાને સચોટ રીતે પ્રત્યક્ષ કરાવનાર કોઈ વ્યક્તિ હજી મળી નથી. વિશાળ સાહિત્ય ને મબલખ પ્રયોગોથી શાસ્ત્રો ભર્યાં પડ્યાં છે. હિપ્નોટિઝમ, મેસ્મેરિઝમ, નજરબંધી, જાદુગરી - આ બધી વિદ્યાઓએ એમાં ગૂંચવાડો વધાર્યો છે.

એક વાત - આત્મસાધનાના આરંભ પછી આત્મસિદ્ધિ સુધીના પ્રલંબ રાહમાં ચમત્કારો થતા હોય છે. એ તો ચકમક ઘસતાં પડેલા તણખા જેવા છે. એ તણખાથી દીવો સળગાવી શકાય તો જ સાર્થક, નહિ તો ચમત્કારો મોટે ભાગે માણસને અધ્યાત્મ જીવનમાંથી પાછો પાડે છે, અધઃપતન ને અશ્રદ્ધાના માર્ગે દોરી જાય છે.

જેઓ ચમત્કારને પ્રસિદ્ધિ આપે અથવા હું આમ કરી આપીશ, દોલત આપીશ, દીકરા આપીશ, એવી વાતો કરે એ તો ઢોંગી ધુતારા જ છે. કર્મના લેખમાં મેખ ભાગ્યે જ મારી શકાય છે. કાગડાનું બેસવું ને ડાળને પડવું, આવો ઘાટ મોટે ભાગે એમાં જોવાય છે. વળી ગૂઢ શક્તિઓ દ્વારા આવી તાકાત જેને લાધે છે, એ તો ગૂઢ બની જાય છે. બોલતા નથી કે ચાલતાય નથી. રે, લોકકલ્યાણ એમના અંતરના દર્દની દવા બની જાય છે, સામા પગે નિષ્કપટ ભાવે એ સહાય કરવા ચાલ્યા આવે છે, નહિ તો દુનિયા સળગતી હોય તોય એ પોતાની મસ્તીમાં પડ્યા રહે છે !

સાચી દિલની લાગણી ને સાચો આત્માનો પ્રેમ અદ્‌ભુત ને અગમ્ય અસરો નિપજાવે છે. જીવનના તાણા-વાણામાં જાણ્યાના તાણા કરતાં અજાણ્યાનો વાણો મોટો છે. એ તાણા-વાણાથી જીવન વણાયું છે. પણ એથી કોઈ ભ્રમમાં કે ભયમાં ન પડે. દરેક વાતનું

આરંભે

'ગુજરાત સમાચાર' દૈનિકની રવિવારની પૂર્તિમાં પ્રગટ થતી આ લોકપ્રિય કટાર આજે તો લાખો વાચકો માટે આનંદ અને કુતૂહલનું સ્થાન બની ચૂકી છે. મહાન વિદ્વાનો, સાધુઓ, સિવિલ સર્જનોથી લઈ અમલદારો, વિદ્યાર્થીઓ અને સ્ત્રીઓમાં પણ એને વિશે ખૂબ ચાહના જોવા મળે છે.

દરેક માનવી જીવનમાં નિરંતર કેટલીક ઘટનાઓનો અનુભવ કરતો હોય છે. કાર્યને તે અનુભવતો હોય છે, પણ કારણને પિછાની શક્તો નથી. આથી જ અગમ્ય, અગોચર તરફ માનવીની હંમેશાં ભારે ઈંતેજારી રહેલી હોય છે. જોકે આ ઈંતેજારીનો ક્યાંક ગેરલાભ પણ લેવાતો જોવા મળે છે. પાખંડ, ધૂર્તતા અને પાપ એની આડે પોષાતાં જોવા મળે છે.

અહીં રજૂ કરવામાં આવેલા કિસ્સા શ્રી 'મુનીન્દ્ર'ની માહિતી મુજબ સાચા છે. તે અનુભવ કરનારી વ્યક્તિઓની પાસેથી મેળવવામાં આવ્યા છે. માત્ર સ્થળ અને વ્યક્તિઓનાં નામમાં જરૂરી ફેરફાર કર્યા છે. જે વ્યક્તિ કે સામયિકમાંથી આમાંના કેટલાક અનુભવ લીધા છે તે સર્વના સૌજન્યનો સાદર સ્વીકાર કરીએ છીએ.

આ બનાવોની પાછળ કોઈ વિજ્ઞાન છે. માત્ર એને શોધવું જોઈએ. શુદ્ધ કરવું જોઈએ અને પછી સ્વીકારવું જોઈએ. આ રીતે આ અનુભવોનો વાચકો નીર-ક્ષીર ન્યાયે આસ્વાદ કરશે એવી અપેક્ષા રાખીએ છીએ.

મન કે નયન હજાર !

દેહ રથ છે.

આત્મા સારથિ છે.

ચિત્ત ચંચળ અશ્વ છે.

યોગ એ અશ્વને નાથવાની પ્રક્રિયા છે. જો મનચિત્ત સાધ્ય થઈ જાય તો અશ્વ સારથિના દોર્યા ચાલે છે : ને જે લક્ષબિંદુ છે, તેને પહોંચે છે.

ચિત્ત જડ છે, આત્મા ચેતન છે.

અજ્ઞાન અવિદ્યાને લીધે ચિત્ત એ આત્મા છે, એવો ભાસ થાય છે. યોગ એટલે ચિત્તવૃત્તિઓનો નિરોધ કરી ઈશ્વર અને આત્માને જોડનાર બળવાન પ્રક્રિયા ! સત્, ચિત્ ને આનંદને પામવાનો પ્રયત્ન !

એ પ્રયત્નના રાહમાં અનેક સિદ્ધિઓ, અનેક પ્રસિદ્ધિઓ, અનેક ચમત્કારો આવે છે. પ્રભુના રાહમાં માયા આડી આવે છે, એમ ઘણા સાધકો એ સિદ્ધિ-ચમત્કારોમાં ફસાઈ જાય છે; ને અડધે રસ્તે અટવાઈ જઈ આર્થિક લાભ ને લૌકિક કીર્તિના કૂવામાં ડૂબી મરે છે !

યોગ આત્માની ઉન્નતિનું સાધન છે. વેદ, ઉપનિષદ તથા તમામ ભારતીય દર્શનોએ યોગને મહત્ત્વ આપ્યું છે; ને તેની અધ્યાત્મ-પ્રક્રિયા પર ભાર મૂક્યો છે.

યોગ મનની શુદ્ધિ, ચિત્તની નિર્મળતા માટે ને મેલા થયેલા આત્મસુવર્ણને સ્વચ્છ કરવા માટે સર્વોત્તમ સાધન છે.


સ્વ. મ. ન. દ્વિવેદી કહે છે કે તમામ યોગોમાં હઠયોગ પ્રાણનું દમન કરીને ચિત્તને બ્રહ્મતત્ત્વમાં લીન કરવાનું સાધન છે, જ્યારે રાજયોગ વાસનાક્ષય દ્વારા ચિત્તશુદ્ધિ સાધી બ્રહ્મસાક્ષાત્કાર (મોક્ષ) કરવાનું સાધન છે.

જિંદગીની જુવાનીના દ્વારે અધ્યાત્મ તરફ રસ લાગેલો. એ

જાણ્યું છતાં અજાણ્યું - ૩

(અગમ્ય વિદ્યા)

અનુક્રમ



૧. અગમ્ય વિદ્યા

ઈ. સ. ૧૯૨૧નો મધ્ય શિયાળો હતો.

પૉંડિચેરીમાં શ્રી અરવિંદ હતા.

એમની સાથે માતાજી, મિસ હૉડસન, અમૃતા અને આંદામાનથી આવેલા બારીન્દ્ર ને જાણીતા ક્રાન્તિકાર ઉપેન રહેતા હતા.

શ્રી અરવિંદ પાસે વત્તેલ કરીને એક રસોઈયો હતો. આ રસોઈયાને એની વર્તણૂક માટે બરતરફ કરવામાં આવ્યો.

વત્તેલ માથાભારે હતો. એણે જતાં જતાં ધમકી આપી કે હું તો જાઉં છું, પણ તમે અહીં કેવા રહો છો એ તમને બતાવી આપીશ.

ટૂંક સમયમાં રસોડા પર પથ્થરો પડવા શરૂ થયા. પથ્થરો સમી સાંજથી પડવા શરૂ થતા અને અડધો કલાક ચાલુ રહેતા. પહેલાં ધીરેથી શરૂઆત થતી, ને પછી ધડાધડી શરૂ થતી.

શરૂમાં પથ્થરો સામી અગાસીમાંથી કોઈ નાખે છે એમ લાગ્યું. અગાસીમાં પહેરો ગોઠવ્યો. ત્યાં કોઈ ન હતું, ને પથ્થરો તો રોજના નિયમ પ્રમાણે આવતા હતા.

શરૂઆતમાં એ પથ્થરમારો અડધો કલાક ચાલતો. હવે સમયનો ગાળો વધ્યો.

પહેલાં અમુક માપના પથ્થરો પડતા. હવે એનું માપ પણ મોટું થયું.

પહેલાં જે વેગથી પથ્થરો પડતા એ વેગમાં પણ જોર આવ્યું.

પહેલાં પથ્થરો માત્ર રસોડા પૂરતા મર્યાદિત હતા, હવે મકાનના વરંડામાં પણ પડવા લાગ્યા, ક્ષેત્રવિસ્તાર વધ્યો.

બેક દિવસ પછી આ કામ કોઈ પાકા હરામીનું માની પોલીસમાં ખબર આપવામાં આવી.

પોલીસનો બેડો તપાસ માટે આવી પહોંચ્યો. તેઓએ બધે પહેરો ગોઠવી દીધો. દૂર, પાસે, નજીક, આસપાસ માણસો મૂક્યાં.

નિયત સમયે પથ્થરો પડવા શરૂ થયા. પોલીસ ચારે તરફ દોડધામ કરવા લાગી, પણ કોઈ ગુનેગારનો પત્તો લાગ્યો નહિ ! એક દિવસ ગયો, બીજો ગયો.

ત્રીજે દિવસે વરંડામાં પોલીસ ઊભી હતી, ને પોલીસ ઉપરીના પગ વચ્ચેથી સૂઉઉ કરતો એક પથરો બંદૂકની ગોળીની જેમ પસાર થયો ને વરંડાને વીંધીને બહાર પડ્યો. ભય અને આશ્ચર્યનો કોઈ પાર રહ્યો નહિ.

પોલીસ તપાસમાં શિથિલ બની.

ક્રાંતિકારી નેતા ઉપેન બૅનરજીએ તપાસની આગેવાની લીધી ને એક હાથમાં લાઠી ને બીજા હાથમાં ટૉર્ચ લઈ અગાસી પર ચડી ગયા.

પથ્થરોનો મારો ચાલુ હતો.

પથ્થરના ઘા કરનારો કાળા માથાનો કોઈ માનવી નજરે પડ્યો નહિ. જે જે હિંમતબાજ હતા, તે તે બધાએ ચારે તરફ શોધ કરી, પણ પરિણામ કાંઈ આવ્યું નહિ.

ખુદ યોગી શ્રી અરવિંદે આ વિષે પોતાનો અનુભવ ટાંકતાં લખ્યું કે :

"આખરે જાણે કે અમારા પર મહેરબાની કરીને અમને શંકાથી પર કરવા, બંધ કરેલા ઓરડામાં પથ્થરો પડવા લાગ્યા. એમાંનો એક ખાસ્સો મોટો હતો - તે પડ્યા પછી મેં તરત જ જોયો ત્યારે લાંબો થઈને નેતરના ટેબલ પર નિરાંતે પડ્યો હતો – જાણે એને આરામ લેવાની જરૂર ન હોય.

શ્રી અરવિંદબાબુ આ વિષે આગળ અનુભવે છે કે :

"આ રીતે પથ્થરો વધારે ને વધારે જોખમભરેલી રીતે પડવા લાગ્યા. વિજયબાબુની ઓરડી પર પથ્થરો જોરથી પડતા. એ સિવાય અત્યાર સુધી કાંઈ નુકસાન થયું નહોતું.

"છેલ્લા દિવસની આગલી રાતે હું એનું નિરીક્ષણ કરતો હતો. પથ્થરો અંતરિક્ષમાં, હવામાં જમીનથી થોડા ફૂટ ઊંચે જોવામાં આવતા. તે દૂરથી આવતા નહિ, પણ ઓચિંતા પ્રગટ થતા, અને જે દિશામાંથી આવતા, તે પરથી તો અમારા ખુલ્લા ચોકમાંથી કે વરંડામાંથી જ કોઈ નાખતું હોય તેમ લાગતું.

"પરંતુ એ આખી જગામાં પ્રકાશ હતો, અને મેં જોયું કે ત્યાં કોઈ હતું નહિ - હોવાની શક્યતા જ ન હતી."

આ પથરાઓએ આશ્રમનું આખું વાતાવરણ તંગ કરી દીધું. વિજયબાબુના ખંડમાં એક નોકર છોકરો સૂતો. ધીરે ધીરે, ઓરડીનાં બારણાં બંધ હોવા છતાં, પથરા એ છોકરા પર પડવા લાગ્યા, ને ઘાથી છોકરાને લોહી નીકળવા માંડ્યું. છોકરો ત્રસ્ત ત્રસ્ત થઈ ગયો.

વિજયબાબુએ શ્રી અરવિંદબાબુને બોલાવ્યા. તેમણે પૂરતું નિરીક્ષણ કર્યું. છોકરાના ઘા જોયા, પથરા જોયા, પણ ફેંકનાર નજરે ચડ્યો નહિ !

હદ થઈ ગઈ !

વાતાવરણ વિચિત્ર બની ગયું.

આ વખતે માતાજીએ આ પ્રશ્ન હાથ પર લીધો. તેમણે કહ્યું :

"ગૂઢ વિદ્યાનો આ પ્રયોગ છે. આ નોકરને માધ્યમ બનાવવામાં આવ્યો છે. આ ઘર અને તેની વચ્ચેનો સંબંધ તોડી નાખો."

તરત નોકરને અન્યત્ર મોકલી આપવામાં આવ્યો, ને એ રાતે પથ્થરો પડવા બંધ થયા.

સાત દિવસને અંતે એક દિવસ પેલા રસોઈયા વત્તેલની વહુ દોડતી આવી અને બોલી :

"વત્તેલ ઓચિંતો માંદો પડ્યો છે. મરણતોલ હાલતમાં છે. જે શક્તિનો એ પ્રયોગ કરતો હતો, એ શક્તિએ એના પર હુમલો કર્યો છે. આ શક્તિની સાધના એણે એક મુસલમાન ફકીર પાસે કરાવી હતી."

"રે ! સૂક્ષ્મ પ્રાણમય સત્ત્વને મંત્રથી પ્રેરીને આ રીતે કોઈને હેરાન કરાય નહિ ! મેલી શક્તિનો પ્રયોગ પણ માણસના મનચિત્તને મલિન બનાવે છે."

પૉંડિચેરીના આશ્રમવાસીઓએ કહ્યું.

પણ પેલી વત્તેલની વહુ તો ખોળો પાથરતી હતી ને આક્રંદ કરતી હતી.

"એને જિવાડો ! મને જિવાડો."

શ્રી અરવિંદબાબુએ દયાર્દ્ર દિલે કહ્યું : "થોડા પથ્થરો નાખવા માટે કોઈની જિંદગી લેવાય નહિ."

રસોઈયો માતાજીની કૃપાથી બચી ગયો.

શ્રી અરવિંદબાબુ આ વિષે લખતાં જણાવે છે કે :

"આ પરથી જોઈ શકાય છે કે, ગૂઢ શક્તિઓની ઘટનાઓ વાસ્તવિક હોય છે, અને ભૌતિકશાસ્ત્રની ઘટનાઓ જેમ અમુક નિયમ કે પ્રક્રિયા પર આધાર રાખે છે, તે જ પ્રમાણે એમના પણ નિયમ અને ચોક્કસ પ્રક્રિયાઓ ચાલી રહેલાં છે, જેમના વડે એ ઘટનાઓ ઉપજાવી શકાય છે, એટલું જ નહિ પણ તેમને અટકાવી કે છેક વિનાશ પણ પમાડી શકાય છે."

□



૨. અજાણી વ્યક્તિના અક્ષરો

મનની સિતારી કેવા અદ્ભુત ઝંકાર કાઢે છે, અને કેવો અકલ્પ્ય બનાવ સર્જે છે, તેનો શ્રી ધનંજયે મોકલેલો એક ચિતાર આપણા મન અને હૈયાની સિતારીને રણઝણાવી જાય છે.

આજથી આશરે પચાસ વર્ષ પહેલાંની આ સત્ય ઘટના છે. તે વખતે વાયરલેસ ટેલિગ્રાફીની શોધ થઈ ન હતી.

એક સ્ટીમર બ્રિટનથી અમેરિકા જઈ રહી હતી. વિશાળ આટલાન્ટિક મહાસાગર પસાર કરવાનો હતો. સ્ટીમર હોકાયંત્રની મદદથી સાચી દિશામાં માર્ગ કાપતી ઝપાટાબંધ દોડી રહી હતી !

સ્ટીમરનો કૅપ્ટન કંઈ કામકાજ પ્રસંગે માત્ર દસ મિનિટ પોતાની કૅબિન છોડીને બહાર ગયો હતો. તે પાછો ફર્યો ત્યારે પોતાની કૅબિનમાં ટેબલ પાસે એક વ્યક્તિને તેણે બેઠેલી જોઈ. ટેબલ એવી રીતે હતું કે ખુરશી ઉપર બેઠેલી વ્યક્તિનું મુખ દરવાજા બહારથી દેખાય નહિ, પરંતુ તેની પીઠ દેખાય. તે વ્યક્તિએ બદામી રંગનું શર્ટ પહેર્યું હતું; અને ગળામાં કાળા રંગનું મફલર લપેટેલું હતું. પૅન્ટનો રંગ સફેદ હતો.

કૅપ્ટને જ્યારે જોયું કે પોતાની કૅબિનમાં ઘૂસી જઈને કોઈ અજાણી વ્યક્તિ ટેબલ ઉપર કંઈક લખી રહી છે, ત્યારે તેને ઘણો ગુસ્સો ચઢ્યો ! એણે દરવાજાની બહાર ચોકી કરી રહેલા પહેરેગીરને પૂછ્યું, 'મારી ગેરહાજરીમાં અંદર કોને જવા દીધો છે ?'

'સાહેબ ! મેં કોઈને અંદર જવા દીધો જ નથી. મારી ફરજ ઉપર હું બરાબર જાગ્રત છું.' પહેરેગીરે નમ્રતાથી જવાબ આપ્યો.

'અરે ! શું જાગ્રત છે ! મારા ટેબલ પાસે બેસીને કોઈ લખી રહ્યું છે !' કૅપ્ટને કહ્યું.

'એવું ન બને, સાહેબ ! મેં કોઈ વ્યક્તિને અંદર જવા દીધી નથી જ.' પહેરેગીરે ભારપૂર્વક કહ્યું.

'તો ચાલ મારી સાથે અંદર.' કૅપ્ટને પહેરેગીરને પોતાની સાથે કૅબિનમાં લીધો.

ત્યાં જઈને જુએ છે તો કોઈ ત્યાં હતું નહિ. કૅબિનનો ખૂણેખૂણો જોઈ વળ્યા. પણ ત્યાં કોઈ દેખાયું નહિ !

'સાહેબ, આપ કહેતા હતા તે વ્યક્તિ અંદર પેઠી હોય તો અહીં હોય ને ?' પહેરેગીરે પૂછ્યું.

'એ જ અજાયબી છે ! મેં મારી સગી આંખે બદામી શર્ટ અને ગળે કાળું મફલર બાંધેલી વ્યક્તિ જોયેલી. મારા ટેબલ ઉપર તે કંઈક લખી રહી હતી. હવે તે કૅબિનમાં ક્યાંય દેખાતી નથી.' કૅપ્ટને તાજુબી પામતાં કહ્યું.

કૅપ્ટને ટેબલ પર રાખેલી સ્લેટમાં જોયું તો અજાણી વ્યક્તિના હસ્તાક્ષરો હતા. સ્લેટમાં લખ્યું હતું :

'ચાલુ માર્ગ છોડીને, પ્રભુની ખાતર ડાબી દિશામાં ઝડપથી સ્ટીમર ચલાવો.'

'જો ! પેલી વ્યક્તિ આ સ્લેટમાં કંઈક લખી પણ ગઈ છે !' પહેરેગીરને સ્લેટ બતાવતાં કૅપ્ટને કહ્યું.

કૅપ્ટને પોતાના હાથ નીચેના અધિકારીઓને એકઠા કર્યા અને બનેલો બનાવ તથા સ્લેટમાં લખાયેલો સંદેશ કહ્યો.

મજકૂર વાત જોતજોતામાં આખી સ્ટીમરમાં ફેલાઈ ગઈ. પ્રવાસીઓએ આગ્રહ કર્યો કે સ્લેટમાં લખાયેલા સંદેશા પ્રમાણે સ્ટીમર આગળ ચલાવો. આખરે કૅપ્ટને પ્રવાસીઓનો આગ્રહ માન્ય રાખ્યો અને અજાણ્યા માર્ગે સ્ટીમર આગળ ધપાવી !

સ્ટીમર ઝડપથી માર્ગ કાપી રહી હતી. આમ એકાદ કલાક થયો હશે ત્યાં સામે એક બીજી સ્ટીમર દેખાઈ ! તે સ્ટીમરના પ્રવાસીઓ તૂતક ઉપર આવીને 'મદદ' 'મદદ' એવી બૂમો પાડી રહ્યા હતા. આ સ્ટીમર અમેરિકાથી બ્રિટન જઈ રહી હતી. પરંતુ માર્ગ ભૂલી જવાથી આડે રસ્તે ફંટાઈ ગઈ હતી ! સ્ટીમરમાં ખોરાક ખૂટ્યો હતો ને સ્ટીમર ચલાવવા માટે હવે કોલસો પણ ન હતો ! છેલ્લા ત્રણ દિવસોથી પ્રવાસીઓ ભૂખ્યા હતા ! વધુમાં આ સ્ટીમરમાં બાકોરું પણ પડ્યું હતું !

પેલી સ્ટીમરને અટવાઈ ગયેલી સ્ટીમર નજીક લાવવામાં આવી અને તેના તમામ પ્રવાસીઓ સહીસલામત નવી સ્ટીમરમાં લઈ લેવામાં આવ્યા !

એવામાં એક પ્રવાસી ઉપર કૅપ્ટનનું ખાસ ધ્યાન ખેંચાયું ! 'કૅબિનમાં સ્લેટ ઉપર લખી જનાર વ્યક્તિ તે પોતે જ હતી.' કૅપ્ટન મનોમન બબડ્યો. એણે બદામી શર્ટ, સફેદ પૅન્ટ તથા ગળામાં મફલર બાંધેલી આ વ્યક્તિને પૂછ્યું : 'આપ આપની સ્ટીમર છોડીને ક્યાંય ગયેલા ?'

'ના જી ! હું કેવી રીતે જઈ શકું ? અમે અહીં બધા મરવા પડ્યા હતા. આપ આપની સ્ટીમર સાથે વખતસર આવી પહોંચ્યા ન હોત તો અમે બધા મરણને શરણ થયા હોત !' પેલી વ્યક્તિએ સરળતાથી કહ્યું.

'વારુ ! આપ મારી કૅબિનમાં આવો.' કૅપ્ટને કહ્યું.

'ભલે ! ખુશીથી.' બદામી શર્ટવાળાએ જવાબ આપ્યો.

કૅપ્ટને ટેબલ ઉપર પડેલી સ્લેટને ઊંધી પાડી અને સ્લેટની બીજી બાજુએ નીચે પ્રમાણેના શબ્દો લખવા પેલી વ્યક્તિને કહ્યું :

'ચાલુ માર્ગ છોડી દઈ, પ્રભુની ખાતર ડાબી દિશામાં ઝડપથી સ્ટીમર ચલાવો.'

પેલી વ્યક્તિએ સ્લેટની બીજી બાજુએ કહ્યું તેમ લખ્યું.

કૅપ્ટને જોયું કે હસ્તાક્ષરો અગાઉના જેવા જ હતા !

તુરત જ સ્લેટની બીજી બાજુ બતાવીને કૅપ્ટને પેલી વ્યક્તિને કહ્યું, 'જુઓ ! તમે લખ્યું એક બાજુએ પણ બન્ને બાજુએ લખાઈ ગયું છે ને ?'

પેલી વ્યક્તિ તાજુબીથી જોઈ રહી !

કૅપ્ટને પૂછ્યું : 'તમારી સ્ટીમર અટવાઈ ગઈ તે પછી તમે બધા શું કરતા હતા ?'

'સાહેબ ! અમે બધા ખૂબ ગભરાઈ ગયા હતા. પ્રભુને પ્રાર્થના કરતા હતા અને તૂતક ઉપર આવીને મદદ માટે બૂમો પણ પાડતા હતા !' પેલી વ્યક્તિએ જવાબ આપ્યો.

'તમે પોતે એથી વિશેષ કંઈ કરતા હતા ખરા ?' કૅપ્ટને પૂછ્યું.

'હું ભાવનાપ્રધાન છું. મારા જીવ કરતાં પણ સ્ટીમરમાં રહેલાં સ્ત્રીઓ તથા બાળકોના જીવો માટે મને બહુ લાગી આવ્યું હતું. મને એમ થતું હતું કે જો મને પાંખો ફૂટી નીકળે તો, એ પાંખોની મદદથી ઊડીને હું ગમે ત્યાંથી મદદ મેળવી લાવું અને આ સ્ત્રીઓ તથા બાળકોના જીવ બચાવું ! આવા વિચાર સાથે હું ઊંઘી ગયેલો. તે પછી અમારી સ્ટીમરના પ્રવાસીઓની આનંદની કિકિયારીઓથી હું જાગી ઊઠ્યો ! જોઉં છું તો સામેથી આપની સ્ટીમર દેવદૂત બનીને આવી રહી હતી !' બદામી શર્ટવાળાએ કહ્યું.


'તો હવે જાણો કે તમે જ તમારી સ્ટીમરને બચાવી છે.' કૅપ્ટને કહ્યું.

'કેવી રીતે, સાહેબ ?' પેલી વ્યક્તિએ પૂછ્યું.

'તમે ઉત્કટ ભાવના સાથે ઊંઘી ગયેલા કે પાંખો હોય તો તમે ઊડીને પણ મદદ લઈ આવો ! એ તમારી ભાવનાને લીધે તમારા સ્થૂળ શરીરની અંદર રહેલું તમારું સૂક્ષ્મ શરીર ખૂબ જાગ્રત થઈ ગયું ! એ સૂક્ષ્મ શરીર વડે તમારા સ્થૂળ શરીરમાંથી બહાર નીકળીને તમે તપાસ કરી રહ્યા હશો ત્યાં અમારી સ્ટીમર તમને દેખાઈ હશે ! તમે પોતે મારી કેબિનમાં આવીને તમારી દિશામાં જવા સંદેશો પાઠવી ગયા. એનો પુરાવો એ છે કે સ્લેટની બન્ને તરફ એક જ વ્યક્તિના એટલે કે તમારા હસ્તાક્ષરો છે. તમારાં કપડાંથી તમે ઓળખાઈ ગયા અને વધુ સાબિતી માટે તમને કેબિનમાં લઈ જઈને સ્લેટની બીજી બાજુએ તમારા હસ્તાક્ષરો પણ મેં લીધા !' કૅપ્ટને ખુલાસો કર્યો.

'ખરેખર ! એ બધું આશ્ચર્યજનક કહેવાય !' પેલી વ્યક્તિએ અચંબો પામતાં કહ્યું.

□



3. પ્રેતલોક ને પિતૃલોક

"આત્મા દેહને બચીઓ લે છે. દેહ અને આત્માની પ્રીત તો પુરાણી છે.

કોઈ સારું કે ખરાબ ઘર છોડતાં ભાડૂતનું દિલ ચાલતું નથી, એમ એકદિલ અને એકપ્રાણ થઈ રહેલા જીવને દેહરૂપી ઘરમાંથી સંબંધનો વિચ્છેદ કરતાં ભારે દુઃખ થાય છે. દેહ દ્વારા પ્રાપ્ત કરેલ પરિવાર અને સંપત્તિને છોડતાં જીવ ન ચાલે એ પણ એટલું જ સ્વાભાવિક છે. પિતૃપૂજન ને પિંડદાન સુખદ સંબંધ-વિચ્છેદ કરાવવાની એક શાસ્ત્રીય આયોજના છે."

મુનીન્દ્ર આટલું બોલીને મૌન થઈ રહ્યા.

ભાદરવાનો કૃષ્ણપક્ષ ચાલતો હતો. શ્રાદ્ધના ને પિંડદાનના દિવસો હતા. ઘેર ઘેર કાગડાને ખાવા ખીર રંધાતી હતી, ને કાગવાશ અપાતી હતી.

મુનીન્દ્ર થોડી વારે વેદની કોઈ ઋચા બોલતા હોય તેમ બોલ્યા :

"જે પિતર પૃથ્વી પર છે, એ ઉન્નત સ્થાન પ્રાપ્ત કરે.

"જે પિતર સ્વર્ગમાં છે, તે ત્યાં શાશ્વત રહે.

"જે પિતર મધ્યમ પદે છે, તે ઉચ્ચ પદ પ્રાપ્ત કરે."

"આપ આ શું બોલ્યા ?" અમારી મંડળીએ પ્રશ્ન કર્યો.

મુનીન્દ્રે કહ્યું : "ઋગ્વેદની એક ઋચાનો આ ભાવાર્થ છે. ગુજરાતી ભાદરવો માસ ચાલે છે. મારવાડી આસો માસ ચાલે છે. એનો કૃષ્ણપક્ષ એ પિતૃપક્ષ તરીકે સ્વીકારાયેલો પક્ષ છે. આ પક્ષમાં પિતરોને - મરેલા પૂર્વજોને - પિંડદાન કરવામાં આવે છે. ભારતવર્ષ પિતૃભક્તિવાળો દેશ છે. પોતાના પિતૃઓના મરણ પછી તેઓના તર્પણની આ વિધિ છે. એ શ્રાદ્ધ પણ કહેવાય છે."

"અમને સ્પષ્ટ કહો." મંડળીએ માગણી કરી.

"તમે એ જાણો જ છો કે સત્તર વસ્તુઓવાળું સૂક્ષ્મ શરીર લઈને જીવ સ્વકર્માનુસાર ષટ્કૌશિક સ્થૂળ દેહમાં પ્રવેશ કરે છે. એનું નામ જન્મ છે. આ શરીરમાં પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ પ્રાણવાયુ, એક મન અને એક બુદ્ધિ, એમ થઈને સત્તર સૂક્ષ્મ દેહ હોય છે.

"પ્રારબ્ધ અનુસાર દેહ અને આત્મા એકરૂપ થઈને રહે છે. એવાં અભિન્ન થઈ જાય છે કે જ્ઞાની સિવાય તેઓની ભિન્નતા કોઈ જાણતું નથી. આવો મેળ પતિ-પત્ની, પિતા-પુત્ર વચ્ચે પણ જોવા નથી મળતો. આ કારણે તો કેટલાક લોકો એમ માને છે કે જીવ એ જ દેહ અને દેહ એ જ જીવ છે.

"હવે કર્મસંજોગે બંનેનો સાથે રહેવાનો સમય પૂરો થાય છે. સંયોગમાંથી વિયોગની ઘડી આવીને ઊભી રહે છે. આત્માને પ્રયાણ

કરવાનું છે, પણ પોતાને પ્રિય એવો દેહ છોડવો ગમતો નથી. વાંકોચૂકો તોય મારો દેહ, સડેલો-ગળેલો તોય મારો સાથી. રે, એ હતો તો સંસારમાં કેટલા આસ્વાદ લીધા ! કેટલા પ્રેમ કર્યા, કેટલાં વેર ખેડ્યાં ! એ દેહના બળે જ દુનિયાને થરથરાવી શક્યો ! હવે આમ એકાએક એને કેમ છોડું ? હજી કેટલા સંકલ્પોની સિદ્ધિ બાકી છે !

"આત્મા વળીવળીને પાછો આવે છે ! માણસો કહે છે કે કોઈ વાતમાં જીવ ભરાઈ રહ્યો છે. ઝટ છુટકારો કરાવો ! જીવ છોડાવો !

"કોઈ વાર માણસને ઝોબો આવી જાય છે. પ્રાણ જાણે ચાલ્યો ગયો ! મરણપોક મુકાય છે, પણ ત્યાં પ્રાણ ઘડીપળનો પરોણો બનીને પાછો આવે છે. કોઈ વાર પ્રાણ મહિના ને વર્ષો માટે પણ પાછો આવે છે.

"ધર્મશાસ્ત્ર અને ધર્મગુરુઓ જ્યારે જ્યારે સમય મળે છે ત્યારે ત્યારે ને મરણઘડીએ તો ખાસ કરીને, આત્માને સંબોધે છે કે ભાઈ ! તારે અને દેહને કંઈ સગાઈ નથી. એવાં તો અનેક દેહ-શરીર તેં ધારણ કર્યાં ને છોડ્યાં. તો પછી આ દેહમાં મોહ કેવો ? વળી આ સંપત્તિ, આ પરિવાર કોઈની સાથે ગયાં નથી; ને જશે નહિ. એમાં આસક્તિ રાખીશ નહિ. કોનાં પુત્ર, કોનો પરિવાર ? અંતકાળે તો એકલા જવાનું ! પ્રભુનું નામ લે, ધર્મનું શરણ લે ! ક્ષણભંગુર વસ્તુઓમાં મોહ રાખીશ મા !

"ઘણા આત્માને છેલ્લી ઘડીએ સમજ આવે છે, ને શાંતિથી પ્રભુનામ સાથે દેહ છોડે છે. ઘણા સ્નેહી આત્મા વિદાય લે છે, પણ લેવી પડે છે માટે લે છે, અને પોતાની સાથે લાવેલ સત્તર પ્રકારનું સૂક્ષ્મ શરીર લઈને નીકળી જાય છે. છતાં બહુ દિવસ સુધી એ સ્થૂળ શરીરમાં રહેવાથી અભિનિવેશ લાગણી રહે છે. પૂર્વશરીરના પરમાણુ એના આત્માને ગતિ કરતાં રૂંધે છે. આજુબાજુ ભમાવે છે.

"અહીં એક આયોજના આકાર લે છે. એ આયોજના છે અંત્યેષ્ટિ ક્રિયાની. ન રહે વાંસ અને ન બજે વાંસળી.

"પ્રાણવિહીન દેહને અગ્નિદાહ આપવામાં આવે છે. મૃત આત્મા હજી દેહ તરફ ખેંચાયેલો જ હોય છે. પોતાના છોડેલા શરીરની ગંધ એને ગમે છે. પણ આગ ભડભડ બળે છે; ને એ દેહ એમાં જલીને માત્ર ભસ્મરૂપે શેષ રહે છે.

"પરમાણુ પર પ્રેમ રાખનાર આત્મપ્રાણ એ તરફ પણ આકર્ષણ પામે નહિ તે માટે એ ભસ્મને (ફૂલને) પતિતપાવની ગંગાની ધારામાં વહાવી દેવામાં આવે છે. તે મરેલા આત્માની શાંતિ ખાતર શોક, રુદન, તર્પણ, દાન ને યજ્ઞ કરવામાં આવે છે.

"દેહવિચ્છિન્ન આત્મા શ્રદ્ધાથી અપાયેલ આ જલ-પિંડ આદિથી સંતુષ્ટ થાય છે, ને એને જે વાયવીય યા તેજપ્રધાન શરીર મળે છે, એમાંથી છૂટી જાય છે. આને પ્રેતત્વવિમુક્તિ કહેવાય છે."

મુનીન્દ્ર થોડી વાર આસાએશ માટે થોભ્યા. મૃત્યુનું વર્ણન કદી સુખદ હોતું નથી. એનો ભાર એમના વદન પર પણ હતો.

"સંન્યાસીઓને શા માટે બાળવામાં આવતા નથી ને દાટવામાં આવે છે ? બાળકને પણ શા માટે દાટવામાં આવે છે ?" અમારી મંડળીના એક સભ્યે પ્રશ્ન કર્યો.

મુનીન્દ્ર જરા હસ્યા ને બોલ્યા : "જુઓ ! હજારો શાસ્ત્રો લખાયાં પણ કોઈએ એકમત થઈને વાત કરી નહિ; ને જો શાસ્ત્રો એકમતથી વાત કરતાં હોત તો શાસ્ત્રની સંખ્યા હજારે પહોંચી ન હોત. એમ હજારો મુનિઓ થયા, પણ જેટલા મુનિ એટલા મત થયા. હું તો હિંદુ શાસ્ત્રોની અને તે પણ જેવી હું સમજ્યો તેવી વાત કરું છું. હિંદુ શાસ્ત્રો કહે છે કે સંન્યાસી જ્ઞાની અને વૈરાગી હોય છે : કાયાની માયા ઓછી હોય છે, માટે તેઓને બાળવાની જરૂર નથી. તેઓના આત્મા શુક્લગતિ તરફ શીઘ્રાતિશીઘ્ર પ્રયાણ કરે છે. ચાર આશ્રમોમાં આ માટે સંન્યાસને છેલ્લો આશ્રમ કહ્યો છે. અને નિર્દોષ અવસ્થાના બાળકને તો હજી કોઈ પણ વસ્તુમાં કે વ્યક્તિમાં આસક્તિ બંધાયેલી જ હોતી નથી, એટલે એને અગ્નિદાહની જરૂર નથી."

મુનીન્દ્ર આગળ વધ્યા ને બોલ્યા :

"આ બધા કર્મકાંડ કરવા છતાં કેટલાક જીવો આસક્તિ છાંડી શકતા નથી. વળી કેટલાકનાં મૃત્યુ ભીષણ રીતે થયેલાં હોય છે. તેઓ કોઈને જેર કરવાની, કોઈને દુઃખી કરવાની, કોઈને નેસ્ત-નાબૂદ કરવાની તો કોઈને સહાય કરવાની વાસના છોડી શકતા નથી. પોતાના ધનમાં, ઘરમાં કે પરિવારમાં તેઓ ખૂંપેલા હોય છે.

"તેઓ પ્રેતલોકમાં પ્રવેશે છે. ચોરાસી લાખ યોનિમાં પ્રેતયોનિ પણ એક યોનિ છે.

"આ પ્રેતલોક જંબુદ્વીપમાં જ છે : ૧૪ ભુવન, ૭ દ્વીપ, ૯ વર્ષ ને ૩ લોક જે ગણાવવામાં આવ્યાં છે, તેમાં ત્રણ લોકમાં નરકલોક, પ્રેતલોક અને પિતૃલોકની ગણના છે.

"ભારતવર્ષની ચારે તરફ નિકટ અંતરીક્ષમાં પ્રેતલોક છે. જે આત્મા મર્યા પછી વિભિન્ન વાસનાથી ભરેલા હોય તે પોતાનો કેટલોક સમય પ્રેતલોકમાં ગાળે છે.

"પ્રેત પાસે વાયુરૂપ શરીર છે. છતાં તેઓ સાકારરૂપ લઈ શકે છે, ને થોડો વખત રાખી પણ શકે છે. આ વર્ગમાં ભૂત, પિશાચ, બ્રહ્મરાક્ષસ, જિંદ, વેતાલ ગણી શકાય.

"આ બધાંને સ્મશાન, કબ્રસ્તાન, વેરાન કે અંધકારવાળાં સ્થળો વધુ પસંદ હોય છે. સૂર્યના પ્રકાશમાં એમનું બળ ઓછું થઈ જાય છે. પ્રેતયોનિ મોટી આસક્તિવાળી, તીવ્ર મનોવિકારવાળી ને પ્રબળ વાસનાવેગવાળી ને કલેશકારક હોય છે. મોટે ભાગે પોતે બળ્યાજળ્યા રહે છે ને બીજાને બળ્યાજળ્યા રાખે છે.

"ધર્મવાચન, યજ્ઞ, દાન ને મંત્રશક્તિ આ યોનિને શાંત રાખે છે. ત્રણ લોકમાં જેમ પ્રેતલોક ને નરકલોક છે એમ પિતૃલોક પણ છે.

"પિતરમાં યમ પ્રથમ પિતર લેખાય છે. એ મૃત આત્માઓની યથાયોગ્ય વ્યવસ્થા કરે છે. નિત્યનૈમિત્તિક નામના પિતર ઇહલોકનું પણ ભલું કરે છે : માટે પિતૃપૂજનનું ખાસ મહત્ત્વ સ્વીકારાયેલું છે.

"આત્મા દેહ છોડ્યા પછી પિતૃયાનમાર્ગનો પ્રવાસી બને છે, ને એ રસ્તે આગળ વધે છે. યમલોક, રાત્ર, પક્ષ, દક્ષિણાયનના છ

મહિના, મેઘ, વાયુ ને આકાશના માર્ગે થઈ એ એક વરસે ચંદ્રલોકમાં પહોંચે છે. અહીં તે ચંદ્રની અમૃતકલાનું અશન કરે છે : પણ કૃષ્ણપક્ષમાં ચંદ્રની કલા ઘટતી જાય છે : માટે પિંડદાન કૃષ્ણપક્ષમાં આપવામાં આવે છે. આ વખતે પ્રાર્થના ને દાન દ્વારા પિતૃયજ્ઞ કરી આપણે ધન્ય બની શકીએ છીએ. પિતૃઓ ચંદ્રલોકમાંથી સ્વર્ગલોકમાં જાય છે.

"એક લેખકના શબ્દો જ હું ટાંકીશ :

"જેમણે આપણને જન્મ આપ્યો,

"જેમણે આપણા કલ્યાણ માટે સ્વાર્થનો ત્યાગ કર્યો,

"તે પિતરો માટે – આપણા મૃત પૂર્વજો માટે – સત્પાત્રે સદ્દલક્ષ્મીનું શ્રદ્ધાથી દાન કરવું એનું નામ ખરું પિંડદાન કે શ્રાદ્ધ.

"દેહનો પિંડ પડે તોય પૂર્વજોની આબરૂ વધે તેવું વર્તન એનું નામ સર્વશ્રેષ્ઠ પિંડદાન."

મુનીન્દ્ર આટલું લંબાણ વક્તવ્ય આપી પાછા વિચારની ગહન ગર્તામાં સરી ગયા.

□



૪. અણદીઠ અનંત

તે દિવસે જરાક ઠંડી જેવું હતું, એટલે સવારના પહોરમાં જ ત્યાં ગોળ કૂંડાળે માણસો બેસી ગયા હતા.

એ વખતે ત્યાં એક ખાંટ કણબી પણ બેઠો હતો. એ ભૂવો ગણાતો. સૌ એને વાતોએ ચડાવીને કંઈ કંઈ પ્રશ્નો પૂછી રહ્યા હતા.

હવે પછી ત્યાં જે બનાવ બન્યો એનો હું પોતે આંખસાક્ષી છું. જે બન્યું તે બનવાની અનેક શક્યતાઓ વિષે વારંવાર મેં મારા મનને પ્રશ્નોત્તર કરી જોયા છે : પણ જે બન્યું તે બનવાની કોઈ જ ચાવી હજી સુધી મને માલૂમ પડી નથી.

મારો સ્વભાવ ખાસ વહેમી હોય એવું હું માનતો નથી. ચમત્કારમાં સ્વભાવસિદ્ધ રસ આવતો હોય એવું પણ માનસપૃથક્કરણ

કરતાં કોઈ દિવસ જણાયું નથી. એટલું જ નહિ, ત્યાર પછીના જીવનના ચાર-છ પ્રસંગોએ મારી એ માન્યતા દઢ કરી છે કે જેટલી સૃષ્ટિ દેખાય છે તેના કરતાં અનંતગણી સૃષ્ટિ અણદીઠ રહી છે ! આકરામાં આકરી તર્કસરણીથી તાવતાં પણ કાંઈક ને કાંઈક એવું અવશેષ આ બનાવોમાં રહી જાય છે કે જેનું પૃથક્કરણ થઈ શકતું નથી.

આ ભૂવાને સૌ વિનંતી કરી રહ્યા હતા કે અમને કાંઈક બતાવો. હું ત્યાં બરાબર એની સામે જ બેઠો હતો. ભૂવો કાંઈ બોલતો ન હતો, માત્ર નકારાત્મક માથું ધુણાવતો હતો.

મોંસૂઝણું થઈ ગયું હતું. એની દરેક હિલચાલ સ્પષ્ટ રીતે જોઈ શકાય તેમ હતી. કૂંડાળું ઘણું નાનું હતું. અંતે ભૂવાને કાંઈક ચાનક ચડી લાગી. એણે ત્યાં પડી'તી એ એક થાળી હાથમાં લીધી ને બોલ્યો :

"જુઓ, અત્યારે કાંઈ મીઠાઈબીઠાઈ નહિ થાય હો !"

મારું તો સમગ્ર ધ્યાન એની દરેકેદરેક હિલચાલ ઉપર ચોંટ્યું હતું. ભૂવાએ થાળી લીધી. પછી એક ચપટી જ રાખ ધૂણીમાંથી લીધી. એને રાખ લેતો અમે જોયો હતો.

એણે કાંઈક બોલીને એ ચપટી રાખ થાળી ઉપર જોરથી લીટી કરતો હોય એમ ઘસી.

સૌના આશ્ચર્યનો પાર રહ્યો નહિ ! ત્યાં રાખ ન હતી, થાળીમાં સુંદર લાલ જામનગરી કુંકુમ જાણે ચમકી રહ્યું હતું.

હવે આ ભૂવાએ ધારો કે પોતાની બાંયમાં આટલું કંકુ છુપાવ્યું હોય પણ તો આટલી બધી નજરને ચુકાવીને એણે જે રાખ થાળીમાં ઘસી તે રાખ ક્યાં ગઈ ? નીચે વેરાતાં તો કોઈએ જોઈ ન હતી. રાખ ત્યાં ન હતી, એ ચોક્કસ હતું. કુંકુમ હતું એ પણ ચોક્કસ હતું. શી રીતે થયું એ જ માત્ર અચોક્કસ હતું, ને આજ દિવસ સુધી એ અચોક્કસ રહ્યું છે !

મેં ઘેર જઈને બીજે દિવસે ચૂલાની રાખ લઈને થાળીમાં ખૂબ જોરથી ઘસી જોઈ હતી, એ મને હજી યાદ છે : પણ એ રાખ તો રાખ જ રહી હતી !

છતાં આ પ્રસંગ ઉપર ઘણો મદાર મેં બાંધ્યો છે, એમ લાગવાનો સંભવ છે. એવા તર્કવાદીઓ માટે કાળનો વ્યુત્ક્રમ અને વર્ણનનો દોર તોડીને પણ એક બીજો એવો જ આંખસાક્ષીનો પ્રસંગ રજૂ કરું છું. આથી આમ કાંઈ પ્રયોગના વહેમોને ઉત્તેજન આપવાનું ધ્યેય રહ્યું છે એમ ન મનાવું જોઈએ.

કોઈ કોઈ વખત કોઈ વસ્તુ આપણા માટે કોયડારૂપ રહી જ જાય છે. અને જ્યાં સુધી એનું બીજું કોઈ કારણ આપણે આપી ન શકીએ ત્યાં સુધી એને માટે રજૂ થતાં કારણોનું આપણે શુદ્ધ શાસ્ત્રીય દૃષ્ટિથી સંશોધન કરવું જોઈએ, એટલું જ કહેવાનો આશય છે.

એક ઉચ્છેદક ફુત્કારથી કોઈ અનુભવને કાઢી મૂકવો એમાં તો કોઈ દૃષ્ટિ જ રહી નથી.

*

આ બીજો પ્રસંગ આ પ્રમાણે બન્યો. એ વખતે તો મારી ઉંમર પણ ખાસ્સી છવ્વીસ-સત્તાવીસ વર્ષની હતી.

હું ઈન્ટરની પરીક્ષા દેવા અમદાવાદમાં આવ્યો હતો.

એ વખતે મેં જ્યાં મુકામ કરેલો ત્યાં એક ગૃહસ્થ કેટલાક હિપ્નોટિઝમના પ્રયોગો કરતા હતા. આ ગૃહસ્થને મેં તે પહેલાં જોયા હતા. એમણે મારી હાજરીમાં વર્ષો પહેલાં એનો અભ્યાસ શરૂ કર્યો હતો. એટલે આ બીજી વાર હું એને મળ્યો ત્યારે એ વાત ઉપર લગભગ દસેક વર્ષ વીતી ગયાં હતાં.

ઈન્ટરની પરીક્ષા હતી ત્યાં સુધી તો મેં મહામથામણ કરીને મારા મનને આ ઘટનામાં રસ લેતું રોકી રાખ્યું.

પણ મન તો અંદરથી પોકાર કરી રહ્યું હતું કે ક્યારે લૉજિક-ફૉજિક પૂરું થાય અને ક્યારે હું આ પ્રયોગો નિહાળું. મણિલાલ નભુભાઈનું 'પ્રાણવિનિમય' વગેરે કેટલાંક પુસ્તકો તો મેં જોયાં હતાં. એટલે આ વિષયમાં મારો સહેજ ચંચુપ્રવેશ કહી શકાય, રસ લેવા જેટલો. વળી એક સમય એવો હતો કે જ્યારે આ ગૃહસ્થે મારા ઉપર હિપ્નોટિઝમનો પ્રયોગ શરૂઆતમાં કર્યો હતો અને ખરાબ વાહક (**medium**) તરીકે મને છોડી દીધો હતો.

જેનું અંતઃકરણ કોમળ અને તરત આજ્ઞા માને તેમ હોય
એ medium – ઉત્તરસાધક તરીકે સારું કામ આપે.
હું બેઠો હતો. બીજા પણ કેટલાક અજાણ્યા ગૃહસ્થો ત્યાં
હતા. એક વ્યક્તિ ઉપર પ્રયોગ થઈ રહ્યો હતો.
વચ્ચે એણે કાંઈક એવું કહ્યું કે "હવે પૃથ્વીતત્ત્વથી મેં આને
બાંધી દીધેલ છે, એટલે કોઈ મલિન તત્ત્વનો હમણાં ભય નથી."
હું ત્યાં બેઠો હતો અને મારી હાજરીમાં એણે આ કહેવાની
હિંમત કરી એથી મને નવાઈ લાગી, કારણ કે અમારે તે દિવસે
દલીલો થયેલી, તેમાં મેં એના આ ધતિંગ ઉપર કઠણ પ્રહાર પણ
કરેલા. એટલે અત્યારે જેવું એણે આ વિધાન કર્યું કે તરત મેં પ્રશ્ન
કર્યો : "આ પૃથ્વીતત્ત્વ ને આ બંધન શું ?"
તેણે પ્રત્યુત્તર આપ્યો : "હું તમને સમજાવું એના કરતાં તમે
જ અનુભવ લ્યો ને !"
"શી રીતે ?"
"તમે અહીં આવો, આનો પગ ઉપાડો."
હું તરત ઊભો થયો. એ વ્યક્તિની પાસે ગયો. દેખીતી રીતે
એ નિદ્રા અવસ્થામાં પડેલી જણાઈ. એનું શરીર શાંત, હલનચલન
વિનાનું મુડદા જેવું પડેલું હતું. મેં થોડી વાર એની તરફ જોયું.
જેના ઉપર પ્રયોગ થઈ રહ્યો હતો, એ એક જુવાન સ્ત્રી
હતી. અને એનાં બંધ પોપચાં ઉપર રમતું સૌન્દર્ય જેટલું મોહક હતું
એટલું જ નિર્દોષ હતું, અને જુવાન રૂપાળી સ્ત્રીનો કિસ્સો હતો,
એટલે તો પ્રયોગ કરનાર વિષે વધારે લેભાગુપણાનો આરોપ
મૂકવાનું મન થાય તેમ હતું. પણ એણે શાંતિથી કહ્યું : "પૃથ્વીતત્ત્વ
એટલે ઘન – ભાર. આને મેં અહીં પૃથ્વીતત્ત્વથી બાંધી લીધેલ છે.
એનો પગ ઉપાડી જુઓ. અત્યારે એ આંહીં નથી એમ સમજવાનું.
એનામાં કોઈ જાતની સંજ્ઞા રહી નથી, એ તો તમે જોઈ શકો છો."
મેં ઉપેક્ષાપૂર્વક આહ્વાન સ્વીકારી લીધું. અત્યંત વિશ્વાસથી
અને કાંઈક તિરસ્કારથી પણ ઝપાટાબંધ, વધારે નિકટ જઈને એ
સ્ત્રીનો પગ ઉપાડવાનો પ્રયત્ન કર્યો.

મને તો ખાતરી જ હતી કે આવી ફૂલ જેવી કોમળ સ્ત્રીનો પગ હું જુવાન માણસ ઉપાડી ન શકું એ કાંઈ બનવાનું ન હતું. મેં તરત એના પગને જમણા પગની ઘૂંટી પાસે પકડીને ઊંચો કરવાં માંડ્યો.

પણ મારો હાથ ભોંઠો પડતો હોય એવો અનુભવ થયો. પગ ઘણો ભારે જણાતો હતો.

પણ એ તો આ સૌ અંદર અંદર મળી ગયેલા હોય, એટલું જાણી શકાય એવો જિંદગીનો અનુભવ મેં લીધો હતો. એટલે એવી રીતે આ કોઈ છેતરી જાય એ વસ્તુ મને આકરી લાગી.

મેં વધારે જોરથી પગને ઊંચો કરવા માંડ્યો. સૂઈ રહેનાર સ્ત્રી જાણીજોઈને પગમાં ભાર મૂકતી હોય તો જણાયા વિના રહે નહિ, પણ એનામાં ઇચ્છાશક્તિ રહી હોય તેમ લાગતું ન હતું.

પગનો ભાર નક્કર લોઢાના ભાર જેવો જણાતો હતો.

અંતે મેં બે હાથનો આધાર લીધો. જેટલું હતું તેટલું જોર કર્યું. પગ ઊપડ્યો ખરો, પણ ભારે વજનવાળા કોઈ પદાર્થને આપણે પરાણે પરાણે થોડી વાર અધ્ધર રાખી શકીએ ને હરપળે આપણો હાથ દગો દઈ દેશે એવો ભય મનમાં રહ્યા કરે, એવી મારી સ્થિતિ હતી. થોડી વાર પછી મેં પગને હળવેથી નીચે મૂકી દીધો.

શી રીતે આ થયું તે સમજાયું નહિ. એ માણસ જે સમજૂતી આપતો હતો – પૃથ્વીતત્ત્વ વગેરેની – તે મનમાં બેસતી ન હતી. એટલે હારેલો દાવ સ્વીકારીને હું પાછો મારે સ્થાનકે તો ગયો, પણ કોઈ રીતે એનું વિવેચન એ વખતે મારા મનમાં બેઠું નહિ, આજ પણ બેઠું નથી; અને છતાં આ મેં લીધેલો અનુભવ, સગડીમાં હાથ બળે એના જેવો નક્કર બનીને એક કોયડારૂપે આજ દિવસ સુધી રહી જ ગયો છે !

*

આવો જ એક ત્રીજો પ્રસંગ જાત-અનુભવનો છે. એમાં મારી પાસે બેઠેલા માણસના ખિસ્સામાં જે સિક્કો હતો, એ સિક્કાની ખરી સાલ 'હિપ્નોટિસ્ટે' પોતાના મૂર્છિત વાહક દ્વારા

બોલાવી હતી ! આ તમામનો સાર એ કે 'મન' વિષેનો આપણો અભ્યાસ અધૂરો છે.

એ વયનાં કેટલાંક સંસ્મરણો વેરણછેરણ પડેલાં છે. એમાંનું એક અત્યંત પ્રબળ સંસ્મરણ આજે દૃષ્ટિએ ચડે છે, નજરોનજર ચુડેલને રાસડો રમતી જોયાનું.

અમારા ઘરના પાછલા ઉત્તર તરફના ભાગમાં મોટું ફળી હતું. એ ફળીમાં એક લીમડો હતો. લીમડાને ફરતો મોટો ઓટલો હતો. એ ઓટલા ઉપર ચડીએ તો સામે દૂર મતવાના ઢોરા ઉપર જ્યાં હુતાશની પ્રગટતી તેની જ્વાળા નજરે ચડતી.

વીરપુરની તાલુકા સ્કૂલ, એના જૂના કિલ્લાના એક દરવાજા ઉપર આવેલી છે. નીચે જેલ છે, ને સિપાઈઓની ચોકી રહે છે. ઉપર નિશાળ છે. નિશાળ ઉપર જવા માટે રસ્તા ઉપર પગથિયાં છે.

આ પગથિયાં ઉપર ચડીએ એટલે કોટની રાંગે રાંગે પૂર્વ-પશ્ચિમ તરફ પણ જવાય છે. આમાંથી પૂર્વ રાંગે રાંગે જતાં કાંઈક ઠીક દૂર ઘણા જ અગોચર ગણાય એવા સ્થળમાં એક કોઠો આવેલો છે.

અમે અમારા લીમડાવાળા ઓટલાથી હુતાશનીનાં દર્શન કરીએ તો બરાબર સીધી લાઇનમાં અને લગભગ મધ્યમાં આ કોઠો આડે આવેલો દેખાતો.

અમે સૌ હુતાશનીને પ્રગટ થવાની રાહ જોઈને બેઠાં હતાં. તે દિવસે કાંઈક મોડું મુહૂર્ત હતું, એટલે આડાંઅવળાં ગપ્પાં ચાલતાં હતાં. એમ કરતાં કરતાં તો ઠંડા મધુરા પવનને લીધે આંખ ઘેરાવા માંડી ને ઓછા શ્રદ્ધાળુ હતા તે સૌ એક પછી એક સરવા માંડ્યા.

અંતે અમે – હું, મારી મા અને ભાભી ત્રણ જણાં અને એક બહેન – એ સૌ અમારી ખડકીમાં થઈને પાછળના ભાગમાં ગયાં અને ઓટલા ઉપર ચડીને હુતાશની જોવા ઊભાં રહ્યાં.

અમે એ પ્રમાણે સૌ ઊભાં હતાં. પેલો કોઠો સીધી લાઇનથી જરાક પશ્ચિમ તરફ આવેલો ઝાંખો ભૂખરો ચાંદનીમાં નાહી રહેલો ત્યાં ઊભેલો નજરે પડતો હતો. અમારી દૃષ્ટિ હુતાશનીની જ્વાલા

જોવા માટે અધીરી હતી. રાતના લગભગ દસ-અગિયારનો સમય હતો. એ પ્રગટી ! એ પ્રગટી ! એવો અધીરો ભાવ સૌનાં મનમાં વસી રહ્યો હતો.

એટલામાં એક મહાન આશ્ચર્ય થયું. પેલા કોઠા ઉપર કોઈ બાઈ દેખાઈ. જાણે કે અધ્ધરથી ઊડીને પડી હોય ! ચાંદની-નાહ્યા જગતમાં ઘણી વખત આકારની જે સ્પષ્ટતા દેખાય છે એ ભ્રમણાત્મક હોય છે. એ પ્રમાણે આ આકાર દેખાયો તે દૃષ્ટિભ્રમનો હોઈ શકે.

જ્યાં દિવસે લોહછાતીનો માણસ જવાની હિમ્મત ન કરે ત્યાં રાત્રે એક બાઈ આવવાનું સાહસ કરે એ તો ગજબની વાત હતી. છતાં આ બાઈ ત્યાં ઊભી રહીને ચાલી ગઈ હોત તો સંભવિત હતું કે કોઈ ગુંડુગમાર એમ પણ કરી બેસે, નીચેથી ઉપર આવ્યું હોય. પણ બે પળ થઈ ને આ બાઈ ચાલી !

આવી રીતે ચાંદનીમાં ચાલવાનો ભ્રમ પણ આપણી દૃષ્ટિને છેતરે એવો ઘણી વખત દેખ્યો છે. એટલે આ સ્થિતિ સુધી ખરી રીતે એ દૃષ્ટિભ્રમ ગણાવો જોઈએ, પણ હજી એક વધુ આશ્ચર્ય બાકી હતું.

પેલી બાઈએ તો બે જ ક્ષણમાં પોતાનું રૂપ પ્રગટાવ્યું. ચાંદનીમાં એનાં વસ્ત્ર ધોળાં દેખાતાં હતાં. એ કોઠાની દીવાલ ઉપર રાસડા લેતી ફરવા લાગી !

મેં મારી માને પ્રશ્ન કર્યો :

"મા, કોણ હશે ? ત્યાં શું કરે છે અત્યારે ?"

"કોઈક હશે એ તો, બેટા ! આવ્યું હશે હુતાશનીનાં દર્શન કરવા !" પણ સૌ – મા, ભાભી – આ જોઈ રહ્યાં હતાં. એટલે એક દૃષ્ટિનો આ ભ્રમ ન હતો, ત્રણ દૃષ્ટિનો ભ્રમ હતો. અને વધુ નવાઈની વાત એ હતી કે વસ્તુસ્થિતિ ઉપર કાંઈક પણ વાતચીત થઈ હોય, તો તો એકના ભ્રમનો બીજાને ચેપ પણ લાગે, પણ વાત કાંઈ જ થઈ ન હતી. ને થઈ ત્યારે ખબર પડી કે હું જોઈ રહ્યો હતો તે સૌ જોઈ રહ્યાં હતાં, ને સૌ આશ્ચર્યચકિત થઈ ગયાં હતાં.

પરંતુ પરાકાષ્ઠા તો હજી હવે આવવાની હતી. એ પરાકાષ્ઠા વિના તો આખી ઘટના સંપૂર્ણ ન ગણાય. હુતાશની પ્રગટી. અમે દર્શન કર્યાં. પેલી રાસડા રમતી બાઈએ પણ જાણે કે દર્શન કર્યાં, કારણ કે તે કોઠા ઉપર ફરતી ફરતી થોડી વાર થંભી ગઈ હતી.

અને પછી કાંઈક હવામાં ઊડ્યું, કોઠામાં જ પડ્યું લાગ્યું, અને એક જ્વાળા થઈ જતી નજરે પડી !

"ચાલો સૂઈએ . . " માએ કહ્યું. પણ દેખીતી રીતે સૌનાં મનમાં આ વાતનો કોયડો અણઉકલ્યો બેઠો હતો. છોકરાંના દેખતાં ન બોલાય માટે કોઈ કાંઈ બોલતું ન હતું.

મેં એ વસ્તુ .પર વિચાર કર્યો છે. દેખાયું એ ચોક્કસ ત્યાં દેખાયું હતું. કોઈ વાસનાદેહ જેવી સૃષ્ટિ અસ્તિત્વમાં હોઈ શકે ખરી ? હોય તો એના નિયમ શા ? ન હોય તો આંખ-સાક્ષી ભ્રમનું વિવેચન શું ?

પણ જો ખગોળશાસ્ત્ર પોતાને અપૂર્ણ માને, ભૂગોળ પોતાને અપૂર્ણ ગણે, તો જીવનશાસ્ત્રે શા માટે પોતાને સંપૂર્ણ ગણવું જોઈએ ?

અધ્યાત્મવિદ્યા તો શિશુઅવસ્થામાં હજી ન હોઈ શકે ? વિષય જેમ વધારે ને વધારે મનની એકાગ્રતા માગનારો તેમ તેમ એના અધિકારી જન ઓછા ને ઓછા, એ નિયમ પ્રમાણે આવા અનુભવજ્ઞાનના જ્ઞાતા કોઈ એક-બે જાણા હોય, એ સંભવિત નથી લાગતું ?

અને આવો અનુભવ વ્યક્ત કરનારી પરિભાષા સમજવા માટે જે અધિકાર જોઈએ તે અધિકાર પણ દુનિયાના ઘણા જ ઓછા માણસોમાં મળી આવે અને એથી આ વિદ્યા ઓછી વ્યાપક થાય એમ ન બને ? અંતે એમ પણ બન્યું હોય કે આ મહામૂલ્યવાન વસ્તુના જ્ઞાતા ઓછા હોવાથી એના લેભાગુની સંખ્યા જ વધારે દેખાતી હોય ને એ રીતે આખી વિદ્યા જ ખાડે ગઈ હોય ?

એ જે હોય તે. આ કોયડાઓ હજી તો દુર્ભેદ્ય જ રહ્યા છે.

*

આ 'હું' એટલે ગુજરાતના સ્વર્ગસ્થ સાક્ષરવર્ય શ્રી ધૂમકેતુ. શ્રી ધૂમકેતુ કુદરતના ખોળે મોટા થયેલા. ભયંકર સાહસોના ને જોખમી પર્યટનોના શોખીન હતા. નીડરતા અને નિખાલસતા એમના જીવનમાં ભરપૂર હતાં. તેઓએ અમારા શારદ ડાયરામાં અનેક વાર આ વાતો કહેલી; ને પછી પોતાની આત્મકથા 'જીવનપંથ'માં અક્ષરાંકિત કરેલી.

□



પ. વાસનાના વેશ

આકાશમાંથી નર્યું દૂધ નીતરતું હતું. એક અઠવાડિયાના વિક્ષેપ બાદ મુનીન્દ્ર આજે પોતાના આસન પર બેઠા હતા, ને કંઈક વાત કરવાના મિજાજમાં હતા.

સામે ટપાલ પડી હતી.

એક કાગળ વાંચીને કહ્યું : "એ ભાઈને લખો કે મુનીન્દ્ર પ્રત્યક્ષ મિલનમાં માનતા નથી. અગમ્યતાના ક્ષેત્રમાં પ્રત્યક્ષ મિલન મોટા ભાગે પાપ અને પાખંડમાં પરિણમે છે."

બીજો કાગળ વાંચીને કહ્યું : "મુનીન્દ્ર એક હવા છે, આકાશની એક વાદળી છે. એનું સરનામું કેવુ ?"

ત્રીજો કાગળ વાંચીને કહ્યું કે કોઈ પણ વિદ્યાનું તેજ સ્વાર્થ માટે હણાવું ન જોઈએ. જે મંત્ર જેટલા વખત માટે આપ્યો હોય તેટલા વખત માટે વાપરવો જોઈએ. મંત્રો પણ શામળશાની હૂંડી જેવા છે.

ટપાલ તો લાંબી હતી : પણ શ્રોતાઓની ઉત્સુકતા કોઈ નવી ઘટના સાંભળવા માટે હતી.

મુનીન્દ્રે એ ઇચ્છા મનોગત કરી અને ઘટના કહેવી શરૂ કરી.

મુનીન્દ્ર કોઈ કલ્પનાની વસ્તુ કહી મનોરંજન કરવામાં માનતા નથી. સાચેસાચી ઘટના છે, અને જેણે અનુભવ કર્યો એ આજે જીવિત છે. વળી એ કોઈ સામાન્ય માણસ નથી. રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં જેલ જનાર છે, ને જીવનમાં સત્યોના સમદ્રષ્ટા પવિત્ર બ્રાહ્મણ છે !

ગીરનું જંગલ હતું.

આપણી સરકાર સિંહ બતાવવા જ્યાં પ્રવાસીઓને લઈ જાય છે, એ સાસણ ગામ હતું.

પંદર વર્ષ પહેલાંની એક સાંજે જ્યારે રેલગાડી સાસણ ગીરના સ્ટેશને થોભી ત્યારે સૂરજ પશ્ચિમાકાશમાં ઢળતો હતો.

મુસાફરે ઊતરીને દિશાઓના પડદા જોયા, તો ચાંદનીના ધવલ પ્રકાશે ધોળાતા હતા. ત્વરાથી પહોંચવાનું હતું, ને મકસદે મંઝિલનું ગામ ચાર માઈલ દૂર હતું.

પગભાંગલો એ જમાનો નહોતો. બે ગાઉ ચાલવામાં વાહનનો આશરો કોઈ લેતું નહોતું. છતાં ગીરનું ગાઢું જંગલ ચારે બાજુ પથરાયેલું હતું, ને સિંહ તથા દીપડાનો ઘણો ડર હતો.

ગીરના સિંહ માણસરખ્ખા થઈ ગયા હોવાથી એ ભાગ્યે જ હેરાન કરતા, પણ દુત્તા દીપડાઓનો ત્રાસ સવિશેષ હતો.

કુટુંબના કાકાને તાકીદે મળવાની જરૂર હતી, અને ચાંદની રાત હતી. વળી સથવારામાં ચારેક ખેડૂત ભાઈઓ પણ હતા. પ્રવાસીએ ચાલી નાખવાનું નક્કી કર્યું, ને રૂપેરી રસે રસાયેલ સૃષ્ટિમાં કદમ બઢાવ્યાં.

આગળ જતાં રસ્તા ફંટાયા. એક રસ્તે ખેડૂત ભાઈઓ ગયા, બીજો રસ્તો પ્રવાસીએ લીધો. ઝડપથી કદમ ઉઠાવ્યાં. ભયંકર એકાંત આનંદ અને ભયની મિશ્ર લાગણી પેદા કરતું હતું.

હિરણ નદીનું વહેણ દેખાયું. મંજિલ હવે ફક્ત પોણો ગાઉ દૂર રહી હતી. અનેક વાર આ કેડો મુસાફરે ખૂંદ્યો હતો. આંખે પાટા બાંધીને ચાલે તોય ભૂલો પડે નહિ, પણ ન જાણે અકળ રીતે એક આડરસ્તે એ ચડી ગયો.

થોડે દૂર એક શિવમંદિર દેખાયું. પ્રવાસી અનેક વાર અહીંથી પસાર થયો હતો, પણ શિવાલય જોયું નહોતું ! એણે અંતરની કોઈ પ્રેરણાથી શિવાલયનાં પગથિયાં ચડી 'જય સામ્બ' કરી દર્શન કર્યાં.

આ વખતે શિવાલયની પાછળથી મેર જાતિનો એક વૃદ્ધ પુરુષ એકાએક બહાર નીકળી આવ્યો. એણે પ્રવાસીને પૂછ્યું :

"ક્યાં રહેવાં, ભાઈ ?"

"રહું છું તો આઘે, પણ જવું છે ભોજદે ગામ. લાભુકાકાને ઓળખો છો ? તેમને ત્યાં જવું છે." પ્રવાસીએ વિગતવાર માહિતી આપી.

"ભાઈ ! તમને ખોટો આંટો થયો. એ તો આજે બપોરે વેરાવળ ગયા છે. હું લાભુ ગોરને ઓળખું છું. અહીંથી નીકળ્યા હતા." મેર ડોસાએ કહ્યું.

ડોસાની વાતે પ્રવાસીને વિમાસણ થઈ. પણ એ કંઈ નિર્ણય કરે તે પહેલાં મેર ડોસાએ કહ્યું :

"તું અટાણે જઈશ ક્યાં, ભાઈ ! કોઈ દીપડો ભેટી જશે તો નાહક હેરાન થઈશ. રાતની રાત અહીં કાઢી સવારે બમકાવી મેલજે."

વાત બિલકુલ સાચી હતી.

ગીરના પ્રદેશ પર ચાંદની રાત ભરપૂર જામી હતી. વગડાઉ ફૂલો સુગંધીની છાબ છલકાવી રહ્યાં હતાં, વળી ભોળા શંભુની છત્રછાયા હતી.

"હાલો ત્યારે, કાકા ! અઠેહી દ્વારકા !" પ્રવાસીએ કહ્યું.

કાકાએ પ્રવાસીને પાછળના ભાગમાં દોર્યો. એ નીચાણવાળો ભાગ હતો. હિરણ નદીનો કાંઠો હતો. માટીનું લીંપ્યું-ગૂંપ્યું સ્વચ્છ ખોરડું ત્યાં ઊભું હતું.

આંગણામાં ભેંસો હતી.

ફળીમાં ખાટલા પડ્યા હતા.

એક ખાટલો ઢાળી આપી વૃદ્ધે કહ્યું :

"દીકરી ! લાભુ ગોરનો ભત્રીજો આવ્યો છે, સોનાં ! ગોદડું લાવ તો !"

ખોરડાના બારમાંથી વીસેક વર્ષની એક પાતળી, રૂપાળી, હંસગામિની છોકરી બહાર નીકળી આવી. રૂપમદનો પ્યાલો લછકાતો હતો. લીંબુની ફાડ જેવાં નયનોમાં સંસાર આખો સરજાતો હતો.

ગોદડું પાથરી પ્રવાસી ને વૃદ્ધ મેર સામસામા બેઠા. થોડી વારે વૃદ્ધ બોલ્યો :

"જમવાનું શું કરશું ?"

"દાદા ! નાનપણથી મુંબઈમાં રહ્યો. છું તો બામણનો બેટો, પણ રાંધતાં આવડતું નથી. દૂધ હશે તોય ચાલશે, નહિ તો પાણીનો પ્યાલો પૂરતો છે !" પ્રવાસીએ કહ્યું.

"શું કામ ચાલે ? સોનાં. . ."

અને વૃદ્ધના ખરખરીવાળા અવાજમાં પગનાં પાયલે સાથ આપ્યો. સ્વરૂપવતી સોનાં હાથમાં દૂધનું બોઘરું (પાત્ર) લઈને આવી !

કોઈ ચિત્રકારે હજી આવી નમણી નારી ચીતરી નથી, એમ પ્રવાસીને લાગ્યું.

"હમણાં જ ભેંહું (ભેંસો) દોહી છે. પીવું હોય એટલું પી લો !" ને બોઘરું મૂકી હાસ્યગંધ સ્ફુરાવતી એ કંકુની કન્યકા ખોરડામાં ચાલી ગઈ.

પ્રવાસીએ એક છાલિયું દૂધ પીધું. મીઠું મધ દૂધ !

થોડીક વાતો કરી અને પ્રવાસી મોડી રાતે સૂઈ ગયો. ભારે મીઠી ઊંઘ !

સોનાનાં નળિયાં થયાં ત્યારે પ્રવાસી જાગ્યો. ખાટલાને બદલે પથ્થરની શિલાનો અનુભવ થયો ને પડખે બકરાનું વાઘ ચારતો એક ગોપબાળ ઊભેલો જોયો.

ગોપ બોલ્યો : "કાં ભાઈ ! પૂરા ભેખડે ભરાયા ને ?"

પ્રવાસી આશ્ચર્યનો આઘાત અનુભવતો સફાળો ખડો થઈ ગયો. જોયું તો –

ન હતું શિવાલય !

ન હતો મેર વૃદ્ધ !

ન હતી એની દીકરી સોનાં !

પથરા પર આખી રાત પડી રહેવાથી ને વલ (ઝાકળ) ખાવાથી શરીરમાં કળતર જાગ્યું હતું.

ગોપ બોલ્યો : "ઓલ્યો ભાભો મળ્યો હતો ને ! પણ તમે અહીં આવ્યા કેમ ? અહીં તો ભારે ચરીતર થાય છે. અહીં કોઈ આવતું નથી !"

આ પ્રશ્નોનો ઉત્તર પ્રવાસી પાસે નહોતો.

પણ પ્રવાસીએ આ રહસ્ય ઉકેલવા પ્રયાસ કર્યો.

ગામ પહોંચી તપાસ કરી તો લાભુકાકા ખરેખર વેરાવળ ગયેલા.

વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે આ મેર ડોસો જુવાનીમાં ઘરભંગ થયો. એકની એક દીકરીને ઉછેરીને લાડકોડથી મોટી કરી.

રાંકના એ રતન પર ત્રણ-ચાર બદમાશોની નજર પડી. એક રાતે ઝપાઝપીમાં વૃદ્ધ મેર અને દીકરીની હત્યા થઈ.

વખત વીતી ગયો.

ખોરડું પડી ગયું.

છતાંય આ સ્થાને કેટલાય લોકોને ડોસાની આ મહેમાનગતિ માણવા મળે છે !

માનવું હોય એ માને પણ એક ઝિંદાદિલ આદમીનો આ સાચો અનુભવ છે. તમને નામ પણ આપું. શ્રી ઉપાકાન્ત જે. પંડ્યા, ધારી, સૌરાષ્ટ્ર. 'કિસ્મત' પત્રના તંત્રી.

ત્યારથી એ અગમ્યતામાં માનતા થયા.

□



૬. મૃત્યુ અને મિલન

સંસારમાં સંપૂર્ણ સુખ કોને વર્યું હશે ?

રાજનગરના એક મહોલ્લામાં બે સખીઓ રહેતી હતી. વાસંતી વસંતની લહેર જેવી હતી. લક્ષ્મી ને લાગવગ પૂરાં પાસે હતાં. પતિ પણ દેખાવડો ને પાંચમાં પુછાય તેવો હતો. છતાં વાસંતીને પતિનું વહાલ જોઈએ એટલું મળતું નહિ, અને એનું કારણ એનો પતિ બદચાલનો હતો એવું પણ ન હતું.

કુદરત કેટલીક વખત ઇચ્છતી હોય છે કે સોનાની થાળીમાં નાની એવી પણ લોઢાની મેખ રહે.

કાલંદી વાસંતીની સખી હતી, પણ એને પતિનું પૂરું સુખ હતું. પણ કુદરતે ઊગતી જુવાનીમાં એને સ્વાસ્થ્યથી ને સુવર્ણથી વંચિત રાખી હતી. થોડે દહાડે એ મહત્ત્વાકાંક્ષી નારીને તાણનું દર્દ લાગુ પડ્યું.

છતાં એકબીજી સખીઓ એકબીજાંનો વિસામો હતી. કાલંદી કઠોર કુદરતથી થાકીને કંટાળી જતી ત્યારે વાસંતી પાસે આવીને બેસતી. પહેલાં ગળગળી થઈને વાત કરતી, થોડું રડતી અને પછી એકબીજીના મોંમાં મોં ઘાલી વાતો કરતી ને છેવટે ખડખડ હસતી.

કાલંદી કહેતી : 'રે ! ઈશ્વર દર્દ દે છે, ને દવા પણ દે છે. તારા જેવી બહેનપણી ન મળી હોત તો ન જાણે મારું શું થાત !'

વાસંતી કહેતી : 'ભગવાને હૈયાના વિસામા જેવી તને આપી, એ એનો મોટો ઉપકાર, નહિ તો ભલા આ સુખનું દુઃખ હું કોને કહેત, ને કોણ માનત !'

કાલંદી ને વાસંતી બાળપણાની બહેનપણીઓ હતી : કારણ કે આ જ નગરમાં એમનું પિયર હતું ને અહીં જ સાસરું હતું. બંને સાથે ભણી હતી, સાથે રમી હતી : સાથે ગોઠે ગઈ હતી.

કાલંદી એક વાર ભાવાવેશમાં આવી ગઈ ને બોલી :

'હું મરું તોય તને એક વાર મળ્યા વગર જાઉં નહિ.'

ને તરત તેને તાણ આવી.

વાસંતી કાલંદીના મનના આવેશને જાણતી હતી. એણે ડુંગળી આડી કાપીને સૂંઘાડી, મોં પર પાણી છાંટ્યું.

થોડી વારે કાલંદી સ્વસ્થ થઈ ગઈ. પાછી બંને વાતે વળગી : ને ખડખડાટ હસતી છૂટી પડી.

યોગક્ષેમના વાયરા પ્રબલ હોય છે. વાસંતીના પતિને બહારગામ સારી નોકરી મળી. તરત ને તરત જવાનું થયું. પતિપત્ની તરત વિદાય થયાં. વાસંતીએ કાલંદીને ખબર કહાવ્યા, પણ એ થોડા દહાડાથી બીમાર હતી એટલે તરત આવી શકી નહિ. મનની મનમાં રહી ગઈ.

વાસંતી બહારગામ ચાલી ગઈ. એનો પતિ ત્યાં વેપારધંધાના મોટા ચક્કરમાં ફસાઈ ગયો. નોકરી છોડી ખુદનો ધંધો શરૂ કર્યો. આ જમાનામાં ધંધો ચલાવવો હોય તો રાતદહાડો ભૂલી જવાં જોઈએ.

વાસંતીનો પતિ ધંધામાં રાતદહાડો ભૂલી ગયો, પણ વાસંતીને તો રાત જાય તો દહાડો ન જાય ને દહાડો જાય તો રાત ન જાય તેવું થયું !

પતિ રાતે મોડો મોડો આવે. ખાય ન ખાય, સૂએ ન સૂએ ને સવારે તો મોટર તેડવા આવીને ખડી હોય !

બાર મહિના પૂરા કર્યા, ત્યાં તો વાસંતી થાકી ગઈ. મનનો વિસામો કાલંદી અહીં નહોતી. એના ખરખબર પણ નહોતા. કાલંદીની કાયા આજારી રહ્યા કરતી - એની આછી આછી ચિંતા પણ એને રહ્યા કરતી. રે ! એની ખબર કોણ લેતું હશે ? એના મનની તાણ કોણ મટાડતું હશે ?

આજ જાન્યુઆરીની ૧૧મી તારીખ હતી. સવારથી કાલંદી યાદ આવ્યા કરતી હતી. એક વાર તો વાસંતીએ છાનાં છાનાં બે આંસુ પણ ઢાળી લીધાં !

સમીસાંજ થતી આવતી હતી. મંદિરોમાં ઘંટારવ થતો હતો.

ટૂંકા દિવસની વહેલી પડતી રાત પોતાનો અંધકાર પ્રસારી રહી હતી : ત્યાં દરવાજો ખખડ્યો :

ઉદાસ જીવનમાં ઉદરનો સહેજ ખખડાટ પણ ચેતન અને ઉલ્લાસ પ્રસરાવે છે.

વાસંતીએ દોડીને દરવાજો ખોલ્યો : ને ખોલતાંની સાથે સામે કાલંદીને નીરખી. એ હર્ષથી ઊછળી પડી, ને બાઝી પડતાં બોલી :

'ઓહ વહાલી કાલંદી ! તને હું સાંભરી ખરી !'

'બહેન ! જીવનને ભૂલું તો તને ભૂલું.'

'તો આટલા બધા વખતે કાં આવી ?'

'બહેન !' કાલંદી જરાક અંતર રાખીને બેસતાં બોલી : 'મોટી જાત્રાએ જવું છે. વિચાર્યું કે જતા પહેલાં તને મળતી જાઉં.'

વાસંતીએ કાલંદીના મુખ પર નજર નાખી, ને થોડી વારે કહ્યું : 'બહેન ! તારી તબિયત તો વધુ ને વધુ બગડી લાગે છે. જો ને, જાણે પ્રે . . .'

કાલંદી ચમકી, ને વાત ત્યાં કાપતાં કહ્યું : 'માંસ, મેદ ને રક્તનું બનેલું શરીર છે. પાશેર-અડધો શેર ઓછાં થયાં કે તારા જેવાં વાલેશરી અડધાં થઈ જાય. શરીર હોય કે ન હોય તોય કંઈ આપણાં સહીપણાં જવાનાં છે ? આજ તારી સાથે પેટ ભરીને વાતો કરવા આવી છું.'

વાસંતી ઊઠીને દીવાનખાનામાં આવી. કાલંદી પણ તેની પાછળ આવી. બંને જુદી જુદી ખુરશીઓ પર બેઠી. કાલંદી જ્યાં બેઠી ત્યાં દીવાનો પડછાયો પડતો હતો. એની આંખો ફિક્કી, ઊંડી ઊતરી ગયેલી, અપાર્થિવ જેવી લાગતી હતી. એ પ્રકાશ સહન કરી શકતી ન હોય તેમ વારંવાર ચેષ્ટા કરતી હતી.

'તેં તારા શરીરનું કેવું સત્યાનાશ વાળ્યું છે !' ને વાસંતી રડી પડી. કાલંદી પણ થોડીક માંદગીની વાતો કરીને રડી.

'બહેન ! આપણે અંતકડી રમીએ.' કાલંદીએ રડવું એકાએક બંધ કરીને નવો વિચાર રજૂ કર્યો : ને બંને અંતકડી રમવા લાગ્યાં. બંને જણાં ખિલખિલાટ હસી રહ્યાં.

કાલંદી કહે, 'વહાલી બહેન ! પેલાં તારાં પ્રિય પુસ્તકોમાંથી એક વાર્તા તો વાંચ ! પેલી વાર્તા – માણસની અત્યારની મૈત્રી નકામી જ છે, એમાં કશો માલ હોતો નથી – મૈત્રી તો એવી હોય કે મડાં પણ જવાબ દે, કાં બે'ન ?'

કાલંદી ભાવાવેશમાં આવતી જતી હતી. વાસંતીએ એને તાણ ન આવે, માટે આરામ લેવાની સૂચના કરતાં કહ્યું : 'જો ને ! તારો ચહેરો કેવો પીળો પડી ગયો છે !'

'હવે એવી વાતો મૂકી દે ! આપણને જે સમય મળ્યો છે, તે સોનેરી છે. જો, ઘેર મારી પેટીમાં ૧૦ ગીનીઓ છે. એક નોકર શ્યામને આપજે, એક તારી દીકરી ઉમાને આપજે અને બાકીની આઠનું દાનપુણ્ય કરજે.'

'તે શું તું મરી જવાની છે ? મને આવી વાતો ગમતી નથી. કોણ જાણે છે કે કોણ પહેલું જશે ?' વાસંતી બોલી.

'મારી વાતો તું ટપકાવી લે ને ! જો, એ પેટીમાં એક યાદી હશે. તેમાં લખ્યા મુજબની ચીજો જેનું નામ હોય તેને મારા તરફથી ભેટ આપજે. બહેન ! ટપકાવી લે ! પછી ભૂલી જઈશ. માણસનો ભરોસો કેવો ?'

વાસંતીએ વાત વાળવા કહ્યું : 'હમણાં ઉમા અને એના પપ્પા સિનેમામાંથી આવતાં હશે. ચાલ દરવાજે જઈને ઊભાં રહીએ.'

'ના, બહેન !' કાલંદી જાણે આ વાત સાંભળી છોભીલી પડી ગઈ. 'બહેન ! મારી સાથે બીજા બે યાત્રાળુ છે. મારી રાહ જોતા હશે. અત્યારે હું જાઉં છું. વળી પછી મળીશ.'

અને અસ્વાભાવિક ઝડપથી કાલંદી બહાર નીકળી ગઈ. વાસંતી એને રોકવાનો વિચાર કરે એ પહેલાં એ અદૃશ્ય થઈ ગઈ. અને સામેથી વાસંતીના પતિ મધુસૂદન ને પુત્રી ઉમા આવી રહ્યાં હતાં.

બધાં દીવાનખાનામાં ગયાં. વાસંતીએ કહ્યું કે કાલંદી જાત્રાએ નીકળી છે. મળવા આવી હતી. ઉમાને ખૂબ યાદ કરતી હતી.

વાસંતીના પતિ મધુસૂદનને કંઈક યાદ આવતું હોય તેમ એ ખિસ્સાં ફંફોળી રહ્યો. થોડી વારે એક તાર કાઢ્યો ને વાસંતીને આપતાં કહ્યું :

'આ વાંચ, તા. ૧૦મી જાન્યુઆરીની વહેલી સવારે કાલંદી ગુજરી ગઈ છે, એવા આ તારમાં સમાચાર છે.'

'તો મેં હમણાં કોની સાથે બે કલાક ગાળ્યા ?'

'કાલંદીના પ્રેત સાથે.'

'બિલકુલ જૂઠો તાર. આવી બનાવટ બહુ થાય છે. ખબર પુછાવો.'

બીજે દહાડે કૉલથી ખબર પુછાવ્યા, તો જવાબ મળ્યો કે કાલંદી તા. ૧૦મીની સવારે ગુજરી ગઈ છે. એની પેટીમાંથી ૧૦ ગીનીઓ અને એક ભેટ આપવાની ચીજોની યાદી નીકળી છે. એક ચિઠ્ઠી છે કે મારી બહેનપણી વાસંતીને હું ગીનીઓ માટે સૂચના આપતી જઈશ, તો જે કંઈ સૂચના આપી હોય તે જણાવશો.'

વાસંતી આ પત્ર વાંચીને બેહોશ થઈ ગઈ. એ આ રહસ્યનો ઉકેલ શોધી શકી નહિ.

આ કિસ્સો નોંધી મોકલનાર અમારા મિત્ર વકીલ શ્રી રમણીકલાલ દલાલ પણ છેલ્લે પ્રશ્ન કરે છે કે 'આ શું હશે ?'

સૂક્ષ્મ પ્રાણમય લોક અને સ્થૂળ પ્રાણમય લોક વચ્ચે જ્યારે એક તંતુ સ્થિર થાય છે, ત્યારે આવું બને છે. સૂક્ષ્મ પ્રાણમય લોક વિષે હજી ઘણું જાણવાનું બાકી છે.

□



૭. નીલમનો જન

અંધારા આભમાં ચાંદો ખીલે એમ મુનીન્દ્ર શ્રી જોષીની વાત સાંભળીને ખીલી પડ્યા. એમનું અટ્ટહાસ્ય વનમાં કે રણમાં કોઈ ઘોડાના ડાબલા ખખડતા હોય તેવું હતું. તેઓએ કહ્યું :

'શ્રદ્ધા અને સંકલ્પ એક અજબ તાકાત છે. પ્રહ્‌લાદે ધગધગતા થાંભલાને બાથ ભીડી એ સંકલ્પનું કૌવત અને શ્રદ્ધાનું બળ હતું.'

'આપના જીવનનો કોઈ એવો દાખલો અમને આપશો કે ?' મંડળીના એક જિજ્ઞાસુ સભ્યે મજલિસને મહત્ત્વની બનાવવા કહ્યું.

મુનીન્દ્રનો સ્વભાવ સહદેવ જોષી જેવો હતો. પૂછ્યા વગર કોઈ વાતનો ખુલાસો કરે એવું એમના સ્વભાવમાં ઓછું હતું.

એમના સ્વભાવની આ ખાસિયત મંડળીના ઘણા સભ્યો જાણતા હતા.

'મિત્રો, તમે મહાત્મા ગાંધીજીના જીવનમાં રામનામના બળ વિશે જાણો છો ? તેઓએ જીવનના આરંભમાં અને જીવનના અંતમાં રામનામથી જ પોતાની હોડી હાંકી હતી. તેઓનું પ્રિય ભજન "નિર્બલકે બલ રામ" હતું. એ રામનામનું ગાંધીજી પાસે રટણ કરાવનાર કોણ હતું, તે જાણો છો ?'

મંડળીના એક મિત્રે જવાબ આપ્યો : 'રંભા દાઈ.'

મુનીન્દ્ર બોલ્યા : 'રંભા દાઈ કોઈ વિદુષી સ્ત્રી નહોતી કે ભક્તિરસમાં ડૂબેલી કોઈ સંત નહોતી. તે એક અજ્ઞાન બાઈ હતી, ઘરની એક નોકરડી હતી. એને ગળથૂથીમાં રામનામનું રટણ મળ્યું હતું. કોઈ પણ સંકટ આવી પડે કે રામનામનું સ્મરણ કરતાં તે સંકટ દૂર થાય એવી તેને શ્રદ્ધા હતી. એ શ્રદ્ધા જ એના જીવનનું ચાલક બળ હતું. નિર્બળ અને પોચા ગાંધીજીને રંભા દાઈએ અંધારામાં ડર ન લાગે, આપત્તિમાં મન મૂંઝાઈ ન જાય તે માટે રામનામનું રટણ કરવાનું સમજાવ્યું. અંતરની શ્રદ્ધા અને જીવનની તાકાતવાળા છતાં અજ્ઞાનમાં મળેલો આ મંત્ર ગાંધીજીનો ધ્રુવતારક બની રહ્યો. એ નામની ઉપાસના, પ્રાર્થના અને ઉપવાસ દ્વારા સતત ચાલુ રાખી અને પોતાનું નામ તથા પોતાનું કામ અમર કરી ગયા. આજે ઘણાની પાસે સંકલ્પનું બળ છે તો અંતરની શ્રદ્ધા નથી. અંતરની શ્રદ્ધા છે તો ઘણાની પાસે સંકલ્પનું બળ નથી. આ બંને એકમેકમાં એવાં ગૂંથાયેલાં છે કે એકની ક્ષતિ હોય તો બીજાની ક્ષતિ થાય જ. મારા જીવનનો જ એક યાદગાર બનાવ ટાંકું છું :

એ વખતે હું રેલવેનો કર્મચારી હતો. એક દહાડો અમારા નિટકના એક સ્વજન તરફથી પત્ર મળ્યો કે તમે તરત આવો. ભાઈ નીલમની તબિયત બરાબર નથી.

નીલમ પચીસેક વર્ષનો જુવાન હતો. આશાસ્પદ હતો. પત્ર મળ્યો એટલે હું ઑફિસમાંથી તાબડતોબ રજા મેળવીને ત્યાં પહોંચી ગયો.

સ્ટેશન પર ઊતરતાં જ મને ખબર આપવામાં આવી કે એને જનનો વળગાડ છે, અને એ માટે તમારા જાણીતા મંત્રવિદને બોલાવી લાવવાના છે.

મંત્રવિદ મારા નિટકના સ્નેહી હતા, અને તેઓ આવા વળગાડને કાઢતા હતા. હું તાબડતોબ એમની પાસે ગયો, અને પ્રાર્થના કરી કે નીલમને વળગાડ જેવું છે.

મંત્રવિદ બોલ્યા : 'આજે આવી શકું તેમ નથી. આજે કામ થાય તેવાં ઘડી-પળ પણ લાગતાં નથી. કાલે મંગળવાર છે. મંગળ તથા રવિ આ કાર્ય માટે ઉત્તમ છે. તમે બે સોપારી લઈને મારી પાસે આવજો.'

બહુ આગ્રહ થઈ શકે તેમ ન લાગ્યું. એટલે આવતી કાલનો સમય નિશ્ચિત કરી હું નીલમના ઘેર તરત પહોંચી ગયો.

આપ સર્વે એટલું જાણી લેશો કે એ વખતે મારી ઉંમર ત્રીસેક વર્ષની હતી, અને મારા ગુરુ એક અનીશ્વરવાદી હતા. એમનું નામ માલવીયજી હતું. આજે તે આ સૃષ્ટિ પર હયાત નથી. તેઓએ મારા મનમાં ઠસાવ્યું હતું કે, ઈશ્વર ભર્યા ખેતરમાં ઊભા કરેલા નિર્જીવ ચાડિયા જેવો છે. એ શ્રીમંતોને કામનો છે. પૂજારીઓને ગમે તેવો છે. પણ સાચા માણસ માટે તે નકામો છે, આ હકીકત તેઓએ અનેક દાખલા અને દલીલો સાથે મારા મનમાં ઠસાવી હતી.

એક વાર એવું બન્યું કે હું જે કામ લઉં તેમાં નાસીપાસ જ થાઉં. બહાર પર્યટને જવાનું હોય ને જવાના દિવસે એકાએક તાવ ચઢી આવે. પરીક્ષા માટે ખૂબ વાંચી તૈયારી કરી હોય ને પ્રશ્નપત્ર જ એવો આવે કે મગજ ગુમ થઈ જાય. ધાર્યું કોઈ નિશાન પાર પડે નહિ. કંટાળી ગયો. મને કોઈ અગમ્ય શક્તિ મારી વિરુદ્ધમાં કામ કરે છે તેવું લાગ્યું.

તે વખતે એકાએક શ્રી હીરવિજય નામના જતિજી મળ્યા. તેઓની પાસે મેં મારી વિપદાનું વર્ણન કર્યું. તેઓએ મને મણિભદ્ર વીરનો મંત્ર આપ્યો, અને કહ્યું, 'ટાબર વીરનો આ મંત્ર છે. જરૂર પડે ત્યારે જપજે. તારું કામ થઈ જશે.'

મેં કહ્યું, 'એ વીરના જીવન વિશે મને કાંઈ માહિતી આપશો ?'

જતિજીએ ટૂંકી માહિતી આપતાં કહ્યું : 'દેવ બડા નહીં હૈ, આસ્થા બડી હૈ.'

આ પછી જીવનમાં અનેક વાર કંઈક વિપત્તિ કે કોઈ સંકટ આવે ત્યારે આ મંત્રનો જાપ કરતો. કેટલીક વાર પરિસ્થિતિમાં કંઈ ફેર ન પડતો, અને કેટલીક વાર અણધાર્યું પરિણામ આવતું. સારાંશમાં ઈશ્વર વિશે આસ્થા ન હતી, પણ મંત્ર વિશે પૂરી આસ્થા હતી. કોઈ કામ ન થાય તો સંજોગોને દોષ દેતો, અને કંઈ કામ થઈ જાય તો મંત્રનું કારણ સમજતો.

નીલમના ઘેર પહોંચ્યો ત્યારે મારો મંત્રશક્તિ વાપરવાનો કોઈ વિચાર ન હતો. નીલમ જે ખંડમાં સૂતો હતો તે ખંડ આખો રૂનાં ગાદલાંઓથી આચ્છાદિત હતો.

ઘરનું વાતાવરણ દૈન્યભર્યું હતું. નીલમના પિતા થોડા સમય પહેલાં ગુજરી ગયા હતા. નીલમનો ભાઈ ટાઈફોઈડના લાંબા તાવમાંથી હમણાં મુક્ત થયો હતો. નીલમની મોટી બહેન ઘણે વખતે સાસરેથી ઘેર આવી હતી. કોઈના મનના માછલાને આ સંતપ્ત પરિસ્થિતિના પાણીમાં ચેન ન હતું.

મારું દિલ કકળી ઊઠ્યું. એ આછો આવેશ મનને ધ્રુજાવી રહ્યો. મેં સ્વગત વિચાર્યું : 'આવું કેમ ચાલે ? ધરમીના ઘેર ધાડ હોય ખરી ?'

હું તરત નીલમવાળા ખંડમાં ગયો. મેં એકાએક આજ્ઞા કરતાં કહ્યું, 'આ શું છે ? સૂનાર એક અને ગાદલાં સાત શા માટે ? એક ગાદલું રાખીને બીજાં ઉપાડી લો.'

નીલમની માતાએ મારી વાતનો અસ્પષ્ટ વિરોધ કરતાં કહ્યું : 'નીલમ આ ખૂણેથી કૂદકો મારી પેલા ખૂણામાં જઈ પડે છે. પથ્થરની લાદી છે, વાગી જાય.'

પણ મેં મારો મત કાયમ રાખ્યો, અને બધાં ગાદલાં ઉપાડી લેવામાં આવ્યાં. પંદરેક મિનિટ વીતી ગઈ. પણ નીલમે પોતાના

ગાદલામાંથી – પોતાને સ્થાનેથી બહાર જવા કોઈ પણ પ્રયત્ન ન કર્યો.

હું નીલમની પાસે જઈને બેઠો અને તેની પીઠ પર અને તેના લાંબા ગુચ્છેદાર વાળમાં પણ આંગળીઓ ફેરવવા લાગ્યો.

ઘડિયાળના ટકોરા ગંભીર રીતે પડતા હતા, અને દિવસનો પ્રકાશિત ચહેરો રાત્રિના શ્યામ અંચળાથી છવાતો જતો હતો. થોડી વારે શાંત પડેલા નીલમને મેં પૂછ્યું, 'અલ્યા, કેટલે દૂરથી આવ્યો છું ને ચા-પાણીનું પણ પૂછતો નથી ?'

નીલમે કહ્યું : 'મારી દાંતની બત્રીસી સજ્જડ થઈ ગઈ છે. હું કંઈ ખાઈ શકતો નથી કે પી પણ શકતો નથી. જુઓ, પેલો ઓરડો છે. એમાંથી જનસાહેબની સવારી હમણાં આવશે. એક સવારી અત્યારે આવશે અને બીજી સવારી રાતના ચાર વાગ્યે આવશે. બંને વખત તેઓના સ્વાગતે આપણે સહુએ તૈયાર રહેવાનું છે. નહિ તો જનસાહેબ નારાજ થશે.'

મારા મનમાં મારી માનસિક તાકાતનો એક આછો દોર શરીરને રણઝણાવી રહ્યો હતો. મેં એક બુલંદ રણકાથી કહ્યું : 'લાવો ચા. નીલમની દાંતની બત્રીસી ન ખૂલતી હોય તો હું વેલણથી કે સાણસીથી ખોલી નાખીશ.'

મેં સાણસી હાથમાં લઈને ખખડાવી.

અલીબાબાએ જેમ એક શબ્દોચ્ચારથી ગુફા ખોલી નાખી હતી, તેમ સાણસીના અવાજથી નીલમની મોંરૂપી ગુફા ખૂલી ગઈ, ને તે ગુફામાં બે કપ ચા પણ પેસી ગઈ.

બધું મને સાનુકૂળ થતું હતું. એટલે હું હિંમતથી સામેની ઓરડી ખોલીને તેમાં જઈ બેઠો.

મારા મનમાં સફળતાની આછી ખુમારી પ્રગટી હતી. મેં પડકાર કરતાં કહ્યું : 'સબ જિનાત (જન) લોગ મેરે દોસ્ત હૈં. હમને કિસીકા નહીં બિગાડા. હમારા ભી કોઈ કુછ બિગાડ સકતા નહીં.'

તે દહાડે જનસાહેબની સવારી ન ચડી. થોડી વારે ડૉક્ટરને બોલાવી હૃદય તથા ફેફસાં તપાસરાવી દવા મગાવી. સહુના મનમાં

આ મકાન વહેમવાળું લાગતું હતું, ને કેટલાકનો વિચાર તે બદલવાનો હતો. નવું મકાન પણ નક્કી કરવામાં આવ્યું હતું. પણ નીલમ કહેતો હતો કે જનસાહેબની મંજૂરી વગર આપણાથી જઈ શકાશે નહિ. મેં તરત જ નીલમને કહ્યું : 'આપણે નવા ઘેર જવું છે.'

'પણ જનસાહેબનો હુકમ નથી તેનું શું ?'

'મને હુકમ મળી ગયો છે,' મેં કહ્યું. તરત બે ઘોડાગાડી મગાવવામાં આવી. બધા તેમાં બેસી નવા મકાને આવ્યા. એ દરમિયાન ત્રણ મોસંબીનો રસ અને દસેક ચમચા ગ્લુકોઝ નીલમના પેટમાં પહોંચ્યું હતું. નીલમ ઘોડાગાડીમાં મારા શરીર સાથે ચંપાઈને બેઠો હતો. મારા દિલમાં રણક્ષેત્રમાં સંચરેલા રજપૂત જોદ્ધા જેવો જુસ્સો હતો.

નવા મકાનમાં નીલમને શૌચ જવાનું મન થયું, પણ એ કોઈ અવ્યક્ત બીકથી ધ્રૂજી રહ્યો હતો.

મેં એને કહ્યું, : 'બીશ મા, નીલમ. તારે જવું હોય ત્યાં જા : તારો વાળ પણ વાંકો નહિ થાય.'

નીલમને મારા પર શ્રદ્ધા બેઠી હતી. છએક દિવસનો ભાર તેણે પેટમાંથી હળવો કર્યો. બે કપ કૉફી પી તે ફરી સતેજ થયો. આગળના ખંડમાં સૌની પથારીઓ પાસે પાસે કરી હતી. નીલમ પથારીમાં લાંબો થયો ને મેં તેના માથે બ્રાહ્મીનું તેલ હળવે હળવે ઘસવા માંડ્યું. એ ઊંઘમાં પડી જતાં મોટાં નસકોરાં બોલાવતો પણ વચ્ચે એકાએક ઝબકીને જાગી જતો ને ભયથી ધ્રૂજતો મને પૂછતો :

'જનસાહેબની સવારીનું શું થશે ? એ નારાજ તો નહિ થાય ?'

મેં તેને કહ્યું, : 'નિરાંતે ઊંઘ : ચિંતા ન કરીશ. જનસાહેબની સવારીનો હું પ્રબંધ કરી દઈશ.'

નીલમ એકાદ-બે વાર જાગ્યો : પણ મારો હાથ તેના કપાળ પર, તેના વાળમાં ને તેની પીઠ પર ફરતો હતો. આખરે તે ગાઢ નિદ્રામાં પડી ગયો.

મધરાતના પહોર ઘૂંટાતા હતા. સૌ ઘણા દિવસોનો થા દિવસોની નિદ્રા ઝડપથી પૂરાં કરી રહ્યાં હતાં. જાગતો ફક્ત હું હત અને મનમાં વિચારતો હતો, ખરેખર જનસાહેબની સવારી આવ તો હું શો પ્રબંધ કરીશ ?

મારી છાતીમાં દમ ઘૂંટાવા લાગ્યો. કોઈના આગમનન ભણકારા વાગવા લાગ્યા અને હવામાં તીણા સ્વરો ઘૂંટાવા લાગ્યા એક વાર મારી શ્રદ્ધાના પાયા ડગમગી ઊઠ્યા. પણ ફરી સ્થિ આસન થઈ હું મંત્રોચ્ચાર કરવા લાગ્યો.

થોડી વારમાં મને લાગ્યું કે, બે મોટી ગરોળીઓ જૂની બારી પર કુસ્તી કરતી હતી; અને પાણીની પતરાની નાળમાં ભરાયેલ ઉંદર ઘોર સ્વરે ડાગલી વગાડી રહ્યો હતો.

આશ્વાસક સ્વરો માત્ર શ્વાનરાજોના ભસવાના હતા. એ રાત એમ ને એમ એના ભારથી ગળી ગઈ. જનસાહેબની સવારીનો ફરી પ્રબંધ કરવો પડ્યો નહિ. ને નીલમ જાણે કંઈ ન થયું હોય તેમ ફરી સાજોનરવો થઈ ગયો.

□



૮. પત્નીના પ્રેતાત્માની શોધે

મૃત પત્નીને પ્રેતલોકમાં કે પુનર્જન્મમાં મેળવવા માટે સતત મથનાર એક દિલદાર માનવીની આ કથા છે. સંસારનાં કોઈ સાધનો જ્યારે તેને પત્નીનાં દર્શન કરાવી શક્યાં નહિ ત્યારે તેણે અગમ્યતાનો આશ્રય લીધો, ગૂઢ વિદ્યાનું શરણ સ્વીકાર્યું

એ હતો દિલ્હીનો એક જુવાન.

બ્રાહ્મણનો દીકરો. નામે વિશ્વંભર

વિશ્વંભર નાનપણથી અલગારી સ્વભાવનો, સ્વમાની અને
તે માટે રઝળપાટ કરતો જુવાન હતો.

પિતાનો પ્રેમ એ પામ્યો નહોતો. ઓરમાન માની માયા
તરવાર કરતાં કાતિલ હતી. પ્રેમના ભૂખ્યા વિશ્વંભરે સ્વજન જેવી

મધરાતના પહોર ઘૂંટાતા હતા. સૌ ઘણા દિવસોનો થાક દિવસોની નિદ્રા ઝડપથી પૂરાં કરી રહ્યાં હતાં. જાગતો ફક્ત હું હતો અને મનમાં વિચારતો હતો, ખરેખર જનસાહેબની સવારી આવશે તો હું શો પ્રબંધ કરીશ ?

મારી છાતીમાં દમ ઘૂંટાવા લાગ્યો. કોઈના આગમનના ભણકારા વાગવા લાગ્યા અને હવામાં તીણા સ્વરો ઘૂંટાવા લાગ્યા. એક વાર મારી શ્રદ્ધાના પાયા ડગમગી ઊઠ્યા. પણ ફરી સ્થિર આસન થઈ હું મંત્રોચ્ચાર કરવા લાગ્યો.

થોડી વારમાં મને લાગ્યું કે, બે મોટી ગરોળીઓ જૂની બારી પર કુસ્તી કરતી હતી; અને પાણીની પતરાની નાળમાં ભરાયેલો ઉંદર ઘોર સ્વરે ડાગલી વગાડી રહ્યો હતો.

આશ્વાસક સ્વરો માત્ર શ્વાનરાજોના ભસવાના હતા. એ રાત એમ ને એમ એના ભારથી ગળી ગઈ. જનસાહેબની સવારીનો ફરી પ્રબંધ કરવો પડ્યો નહિ. ને નીલમ જાણે કંઈ ન થયું હોય તેમ ફરી સાજોનરવો થઈ ગયો.

□



૮. પત્નીના પ્રેતાત્માની શોધે

મૃત પત્નીને પ્રેતલોકમાં કે પુનર્જન્મમાં મેળવવા માટે સતત મથનાર એક દિલદાર માનવીની આ કથા છે. સંસારનાં કોઈ સાધનો જ્યારે તેને પત્નીનાં દર્શન કરાવી શક્યાં નહિ ત્યારે તેણે અગમ્યતાનો આશ્રય લીધો, ગૂઢ વિદ્યાનું શરણ સ્વીકાર્યું

એ હતો દિલ્હીનો એક જુવાન.

બ્રાહ્મણનો દીકરો. નામે વિશ્વંભર.

વિશ્વંભર નાનપણથી અલગારી સ્વભાવનો, સ્વમાની અને તે માટે રઝળપાટ કરતો જુવાન હતો.

પિતાનો પ્રેમ એ પામ્યો નહોતો. ઓરમાન માની માયા તરવાર કરતાં કાતિલ હતી. પ્રેમના ભૂખ્યા વિશ્વંભરે સ્વજન જેવી

ભાભી વગેરે પાસેથી પ્રેમનો પ્યાલો પીધો. પણ ખરો અમીરસનો પ્યાલો એની પત્ની ચંદ્રાવલિએ પાયો. એ પ્યાલો પીને જીવનભર એ મસ્ત અબધૂત બની રહ્યો.

વિશ્વંભર ચંદ્રાવલિનું જિગર બની રહ્યો. ચંદ્રાવલિ જિગરની અમી બની રહી. સંસારની કટુતામાં કે કુટિલતામાં બે જણાં એકમેકનાં થઈ રહ્યાં.

પુરુષ ઘેલો હતો : પણ સ્ત્રી વિદુષી અને વિચક્ષણ હતી. દાગીનાના ઝઘડામાં એ વિશ્વંભરને ઉદ્દેશીને કહેતી :

"કરોડોના દાગીના કરતાં આ એક દાગીનો મને વધુ વહાલો છે. શામળો ઘરેણું સાચું રે !"

સંયુક્ત કુટુંબની વ્યથા જુદી હોય છે, ને ગૃહક્લેશનાં ખપ્પર જોગણીઓનાં ખપ્પરની ભયંકરતા પણ ભુલાવે છે.

એક દહાડો વિમાતાએ વિશ્વંભરને હણવા ને પોતાના સગા પુત્રને સંપત્તિનો એકમાત્ર માલિક સરજવા દૂધમાં છાનાં ઝેર ભેળવ્યાં. ચંદ્રાવલિ દૂધનો કટોરો લઈ જતાં શંકિત બની. એને થયું કે કદાચ કંઈ દગો થયો હોય તો ! લાવને હું જ પી જાઉં. પતિના પહેલાં ચાલી નીકળવાનું સૌભાગ્ય સતીઓને જ સાંપડે છે.

પતિના હાથે એ દૂધનો પ્યાલો પી ગઈ. કંકુના ચાંલ્લા સાથે જવાનું સૌભાગ્ય એણે મેળવી લીધું.

ને વિશ્વંભરને વિશ્વ અકારું થઈ ગયું.

કેસ ચાલ્યો. વિશ્વંભરને તો હવે વેરભાવના જેવું રહ્યું નહોતું. પોતાની માતાને બચાવવા એણે કહ્યું કે મારી મા મને રોજ વૈદકીય રીતે દૂધમાં થોડું થોડું સોમલ આપતી. ચંદ્રાવલિ ભૂલથી પી ગઈ.

પણ વિમાતા બચી શકી નહિ. એને કાળા પાણીની સજા થઈ. વિશ્વંભરના કાકાને સાત વર્ષની ને બીજા મદદગારોને થોડીવત્તી સજાઓ થઈ.

વિશ્વંભરનું મન મોકળું થઈ ગયું. એણે તમામ સંપત્તિ પોતાના ભાઈના નામ પર ચડાવી દીધી. હવે એ સંસાર છોડવા વિચાર કરવા લાગ્યો.

આ વખતે મૃત પત્ની ચંદ્રાવલિની બહેનનું કહેણ આવ્યું વડીલોનું દબાણ આવ્યું વિશ્વંભરે કહ્યું :

"જમનાજીને કાંઠે, ચંદ્રાવલિની ચિતા સામે સંસારની તમામ સ્ત્રીઓને માતા-બે'ન સમજવાનો મેં સંકલ્પ કર્યો છે."

પણ વડીલો માન્યા નહિ. વેવિશાળ કરી નાખ્યું અને વિશ્વંભરે દિલ્હીનો ત્યાગ કર્યો. વતનનો ત્યાગ કર્યો.

હવે સ્ત્રીઓની સેવા અને ચંદ્રાવલિના આત્માનું મિલન વિશ્વંભરને માટે ધ્રુવતારક બન્યું.

વિશ્વંભર ઠેર ઠેર ભમવા લાગ્યો. એમ કરતાં એ જૈન સાધુ બન્યો. જૈન સાધુ બન્યા પછી ચંદ્રાવલિની શોધ ઉત્કટ બની. એવામાં એક એવો પ્રસંગ બની ગયો કે જેણે વિશ્વંભરને વિમાસણમાં નાખી દીધા.

સુરત શહેર હતું, ને વિશ્વંભર વિશુદ્ધવિજયજીના લેબાશમાં હતા. સાધુઓની પધરામણીનો વરઘોડો ચડ્યો હતો; ને રસ્તા પર, છજાં પર તથા ઓટલાઓ પર ભારે ઠઠ જામી હતી.

આ વખતે એક ઓટલા પર ઊભેલી તેરચૌદ વર્ષની એક મરાઠી બાળા એકાએક બેભાન બની ગઈ. થોડી વારે ભાનમાં આવી ત્યારે તેણે જૈન સાધુ બનેલા વિશુદ્ધવિજયજીને જણાવ્યું :

"હું તમારી અમી – ચંદ્રાવલિ છું. તમે મારા જિગર છો. મેં તમને એક નજર પડતાં જ ઓળખી લીધા છે. હું ચંદ્રાવલિ છું. મારી બહેન ચંદ્રઆભા ક્યાં છે ? ભાઈ પ્રાણનાથ ને બહેન શંકા ક્યાં છે ? યાદ આવે છે ? ઝેર મેળવેલું દૂધ તમે પીઓ એના કરતાં મેં પીવું પસંદ કર્યું હતું, કારણ કે તો હું લાલ ચૂંદડીએ તમારા પહેલાં જઈ શકું ? આ બધું યાદ કરજો." એ બાળા થોભી. પછી આગળ બોલી :

"આજે હું તમારી પ્રિય ચંદ્રાવલિનો અવતાર છું. મારું નામ પુષ્પકાન્તા છે. મારા પિતાની અટક ધારપુરે છે. મારા પિતા મુંબઈમાં કોલાબામાં રહે છે. હું અહીં મારા સગાને ત્યાં આવી છું.

"હું ગત જન્મની આપની દર્શનાતુર દાસી ચંદ્રાવલિ ને આ ભવની પણ દાસી બનવાને આતુર પુષ્પકાન્તા."

આ પછી સાધુ બનેલા વિશ્વંભર સાથે એ બાળાનો મેળાપ થયો. એણે પોતાના ગત જન્મની બધી વાતો કરી. એણે એ પણ કહ્યું :

"તમારાં દર્શન સાથે મને મારો પૂર્વભવ યાદ આવ્યો છે. તમારાં દર્શને મારા પૂર્વાવતારની સ્મૃતિને જાગ્રત કરી છે."

વિશ્વંભરને એ બાળાએ લગ્નજીવનની અનેક વાતો કહી. સાથે કહ્યું કે મારી બહેન ચંદ્રઆભા પણ તમારી સાત વર્ષ રાહ જોઈ ગંગાજીમાં ડૂબી મરી છે.

વિશ્વંભરમાંથી વિશુદ્ધવિજય બનેલા મુનિએ આખરે કહ્યું :

"ચંદ્રાવલિ, મેં તને પિછાની લીધી છે. તું ભલે દેહે જુદી હોય, આત્માથી એક જ છે."

બાળા સુરતથી મુંબઈ ગઈ. સાધુને પણ મુંબઈ જવાનું થયું : પણ એનું ચિત્ત ખોવાઈ ગયું હતું. પરસ્પર મુલાકાતો થવા માંડી. તેર વર્ષની બાળકીએ અનુભવીની રીતે વાતો કરવા માંડી.

પણ વિધિ ફાંટાબાજ હતી.

ચંદ્રાવલિ ગઈ. પુષ્પકાન્તાનું ભાવિ પણ એ જ હતું. એના પિતાએ એનું વેવિશાળ કરેલું હતું અને લગ્ન લીધાં. પુષ્પકાંતા તો હવે બીજા વરને વરવા તૈયાર નહોતી. આખરે એણે અફીણ ખાઈ આત્મહત્યા કરી.

સાધુ વિશુદ્ધને આ સમાચાર વજ્રપાત જેવા લાગ્યા. અને તેઓ ગિરનાર, શત્રુંજય, ખંભાત વગેરે સ્થળે ફરવા લાગ્યા ને શાંતિની શોધમાં પડ્યા.

આ વખતે થિયૉસૉફીના પરિચયમાં આવ્યા. થિયૉસૉફી પુનર્જન્મમાં માને છે. અવતારમાં શ્રદ્ધા ધરાવે છે. પ્રેતાત્માને પણ સ્વીકારે છે. તેઓના કોઈ પ્રદેશને પણ અવગાહે છે.

સાધુ વિશુદ્ધને ચંદ્રાવલિ અને તેનો પુષ્પકાંતારૂપે જન્મ અને તેનું પણ મૃત્યુ અને હવે તેની કેવી સ્થિતિ છે, તે જાણવાની તાલાવેલી લાગી હતી. મરણ પછીની આત્માની જિંદગીની શોધ શરૂ થઈ.

પરિચયો વધવા માંડ્યા અને આખરે સત્તર વર્ષની સાધુની જિંદગી તજી દીધી. ત્રણ વર્ષ થિયૉસૉફિસ્ટ તરીકે પરિભ્રમણ કર્યું. આખરે શ્રી મણિલાલ દોશી મળ્યા. તેઓનો પરિચય વધતાં મૈયા બેસન્ટ ને એરુંડેલ સાહેબના પરિચયમાં આવ્યા.

વિશ્વંભર હવે અમદાવાદમાં સ્થિર થયા. વનિતા વિશ્રામમાં નિઃસ્વાર્થભાવે શૈક્ષણિક કાર્ય શરૂ કર્યું. મહીપતરામ રૂપરામ અનાથાશ્રમની કમિટીમાં જોડાયા. આખરે આર. સી. ગર્લ્સ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ત્રીસ રૂપિયાના દરમાયાથી જોડાયા.

પણ આ દરમિયાન જેને જીવનમાં અમી માન્યાં હતાં, અને જે અમીનું પોતે જિગર બની રહ્યા હતા, એ ચંદ્રાવલિના આત્માની શોધ અવિરત ચાલુ હતી.

બધા આર્ય ધર્મોમાં એવી માન્યતા છે કે મનુષ્ય ઇહલોકમાં મૃત્યુ પામીને પરલોકમાં જન્મે છે, અર્થાત્ સૂક્ષ્મ દેહમાં અસ્તિત્વ ધરાવે છે. કોઈ તેને પ્રેતાત્મા કહે છે. કોઈ તેને ઊંચીનીચી કોટિના દેવ કહે છે. થિયૉસૉફીએ ઇહલોકના મૃત્યુ પછીની જિંદગી પર વિશેષ પ્રકાશ પાડ્યો છે.

વિશ્વંભર હવે મોક્ષાકર વિશ્વબંધુ બન્યા. સંસારમાં સ્ત્રી તરફ માતૃભાવ કેળવ્યો હતો. હવે દ્રવ્ય તરફ નિષ્કંચન ભાવ કેળવ્યો.

મૃત પત્નીના પરલોકગત આત્માના મિલનને તેઓ ઝંખી રહ્યા. એ માટે પ્રેતવિદ્યા વિશે વાંચ્યું, યોગપ્રક્રિયામાં પડ્યા. વિશ્વબંધુ મોક્ષાકરજીની આ વ્યથા શ્રી લેડબીટર સાહેબને પહોંચાડવામાં આવી. તેઓએ કોઈ સ્પિરિચ્યુઅલ સોસાયટીનો સંપર્ક સાધીને જણાવ્યું કે ચંદ્રાવલિનો પરલોકમાં પત્તો નથી.

પણ પં. વિશ્વબંધુ મોક્ષાકરજી આ જવાબથી નિરાશ ન થયા. તેઓ પ્રેતાત્મવિદ્યાના અભ્યાસ અને અનુભવોમાં ઊંડા ઊતર્યા.

આત્માની મલિનતા અને નિર્બળતા ખંખેરી નાખી. યમનિયમ દ્વારા મનોયોગની સ્થિરતા સાધી.

શ્રી વિશ્વબંધુ મોક્ષાકર પ્રેતાવાહનમાં કુશળ બની ગયા. નિઃસ્વાર્થ ભાવે અમદાવાદમાં રહીને તેઓ પ્રેતાત્મવિદ્યાનો સહુને પરિચય કરાવતા રહ્યા. પણ જેને માટે પોતે આ વિદ્યા શીખ્યા હતા એ ચંદ્રાવલિના આત્માની ખોજ છેવટ સુધી કરી શક્યા નહિ.

આ મહાન જિગર પોતાના જીવનની અમીની શોધ કરતું છોંતેર વર્ષની જઈફ વયે તા. ૯-૯-૧૯૫૮ના રોજ કાળની ગર્તામાં વિલીન બન્યું.

□



૯. પીરનો ભેટો અને બચાવ

સાધ્વી કુશલશ્રી પોતાનું કૌમાર્ય પૂરું થાય તે પહેલાં દીક્ષિત થયાં હતાં. સંસારી અવસ્થાનું એમનું નામ કમલા હતું. પોતાના ચાતુર્યથી તેઓ કમલિનીના ઉપનામથી જાણીતાં હતાં.

સંસારી કમલાબહેન સંસારમાંય જલકમલવત્ રહેતાં. જીવનમાં વૈરાગ્યભાવ પ્રદર્શિત કરતાં. સ્વાધ્યાય અને તપ પાછળ રાતદિવસ એક કરી નાખ્યાં હતાં.

સાધ્વીસમાજ આવી ચેતનવંતી કુમારિકાને પોતાના સમુદાયમાં દીક્ષિત બનાવવા ઉત્સુક હતો. કમલાબહેનને ઠેરઠેરથી આમંત્રણ મળતાં. જૈન સાધુસાધ્વીઓ પગે ચાલે છે. પાદવિહારી

સાધ્વીઓ સાથે કમલાબહેન પાદવિહાર પણ અવારનવાર કરતાં. વિના દીક્ષાએ એક દીક્ષિતા જેવી એમની પવિત્ર પરિચર્યા હતી.

કમલાબહેનનાં એક સગાં, જરાક દૂરનાં ફોઈ, પણ દીક્ષિત થઈ સાધ્વી થયેલાં. તેઓની ઇચ્છા એવી હતી કે, પોતાના સમુદાયનું કમલા ભૂષણ બને. તેઓ કમલા પર પોતાનો હક પણ કરતાં.

કમલાબહેન આત્માની ઉન્નતિના આ રાહ પર જરાય ઉતાવળ કરવા માગતાં નહોતાં. કોઈની શેહશરમમાં પડવા ઇચ્છતાં નહોતાં. પોતાની ચારિત્ર્ય-ચંદ્રિકા જે ગગનમાં પૂર્ણપણે ખીલી રહે, ત્યાં રહેવા ચાહતાં હતાં.

અનેક સાધ્વીકુલો કમલાબહેન પ્રતિ આકર્ષાયેલાં હતાં. કમલાબહેનનું સૌષ્ઠવ, પ્રતિભા, પાંડિત્ય ને વાણીપ્રભુત્વ સુંદર છાપ ઉપસાવતાં. કેટલાંક સાધ્વીકુળો તો હરકોઈ ભોગે આવી ભાવનામય – ચેતનાના ફુવારા જેવી બાળાને મેળવવા ઇચ્છતાં હતાં અને ધર્મઉદ્યોત પ્રગટાવવા ચાહતાં હતાં.

સંસારના સંબંધો ઋણાનુબંધના છે. વાગડવાળા સાધ્વીના એક સમુદાયના સંપર્કમાં કમલાબહેન આવ્યાં. મુખ્ય પ્રવર્તિનીના પ્રેમથી તેઓ વશ થઈ ગયાં. એ સમુદાયનું તપ, સંયમ ને સ્વાધ્યાયભર્યું સ્વચ્છ વાતાવરણ તેમને આકર્ષી ગયું.

વાગડવાળા સાધ્વીપરિવારમાં કમલાબહેન દીક્ષિત થયાં : ને તેમનું નામ કુશલશ્રી રાખવામાં આવ્યું.

યૌવનને પોતાનું રૂપ હોય છે, એમાં સંયમનું તેજ ભળે ત્યારે એ અલૌકિક બની રહે છે. કુશલશ્રી પૂનમના ચાંદ જેવાં સર્વત્ર પોતાની કૌમુદી પ્રસારી રહ્યાં. જૈન ધર્મનાં મહાન આર્યા ચંદનબાળાના જેવાં તેજ, તપ ફેલાવી રહ્યાં. ભક્તહૃદયોને તો એમનાં દર્શનથી કંઈ કંઈ થઈ જતું.

સાધુ-સાધ્વીનાં વૃંદો આઠ માસ ફરતાં રહે છે. ચોમાસાના ચાર માસ એક સ્થળે રહે છે. એમનાં ઊતરવાનાં સ્થળો ઉપાશ્રય કહેવાય છે.

સાધ્વી કુશલશ્રીજી પોતાના ગુરુ તથા પોતાના વૃંદ સાથે ગામોગામ વિહરતાં હતાં. કુશલશ્રીની જ્ઞાનકુશળતા, સંયમ, સાદાઈ અને નિરભિમાનિતાથી તેઓ જ્યાં જતાં ત્યાં અનોખું વાતાવરણ ખડું કરતાં. ધર્મનો પ્રભાવ સર્વત્ર વિસ્તરી રહેતો. જૈન કિંવા જૈનેતર તેમના ભક્ત બની જતા.

સંસારમાં કેટલાક કષાયો સાધુ થયેલાને અને માથું મૂંડાવેલાને પણ પજવે છે. કીર્તિ અને ઈર્ષ્યા એમાં મુખ્ય છે.

એક શહેરમાં સાધ્વી કુશલશ્રીનું સાધ્વી-વૃંદ અને બીજું એક સાધ્વી-વૃંદ એકઠું થયું. બંને વૃંદ જુદા જુદા નિવાસે ઊતર્યાં હતાં. મધ્યાહ્નકાળે એકબીજાં મળવા ગયાં.

આ વખતે સામા વૃંદના એક વયોવૃદ્ધ સાધ્વીજીની આંખોમાં જુદો ભાવ હતો. વારંવાર તેઓ કંઈક મુદ્રા રચતાં અને મોંએથી કંઈક ભણતાં હતાં. છેલ્લી વિદાય વેળા તેઓ મોંએથી મંત્ર ભણતાં ભણતાં કુશલશ્રીજી સમીપ ગયાં ને તેનો હાથ હાથમાં લઈ, આંખોમાં આંખો પરોવી કુઉઉ કરી ચાલ્યાં ગયાં !

આ વાત પળભરની હતી. પળભર પછી ભુલાઈ ગઈ.

એ રાતે સાધ્વી કુશલશ્રીને ખૂબ ભયંકર સ્વપ્ન આવ્યાં. બીજી રાતે નિદ્રા ન આવી : ને હવે તેઓ જાગતાં પણ સ્વપ્ન જોવા લાગ્યાં. તબિયતમાં કંઈક વિકૃતિ થઈ હશે, એમ માની સૌરાષ્ટ્રના નામી વૈદ જટુભાઈને તેડ્યા ને દવા શરૂ કરી.

પણ મર્જ બઢતા હી ગયા, જ્યોં જ્યોં દવા કી ! દવાથી દરદ વધ્યું. આખો સમુદાય ચિંતાતુર બની ગયો. દાક્તરો આવ્યા પણ કંઈ કારી ફાવી નહિ. સુશીલ, મેધાવી, આશાસ્પદ સાધ્વીજીની હાલત કરુણ બનતી ગઈ. ખાવું ભાવે નહિ, ખાય તો દસ્ત ખૂબ થાય. અશક્તિ તો એવી આવી ગઈ કે પોતાનો હાથ ઉપાડવો, પહાડ ઉપાડવા બરાબર થઈ ગયો.

આખો સાધ્વીસમુદાય ચિંતામાં પડી ગયો. વજન ઝડપભેર ઘટવા લાગ્યું.

કાળક્રમે વિહાર કરતાં તેઓ સૌરાષ્ટ્રમાં આવેલ રાણપુર ગામે આવ્યાં. અહીંના ઉપાશ્રયમાં ઊતર્યાં.

એક વાર સવારે સાધ્વી કુશલશ્રીજી શૌચ જવા બહાર ગયાં. ગામ બહાર વોરા લોકોની ધર્મશાળા છે. પાસે પીરની એક જગ્યા છે. તે તરફ જઈને સાધ્વીજી પાછાં આવ્યાં, પણ આવતાંની સાથે વળી એક આશ્ચર્ય સરજાયું.

સાધ્વીજી બેભાન બની ગયાં, ને કલમા પઢવા લાગ્યાં. કુરાને શરીફ સાધ્વીજીએ કદી જોયું નહોતું, તો વાંચવાની વાત કેવી ? કલમા બરાબર બોલતાં સાંભળી સહુ અચરજમાં ડૂબી ગયાં. સાથે પ્રશ્ન એ થયો કે હવે શું કરવું ?

પણ ત્યાં તો થોડા વખતમાં આવેશ શાંત થઈ ગયો, અને સાધ્વીજી સ્વસ્થ થઈ ગયાં. થોડા દિવસ શાંતિ રહી.

વળી એકાએક આવેશ આવી ગયો. કલમા બોલવા લાગ્યાં. કુશલશ્રીજીના ગુરુએ પૂછ્યું :

'આપ કોણ છો ?'

'હું પીર છું. અમારી જગ્યાને સાધ્વીજીએ મલિન કરી હતી, માટે હું આવ્યો છું.' જવાબ મળ્યો.

'અજાણતાં જે કાર્ય થાય, તેની માફી મળવી જોઈએ. એક મહાતપસ્વી ને જ્ઞાની સાધ્વીને આ રીતે આપ જેવા પીરે હેરાન કરવી જોઈએ નહિ.'

'સાચી વાત છે. આ સાધ્વીજી ખૂબ સુશીલ ને પવિત્ર છે. મેં તેનો ગુનો માફ કર્યો છે, પણ મને તેના તરફ બેટી જેવો પ્યાર થયો છે, માટે તેને મળવા આવું છું. ચાલો, હું જાઉં છું.'

આવેશ શાન્ત થઈ ગયો.

થોડા દિવસો પસાર થયા. સુશીલ સાધ્વી તો દર્દ અને માનસિક વ્યથાથી સુકાઈને કાંટા જેવાં થઈ ગયાં હતાં.

ફરી આવેશ આવ્યો, ને પીર હાજર થયા.

કુશલશ્રીજીનાં સાધ્વી ગુરુ કુશળ ને ચતુર હતાં. તેમણે પીર સાહેબને વિનંતી સાથે કહ્યું :

'આપ પીર છો. ખુદાઈ તાકાતવાળા છો. આપ દીન ધર્મના જાણકાર છો. આપ જાણો છો કે આ જૈન સાધ્વી છે. પાંચ મહાવ્રતનાં ધારક છે. આપ પીર છો. પિતા અને દેવતુલ્ય છો, છતાં પુરુષ છો. આપ એમના શરીરમાં પધારો તો એમનું વ્રત ખંડિત થાય, એમને દોષ લાગે. માટે આપ દયાળુ આપની દીકરીને દુઆ દઈને પધારો.'

પીરે જવાબ વાળ્યો : 'તમારી વાત સાચી છે, પણ હું એમની નજીક કે એમની અંદર રહું છું, તેની પાછળ તેમની હિફાજત કરવાની મારી મુરાદ છે.'

સાધ્વીજી બોલ્યાં : 'એ કેવી રીતે ?'

પીરે કહ્યું :

'સાધ્વી કુશલશ્રીજી પર મારણપ્રયોગ થયેલો છે. એમની રક્ષા કરવા માટે હું પાસે રહું છું. હું એ ખૂની દેવતાઓ સાથે જીવસટોસટની લડાઈ ખેલી રહ્યો છું. મને મારા ઈમાન પર આસ્થા છે કે એક વાર એ ખૂની તત્ત્વોને ભૂંડે હાલે હાંકી કાઢીશ. માટે મને સદંતર જવાની સલાહ આપશો નહિ. સાધ્વીજી ખતરાથી બહાર થશે કે હું દુઆ આપી ચાલ્યો જઈશ.'

ઘણો વખત સુધી સાધ્વીજી કુશલશ્રીજી આ અસર નીચે રહ્યાં. તેઓનાં ધર્મપ્રેમી ગુરણીજી પોતાની હોનહાર શિષ્યાની આ અવશ હાલત જોઈ બહુ દુઃખી રહ્યાં. ઘણો કાળ તેઓ જોરાવરનગરના ઉપાશ્રયમાં નિવાસ કરી રહ્યાં.

આખરે પીરનો આવેશ બંધ થયો.

મારણપ્રયોગની અસરથી તેઓ મુક્ત થયાં પણ શરીરે માંદલાં રહ્યાં. છેલ્લા દિવસોમાં સાધ્વીજીને આ કુટિલ પ્રયોગ વિષે પૂછવામાં આવતું ત્યારે કહેતાં :

'કોઈને પોતાના કર્મ સિવાય કોઈ હેરાન કરી શકતું નથી. આ બધાં તો નિમિત્ત કહેવાય. હવે હું એ વાત ચર્ચવા માગતી નથી. ચર્ચા કરવાથી વસ્તુ જીવંત બને છે. મારો ધર્મ, મારું તપ એ મારા મોટા મંત્રો છે. કદાચ દેહ ગયો હોત તોય આત્મા ક્યાં મરવાનો હતો ! દેહની ચિંતા કેવી ?'

આ મહામના સાધ્વીજી ઘણો સમય સૌરાષ્ટ્રમાં વિચરતાં જોવાયાં હતાં. આજે ક્યાં છે તેની જાણ નથી.*

□

* આ કથા તથા બ્રહ્મરાક્ષસ જદુરામ જેવી કેટલીક કથાઓનું તત્ત્વ સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ વૈદરાજ સ્વ. શ્રી જદુભાઈ ભટ્ટ દ્વારા અમને મળ્યાં હતાં. શોક એ વાતનો છે કે આ પુસ્તકની પ્રસિદ્ધિ ટાણે તેઓશ્રી આપણી વચ્ચે હાજર નથી.



૧૦. પ્રેતાત્મા સાથે પ્રશ્નોત્તરી

વિચારશીલ વૈજ્ઞાનિકો હવે તો અદૃશ્ય સત્ત્વોનું અસ્તિત્વ સ્વીકારતા થઈ ગયા છે.

પ્રેતાત્મા એટલે અશરીરી સત્ત્વ કે જે આપણી પૃથ્વીના દેશકાળના કાયદાઓને તાબે હોતું નથી, તેમનાથી પર હોય છે. તેનું બંધારણ આપણા બંધારણથી જુદું હોય છે, અને તેથી આપણે ખાસ સ્થિતિમાં હોઈએ ત્યારે જ આપણે તેની સાથે સંબંધ બાંધી શકીએ છીએ અને વ્યવહાર કરી શકીએ છીએ.

નીચે, મારે એક પ્રેતાત્મા સાથે જે પ્રસંગ પડ્યો અને સંબંધ સાંપડ્યો તેનું વર્ણન આપું છું. મને માનસશરીર-શાસ્ત્રોનું બરાબર જ્ઞાન નથી, તેથી હું તે પ્રસંગને વધારે સ્પષ્ટ રીતે રજૂ કરી શકતો

નથી, અથવા તો મેં જે સત્ત્વ નજરોનજર નિહાળ્યું અને તેની સાથે જે વાતો કરી તે અલૌકિક વિચિત્ર દૃશ્ય પર મન મૂકીને ટીકા કરી શકતો નથી.

જ્યારે હું મહારાષ્ટ્રમાં પર્યટન કરી રહ્યો હતો, ત્યારે એક વખત શોલાપુર પાસેના એક ગામડામાં મારે રહેવાનું બન્યું. એક રાતે એક ખેડૂત મને તેના ખેતરમાં લઈ ગયો. ત્યાં મારો સત્કાર કરવામાં આવ્યો. પણ તે ખેતરમાં મોટરથી ચાલતું શેરડી પીલવાનું યંત્ર બહુ અવાજ કરતું હતું. એટલે મારા યજમાન ખેડૂતની મંજૂરીથી હું આશરે અડધો માઈલ દૂર આવેલા એક બીજા ખેતરમાં સૂવા ગયો. ત્યાં એક અનુકૂળ જગાએ પથારી પાથરી અને સૂઈ ગયો.

મારી ટેવ પ્રમાણે હું સવારે વહેલો ત્રણ વાગ્યે ઊઠી ગયો. મારા નિયમ પ્રમાણે હું ધ્યાનમાં બેસવાની તૈયારી કરતો હતો એટલામાં તો કોઈ વિચિત્ર સત્ત્વની હાજરી મારી આસપાસ વીંટળાઈ વળતી હતી, તેનું મને ભાન થયું. મેં ઊંચે જોયું. મારી સન્મુખ મેં એક રૂપેરી રેખાવાળી માનવઆકૃતિ જોઈ. તે મારાથી દસ ફૂટ દૂર હતી. તે જમીનથી આશરે ત્રણ ફૂટ અધ્ધર હતી. તેને કોઈ ટેકો કે આધાર ન હતાં.

મારા વિશાળ પર્યટનમાં હું ઘણી વાર આવાં મૂર્તીકરણો ને સત્ત્વોને મળ્યો હતો, પણ નજરોનજર તેને મળવાનો આ પહેલો પ્રસંગ હતો. સાચું પૂછો તો મને આવો અનુભવ થાય તે માટે હું ઝંખતો હતો. આનંદ અને કુતૂહલભરી મુખમુદ્રા સાથે મેં ત્રાંસી નજરે તે આકૃતિ ઉપર દૃષ્ટિ ઠેરવી. તે શું પ્રતિકાર્ય કરે છે તેની રાહ જોતો હું બેઠો.

પ્રેતાત્માએ મને કહ્યું : 'મિત્ર, સુપ્રભાતમ્ ! તમને હું સુંદર સવાર ઈચ્છું છું.' મેં પણ જવાબમાં તેને સુંદર સવાર ઈચ્છી. પછી હું તેની સાથે વાતે વળગ્યો. તે અસ્ખલિત અંગ્રેજીમાં બોલતો હતો. તેનો અવાજ કઠોર, મર્દનો હોય તેવો હતો.

અમારો વાર્તાલાપ દોઢેક કલાક ચાલ્યો. મારા વાચકોને તેમના આ બાબતના જ્ઞાનમાં કદાચ વૃદ્ધિ થશે એમ માનીને હું નીચે

કેટલાક મારા ચૂંટી કાઢેલા સવાલો અને પ્રેતાત્માના ઉત્તરો આપું છું :

હું : (૧) તમે શા હેતુથી પ્રેરાઈને મારા સન્મુખ પ્રગટ થવાની કૃપા કરી ?

પ્રેતાત્મા : માનવીની સોબતનો પ્રેમ.

હું : (૨) તમે મને કહેશો કે તમે પૂર્વજન્મમાં કોણ હતા, અને આ સ્થિતિમાં ક્યારથી આવી પડ્યા છો ?

પ્રેતાત્મા : મારું નામ ચિદંબર કુલકર્ણી. હું અહીં પાસેના શહેરમાં એક સુંદર હોટલ ચલાવતો હતો. જેમને પોતાના ભૂતકાળનું જ્ઞાન હોય છે તેવા નસીબદાર પ્રેતાત્માઓમાંનો હું એક છું. કુદરતની યોજનાનુસાર મારું માનવી શરીર આઠ વર્ષ પહેલાં નાશ પામ્યું હતું.

હું : (૩) તમે ચિદંબર કુલકર્ણી તરીકે હતા ત્યારે આ ભૂતકાળનું જ્ઞાન મેળવવાની શક્તિ તમારી પાસે હતી ?

પ્રેતાત્મા : ના. મારા સ્થૂળ શરીરના નાશ પછી મારામાં એ શક્તિ પ્રગટ થઈ.

હું : (૪) તમે કેટલે દૂર સુધીના ભૂતકાળમાં ડૂબકી મારી શકો છો ?

પ્રેતાત્મા : મારા પાંચ પૂર્વજન્મોનું મને વિગતવાર જ્ઞાન છે.

હું : (૫) તમે બીજાનો ભૂતકળા જાણવાની શક્તિ પણ ધરાવો છો ?

પ્રેતાત્મા : કેટલીક વાર બીજાના ભૂતકાળની વિગતો પણ મારામાં ઝબકી જાય છે.

હું : (૬) તમે મારી ચોક્કસ જન્મતારીખ અને જન્મ-સમય કહી શકશો ?

પ્રેતાત્મા : હું પ્રયત્ન કરી તો જોઉં. હા, તમે એક બૌદ્ધ દેશમાં ઈ. સ. ૧૯૨૦ના ઑગસ્ટની છવ્વીસમી તારીખે બપોરે બાર વાગ્યા ઉપર અઢાર મિનિટે જન્મ્યા હતા.

હું : (૭) તમે તમારું કે બીજાનું ભાવિ જાણવાની શક્તિ ધરાવો છો ?

પ્રેતાત્મા : ના, મહારાજ.

હું : (૮) છેલ્લા મૃત્યુ પછી તમે કયું પરિવર્તન અનુભવ્યું ?

પ્રેતાત્મા : સ્થૂળ શરીરના સંબંધનો નાશ, અને પરિણામે દુન્યવી પાર્થિવ વસ્તુઓનો ઉપયોગ કે ઉપભોગ કરવાની અશક્તિ.

હું : (૯) શું તમે એમ કહેવા માગો છો કે મૃત્યુથી તમારી માનસિક શક્યતાઓ પર વિપરીત અસર નથી થઈ ?

પ્રેતાત્મા : હા, એટલું જ નહિ, પણ તેથી ઊલટું, મૃત્યુ પછી મારી માનસિક શક્તિઓમાં ચોક્કસ વધારો થયો છે.

હું : (૧૦) તમે બધાં ક્યાં રહો છો ?

પ્રેતાત્મા : અમારાં શરીર સૂક્ષ્મ હવામય હોય છે, તેથી અમારે કોઈ અમુક જગાએ જ રહેવાની જરૂર હોતી નથી; પણ અમારા દરેકના પૂર્વલક્ષણ પ્રમાણે અમે વૃક્ષો, મંદિરો, તળાવો, કબરો, સ્મશાનો, દેવળો, કિલ્લાઓ, ગુફાઓ, ટેકરીઓ, કોલસાની ખાણો વગેરેની આસપાસ ભમતા રહીએ છીએ. કેટલીક વાર અમે માનવીના કે પશુના શરીરમાં પણ પ્રવેશીને રહીએ છીએ. કેટલાક ઊંચી કોટિના પ્રેતાત્માઓ સ્વર્ગના અને ઉચ્ચ ગ્રહોના પ્રદેશોમાં રહે છે.

હું : (૧૧) તમે માનવીના કે પશુના શરીરમાં કેમ અને ક્યારે રહેવાનું પસંદ કરો છો ?

પ્રેતાત્મા : જેમને પૃથ્વી તરફ ખેંચાણ હોય છે, જેમની દુન્યવી વાસનાઓ ખૂબ પ્રબળ હોય છે, અને જે તે સુષુપ્ત વાસનાઓને શાન્ત કરવાની ઇચ્છા રાખે છે, તેવા પ્રેતાત્માઓ જીવતા માનવીનાં શરીરોમાં કે પશુનાં શરીરોમાં ઘૂસી જાય છે. મોટે ભાગે જેમને તે ભૂતકાળમાં ચાહતાં હતાં તેમનામાં પ્રવેશ કરવાનું તે પસંદ કરે છે; અથવા કોઈ શરીર આઘાતથી મૂર્છાવશ થઈ ગયું હોય અથવા

વિષની અસરથી બેભાન બની ગયું હોય, તેમાં તે પેસી જાય છે. જ્યારે મૂર્છાવશ કે બેભાન બનેલો માનવી ભાનમાં આવતાં જ પહેલાં કરતાં તદ્દન જુદી જ રીતે વર્તતો હોય તો તમારે નક્કી માનવું કે કોઈ પ્રેતાત્માએ તેના શરીરનો કબજો લીધો છે; અને તેમાં પહેલાં રહેતા તેના જીવને તેણે હાંકી કાઢ્યો છે.

હું : (૧૨) તમે પ્રેતાત્માઓ માનવીને મદદ કરવાની, સાજા કરવાની અથવા તેમને હેરાન કરવાની શક્તિ ધરાવો છો ?

પ્રેતાત્મા : હા, માનવજાતિની શક્યતાઓ પર શાસન ચલાવતા કર્મના કાયદાઓ અમારાં પ્રેતજગતને લાગુ પડે છે. ફરક માત્ર એટલો છે કે અમારાં શરીર સૂક્ષ્મ હવામય હોય છે. એટલે અમે શરીરધારી પ્રાણીઓનું ભલું કે બૂરું કરવામાં વધારે સ્વતંત્રતા અનુભવીએ છીએ. વળી અમે તે કામ બહુ ઝડપથી અને સુગમતાથી કરી શકીએ છીએ.

હું : (૧૩) તમે પૃથ્વી પરના માનવીઓને ભૌતિક પદાર્થો વડે મદદ કરી શકો ?

પ્રેતાત્મા : અમે પ્રેતાત્માઓ ભૌતિક પદાર્થોનું સર્જન કરી શકતા નથી, તેમ જ તેવા પદાર્થો અમારી માલિકીના હોતા પણ નથી. તેથી જ્યારે પૃથ્વીના માનવીઓને ભૌતિક પદાર્થો વડે મદદ કરવાની વાત આવે છે, ત્યારે નીચલી કોટિના પ્રેતાત્માઓ તે પદાર્થો કોઈની દુકાનમાંથી કે મકાનમાંથી ઉપાડી લાવતા હોય છે. હું એવા કેટલાક તોફાની પ્રેતાત્માઓને ઓળખું છું કે જેઓ કેટલાક સમૃદ્ધિશાળી, કપટી શ્રીમંતોની તિજોરીમાંથી દ્રવ્ય ઉપાડી લાવી દક્ષિણના એક જાણીતા હરિજનને પૈસાના ઢગલેઢગલા આપ્યા કરે છે. એ વ્યક્તિ ચમત્કારપ્રિય માનવસમુદાયને ઈશ્વર અને અવતારોનાં નામે આકર્ષી, ભરમાવીને ફસાવે છે. જોકે એટલું તો કહેવું જ પડશે કે ધર્મ અને ભગવાનમાં નહિ માનનારા એવા કેટલાક આ પ્રેતાત્મક્રિયાને યોગશક્તિ માનીને ધર્મની તરફ આકર્ષાયેલા છે.

હું : (૧૪) સ્થૂળ ઈન્દ્રિયોના અભાવે પ્રેતાત્માઓ ભૌતિક પદાર્થોની હેરફેર કેવી રીતે કરી શકે ?

પ્રેતાત્મા : અમારી પ્રેતાત્માઓની પાસે માનવીએ બનાવેલી ભૌતિક વસ્તુઓના પરમાણુઓનું વિઘટન કરવાની શક્તિ હોય છે. આવી રીતે તે વસ્તુઓને ચોરી લાવતાં પ્રેતાત્માઓ તે પ્રક્રિયા અખત્યાર કરતા હોય છે, અને જ્યાં તે વસ્તુઓ લઈ જવાની હોય છે ત્યાં તેઓ તે વસ્તુઓના પરમાણુઓનું ફરી સંઘટન કરે છે. તેમને, અણુપરમાણુઓને એકઠા કરી ફરી તે વસ્તુઓનું નિર્માણ કરે છે.

હું : (૧૫) તમે તે વસ્તુઓના પરમાણુઓનું વિઘટન કેવી રીતે કરો છો, તે પદ્ધતિનો ચોક્કસ ખ્યાલ મહેરબાની કરીને આપશો ?

પ્રેતાત્મા : મિત્ર, ના. ગૂઢ વસ્તુઓ જાણવાની તમારી ઈચ્છાને હું વખાણું છું, પણ ચૈત્યશક્તિઓની કાર્યપદ્ધતિની વિગતો જાણવા માટે હજી તમે પરિપક્વ થયા નથી. મને મહેરબાની કરીને તે પદ્ધતિનો દાર્શનિક પ્રયોગ કરવાનું દબાણ ન કરશો; કારણ કે તેથી મારી આધ્યાત્મિક શક્તિનો વિના કારણ દુર્વ્યય થશે.

હું : (૧૬) અનિષ્ટકારી પ્રેતાત્માઓ ગમે તેને નુકસાન પહોંચાડી શકે ખરા ?

પ્રેતાત્મા : ના, અમારી પ્રેતાત્માસૃષ્ટિમાં તમે જેને "સંરક્ષણ સમિતિ" કહો છો એવી સંસ્થા હોય છે. બળવાન સત્ત્વો તેનાં સભ્ય હોય છે. તેમની એક ફરજ એ હોય છે કે કોઈ પણ માણસને અયોગ્ય ઈજા ન થાય તે તેમણે જોવું. એમાં એક અપવાદ હોય છે અને તે એ કે ભૂતકાળની કોઈ દ્વેષીલી સંબંધગ્રંથિઓ (ઋણાનુબંધ) હોય અને તેને લઈને તે વ્યક્તિ તરફ તે પ્રેતાત્મા દ્વેષયુક્ત વર્તાવ કરે. તમારી માનવસૃષ્ટિમાં હોય છે તેવું જ અમારી પ્રેતાત્માસૃષ્ટિમાં પણ હોય છે. આવા દ્વેષયુક્ત વર્તાવ તેઓ માનવીઓ સાથે કે બીજાં પ્રાણીઓ સાથે પણ કરે છે.

હું : (૧૭) તમે પ્રેતાત્માઓ અલૌકિક ઘટનાઓ નિર્માણ કરી શકો ખરા કે ?

પ્રેતાત્મા : પોતાની ખાસ, વિશિષ્ટ અને ભિન્ન ભિન્ન શક્યતાઓ અને શક્તિઓને પરિણામે જુદી જુદી ચેતનાની

સ્થિતિવાળા જુદા જુદા લોકો અમુક કાર્યોને અકુદરતી અથવા અતિપ્રાકૃતિક ગણે છે. નીચે વર્ણવેલી કેટલીક રસપ્રદ ઘટનાઓ પરથી તમને ખ્યાલ આવશે કે અમારાં તદ્દન સહજ કાર્યોને પણ માનવીઓ ચમત્કારિક ઘટનાઓ તરીકે માનતા હોય છે :

(અ) એક સમયે ભગવાન શંકરના મંદિરમાં ગવાતું સ્તોત્ર સાંભળીને એક પ્રેતાત્મા તે તરફ આકર્ષાઈ તે મંદિરે ગયો, અને શિવલિંગ પર ચઢેલી ફૂલમાળા તેણે પેલા સ્તોત્ર ગાનારા ભક્તના કંઠમાં આરોપી. બધા હાજર રહેલા લોકોને આથી બહુ આશ્ચર્ય થયું, અને તે દિવસથી તે ભક્તની અને તે શિવાલયની લોકપ્રિયતામાં ગજબનો વધારો થઈ ગયો.

(બ) હું અને મારો એક સાથી ગુજરાતના એક માતાજીના મંદિરમાં ગયા. ત્યાંના ટોળામાં અમે એક ભક્તને તેના ગુલાબી રંગના સૂક્ષ્મ તેજોમંડળ વડે ઓળખી કાઢ્યો. તે ગરીબ હતો ને બે દિવસથી અન્ન વગરનો હતો, તેની અમને જાણ થઈ. મારા સાથીદારે દેવીના ચરણકમળમાં પડેલી કેટલીક રૂપિયાની નોટોને ઉરાડી પેલા ભૂખે મરતા ભક્તના હાથમાં પડે એમ કર્યું. આ જોઈ બધાંનાં નેત્ર સાશ્ચર્ય વિસ્ફારિત થઈ ગયાં. પણ અમારે માટે આ એક સામાન્ય ઘટના જ હતી.

(ક) બીજે એક પ્રસંગે મારવાડમાં આવેલા સુપ્રસિદ્ધ શ્રીનાથજીના વૈષ્ણવ મંદિરમાં બીજા એક પ્રેતાત્માએ અમુક સમય સુધી અદૃશ્ય રહી ઘંટ વગાડ્યા કર્યો. થોડીક વાર પછી શંખોનો નિનાદ સંભળાવા લાગ્યો. કોઈ માનવીની મદદ સિવાય નગારાં પણ વાગવા માંડ્યાં. બધા લોકો તેને દિવ્ય ચમત્કારો તરીકે માનવા લાગ્યા.

(ડ) એક વખત એક સ્ત્રી પ્રેતાત્માએ એક મંદિરના ગર્ભાગારમાં અદૃશ્ય રહી ત્યાં ઉપસ્થિત થયેલા લોકો આગળ ઘોષણા કરી કે, 'જો તમે બધા સાંજથી સવાર સુધી મંદિરની પ્રદક્ષિણા નહિ કરો, તો પ્રભુનો કોપ તમારા પર ઊતરશે.' બધાએ તેને દેવવાણી માનીને સાંજથી સવાર સુધી મંદિરની પરિક્રમા કરી.

આ અને ઉપર વર્ણવેલી ઘટનાઓ ઉપરથી તમે જોઈ શકશો કે તમારી માનવોની માન્યતાઓ કેટલી ખોટી છે અને તમારું અજ્ઞાન કેટલું ગજબનાક છે. તમે બધા તે ઘટનાઓમાં દૈવી શક્તિના ચમત્કારો જુઓ છો તે ભૂલભરેલું છે.

હું : (૧૮) તમે તમારી અત્યારની અવસ્થાને માનવજીવન કરતાં ચડિયાતી માનો છો ?

પ્રેતાત્મા : તમને પૃથ્વી પરના માનવોને પ્રેતાત્માસૃષ્ટિનું સાચું જ્ઞાન નથી. તમે બધા અમને હીન ગણો છો, અને અમારાથી ડરો છો. પણ તમને ખબર નથી કે કુદરતી ઉત્ક્રાન્તિના વિકાસના ક્રમમાં દરેક જીવને પ્રેતાત્માસૃષ્ટિની અનુભૂતિમાંથી પસાર થવું પડે છે. સરખામણીને બાદ કરતાં મારું એમ માનવું છે કે સોનાને અલંકારનું સ્વરૂપ આપતા પહેલાં વિવિધ ક્રિયાઓમાંથી પસાર થવું પડે છે તે જ રીતે આધ્યાત્મિક પરમપદને પામતા પહેલાં દરેક જીવને વિવિધ અનુભૂતિઓમાંથી પસાર થવું પડે છે.

હું : (૧૯) તમે મારા વિચારો વાંચી શકો ?

પ્રેતાત્મા : જરૂર, જરૂર. હું આટલો વખત એ જ કરતો રહ્યો છું. જેને તમે મારી પાસે ગવડાવવા માગો છો એવા એક કાવ્યનો વિચાર અત્યારે તમારા મનમાં છે. તમે તમારા મનમાં ને મનમાં ગાઓ. પછી હું ગાઈ બતાવીશ.

હું : (૨૦) તમારી ઇચ્છા પ્રમાણે ગમે તે વ્યક્તિની સમક્ષ તમે પ્રગટ થઈ શકો ખરા ?

પ્રેતાત્મા : હા. અમારામાંના જે પ્રેતાત્માઓને માનવ પ્રાણીઓ માટે સાહજિક પ્રેમ છે, તે સારા સંસ્કારો અને સ્વભાવવાળી વ્યક્તિઓની સોબત પસંદ કરે છે. જે અમારાથી બીએ છે અને જેમનામાં જીવનનાં ઉચ્ચ મૂલ્યો માટે અભિરુચિ નથી, તેમના ઉપર મોટે ભાગે અમે અમારી જાતને લાદતાં નથી. જ્યારે અમે પ્રગટ થવા માગીએ ત્યારે અવકાશમાં વધારાના ઘટ્ટ પરમાણુઓને ખેંચી લઈએ છીએ. અમારામાં કેટલાક પ્રેતાત્માઓ એવા પણ છે કે જેમને બીજાં પ્રાણીઓ માટે કુદરતી અણગમો હોય છે. કેટલાક પ્રેતાત્માઓ

માત્ર વનસ્પતિ અથવા પશુઓની પેઠે અસ્તિત્વ જ ધારણ કરે છે. તેમને કશામાં રસ હોતો નથી. તુચ્છ કોટિના પ્રેતાત્માઓને જ તોફાન કરવું બહુ ગમે છે. તે મનુષ્યોને અને બીજાં પ્રાણીઓને સતાવવામાં જ મજા માને છે. આ ઉપરથી તમને સમજાશે કે પાર્થિવ ભૂમિકા ઉપર મનુષ્ય જેમ ભિન્ન ભિન્ન પ્રકાર અને સ્વભાવનાં હોય છે, તેવું જ અદૃશ્ય જગતમાં પણ હોય છે.

હું : (૨૧) પ્રેતાત્માઓની આવાહન-મિજલસો, પ્રેતાત્માઓના ટકોરાના અવાજો, પ્રેતાત્માઓના સંદેશા, પ્લેન્ચેટ પૂંઠા પર માણસની આંગળીઓને અમુક શબ્દો પર પ્રેતાત્માઓ ખસેડે છે તે ક્રિયા, પ્રેતાત્માઓની દોડધામ – હેરફેર, પ્રેતાત્માઓનાં બુમરાણો અને ગતિસૂચક બરાડા આ બધા વિષે તમારો શો અભિપ્રાય છે ?

પ્રેતાત્મા : એ બધું તો રદ્દી વર્ગના ભૂવાના ખેલની કરામત માત્ર છે. સમાજના અમુક વર્ગને મનોરંજન આપવાનો શોખ હોય છે. તેમાંના મોટા ભાગના લોકો તો આવી કરામતો અને યુક્તિઓ પર પ્રભુત્વ મેળવી પોતાનામાં મહાન આધ્યાત્મિક શક્તિ છે એમ લોકોને મનાવવાની ઇચ્છા ધરાવતા હોય છે. તેમનો ઇરાદો માત્ર ભોળા અને છેતરી શકાય તેવા લોકોને બનાવવાનો જ છે.

હું : (૨૨) તમે કોઈ દિવસ તમારા ભૂતકાળનાં સગાંવહાલાંને મળો છો ?

પ્રેતાત્મા : મને તેમને મળવાની ઇચ્છા નથી થતી. જેઓ પૈસા કમાવા ખાતર ગમે તેવાં હીન કૃત્યો કરવા જેટલા હલકટ બની શકે, તેવાઓની સોબત યોગ્ય નથી. વળી, મારાં જીવતાં છોકરાંછૈયાં હવે સુધરી શકે તેવી શક્યતા નથી. છતાં હું મારા ત્રીજા પૂર્વજન્મના ફ્રેન્ચ છોકરા સાથે માનસિક સંપર્ક સાધું છું. તે અત્યારે ફ્રાન્સમાં પૅરીસ ગિરેકમાં રહે છે. હવે તો તે વૃદ્ધ થયો છે. તેને શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનમાં ઊંડો રસ છે.

હું : (૨૩) તમે તમારા ફ્રેન્ચ દીકરાને મળવા કેમ જતા નથી ?

પ્રેતાત્મા : મારું પંચમહાભૂતનું બંધારણ એવું છે કે મારે માટે તેવી લાંબી અવકાશયાત્રા શક્ય નથી.

હું : (૨૪) તમે કોઈ મહાન સંતોના સંપર્કમાં હો, તો મને તેમનાં નામ કૃપા કરી જણાવશો ?

પ્રેતાત્મા : હમણાં તો હું કોઈના સંપર્કમાં નથી. ભગવાન રમણ મહર્ષિના ઉપદેશમાંથી હું શીખ્યો છું કે જેની પ્રત્યે સ્વયંભૂ પૂજ્યબુદ્ધિ પ્રગટે તેને મહાન સંત સમજવો; જેની હાજરીમાં માણસને સઘન અને ઉચ્ચ પ્રકારની શાન્તિનો અનુભવ થાય, તેને મહાન સમજવો.

હું : (૨૫) પ્રેતાત્માસૃષ્ટિમાં તમારો નિકટનો મિત્ર કોણ છે ? તે પૂર્વજન્મમાં કોણ હતો ?

પ્રેતાત્મા : મારે એક બહુ આગળ વધેલા પ્રેતાત્મા સાથે ગાઢ સંબંધ છે. તે પૂર્વજન્મમાં એક વિખ્યાત વિદેશી ડૉક્ટર હતા. તેમને હિંદી જીવન સાથે સારો પરિચય છે. તેમનો એવો દૃઢ અભિપ્રાય છે કે અત્યારે ભારતમાં વગર વિચાર્યે માણસો ઉપર જે સંતતિનિયમન લાદવામાં આવે છે તેથી ભારતને ખૂબ ખૂબ નુકસાન થશે.

હું : (૨૬) તમારા મિત્રે એ અભિપ્રાય માટે સબળ કારણો આપ્યાં હતાં કે ?

પ્રેતાત્મા : મારા મિત્રને લાગે છે કે જનતાની નિરક્ષરતાને કારણે અને આસપાસ પ્રવર્તતા ધાર્મિક વિચારોની અસરને કારણે ભારતમાં અત્યારે લગભગ ૩૦–૩૫ વર્ષની ઉંમરના ભણેલા લોકો જ થોડાંક સંતાન થયા પછી સંતતિનિરોધ માટે શસ્ત્રક્રિયા કરાવે છે. હવે તે ઉંમરમાં જ વધારે બુદ્ધિશાળી સંતાનો પેદા કરવાની શક્યતા છે. વસ્તીના લગભગ ૭૦ ટકા અભણ અને નિરક્ષર માણસોને સંતતિનિરોધ ગમતો નથી. વળી, ભારતમાં પત્નીઓની દરકાર બરાબર અને સમજપૂર્વક લેવાતી નથી. દેશમાં વધતી જતી સ્ત્રીઓની આત્મહત્યાઓ પાછળ તે જ કારણ મુખ્યત્વે રહેલું છે. આધુનિક શિક્ષણ પામેલી અત્યારની છોકરીઓને લગ્ન પ્રત્યે અને ખાસ કરી માતા બનવા પ્રત્યે ખૂબ નફરત છે. આને પરિણામે બુદ્ધિશાળી બાળકોના જન્મનું પ્રમાણ ઘટી જશે, અને પછાત વર્ગનાં ઠોઠ બુદ્ધિવાળાં સંતાનોની સંખ્યા ખૂબ વધી જશે. આ કારણોથી મારા

મિત્ર માને છે કે સંતતિનિયમનનો હેતુ તો આનાથી નહિ જ સરે, પણ ઊલટું ૫૦ વર્ષના ગાળામાં દુનિયાના બીજા દેશોની સરખામણીમાં ભારતવર્ષમાં વસ્તીનો બહુ જ થોડો ભાગ બુદ્ધિશાળી રહેશે.


હું : (૨૭) આપણે ફરી બીજી વાર મળી શકીશું ખરા કે ?

પ્રેતાત્મા : આપણે એ વાતને સુખદ અકસ્માત પર છોડી દેવી જોઈએ. હવે મારે જવું જોઈએ. તમે મને આટલો સમય તમારી સોબતનો લાભ આપ્યો, તે માટે હું તમારો આભારી છું. આપણે ફરી મળીએ, ત્યાં સુધી ભગવાન તમારું રક્ષણ કરો.

ચિદંબર કુલકર્ણીનો હવામય આકૃતિવાળો પ્રેતાત્મા અદૃશ્ય થઈ ગયો. આ રીતે મારી ઉલ્લાસપ્રદ અનુભૂતિનો અંત આવ્યો. મેં આ મેળાપ અને વાતચીતનું વર્ણન તદ્દન વફાદારીપૂર્વક કર્યું છે. તેમાં જરા પણ મીઠુંમરચું ભભરાવ્યું નથી. મેં તેને બરાબર ચકાસણી કર્યા પછી જ શબ્દદેહ આપ્યો છે. તેમાં મારી કોઈ પણ પ્રકારની ભ્રમણા ઘૂસી ન જાય તેની મેં કાળજી રાખી છે. આમ પ્રેતાત્માસૃષ્ટિની વાસ્તવિકતાનો વિરોધ થઈ શકે તેમ નથી છતાં મારે કબૂલ કરવું જોઈએ કે આનો વિરોધ કરનારા મારા ચસકી ગયેલી ડાગળીવાળા ટીકાકારોને ખાતરી કરાવી આપવા હું અશક્ત છું.*

□

*ભાદરણના પૂજ્ય સ્વામી શ્રી કૃષ્ણાનંદજીના પુસ્તક 'પથિકના અનુભવો'માંથી ઉદ્ધૃત.



૧૧. પક્ષીતીર્થ

"કારણ વગર કાર્ય થાય ત્યારે ચમત્કાર સર્જાય છે. દીવાસળી વગર અગ્નિ સળગે, વાદળ વગર વરસાદ વરસે, શરીર વગર સ્પર્શ અનુભવાય, આ બધા ચમત્કારો છે.'

મુનીન્દ્રે પોતાની શૈલીમાં આજની વાતનો પ્રારંભ કર્યો :

ધર્મ કેવી રીતે પેદા થયો તે જાણો છો ? એક દહાડો ભગવાન ઋષભના દરબારમાં નૃત્ય કરતી નટી નીલાંજના આપોઆપ નિશ્ચેતન થઈ ઢળી પડી. નિશ્ચેતન તો ઘણાં થતાં, પણ કાળક્રમે પાછાં જાગ્રત થતાં. નટી નીલાંજના પછી જાગ્રત ન જ થઈ. એનો દેહ આખો ને આખો અણિશુદ્ધ રહ્યો, ને નૃત્ય કરનારું હલનચલન કરનારું ચેતન ચાલ્યું ગયું.

લોકોએ ભગવાન ઋષભને પૂછ્યું :

'નીલાંજનાને આ શું થયું ?'

'એ મૃત્યુ પામી.'

'મૃત્યુ ક્યાંથી પામી ? મૃત્યુ શું ?'

મૃત્યુ શું એ સમજવું કદાચ ભગવાન ઋષભ માટે સહેલું હતું : પણ સમજાવવું દુષ્કર હતું. એ દહાડે અગમનિગમનો જન્મ થયો. એને બરાબર સમજવા ધર્મનો અને કર્મનો વિચાર થયો. પણ મૃત્યુ એ તો ચમત્કાર જ રહ્યું.

મુનીન્દ્ર આ વાત બોલી થોડી વાર મૌન રહ્યા પછી બોલ્યા : કારણ ન સમજાય ને કાર્ય જોવાય, એનું નામ ચમત્કાર, એ વાત સિદ્ધ કરવા હું બે પંખીની વાત કરીશ.

દક્ષિણ હિંદની આ વાત છે.

ત્યાં વેદગિરિની બે ટેકરીઓ છે.

આ ટેકરીઓ પર બે પંખીઓ પ્રસાદ લેવા લગભગ નિયમિત આવે છે. વર્ષોથી આવે છે.

આ સ્થળને લોકો પંખીતીર્થ કહે છે !

જરાક વિગતથી તમને સમજાવું.

પક્ષીતીર્થમાં બે જીવતાં પંખીઓનાં દર્શનનો મહિમા છે. વેદગિરિ નામની ટેકરીઓમાં દરરોજ બપોરના બાર વાગ્યે એક સ્થળે બે પંખીઓ આવે છે. ત્યાં તેમને માટે જે ખાવાનું મૂક્યું હોય તે ખાય છે. ટેકરીની આજુબાજુ ચક્કર મારે છે ને પછી ચાલ્યાં જાય છે.

આ ક્રમ કેટલાંય વર્ષોથી નિયમિત ચાલ્યા કરે છે.

સત્તરમી સદીમાં આવેલા ફિરંગીઓએ પણ આ વાતની નોંધ કરી છે.

કોઈ દિવસ એમાં ભંગ પડતો નથી !

પંખી બેનાં એક થતાં નથી.

વહેલાંમોડાં આવતાં નથી.

આવવાનું કોઈ દિવસ ચૂકતાં નથી.

આપણા લોકોએ એમને દેવતાઈ પંખી ઠરાવ્યાં છે ને તે સ્થળને તીર્થ કહ્યું છે; કારણ કે આનું કારણ આજ સુધી અગમ્ય રહ્યું છે.

દક્ષિણ ભારતનું તિરુકલુકુંડલમ નામનું નાનું ગામ પક્ષીતીર્થ અથવા વેદગિરિના નામે ઓળખાય છે. અહીં બે પક્ષીનાં દર્શન કરવાનો મહિમા છે. એ દર્શન કરીએ એટલે યાત્રા કરી ગણાય.

એ બે પક્ષીઓને ગળ્યો ભાત ખૂબ ભાવે છે, ને એ માટે સવા, સવા ત્રણ કે સવા પાંચ રૂપિયા દર્શનાર્થીઓ પાસેથી લેવામાં આવે છે. પક્ષીદર્શન માટે ટેકરી ઉપર બરાબર બારના સમયે હાજર રહેવું પડે છે. તેઓને ભોજન કરતાં દસબાર મિનિટ થાય તે દરમિયાન દર્શનનો લાભ લેવાનો.

તે વખત વીત્યા બાદ બીજે દિવસે તે સમયના અરસામાં અને તે જ સ્થળે તેમનાં ફરીથી દર્શન થઈ શકે. જે જગાએ પક્ષીઓ ભોજન માટે આવે છે તે જગા ઊંચી ટેકરી ઉપર છે. જે ટેકરી ઉપર ચડવાનું છે, તે વેદગિરિ પર્વતના નામે ઓળખાય છે. આ ટેકરી ઉપર ચડવા માટે પાંચસો પગથિયાં છાતીભેર ચડવાં પડે છે.

જિંદગીમાં કોઈક વાર ડુંગરા ચડનારા મુસાફરને તો ઢીંચણે હાથ દઈને હાંફતાં હાંફતાં ધીરે ધીરે ચડવું પડે એવું છે.

વેદગિરિ પર્વત જુદી જુદી છ ટેકરીઓનો બનેલો છે. પર્વતની ટોચ પર એક શિવમંદિર આવેલું છે. ત્યાંથી પચાસેક પગલાં દૂર પક્ષીદર્શનની જગા છે.

ટેકરીની ટોચ પર એક બાજુએ મંડપ બાંધેલો છે. મંડપની બહાર એક નાનો વાવ જેવો પાણીનો ઝરો છે. તેની બાજુના ઊંચા પથ્થર ઉપર પૂજારી બારના સમયે આવીને પાટલો નાખીને બેસે છે. સામેના મહાદેવના મંદિરને દંડવત્ પ્રણામ કરે છે, અને પછી પૂજા કરે છે.

તરત જ આકાશમાંથી ઊડતાં ઊડતાં પીળી ચાંચવાળાં ગીધ જેવાં બે સફેદ પક્ષી આવે છે. થોડી વાર પૂજારીની નજીક બેસીને તે ઊડે છે, અને મંદિરની પ્રદક્ષિણા કરી ફરી પાછાં આવે છે.

પૂજારી ગળ્યા ભાતનું પ્યાલું સામે મૂકે છે. બન્ને જણાં એ પ્યાલામાંથી ધરાઈ ધરાઈને ખાય છે. પક્ષીઓને ગળી ચીજ વધારે ભાવતી લાગે છે.

જમીને પક્ષીઓ ઊડી જાય છે. વર્ષો થયાં દરરોજ આ પ્રમાણે બનતું આવ્યું છે. દસેક મિનિટ તેઓ આ સ્થળે રહે છે. આ વખતે દેશદેશના લોકો ત્યાં એકત્ર થાય છે. રોજ અનેક માણસો આ પ્રમાણે દર્શન માટે આવે છે.

એક ડોસો, જે ચાળીસ વર્ષથી નિયમિત રીતે આ પક્ષીદર્શનનો લાભ લે છે, તેના જણાવ્યા મુજબ આ બે પક્ષીઓ દરરોજ ભોજન માટે આવે છે. એવું બને છે કે કોઈ વાર બરાબર ખાય, ન ખાય અથવા તો બે પૈકી એક બરાબર ખાય, એક ન ખાય; પરંતુ વારાફરતી, મોડાંવહેલાં કે સાથે બન્ને પક્ષી દરરોજ આવવાનાં તો ખરાં જ. આ પક્ષીઓને જમતાં જોવાં એ જ પક્ષીતીર્થની યાત્રા.

આ પક્ષીઓ વિશે જુદી જુદી દંતકથાઓ ચાલે છે.

એક દંતકથા એ છે કે બે ભાઈઓ હતા. બન્ને જુદા જુદા મતના માનનારા હતા. કોના ઈષ્ટદેવ મોટા, એવો ઝઘડો બંને વચ્ચે રોજ ચાલ્યા કરતો. લડતાં લડતાં તેઓ મહાદેવ પાસે ગયા. મહાદેવે કહ્યું કે, તમારા બેના દેવ એક છે, લડાઈ છોડો.

છતાં આ બેની તકરાર શમી નહિ. આથી શિવે બન્નેને ગીધસ્વરૂપે અવતરવા આજ્ઞા કરી.

બન્ને ગીધરૂપે પૃથ્વી ઉપર આવ્યાં. બંને જણાએ પોતાના ઉદ્ધાર માટે શિવને પ્રસન્ન કર્યા.

શિવે 'તથાસ્તુ' કહી, તેમની ઇચ્છા પૂરી કરવા હા પાડી.

પણ આ ઉતાવળિયાઓએ તરતોતરત ઉદ્ધારની માગણી કરી. શિવ ચિડાયા. કળિયુગના અંત સુધી તમે પૃથ્વી ઉપર ગીધરૂપે જ રહો એવી એમણે આજ્ઞા છોડી.

કેવી સર્વધર્મસમન્વયની વાર્તા ! આપણાં તીર્થો પાછળ કેવા પ્રેરક સંદેશાઓ છુપાયેલા છે, ને બુદ્ધિમાનો તીર્થને વગોવવાનો ધંધો લઈ બેઠા છે !

આજે એ બે ભાઈઓ પોતાના ઉદ્ધાર માટે પૃથ્વી ઉપર કળિયુગના અંતની રાહ જોઈ રહ્યા છે, અને સહુને એક રીતે બોધપાઠ આપી રહ્યા છે કે સહુના દેવ સરખા, એમાં લડવાનું ન હોય. જે લડશે એની હાલત અમારા જેવી થશે.

□



૧૨ચિલ્લી ચિલ્લી મિલ્લી મિલ્લી

"રાંધ્યાં ધાન રખડી પડ્યાં છે. ઈલમી, નજૂમી, ભૂવા-જતિ કોઈ ફાવ્યા નથી. બલકે કોઈનાં ચશ્માં ગયાં તો કોઈની ચંપલ ગઈ છે. મારે તો છતે દીકરે ન-દીકરા જેવું થયું છે, ને દીકરાને તો જીવતે મૂઆ જેવું થયું છે. ઘરભણી ડગ માંડે છે કે કોઈ એના અંગ પર બ્લેડના છરકા કરે છે. 'જન્મભૂમિ' વગેરે છાપાંમાંય ઘણું આપ્યું, પણ કોઈથી કાંઈ વળ્યું નથી. હવે તો તારો કે મારો. આવતાજતાની ટિકિટ કઢાવીને મોકલું છું. સાધુ છો. નિષ્કામ છો. હૈયામાં હામ હોય ને અંતરમાં રામ હોય તો અમારી મદદે ધાજો."

મન-ચિત્ત પ્રસન્ન થાય એવી કાયાવાળા એક જતિજી – કેસરીબાપાએ કહેલો એક પ્રસંગ જોઈએ. આજે તેઓ નથી,

પણ એક વાત એમની જબાનમાં જે રીતે રજૂ થઈ હતી, તેનો વિચાર કરીએ.

ભૂજ-કચ્છની પોશાલના જતિઓ વિશે ખૂબ વાંચ્યું હતું, ને બિકાનેર, ચિતોડગઢ ને જયપુરના મંત્રવાદીઓના પરિચયમાં હતો. કેસરીબાપા પણ એ જ વિશ્રુત પરંપરાના અધિકારી હતા.

કેસરીબાપાએ એ દિવસે આસન લીધું પણ એ એક અજબ મૂંઝવણમાં હતા. થોડી વારે બોલ્યા :

"સિકંદરાબાદના આ ગૃહસ્થ છે. કહે છે કે એમના દીકરા પર ભાનામતી નામની જબરદસ્ત શક્તિનો કોઈએ પ્રયોગ કર્યો છે. ઘરમાં અને ઘરની આસપાસ એક ફર્લાંગમાં છોકરો આવી શકે નહિ. આવે તો એના ડિલ પર બ્લેડના ઘા થાય. બત્તીનો ફ્યૂઝ જાય. તિજોરીની નોટો કપાઈ જાય. ઘરેણાં ઊડવા લાગે. દુર્ગંધથી તો માથું ફાટી જાય. ૩૫ તોલાના સોનાના દાગીના ગયા. છ હજાર રોકડા ગયા. સ્ટેનલેસના ચમચા મરડાઈ ગયા."

મેં કહ્યું : "આપ તો ભૂતડાંની ભાઈબંધીવાળા છો. અખતરો કરી જુઓ."

કેસરીબાપાએ કહ્યું : "અખતરામાં ભારે ખતરો છે. બસો જણા આવી ગયા. કોઈએ માતાજીનો ફોટો થાપ્યો. એ ઊડ્યો. દેવની છબી પધરાવી તો દૂધની શીશી નીચેથી ઊછળીને એના પર પડી. ટુકડેટુકડા ! કોઈ દોરો આપે તો એ ઊડી જાય. દાણા આપે તો વિષ્ટા થઈ જાય. હવે શું કરવું ?"

અમે બંને વિચારમાં પડ્યા, ત્યાં ચપટી વગાડતા યતિશ્રી ઊઠ્યા ને અંધકારમાં વિલીન થઈ ગયા. એમના મોંમાંથી ચિલ્લી ચિલ્લી મિલ્લી મિલ્લી શબ્દો સંભળાતા હતા. સિકંદરાબાદના કેટલાક માનસશાસ્ત્રના અભ્યાસી પ્રોફેસરોએ આ બાળકના ચિત્તના કરેલા વિશ્લેષણવાળો પત્ર એ મૂકતા ગયા હતા.

દિવસો વીતી ગયા ને એક સંધ્યાકાળે મુનિજી પુનઃ આવી પહોંચ્યા. પગમાં વિજયનો રુમઝમાટ હતો. એ બોલ્યા :

"ફતેહ ! બરાબર ભાદરવા સુદ ૧૦ના રોજ સિકંદરાબાદ પહોંચ્યો. બધી વિગતોની ખાતરી કરી તો સાચી જણાઈ. છોકરાની માને મળ્યો. એણે તો ત્રણ વર્ષથી સુખે રોટલો ખાધો નહોતો. રાતે બત્તી કરી કે ઝગમગ ઝગમગ થવા લાગી. મેં કહ્યું : 'બચ્ચે કો માફ કરો. તુમ બડે દેવ હો.'

"ને આટલું કહી અખંડ દીપ રાખી નવ દિવસની સાધનામાં બેસી ગયો. દોરો, ધાગો કે દાણા થઈ શકે તેમ નહોતું. રોજ થાળીમાં એક યંત્ર કેસર-ચંદનથી આલેખતો, અને એ ધોઈને બાળકને પાઈ દેતો. ચોથે દિવસે છોકરાને પાસે બોલાવ્યો. એ રડતો રડતો આવ્યો. એને શરીરે ઘા ન પડ્યા, પણ મારાં ચશ્માં ઊડ્યાં. દૂર એક સ્કૂલના કંપાઉડની દીવાલ પરથી ઘરું મળ્યું - ચશ્માં ન મળ્યાં.

"પણ મેં તો હિંમતથી કામ લેવા માંડ્યું હતું. રોજ સવારે કેસર-ચંદનથી યંત્ર આલેખી તેને ધોઈને પિવરાવું. પાંચમા દિવસે એને ઘેર લાવ્યો. રોજ ચંપલના સોલ કપાતા, આજ કાંઈ ન થયું. સાતમા દિવસે વળી ઘેર લાવ્યો. ભજનભાવ કર્યા. કથાવાર્તા કરી. સાથે જમ્યા, અને એ ઘરમાં જાણે વગર દિવાળીએ દિવાળીનો આનંદ પ્રગટ્યો. પછી મને દોઢ માસ રોક્યો. કોઈ દિવસ કાંઈ થયું નહિ !"

મેં પૂછ્યું : "એ યંત્રનું નામ ?"

યતિશ્રી બોલ્યા : "સર્વતોભદ્રયંત્ર. ભાનામતી શક્તિનો પ્રયોગ બહુ જબ્બર હોય છે. એની સામે આ યંત્ર કામ આવ્યું. આ બહુ જાણીતું યંત્ર છે. પણ જેને યંત્રનો ઉપયોગ આવડે નહિ, એને એ કામ આપે નહિ, એમ આનું બન્યું છે. ભારે સાધનાવાળો મંત્ર છે."

ને યતિશ્રીએ આંખો મીંચી કંઈક જપવા માંડ્યું. 'ચિલ્લી ચિલ્લી મિલ્લી મિલ્લી સ્વાહા' એટલું સંભળાયું.

બધુંય જાણ્યું છતાં અજાણ્યું !

□



૧૩. વાસનાદેહનો સ્વૈરવિહાર

હર્ષવદન આશાસ્પદ યુવાન હતો અને હિના એક મોડર્ન ગર્લ – આધુનિક યુવતી હતી.

બંનેનાં લગ્ન સોનામાં સુગંધ જેવો બનાવ હતો. બંનેનું જોડું જોઈ સ્વજનો ગાંડાંઘેલાં થઈ જતાં.

હર્ષવદનનું શયનગૃહ સાવ એકાંતમાં હતું ને પશ્ચિમ દિશાની બારીઓથી હવાનુકૂળ હતું. હર્ષવદન અત્તરનો શોખીન હતો, અને ત્યાં કેવડો કે એવી સુગંધી વસ્તુ લટકાવી રાખતો હતો. પણ હવે તો સેન્ટ-લવંડરના જમાનામાં પડદાઓ જ સુગંધથી ભરેલા લટકાવ્યા હતા. જરાક હવાનો સ્પર્શ થયો કે આખો ખંડ મઘમઘી ઊઠતો.

પહેલી રાતે મનભર દંપતી શયનગૃહમાં દાખલ થયાં. થોડી વારે કમાડ ભિડાયાં, ને વાતાવરણ એક ચીસથી કંપી ઊઠ્યું.

પણ બીજી જ પળે બધું શાન્ત.

કુટુંબીઓએ માન્યું કે આજુબાજુથી આ ચીસ આવી હશે. શહેર છે. ચાલ્યા કરે. આંખ આડા કાન કરીએ નહિ તો જિવાય નહિ !

સવારે બંને દંપતી હસતાં હસતાં બહાર આવ્યાં, ને પોતાની પ્રવૃત્તિઓમાં પરોવાયાં. સરખી સહેલીઓએ રંગભરી રાતની કલ્પનાભરી મશ્કરીઓ કરી.

દંપતીનો આખો દિવસ આનંદમાં પસાર થઈ જતો, પણ રાત પડતાં બંને જણાં બાવરાં બની જતાં. વાતનું ઠેકાણું રહેતું નહિ. બોલવાની મજા રહેતી નહિ, ખાવાનું પૂરું ખાતાં જ નહિ.

કુટુંબીઓ સમજતાં કે જુવાની દીવાની હોય છે. રાતે એકાંતે મિજબાની માણતાં હશે, પછી શું ખાય !

થોડાએક દિવસો વીતી ગયા, ને હર્ષવદનની પત્ની હિનાને હિસ્ટીરિયા આવવા માંડ્યો. હર્ષવદનના દેહમાંથી પણ લોહી સુકાવા લાગ્યું.

રાત પડવાની થાય કે બંનેની આંખોમાં અપાર્થિવ તેજ ચમકવા લાગે. બકરાં કસાઈખાના તરફ ખેંચાય, એમ બંને જણાં એમના શયનગૃહ તરફ ઘસડાય !

હર્ષવદનને ઝીણો તાવ લાગુ પડ્યો. દાક્તરોએ કહ્યું કે બંને જણાંને જુદાં રાખો, કાં એકને બહાર મોકલો. એ બધું કરી જોયું પણ કાંઈ વળ્યું નહિ.

હર્ષવદન સુકાઈને કાંટા જેવો થઈ ગયો.

એ વખતે એકાએક મુનીન્દ્રનું ત્યાં આવવું થયું. સ્વાભાવિક રીતે તો હર્ષવદને સમાજમાં હળવામળવાનું ઓછું કરી નાખ્યું હતું, પણ મુનીન્દ્રની તેના પર આકસ્મિક નજર પડી ગઈ, એનો ચહેરો જોયો, એની આંખોમાં કોઈ અપાર્થિવ આત્મા રમતો હોય તેવો અનુભવ કર્યો.

મુનીન્દ્ર પોતે જુવાન હતા. મંત્રતંત્રના અભ્યાસી હતા, પણ તાંત્રિક પ્રયોગમાં ઘણો ઓછો રસ ધરાવતા હતા. તેઓ માનતા કે સત્ત્વ, રજસ્ ને તમસ્ એ જેમ માણસોના ત્રણ મન-પ્રકાર છે એમ દેવોના પણ ત્રણ પ્રકાર છે. તમસ્ પ્રકારના દેવો જો તેમનું ચાલે તો ઘણા પ્રકારનાં તોફાન મચાવે. તેઓ વાસનાના વંટોળ જેવા હોય છે. વાસનાપૂર્તિ માટે મનુષ્યનો બલિ પણ લેતાં પાછા પડતા નથી !

મુનીન્દ્રનું હૃદય દયાળુ હતું, વળી એક ટંકનું ભોજન આ ઘરમાં લીધું હતું. સ્વાભાવિક અનુકંપાથી તેઓએ હર્ષવદનને પાસે બોલાવ્યો.

હર્ષવદન કામનું બહાનું કાઢી સરકી ગયો, પણ પરવશ પ્રાણી સરકે એમ એ સરકતો હતો. મુનીન્દ્રને વધુ ઇંતેજારી થઈ.

હર્ષવદન સસલાની જેમ જાત છુપાવવા માંડ્યો, ને મુનીન્દ્રની આંખમાં લાલાશ આવી. સ્વરમાં જે સાહજિકતા ને માર્દવ હતાં તે અદૃશ્ય થયાં ને કંઈક આજ્ઞાનો પરિચય થયો. મુનીન્દ્રે કહ્યું :

"સુરભિ !"

સુરભિ એટલા શબ્દો વાતાવરણમાં ઘોળાવા લાગ્યા. થોડી વારે હર્ષવદન એકદમ સામો આવ્યો, ને મુનીન્દ્રનાં ચરણોમાં પડી ગયો, ને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો.

મુનીન્દ્રે પોતાનો હસ્ત તેની પીઠ પર ફેરવતાં કહ્યું : "શાન્ત થા. માણસે પોતાનાં કર્મ યાદ કરવાં ઘટે. સારા માણસથી પણ મોટું દુષ્કર્મ થઈ જાય છે. એનાં આ પરિણામ છે. સુરભિની વાત તને યાદ છે ?"

"હા જી ! આપ ત્રિકાલજ્ઞાની લાગો છો !"

"ત્રિકાલજ્ઞાની કહેવરાવવું આજકાલનો દંભ છે. જે નજર સામે દેખાય અને કહેવાય એમાં ત્રિકાલજ્ઞાન ક્યાં ? સુરભિને હું નજરે જોઉં છું." મુનીન્દ્રે કહ્યું.

મુનીન્દ્રનો હાથ હર્ષવદનની પીઠ પર ફરતો હતો. હર્ષવદન દેખાવડો ને સોહામણો જુવાન હતો. ગાલના ખાડા ભરાઈ જાય ને આંખની કાળાશ દૂર થાય તો કાલે ફરી અનેક પતંગિયાંને રમાડી શકે તેમ હતો.

એવું એક પતંગિયું સુરભિ !

નિખાલસ ને નમણી છોકરી !

પોતે અને પોતાના મિત્ર નિખિલે એને હેવાયી કરી. પોતાનો મિત્ર વળી એક છકેલી છોકરીમાં પડ્યો અને પોતાનું વેવિશાળ હિના સાથે થયું !

સૌંદર્યના અનેક પ્રકારો હોય છે. સુરભિ એક રીતની સુંદર હતી, તો હિના પાસે બીજા પ્રકારનું અનાઘ્રાત રૂપ હતું ! સુરભિ બંને પાસેથી બહિષ્કૃત થઈ ને એણે ઝેર ઘોળ્યું. એ મરી ગઈ !

એનો વાસનાદેહ અત્યારે હર્ષવદન સાથે સ્વૈરવિહાર આચરી રહ્યો હતો. આખો દિવસ હર્ષવદન પર એની ચોકી રહેતી. રાતે શયનખંડની પથારીમાંથી હિના ફેંકાઈ જતી.

હર્ષવદન પોતાના પડખામાં અંગારાનો અનુભવ કરતો.

સવારના ત્રણેક વાગ્યે એ જાગતો. એ વખતે એના દેહમાં ભયંકર કળતર રહેતું !

મુનીન્દ્રનો હાથ હર્ષવદન પર હતો, આંખ બીજે ક્યાંય નોંધાયેલી હતી.

હર્ષવદન જે કહેતો હતો તે સાચું હતું. મુનીન્દ્ર એની પાછળ ઊભેલી સુરભિની સાક્ષી લેતા હતા. વાતના વિમર્શમાં મુનીન્દ્રનો હાથ હર્ષવદન પરથી ઊઠી ગયો ને હર્ષવદન ફરી ભયનો અનુભવ કરવા લાગ્યો.

મુનીન્દ્રે એના મસ્તકે હાથ મૂકી ગીતાજીના થોડાક શ્લોકો બોલતાં પાછળ અદૃશ્યમાં ઊભેલી સુરભિ તરફ નજર નોંધી કહ્યું :

"સુરભિ ! તારું તો બગડ્યું, સાથે બીજાનું કાં બગાડે ?"

"મારો સર્વનાશ થયો, હવે એનો કરીશ."

"ક્ષમા કરતાં શીખ. તારી સદ્‌ગતિ થશે. . ."

"ક્ષમા . . . ગતિ !"

આ સવાલ-જવાબ દેખીતી રીતે હર્ષવદન અને મુનીન્દ્ર વચ્ચે થતા હતા, પણ કરતાં હતાં સુરભિ અને મુનીન્દ્ર !

"મારી બળતરા ઓછી થતી નથી. આગ બાળે મને, શીતળ કદી ન કરે !"

"હું તારી શીતળતા માટે યત્ન કરીશ. તું હવે તારા સ્થાનકે જા !"

"એક શરત : છ મહિના સુધી હર્ષ હિનાને ન મળે."

"કબૂલ."

"કદી સાથે ફોટો ન પડાવે."

"કબૂલ, સુરભિ ! તારી વાસનાનો મોક્ષ કર ! હું મદદ કરીશ. તું દુઃખી છે, એ હું જાણું છું."

આ પછી હર્ષવદનની તબિયત કંઈક સુધરી. જોકે અવારનવાર હુમલો થઈ જતો, પણ એનું કારણ પ્રતિજ્ઞાભંગ લેખાતો.

આઠેક મહિને દંપતી સાજાંનરવાં થઈ ગયાં !

મુનીન્દ્ર ફરી ત્યાં ન ગયા. આવા સ્થળે ફરી જવામાં તેઓ માનતા નહિ.

□



૧૪. આસમાની કચેરી

દ્વારકાના દરિયા પર એક સાંજ આથમતી હતી. ભડકેશ્વર મહાદેવની ઊંચી શિલા પાછળ સંધ્યાની સુરખી સાથે આકાશની નીલિમા ભળીને અદ્‌ભુત ભવ્ય દૃશ્ય ખડું કરતી હતી.

મુનીન્દ્ર પોતાની મંડળી સાથે એ નિસર્ગરમ્ય સ્થળ પર ઊભા હતા. ગગનમાં દૂર દૂર એકબે તારલિયા પોતાના અસ્તિત્વનું ઝાંખું ઝાંખું સૂચન કરતા હતા.

મુનીન્દ્ર ભડકેશ્વરના એક ખડક પર સ્થિર થઈ ગયા. આંખોની ટકટકી લગાવીને ક્ષિતિજ તરફ જોઈ રહ્યા. થોડી વારે પાગલની જેમ ધૂણી ઊઠ્યા ને બોલ્યા :

'ઓહ ! આવું જ અદ્‌ભુત દૃશ્ય હશે, જે જોઈને મહાપ્રભુ ચૈતન્યે સાગરમાં શરીર સમર્પી દીધું હશે !'

'અમે ન સમજ્યા કંઈ.' મંડળીના એક સભ્યે કહ્યું.

મુનીન્દ્રની આંખો એ દૃશ્ય તરફ ચોંટેલી હતી ને બોલ્યા : 'જુઓ ! પૃથ્વી અને આભને આવરીને ઊભેલી નટવર શ્યામની મૂર્તિ ! આકાશની નીલિમા એના કેશકલાપને દાખવે છે. આથમતી સંધ્યા એના પીતાંબરને રંગે છે. ને પેલો તારક ! એ પ્યારાના ભાલનું તિલક બની રહ્યો છે !'

'બધી કલ્પના છે !'

'સંસાર એક મહાન કલ્પના સિવાય શું છે ? તમારે તમારા પૂર્વજોની કલ્પના જ કરવાની રહી, અને ભાવિ સંતાનના ભાગ્યબળની પણ કલ્પના જ કરવાની રહી ! સત્ય સામાન્ય છે. કલ્પના મહાન છે. જુઓ ! આ સાગરમાં ભરતી આવી. જેવું નટવરનું વહાલસોયું ઊર્મિતરંગોવાળું દિલ એવું આ દરિયાદિલ છે.'

ભરતી સાગરમાં હતી, એના તરંગો પ્રચંડ બની મુનીન્દ્રને ભીંજવી રહ્યા હતા, ને વધુ ને વધુ નજીક લઈ જઈ રહ્યા હતા.

મંડળીના એક સભ્યે ચિત્કાર કરતાં કહ્યું :

'રે ! ભૂતાવેશવાળા માનવીના જેવો આ દરિયો આપને વીંટી લેશે !'

મુનીન્દ્ર હસ્યા. જોખમની પરવા કરતા ન હોય તેમ મંડળી તરફ જોઈને બોલ્યા :

'ભૂતાવેશવાળા ગઈ કાલના ઇજનેર ભાઈની તમે યાદ આપી કાં ?'

'હા. એ ભાઈ એક જાણીતા દાક્તરના ભત્રીજા છે. દવાઓ, શૉક્સ – કરન્ટ ઘણા આપ્યા. પણ ફાયદો થયો નહિ. આખરે તેઓ મંત્રશક્તિનું શરણ શોધી રહ્યા છે.'

મુનીન્દ્ર થોડી વાર શાન્ત રહ્યા. સલૂણી સંધ્યાએ સરજેલી શ્યામની સલૂણી છબીનું એ નેત્ર દ્વારા પાન કરી રહ્યા હતા.

દેવાલયોમાં આરતીના ઘંટ રણઝણી ઊઠ્યા, ને હૈયે ઝણઝણાટ વ્યાપ્યો.

થોડી વારે મુખ ફેરવતાં ને વાતનું અનુસંધાન મેળવતાં મુનીન્દ્રે કહ્યું :

'ઍલોપથી ને આયુર્વેદના ઝઘડામાં હું પડતો નથી. જે ગા વાળે તે ગોવાળ. પણ આપણા આર્ય પુરુષો બહુ જ વિચક્ષણ હતા. તેઓએ પોતાના આયુર્વેદશાસ્ત્રમાં જે આઠ પ્રકારની ચિકિત્સા બતાવી છે તેમાં એક ભૂતચિકિત્સા પણ આપી છે. એનું બીજું નામ ગ્રહચિકિત્સા છે.'

'નવો જમાનો ભૂતમાં માનતો નથી.' એક જણાએ કહ્યું.

'કોણ કહે છે કે નવો જમાનો ભૂતમાં માનતો નથી ? આ જમાનો વધુ માને છે, કારણ કે હૈયાદૂબળો છે. ઇંગ્લૅન્ડમાં એનાં છાપાં ચાલે છે. લંડનની શેરીઓમાં ઘણા લોકો ભૂતની અસરવાળા મળે છે : ને બેચાર મહોલ્લે એક વિચ-ડૉક્ટર (ડાકણનો દાક્તર) તમને ખુશીથી સાંપડી રહે છે. મધ્યકાળમાં અમુક બાબતોમાં જેમ વિકૃતિ આવી એમ આ ભૂતની બાબતમાં પણ બન્યું છે. ઊંટ-ચિકિત્સકો એમાં પેસી ગયા છે; ને ગરજવાન(રોગી)ને તો અક્કલ હોતી નથી. ચાલી નીકળ્યાં ઢોંગ ને ઢસકોલાં ! સ્ત્રીને જેમ દાસી માની તેમ ભૂતને સર્વોપરી માન્યું : બાકી જેમ આધાશીશી, રાંઝણ, એકાંતરિયો તાવ, વા વગેરે દવાથી પણ મટે છે, ને મંત્રથી પણ મટે છે, તેમ ભૂતનું પણ એવું હતું. એ એક વૈજ્ઞાનિક પ્રક્રિયા હતી.'

'આયુર્વેદ વિષે ભૂતચિકિત્સા કેવી રીતની છે; ને તેના કેવા પ્રકારો છે વગેરે બાબતોમાં અમારે જાણવું છે.' મંડળીના મુખ્ય સભ્યે કહ્યું.

નિશાદેવીએ પોતાનો શ્યામ અંચળો ભડકેશ્વર પર પાથર્યો હતો. મુનીન્દ્ર બોલ્યા :

'આ શિવ પણ ભૂતેશ્વર ગણાય છે. ચાલો, ભૂતેશ્વરની હાજરીમાં હું તમને આયુર્વેદમાં આપેલી ભૂતચિકિત્સા વિષે કંઈક કહું.

યાદ રાખો કે આ સ્થળે પણ તમારું મન પામર થઈ જાય, ભય લાગે તેવા કોઈ દૃશ્યથી તમારું હૃદય ક્ષોભ પામે, તો શૂદ્ર ગ્રહો(ભૂતો)નાં છળ તમને પણ લાગુ પડી જાય. જ્ઞાન, વિજ્ઞાન, વાણી, ક્રિયા, બળ ને પુરુષાતન એટલી બાબતમાં હીન લોકોને ભૂત-છળ વિશેષ થાય છે. ઘણા માણસોને મેં ભૂતના ભાઈબંધ કે ભૂત જેનાં અનુચર હોય તેવા જોયા છે. આમાં મનકે જીતે જીત હૈ, મનકે હારે હાર.

'અસ્તુ. પ્રથમ હું આયુર્વેદ કે જેની મહત્તા ચિરનીરોગિતા ને અલ્પ હાનિકર્તા તરીકે સ્વીકારવામાં આવી છે, તેના વિષે કહીશ. આપણે ત્યાં ઉપનિષદ, બ્રહ્મસૂત્ર ને ભગવદ્‌ગીતા એ જેમ વેદની પ્રસ્થાનત્રયી ગણાય છે; એમ ચરકસંહિતા, સુશ્રુતસંહિતા ને વાગ્ભટનું અષ્ટાંગહૃદય એ ત્રણ આયુર્વેદની વૃદ્ધત્રયી લેખાય છે.

'આ પહેલાં પણ આત્રેયસંહિતા ને હારીતસંહિતા એ આયુર્વેદના ગ્રંથો ગણાતા. મહર્ષિ આત્રેય સતયુગમાં થયેલા માનવામાં આવે છે. આ આત્રેયસંહિતામાં પણ વૈદોને માટે ભૂતચિકિત્સા દર્શાવવામાં આવી છે.

'આયુર્વેદમાં મુખ્યત્વે આઠ પ્રકારની ચિકિત્સાઓ બતાવવામાં આવી છે : ૧. શલ્યચિકિત્સા, ૨. શાલાક્યચિકિત્સા, ૩. કાયચિકિત્સા, ૪. અગદચિકિત્સા, ૫. બાલચિકિત્સા, ૬. વિષતંત્ર, ૭. ભૂતચિકિત્સા ને ૮. રસાયણ તથા વાજીકરણ.

'ભૂત, ગાંડપણ, વાઈ, ચામડીના રોગ અને કેટલાક તાવ આ બધા એક વર્ગમાં લેખવામાં આવ્યા છે. તે બધા ઔષધથી, તંત્રથી, મંત્રથી ને યંત્રથી મટે છે. મંત્રોમાં પણ સિદ્ધમંત્ર અકસીર ગણાય છે.

'ગર્ભિણી સ્ત્રીને પ્રસૂતિ ન થતી હોય તો તેનું એક યંત્ર આયુર્વેદમાં બતાવવામાં આવ્યું છે. એની પૂજા કરી, ધોઈને તેનું પાણી ગર્ભવતી સ્ત્રીને પાવાથી જલદી પ્રસૂતિ થાય છે. જૂના વખતમાં નાડી ધોઈને પાણી પાવાથી સ્ત્રીને પ્રસૂતિ તરત થઈ જતી એ પણ આ યંત્રના પ્રભાવનો એક પ્રકાર છે.

'બાળક શ્રીકૃષ્ણને હણવા આવેલી પૂતના – એ બાળકને હણવા યોગ્ય વ્યાધિ લઈને ફરનારી આઠ પ્રકારની પૂતનાઓ આયુર્વેદે કહી છે : ને તેના ઉપચારો પણ કહ્યા છે. સામાન્ય સ્વરૂપમાં બાળકોને થતા આઠ પ્રકારના કષ્ટસાધ્ય રોગોની એ અધિદેવી લેખાતી; ને ઔષધ, મંત્ર, તંત્ર ને યંત્ર દ્વારા તેને દૂર કરવામાં આવતી.

'આયુર્વેદમાં ભૂતનું બીજું નામ ગ્રહ આપવામાં આવ્યું છે, જેને માટે આજે પણ સારા પ્રસંગે ગ્રહશાન્તિ યા ગ્રહપૂજા કરવાનો રિવાજ છે, તે તેનું સૂચક છે.

'આ ભૂતો ઘણાના મતે દસ પ્રકારનાં, કોઈના મતે અઢાર પ્રકારનાં ને કોઈના મતે એકવીસ પ્રકારનાં હોય છે. મુખ્યત્વે દેવ, દાનવ, નાગ, યક્ષ, રાક્ષસ (બ્રહ્મરાક્ષસ), પિશાચ, ઋષિ, પિતૃ ને ગંધર્વ આદિ ગણાય છે.

'એક મત એવો પણ છે કે પાંચ પ્રકારનાં પુરુષ-ભૂત અને સાત પ્રકારનાં સ્ત્રી-ભૂત શ્રી મહાદેવજીએ પેદા કર્યાં છે. મૂળ પોતાના પુત્ર કાર્તિકેયના રક્ષણ માટે એ સરજવામાં આવ્યાં હતાં.

'આ બધાં ભૂતો મુખ્યત્વે ત્રણ પ્રકારની વાસનાવાળાં હોય છે : એક હોમહવનભૂખ્યાં, બીજાં નારીકામનાવાળાં ને ત્રીજાં પૂજા-બલિનાં ચાહક. એક પછી એક ભૂતનો પ્રકાર ઊંચો છે. પહેલો પ્રકાર હિંસક ને ત્રીજો અહિંસક છે.

આ દેવ, દાનવ, નાગ, યક્ષ, પિતૃ વગેરે ભૂતો શૂન્ય ઘર, દેવસ્થાનની જગા, વૃક્ષોની ઘટા, યુદ્ધભૂમિ, સ્મશાન, ચાર માર્ગનો ચકલો, બે નદીના સંગમ અથવા ઉજ્જડ ગામ, નગર યા કોઈ ખંડેરમાં વસતાં હોય છે.

'આ વાસનાદેહવાળા જીવો પણ કાળને વશ રહે છે ને અમુક સમય સુધી જ તેઓનું પરિબળ કામ આપે છે.

'આયુર્વેદમાં આ ભૂતો માણસના સંસર્ગમાં ક્યારે આવે છે તે પણ બતાવ્યું છે. સંધ્યાકાળ એ સામાન્ય રોજિંદો સમય છે. બાકી તિથિઓમાં દેવ સુદ એકમ ને તેરશે, દાનવ વદ ૧૨ ને ૧૩, ગંધર્વ

સુદ ૧૪ તથા બારશ ને નાગપાંચમે, યક્ષ સુદ સાતમે ને અગિયારસે, રાક્ષસ-પિશાચ વદ નોમ, બારશ ને પર્વના દિવસે, પિતૃઓ દશમ અને અમાસે એમ ખાસ દિવસો હોય છે ને તેઓની પૂજા-બલિ પણ એ દિવસે થાય છે. છતાં જુદા જુદા દેશોમાં જુદા જુદા દિવસો પણ છે.

'કયું ભૂત વળગ્યું છે, એની ઓળખ માટેનાં સામાન્ય ચિહ્નો છે, અને ઉપચાર માટે સામાન્ય ઔષધ પણ છે.'

આટલું બોલીને મુનીન્દ્ર જરા થંભ્યા. કોઈ ચિંતનમાં સરી પડ્યા. પછી એમના બુલંદ સ્વરે ગાવા લાગ્યા :

'જય જય રુદ્રનાથાય !
ચલ ચલ પાશેન,
બદ્ધ બદ્ધ હુંકારેણ,
ત્રાસય ત્રાસય વજ્રદંડેન,
હત હત નિશિત ખડ્ગેન
છિન્ન છિન્ન શૂલાગ્રેણ
ભિન્ન ભિન્ન મુદ્ગરેણ,
ચૂર્ણય ચૂર્ણય સર્વગ્રહાણામ્
આવેશયાવેશય સ્વાહા'

દ્વારકાના નીલવર્ણા સાગરની વચ્ચે આવેલા ખડક પર બેસીને મુનીન્દ્ર સ્તુતિ કરી રહ્યા હતા. મોંમાં મંત્ર હતો, ને એ મંત્ર હતો ભૂતપિશાચના વળગાડનો, ઉન્માદ રોગનાં વાઈ-અપસ્મારનો !

સંધ્યાનું ટાણું, મંદિરનો ઘંટારવ, આરતીની ઝળહળ જ્યોત ને મીઠી મધુરી હવામાં ફૂંકાતો શંખ અને એ સાથે શંખસ્વર જેવા મંત્રસ્વર માનવીના દિલની દુવિધાને અને દુઃખદૈન્યને હરનારા લાગતા હતા.

મુનીન્દ્રે ફરી ફરી ઉપરનો સ્તુતિમંત્ર ભણ્યો, ને અદ્ભુત સ્વસ્થતા સાથે કહ્યું :

'આપણી અધૂરી વાત આગળ ચલાવીએ. સંસારમાં ભૂત વિષે, ગ્રહો વિષે અતિ કુતૂહલ છે. કેટલાક કહે છે કે અમે

નજરોનજર જોયેલાં છે; કેટલાંક કદી જોયાં ન હોવાનો એકરાર કરે છે. પણ તમે ને હું ભૂત છીએ. આ પાણી ભૂત છે, આ તેજ ભૂત છે, આ પૃથ્વી ભૂત છે. ભૂત કોણ નથી ? ને ભૂતનાથ ભગવાનને કોણ નમ્યું નથી ? પણ ટૂંકાણમાં એક વાત યાદ રાખો કે માણસમાં, માણસના વંશમાં, એના કુળમાં જ્યારે પ્રજ્ઞાપરાધ થાય છે, ત્યારે જ આ ગ્રહપીડા પેદા થાય છે.

'આસમાની કચેરીનો કાયદો છે. દેવ, પિતૃ ને ગુરુના ઘાતકો, પારકાની થાપણ પચાવી પાડનારા, કોઈના માથે ઘાતક આળ મૂકનારા, કોઈને ભૂખ્યા રાખી પેટ ભરનારા, કોઈને બેહાલ બનાવી પોતાની હાલત સુધારનારા, મેલી વિદ્યાના પ્રયોગો કરનારા, ધર્મમંત્રોને સ્વાર્થ કાજે વાપરનારા, મન, ચિત્ત ને બુદ્ધિનો દુરુપયોગ કરનારા, દુષ્ટ ચારિત્ર્યવાળાને ભૂતપીડા થાય છે. મનની, તનની ને આસપાસની ગંદકી હલકા દેવોને આમંત્રણ આપે છે. માણસનો પ્રજ્ઞાપરાધ એ જેમ રોગનું કારણ છે, એમ જ વળગાડ કે ઉન્માદનું પણ કારણ છે.'

'શું દેવો પૃથ્વી પર આવતા હશે ?' મિસ, ભટ્ટે પૂછ્યું.

'હા.' મુનીન્દ્ર એટલું બોલ્યા. એ આવેશમાં હતા, મુખેથી મંત્ર રટતા હતા.

'ભૂતો એ પણ દેવો છે ?' વળી પ્રશ્ન કર્યો.

'જરૂર. માણસોમાં ઉચ્ચનીચ પ્રકાર છે. જેમ બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય ને શૂદ્ર છે, એમ દેવોમાં પણ છે. સર્વથી ઉચ્ચ પ્રકારના દેવો તો દુનિયા પર નજર નાખતા જ નથી. મધ્યમ વર્ગના દેવો દુનિયા પર કૃપા કરવાના રસિયા હોય છે. પણ દુનિયાની ગંદકીથી અતિ ત્રાસ પામતા હોય છે. કેસર, ચંદન, સુગંધી ધૂપ, ગુલાબજળ ને અત્તર તથા દીપથી ઉજ્જવળ સ્થળોમાં કાં સ્નેહથી પ્રેરાઈને અથવા સ્તુતિથી ખેંચાઈને એ આવે છે. કનિષ્ઠ કોટિના દેવોનું તો કંઈ ઠેકાણું હોતું નથી. ગંદકી એમને વધુ રુચે છે. મલિન સત્ત્વો પર સામ્રાજ્ય જમાવવાના એ શોખીન હોય છે. માંસ, મદ્ય, સ્ત્રી-કુમારિકા એમનાં સાધન છે. નબળાને, રોગીને, દોષીને, દુર્ગુણીને એ વધુ સતાવતા

હોય છે, વેરભાવે પજવતા હોય છે, પણ પાછા સબળ પાસે નમતા-ભજતા ચાલે છે.'

'માણસોના શરીરમાં પ્રવેશ કરે ત્યારે દેખાય ખરા ? અથવા પછી પણ કોઈ વાર દેખાય ખરા ?' મંડળીનાં સુમતિબહેને પ્રશ્ન કર્યો.

'દેવોનાં શરીર તેજસ્ ને કાર્મણ હોય છે. પ્રકાશ દેખાય — આકાર નહિ. આકાર બતાવે એ તો કોઈનો લીધો હોય તો જ. વળી પ્રવેશ કરતી વખતે એ કદી દેખાતા નથી. જેમ દર્પણ અથવા જળ કે તેલ આદિ દ્રવ પદાર્થોમાં માણસની છાયા દેખાય છે, પણ એણે ક્યારે પ્રવેશ કર્યો, એ દેખાતું નથી; ગરમી તથા શીતળતા માણસના શરીરમાં પ્રવેશ કરે છે, પણ કઈ રીતે પેસે છે, તે કળાતું નથી; અને જેમ જીવ શરીરમાં પ્રવેશ કરે છે, પણ દેખાતો નથી; તેમ દેવ આદિનું સમજવું. કેટલીક વસ્તુ આંખથી ન પકડાય, એટલે તે નથી એમ માની શકાય નહિ. તેને જાણવા માટે બીજાં અનેક સાધનો, અનુમાનો અને ઇન્દ્રિયો હોય છે.'

'માણસને ઉન્માદ થયો હોય, એમાં દસ કે એકવીસ ગ્રહોમાંથી કોણ વળગ્યું છે, એ કેવી રીતે પિછાણવું ?' શ્રી જેઠીસિંગ ડ્રાઈવરે પ્રશ્ન કર્યો.

'આયુર્વેદની દૃષ્ટિએ જ આ બધી બાબતો ચર્ચી છે. એટલે વાગ્ભટ-પ્રણીત અષ્ટાંગહૃદય, હારીતમુનિરચિત હારીતસંહિતા અને ભાવમિશ્રરચિત ભાવપ્રકાશના આધારે તમને કહીશ. ધર્મની રીતે પણ આ દેવોની જુદી જુદી વ્યવસ્થા છે : ને બ્રાહ્મણ, જૈન ને બૌદ્ધ ધર્મોમાં વળી ભિન્ન ભિન્ન વર્ણનો છે. સહુથી વિશેષ ચીનના લોકોને ભૂતડાંની ભાઈબંધી છે. એક મત એવો છે કે વર્તમાન મંત્ર, તંત્ર ને યંત્રોનો મોટો પ્રવાહ ચીનમાંથી આવેલો છે. અસ્તુ. એની વળી સમયે વાત.'

મુનીન્દ્ર આકાશપટલ તરફ થોડી વાર જોઈ રહ્યા. ગગનમાં તારલિયા ચમકતા હતા. ગ્રહનક્ષત્રની એ દુનિયા સામે થોડી વાર જોયા પછી મુનીન્દ્રે એકાએક કહ્યું :

'પન્ના, એક ગીત ગા !'

પન્નાએ રાત્રિની નીરવ શાંતિને રણઝણાવતું મધુર ગીત ઉપાડ્યું. મુનીન્દ્રના મનસ્વી સ્વભાવથી મંડળી પરિચિત હતી.

ભજન ચાલુ હતું ને મુનીન્દ્રે કહ્યું :

'પન્ના ! દેવ ભાગ્યે જ કોઈને સ્પર્શે છે : પણ જેને એ સ્પર્શે છે એને ઊંઘ ઓછી આવે છે. ધોળાં ફૂલ, ધોળાં વસ્ત્ર ને ધોળા રંગો એને ગમે છે. એનું મુખ કમળ જેવું ને આંખો તારા જેવી ચમકે છે. એને ખાવાપીવાની ઇચ્છા થતી નથી. તે દેવો વિષે વાતો કરે છે, ને દેવોની પૂજા કર્યા કરે છે. થોડું બોલે છે. ઊંચાં મકાન, સુંદર નદી, ઊંચો પર્વત એને રુચે છે. એ સંસ્કારી ને વિધવિધ ભાષા બોલે છે. આવા માણસને દેવનો વળગાડ છે, એમ સમજવું.'

'દાનવ કેવો હોતો હશે ?' છેલભાઈ પારેખે પ્રશ્ન કર્યો.

'જેને દાનવનો સ્પર્શ થયો હોય એ મદ્યમાંસમાં અભિરુચિ ધરાવે છે. દેવ, ગુરુ ને ધર્મની નિંદા કરે. ત્રાંસું જુએ. ખુમારી દાખવે. હું પોતે ભગવાન છું, એમ કહે. નાની નાની વાતોમાં ખૂબ ચિડાઈ જાય. ખૂબ બળ બતાવે. સ્વભાવ ચીડિયો થઈ જાય.

'અને ગંધર્વનાં લક્ષણ.' મુનીન્દ્ર હવે ટૂંકાણમાં પતાવવા લાગ્યા. 'ગાવું, નાચવું, આનંદ કરવો. એને રાતો રંગ ગમે. રાતાં ફૂલ, રાતાં વસ્ત્ર રુચે. સંસ્કારી ભાષા બોલે. જાતજાતના શૃંગાર કરે ને વિધવિધ લીલા આચરે.

'અને નાગના વળગાડમાં માણસ અસ્થિર થઈ જાય, વાંકો ચાલે, થોડી થોડી વારે ફૂંફાડા નાખે. મોંના ખૂણા ચાટે. દૂધગોળ ખાવાં રુચે. નાહવું ગમે. ઊંધો સૂઈ રહે ને છત્રીથી ભડકે.

'અને યક્ષના વળગાડમાં માણસની આંખો ત્રસ્ત, પાણીછલ્લી ને રાતી હોય. નાચ, ગાન, સ્નાન, હાર અને લેપ ખૂબ ગમે. માછલામાં રુચિ રાખે. થોડો રોષ રાખે, થોડું ઉતાવળું ચાલે, ને વરદાન દેવાની ઇચ્છા રાખે.

'અને બ્રહ્મરાક્ષસ પોતાના સ્પર્શ માટે શાસ્ત્રોના જાણકાર અથવા વેદનો પાઠ કરનારને પકડે છે. એ ભયંકર ચાળા-ચટકા કરે છે. લાકડાથી કે હથિયારથી પોતાના શરીરને મારે છે. 'ઓ !' 'એ !' અવાજ

કરે છે. ઉતાવળો ચાલે છે. ફડાકા બોલાવે છે.

'અને રાક્ષસના વળગાડનાં ચિહ્નોમાં મુખ્યત્વે માણસ ખાતીપીતી વખતે હસે છે. એની આંખો કોપવાળી, ભમર ખેંચાયેલી, મોં બિહામણું હોય છે. તે રાતે ફરવાનું પસંદ કરે છે. નફ્ટ, અસ્વચ્છ, શૂર, ક્રૂર, કઠોર, રાતી માળા, સ્ત્રી, દારૂ, લોહીને પસંદ કરનાર એ હોય છે.'

'— અને પિશાચના વળગાડવાળાનું ખાસ લક્ષણ એ ચીંથરાં વીંટે છે, ઉકરડે બેસે છે, ખૂબ ખાય છે. ઘડીમાં રીતનું તો ઘડીમાં કરીતનું બોલે છે.

'— અને પ્રેતના વળગાડમાં માણસ પ્રેત જેવો થઈને પડ્યો રહે છે. ખાતોપીતો નથી. શરીરમાંથી બૂરી વાસ આવે છે.'

રાત ઘેરાતી હતી. મંડળીનો સ્ત્રીવર્ગ થોડો ભયભીત દેખાતો હતો. માનસશાસ્ત્રી શ્રી મુનીન્દ્રે વાતને ટૂંકી કરતાં કહ્યું :

'અને આવાં લક્ષણો અન્ય વળગાડનાં પણ જાણવાં.'


ને વાતાવરણમાં મોજાં પેદા કરે એવા સ્વરે એ બોલ્યા :

'જય જય રુદ્રનાથાય,
ચલ ચલ પાશેન,
બદ્ધ બદ્ધ હુંકારેણ,
ત્રાસય ત્રાસય વજદંડેન,
ભિન્ન ભિન્ન મુદ્ગરેણ.'

આ શબ્દોમાં નિર્ભયતા હતી, અજેય તત્ત્વ હતું. સહુ કોઈ નીડરતા અનુભવી રહ્યાં. નાની રાજુની તારલિયા જેવી આંખોમાં પણ અજેય તેજ ચમકતું હતું. અંધારી રાતે એ એકલી ગમે ત્યાં પ્રવાસ ખેડવા જાણે તત્પર હતી.

સહુનાં હૈયાં લોહહૈયાં બન્યાં હતાં — મંત્રસ્વરોના પ્રતાપે !

□



૧૫. છાયા-આકૃતિ સરલા

મિલન-ચોતરા પર વાયુ વીંજણો ઢોળતો હતો. શ્રી મુનીન્દ્ર આણિ મંડળીએ ત્યાં ધામો નાખ્યો અને મુનીન્દ્રે સારી જગાએ બેઠક લેતાં કહ્યું : "કહે ભાઈ નંદ, કોઈ નવો અનુભવ તારી પાસે છે ?"

"આ અનુભવ મેં તો નથી કર્યો. પણ મારા એક મિત્રે મને કહેલી સત્યઘટના છે." નંદે કહ્યું.

"કહે ભાઈ. એ સત્યઘટનામાં પણ અચૂક કોઈ તથ્ય હશે જ."

વાત શરૂ થઈ : પાંચેક વર્ષ પહેલાં એક મિત્રે કહેલી આ વાત છે. તેઓ પાંચસાત વર્ષ પહેલાં એક ગામમાં રહેતા હતા. તેઓ

ઉપરના માળે રહેતા અને નીચે એક કુટુંબ રહેતું.

આ કુટુંબના એક જુવાનનાં વરસદિવસ પહેલાં જ લગ્ન થયાં હતાં. કન્યા પણ સુંદર અને લાવણ્યમયી મળી હતી. કુટુંબ સુખી અને પૈસાદાર હતું.

અચાનક એક દિવસ કરુણ ઘટના બની ગઈ. રસોઈ કરતાં એ નવોઢાની સાડીનો છેડો આગની જ્વાળામાં આવી ગયો અને જોતજોતામાં એના આખા શરીરે આગે ભરડો લઈ લીધો.

'અરે, બચાવો ! બચાવો ! સરલા સળગી ગઈ !' થોડી વારમાં બુમરાણ મચી ગયું. આજુબાજુનાં પાડોશીઓ એકઠાં થઈ ગયાં અને આગ કાબૂમાં લીધી. પણ સાથે સરલા પણ એ ઓલવાયેલી આગ સાથે ઓલવાઈ ગઈ. એ મૃત્યુ પામી.

સરલાના મૃત્યુ પછી પંદરવીસ દિવસ તો કશું ન થયું. પણ એક દિવસ અંધારી રાતે મારા મિત્રની પુત્રી કુદરતી હાજતે જવા નીચે ગઈ ત્યારે તેણે આ બાઈને નીચે ઊભેલી જોઈ. . . આ એ જ વ્યક્તિ હતી જે સળગી જવાથી મૃત્યુ પામી હતી.

તેણે આ છોકરીને નામથી જ બોલાવી. કહ્યું : "કેમ છે જયા ? મને ઓળખી ? હું સરલા. મજામાં છે ને ?"

જયા તો સરલા મૃત્યુ પામી છે એ જાણતી જ હતી, એટલે તે ભયભીત થઈ ગઈ અને દોડતી એકદમ ઉપરના ઘેર આવી ગઈ ! અને તેણે તેની બાને ઉઠાડી બીતાં બીતાં વાત કરી.

જયાની બાએ પહેલાં તો આ વાતને હસી કાઢી અને માન્યું કે છોકરી બી ગઈ છે એટલે કહ્યું : "એવું કંઈ હોય ખરું ! મૃત્યુ પામેલાં માણસો કંઈ પાછાં આવતાં હશે ? તને કાંઈક ભ્રમ થયો હશે. ચાલ. સૂઈ જા." એમ કહી જયાના મનમાંથી બીક દૂર કરી.

ત્યાર પછી પંદરેક દિવસ બાદ એક રાત્રે મારા આ મિત્રનાં પત્ની નીચેવાળા પાડોશી સાથે રાતના સમયે બેઠાં હતાં. મૃત્યુ પામેલી સરલાનાં સાસુ સિવાયનાં બધાં બહારગામ ગયાં હતાં. રાતના દસેક વાગ્યા હશે એટલે મારા મિત્રનાં પત્ની ઘરે જવા માટે ઊઠ્યાં અને નીચે રહેતાં બહેને બારણું બંધ કર્યું. તેઓ સૂવાની તૈયારી કરવા લાગ્યાં ત્યાં . . .

ત્યાં કોઈકે બારણું ખખડાવ્યું. તેમણે જઈને બારણું ખોલતાં કહ્યું : "કોણ ?" પણ કોઈ જ ન હતું ! ખાલી ભ્રમ થયો હશે એમ માની તેમણે બારણું બંધ કર્યું અને પથારીમાં આવી સૂતાં. ત્યાં તો ઘરમાં બાંધેલો હિંડોળો ચાલવા લાગ્યો ! આશ્ચર્યભરી નજરે અને થડકાટથી તેઓ ચાલતો હિંડોળો જોઈ રહ્યાં !

થોડીક ક્ષણો પસાર થઈ હશે ત્યાં એ હિંડોળો જોરથી ચાલવા લાગ્યો અને પળવારમાં જ હિંડોળા પર એ મૃત્યુ પામેલી સરલાની આછી આકૃતિ – છાયા દેખાઈ !

સરલાની છાયા-આકૃતિ જોઈ એનાં સાસુ ગભરાઈ ગયાં. થડકતા હૃદયે એ બોલ્યાં, : "ક . . . ક . . . કોણ છો . . . તું . . . તું ?"

"મારાથી ડરશો નહિ હો, બા . . . એ તો હું સરલા છું; તમારી વહુ !"

સરલાનાં સાસુ એકદમ ગભરાઈ ગયાં હતાં. તેમણે બીતાં બીતાં કહ્યું : "અહીં કેમ આવી છે ?"

"તો ક્યાં જાઉં, બા . . . ? આ ઘર મારું પણ છે ને ! તમે અને તમારો દીકરો જ મને અહીં લઈ આવ્યાં છો ને ? મારાથી ડરશો નહિ હોં . . . બા ! મને જાકારો ન આપશો. તમને કોઈને હેરાન નહિ કરું . . . મને અહીં સિવાય ક્યાંય ગમતું નથી. બા . . . !"

અને એટલું બોલતાં બોલતાં એ છાયા-આકૃતિ ડૂસકાં ભરવા લાગી.

"પણ . . . પણ . . . અહીં . . . તું . . . તું ?" સરલાનાં સાસુ નિઃસહાય બની ગભરાઈ ઊઠ્યાં હતાં.

"હા . . . બા . . . અહીં, આ ઘરમાં મને શાંતિ મળે છે. આ એક જ એવી જગા છે કે જ્યાં મને સુખ મળે છે ! મૃત્યુ પામી ત્યારે મારો જીવ ક્યાં હતો ! કહું ? આ ઘરમાં . . . સુખી જિંદગીનાં સ્વપ્નાંમાં હું મહાલતી હતી ત્યારે મારી સાડીનો પાલવ સગડીની જ્વાળામાં સપડાઈ ગયો અને હું . . ."

સરલા ચૂપ થઈ. સાસુ પણ ચૂપ રહ્યાં. રાત વીતી ગઈ.

સરલાનો જીવ અવગતે ગયાની જાણ આખા લત્તામાં અને લત્તામાંથી ગામમાં ફેલાઈ ગઈ. પણ અવગતે ગયેલી સરલાએ કોઈને હેરાન કર્યા હોવાનું કોઈએ જાણ્યું નહોતું. આવી રીતે સરલા દરરોજ એના નિયત સમયે ઘરમાં આવવા લાગી.

સરલાના અવગતિયા જીવથી કોઈ પરેશાન થઈ ગયાં હોય તો તેનાં સાસુ . . . એનાં સાસુને આવી રીતે એક પ્રેતાત્મા સાથે વાતો કરવી અને એની સાથે રહેવું ન ગમતાં તે મુંબઈ ગયાં.

મોટો દીકરો અને વિધુર થયેલો પુત્ર મુંબઈમાં ધંધો કરતા હતા.

બે-ચાર માસ વીત્યા હશે. ગામડાના અવાવરુ રહેલા છતાં ભર્યા ઘરમાં અવગતે ગયેલી સરલા એના દરરોજના સમયે આવીને હિંડોળે હીંચતી. ક્યારેક એની વસ્તુઓને જોતી. ખખડાટભભડાટ થતો ત્યારે આજુબાજુના પાડોશીઓને સરલાની હાજરીની જાણ થતી. પરંતુ તેઓ હવે ખખડાટભભડાટથી ટેવાઈ ગયા હતા.

એક દિવસ વિચિત્ર ઘટના બની ગઈ. આ ઘરમાં ચોરી થઈ ! ચોરી પણ કેવી ? પાંચથી છ હજાર રૂપિયાની વસ્તુઓની ચોરી થયેલી. ચોર લોકોએ પેટીપટારા ખોલ્યા ત્યારે ખખડાટભભડાટ થયેલ તે પાડોશીઓએ સાંભળ્યો હતો. પણ તેમણે એમ માન્યું કે સરલા આવી હશે. એટલે કોઈએ દરકાર ન કરી. ભૂતિયા ઘર તરફ કોણ નજર કરે !

ચોરી થઈ. પાડોશીઓ કાગળ લખીને જણાવે તે પહેલાં ચોરી થયાની રાતે કદી ન દેખાયેલી સરલા મુંબઈમાં દેખાઈ અને સાસુને બધી વાત કરી.

સરલાનાં સાસુએ વાત માની નહિ અને હાસ્યાસ્પદ ગણી તેને આ ઘેર ન આવવાનું કહી દીધું.

સરલાએ કહ્યું કે બા, મારી વાત હસવા જેવી નથી ! તમને મારા કથન પર ઇતબાર ન હોય તો તમે તાર કરી પુછાવો.

અને સરલાનાં સાસુએ પુત્ર પાસે પોતાને ગામ પત્ર લખાવ્યો. ત્રીજેચોથે દિવસે પત્રનો જવાબ આવી ગયો. વાત સાચી હતી. અને તેણે પોલીસમાં ફરિયાદ પણ કરી.

આ દિવસે સરલા ફરી ઉપસ્થિત થઈ અને કહ્યું કે આ ચોરી કરનાર અમુક માણસો છે. તેણે તેમનાં નામ કહ્યાં.

સરલાનો વિધુર પતિ અને સાસુ પોતાને ગામ આવ્યાં અને બધી વાત જાણી પોલીસ સ્ટેશનમાં સરલાના કહ્યા મુજબ ચોરી કરનાર માણસોનાં નામ આપ્યાં.

પોલીસે તપાસ શરૂ કરી અને ચોરી કરનાર માણસોને રીમાન્ડ પર લેતાં તેમણે ચોરી કર્યાની કબૂલાત કરી.


આમ એક મૃત્યુ પામેલી સ્ત્રીએ પોતાના ઘરમાં થયેલ ચોરીની જાણ કરી અને જેણે ચોરી કરી હતી તે માણસોનાં નામ પણ આપ્યાં.

નંદે પોતાની વાત પૂરી કરી.

"પણ ચોરી થઈ હતી ત્યારે એ સ્ત્રી ક્યાં ગઈ હતી?" મંડળીના એક મિત્રે અધીરાઈથી પ્રશ્ન કર્યો !

"અવગતે ગયેલા જીવોનું પણ એક કુટુંબ હોય છે ! તેઓ એ કુટુંબ સાથે જ રહેતા હોય છે અને પોતાના સમયે જ તે પોતાની ઇચ્છિત વસ્તુઓની મુલાકાત લેતા હોય છે. " મુનીન્દ્રે કહ્યું. "સંભવ છે કે જ્યારે ચોરી થઈ હશે ત્યારે સરલાનો જીવ એ અવગતિયાં કુટુંબોની સાથે હશે."

□



૧૬. ભૂતોની ભૂમિ - ભાણ વેકરો

"સહુને સહુની ભૂમિ ખપે છે."

મુનીન્દ્ર હમણાં દ્વારકા-પોરબંદરનો પ્રવાસ કરીને પાછા ફર્યા હતા. તેઓએ પોતાનું નિયમિત વક્તવ્ય શરૂ કર્યું.

"માણસને પોતાની ધરતી છે. પશુઓને પોતાની પૃથ્વી છે. દેવોને પણ પોતાનું વાસસ્થાન છે. ભૂતોને પણ પોતાની ભૂમિ હોય છે. સપાટ ભૂમિમાં માણસો વસે છે. હરિયાળા ચરાગાહોમાં પશુઓ રહે છે. પહાડનાં શિખરો દેવોનાં વાસસ્થાન છે અને ભયંકર અરણ્યો ને ખૂંખાર નિર્જન રેતીલાં મેદાનો ભૂતોને ભાવે છે."

મુનીન્દ્રે પોતાની ડાયરીમાંથી પતાકડું કાઢીને હવામાં ફંગોળવા માંડ્યું ને આગળ બોલ્યા :

"ધરતીને આપણે નિર્જીવ માનીએ છીએ; પણ તે ખોટું છે. ધરતી સજીવ છે. એ રડે છે. એ હસે છે. એ ઉદાસીન પણ રહે છે. રડતી ધરતી પોતાની છાતી પર વસનારાંને યેન કેન પ્રકારેણ રડાવે છે, હસતી ધરતી હસાવે છે; ને ઉદાસીન ધરતી ન રડાવે છે ન હસાવે છે."

મુનીન્દ્રે આજુબાજુ જોયું ને આગળ ચલાવ્યું :

"હરેક ધરતીનો, પ્રત્યેક ક્ષેત્રનો ક્ષેત્રપાલ હોય છે. માણસ મકાન બાંધે ત્યારે એ ક્ષેત્રપુરુષની પહેલી પૂજા કરે છે. વાસ્તુપુરુષ પણ એક એવો પ્રકાર છે. આ તો પ્રાસંગિક વાત છે. પણ હમણાં હું દ્વારકા-પોરબંદર તરફ ફરી આવ્યો. ત્યાં ભાણ વેકરાની મુલાકાત લઈ આવ્યો."

"ભાણ વેકરો શું છે ?"

"આઠ માઈલની ધરતીનો એક પટ છે. પોરબંદરની પાસે છે. હમણાં આ પ્રદેશને વીંધીને નૅશનલ હાઈવે પસાર થાય છે. અહીં કેટલાયનાં અકાળ મૃત્યુ થયાં છે. અહીં ઘણા કમોતે મર્યા છે. કોઈનાં ખૂન થયાં છે, ને એમના દેહોને અવલમંજલે પહોંચાડાયા નથી. આજે તો અહીંથી રસ્તા નીકળ્યા છે. ગંજાવર બસો દોડે છે. છતાં અવારનવાર અગમ્ય અનુભવો થઈ જાય છે."

ને મુનીન્દ્રે એક પત્રનું પાનું ધરીને કહ્યું, : "આ એક માસિકનું પાનું છે. એમાં પેન્ટર દેવકુમાર મોઢાનો એક અનુભવ છે. એ ભાઈ પોરબંદરના છે. તે પોતાનો નિજી અનુભવ ટાંકે છે :

"હું પહેલાં પરલોકમાં માનતો નહિ. પણ મારે હવે માનવું પડ્યું છે. મારો અનુભવ આ પ્રમાણે છે :

"પોરબંદર પાસે ભાણ વેકરાનો આઠ માઈલનો પ્રદેશ પ્રેતાત્માઓનું ધામ, ભૂતોની ભૂમિ કહેવાય છે.

"એ વખતે હું રાજકોટ-પોરબંદર નૅશનલ હાઈવે પર આવેલા માર્ગસૂચક પથ્થરો પર ગામનાં નામ લખવાનું કામ કરતો હતો. પી.ડબલ્યુ.ડી.નાં ગામનાં નામો પણ મારે ચીતરવાનાં હતાં.

"એ દિવસ ગરમીનો હતો. જેઠ માસ ચાલતો હતો. વદ પક્ષ હતો. મેં સાઈકલ લીધી ને સવારના સાતે નીકળી પડ્યો.

"કામ પતાવતો પતાવતો બપોરના ત્રણ વાગ્યે 'ભાણ વેકરા' પાસે આવી પહોંચ્યો. સાંજે સાત વાગ્યે હું રાણાવાવ પહોંચ્યો. ત્યાં રાત ગાળી કંડોરણા આવ્યો.

"કામ ઘણું હતું. કુતિયાણાથી હું ઊપડ્યો. રોથડા, બિલડી, વળાવડા વગેરે થઈ પાછો કુતિયાણા આવી પહોંચ્યો.

"રાતના અગિયાર વાગ્યા હતા. રખડપટ્ટીનો થાક ગજબ હતો. હું થાકીને લોથપોથ થઈ ગયો હતો. પણ નિશ્ચય હતો કે ગમે ત્યારે પણ પોરબંદર પહોંચી જવું.

"મેં સાઈકલ મારી મૂકી. પવન સામો ફૂંકાતો હતો. થાકેલા શરીરનું સર્વ બળ એકત્ર કરી હું મજલ કાપતો હતો. માંડ પાંચ માઈલ એક કલાકે કાપી રાણાવાવ પહોંચ્યો.

"ઘડિયાળ સાડા બારનો સમો બતાવતી હતી, ને પોરબંદરની મજલ હજી દોઢ કોસ બાકી હતી. છતાં હિંમતભેર મેં માર્ગ કાપવા માંડ્યો.

"આ વખતે રસ્તાથી પંદર ફૂટને અંતરે નેશનલ હાઈવેની કાચી સડક પર એક સ્ત્રીને જોઈ. પછાત વર્ગની હોય તેવી લાગતી હતી. એની પાસે ટોપલો હતો. મારા મનમાં શંકા ઊગી કે મધરાતે આ કોણ હશે ? બકાલું વેચનારી હશે કે ફળફૂલ લઈ જનારી હશે ?

"પણ મારું મુખ્ય ધ્યેય સાઈકલને સડસડાટ જવા દેવાનું અને મારી અધૂરી મજલ પૂરી કરવાનું હતું. છતાં આશ્ચર્ય વચ્ચે મને દેખાયું કે એ મારી સાથે સાથે ચાલતી હતી. સાઈકલના જેટલી એની ગતિ હતી. મારા મનમાં શંકા જન્મી : ચુડેલ તો ન હોય ! ઈષ્ટદેવનું સ્મરણ શરૂ કર્યું.

"શરીરે પરસેવો વળવા લાગ્યો. પાછલી રાતનો ચંદ્ર આકાશમાં આવ્યો હતો. મારી નજરે એક દરગાહ આવી. મેં એક વાર દરગાહ સામે જોયું, બીજી વાર પેલી સ્ત્રી તરફ જોયું તો એ ગાયબ થઈ ગઈ હતી.

"મેં નિરાંતનો દમ લીધો. થોડી આસાએશ લેવા દરગાહની પાસે એક પથ્થર પર જઈને બેઠો. ખીસામાંથી સિગારેટ કાઢીને જલાવી દમ મારતો વિચારવા લાગ્યો કે કેવી સરસ સિગારેટ છે. થાકેલા મારા દિલમાં કૌવત ભરાતું લાગ્યું.

"થોડી વારે પાછળથી ઘેરો ગંભીર અવાજ આવ્યો. એ અવાજ કહેતો હતો, 'બચ્ચા, અગર મુઝે સિગારેટ દે સકતા હો તો મૈં ભી લિજ્જત લેના ચાહતા હૂં.'

"આ શું વળી ! ઊલમાંથી ચૂલમાં ! મેં પાછા વળીને જોયું. ચાંદની રાતમાં ધોળા બાસ્તા જેવાં કપડાં પહેરીને એક વૃદ્ધ ડોસો ખડો હતો. ધોળી ધોળી એની દાઢી હતી. એણે પોતાની લાંબી દાઢી પર હાથ પસવારતાં કહ્યું, 'ડરના નહીં, બચ્ચે. મૈં યહીં રહતા હૂં.'

"મૂંઝવણમાં ને અચરજમાં મેં સિગારેટ કાઢીને ધરી. એ બુઝુર્ગ આદમીએ કહ્યું, 'તૂ હી જલા દે બેટા !' હું સંચાની પૂતળીની જેમ એ કહે તેમ કરવા લાગ્યો. સિગારેટ જલાવી દીધી. મોટેથી દમ મારતાં એણે કહ્યું, 'યહ રાસ્તા વક્ત બેવક્ત અચ્છા નહીં. રાતકો તો યહાંસે ગુજરના હી નહીં. યહ જગહ ખતરનાક હૈ. તૂ ગાયત્રી મંત્રવાલા હૈ, નહીં તો વહ ચુડેલ . . .'


"અને એ વાક્ય પૂરું સાંભળી શક્યો નહિ. મારા દેહમાંથી ભયની કંપારી છૂટી. પેલા બુઝુર્ગે કહ્યું, 'ચલ, મૈં તુઝે હવાઈ અડ્ડે તક પહુંચા દૂં.'

"હું ઊભો થયો. સઘળી હિંમત એકઠી કરી સાઈકલ પર ચડી ગયો. જોરથી પેડલ મારવા લાગ્યો. પેલો લાંબો પહોળો બુઝુર્ગ આદમી મારી સાઈકલની ઝડપે કદમ ભરતો હતો. મારા મનમાં શૂન્યતા વ્યાપી હતી. હવાઈ મથક દેખાયું એટલે પેલા બુઝુર્ગે કહ્યું :

'બચ્ચા ! એક ઔર સિગારેટ પિલા દે. અબ વક્ત હો ગયા. મુઝે જાના ચાહિયે. ડરના નહીં, બચ્ચે ! સલામ આલેકુમ !' ને એ અવાજ સાથે આકૃતિ પણ અદૃશ્ય થઈ ગઈ. વહેલા જાગનારા કૂકડાની બાંગ સંભળાતી હતી. સાડા ત્રણ કે ચારનો ગજર ભાંગતો હતો.

"ઘેર આવીને ખાટલામાં પડ્યો. ભય, શ્રમ અને આશ્ચર્યે મને ત્રણ દિવસ પથારીવશ રાખ્યો. સાજો થયો ત્યારે મને થયું કે ચુડેલના પંજામાંથી પેલી દરગાહના ઓલિયાએ મને બચાવ્યો. ભાણ વેકરાના આ પ્રદેશમાંથી પછી અસુરા ટાણે નહિ જવાનો મેં નિશ્ચય કર્યો. નક્કી એ પ્રેતાત્માઓની ભૂમિ છે."

□



૧૭. પ્રેતાત્મા સાથે ધીંગાણું

મર્દોના અનુભવોને કંઈક મહત્ત્વ હોય છે. ઘણા એવા માણસોને જોયા છે, જેઓ વાટે અને ઘાટે રોતા ફરે છે, ચરીતર જોતા રહે છે. અંધારામાં બિલાડી જાય તો બ્રહ્મરાક્ષસની અને અભરાઈ પરથી ઉંદર વાસણ પાડે તો કોઈ ડાકણ-શાકણની કલ્પના કરીને થરથર ધ્રૂજે છે. એવી બીકણ-બિલાડીઓ માટે મંછા ભૂત અને શંકા ડાકણ હોય છે. એવાને કંઈ પણ નહિ જાણનારા ભૂવાઓ ધૂતે છે. ધુતારાઓ એમને તાવીજ બાંધે છે, ને ત્રાટક જાણનારા એમને સદાના ગુલામ સરજે છે. તેઓ પૈસેટકે ખુવાર થાય છે ને ફનાને પંથે ચડી જાય છે.

પણ માત્ર વા વાવાથી ડરનારા માણસોને લીધે મર્દ માણસોના અનુભવોને ઠોકરે મારવા એ બિલકુલ વાજબી નથી. જેઓ પહેલાં ભૂતપ્રેતમાં નહોતા માનતા, એક વાર ભૂત સામે ભેટી જાય તો કુસ્તી કરી લે, એવા માણસો સચ્ચાઈપૂર્વક કોઈ વાત રજૂ કરે ત્યારે એનો ઈન્કાર થઈ શકતો નથી.

આવી એક વાત કરનાર મારી જાણીતી વ્યક્તિ છે. એક વાર રાતના બારથી એક વાગ્યે રામલીલા જોઈ અમદાવાદના કાંકરિયા તળાવ પાછળથી તેઓ આવતા હતા. ચાંદની રાત હતી.

કબ્રસ્તાનને ઘસાઈને રસ્તો જતો હતો.

નીરવ એકાંત હતું.

મનમાં કોઈ ડર નહોતો. ડરવાળો માણસ આ સમયે અને આ મારગે નીકળે પણ નહિ.

એ ભાઈ કબ્રસ્તાન પાસેથી પસાર થયા, ત્યારે ત્રણ સફેદપોશ વ્યક્તિઓ એક કબર પાસે બેસી વાતચીત કરી રહેલી નજરે પડી.

એનો પણ આ ભાઈને ડર નહોતો, પણ ન જાણે કેમ ત્યાંથી ચાલતાં એકાએક પગ ભારે થઈ ગયા.

શરીરને જોર કરીને આગળ ખેંચે પણ જાણે પગ પાછા વળી જવા માગે !

એ ભાઈને આ અનુભવ નવો હતો. ધીરે ધીરે શરીર પર કોઈ કબજો જમાવવા ઈચ્છતું હોય તેવો અનુભવ થવા લાગ્યો પણ કોઈ પણ વાતને ગણકાર્યા વગર તેઓ ઘેર આવ્યા.

આ અદૃશ્ય સામનામાં તેઓ એટલા થાક્યા હતા કે પથારીમાં પડતાં જ ઊંઘી ગયા, ને ઊઠ્યા ત્યારે શરીર તાવથી ધગધગતું હતું. આ તાવ કોઈ પણ દવાથી ઊતર્યો નહિ. પંદર દિવસે એની મેળે ઊતરી ગયો !

કોઈ પણ અદૃશ્ય તત્ત્વ તેઓએ નજરે નીરખ્યું નહોતું પણ ગજબ કુસ્તી ખેલ્યાનો થાક શરીરમાં ઘણા દિવસ રહ્યો.

કબર પાસે જોયેલી ત્રણ વ્યક્તિઓ ભૂત કે પ્રેત જેવી નહોતી લાગી : એવો કોઈ તેમને દેખાવ કે વર્તાવ પણ જોવા મળ્યો નહોતો; પણ એમને લાગે છે કે કોઈ અદૃશ્ય પ્રેતાત્મા સાથેનું એક ધીંગાણું હતું !

એ પ્રેતાત્માએ એમને હંફાવવા ઘણી કોશિશ કરી પણ એ ન ફાવી.

આ તો એક અનુભવ, જેમાં કોઈ વ્યક્તિને એ ખડતલ ભાઈએ નજરે નિહાળી નહોતી : પણ એ કહે છે કે મારી ૪૫ વર્ષની વયમર્યાદામાં એક વાર મેં નજરોનજર આવું ચરીતર જોયું હતું.

અમદાવાદની ઢીંકવા ચોકી પાસે એ ભાઈ રહે છે. નવરાતના નવલા દિવસો હતા. ગરબા જોઈને એ ભાઈ પાછા ફરતા હતા. રાતના બારેક વાગ્યા હશે.

એકાએક ચોકીની આગળના ચોકઠામાં ત્રણ સંપૂર્ણ શણગાર સજેલી ને વસ્ત્રોથી આચ્છાદિત સ્ત્રીઓ નીરખી. એ ચોકમાં ગરબા લઈ રહી હતી.

આજુબાજુ એકાંત હતું.

એ ભાઈ થોડી વાર ગરબા જોવા ઊભા રહ્યા, પણ થોડી વારમાં એમ લાગ્યું કે આ વિલક્ષણ વ્યક્તિઓ છે : એટલે ઘેર ચાલતી પકડી !

એ જોનાર ભાઈનું નામ શ્રી ખેમચંદ. તેઓ ગુજરાતના ધીંગા અને અડીખમ ખેડૂત છે. હાલમાં એક પ્રેસમાં મૅનેજર છે. તેઓ કહે છે કે આખી જિંદગીમાં અગમ્ય લાગે એવા મારા આ બે અનુભવો છે.

મર્દોના અનુભવોનું પણ એક મૂલ્ય છે ! અને જ્યારે એ સચ્ચાઈ સાથે પેશ થાય ત્યારે એની અવગણના થઈ શકતી નથી.

અમારી પાસે એવો એક કાગળ છે, જેને અમે અહીં અક્ષરશઃ વાચા આપીએ છીએ ! એ ભાઈનો અનુભવ પણ આવી એક અનોખી જાતકહાણી કહી જાય છે :

"પહેલાં તો સામાન્ય રીતે હું પોતે ભૂતપ્રેતમાં બિલકુલ માનતો ન હતો. 'મંછા ભૂત ને શંકા ડાકણ', 'કાગનું બેસવું ને તાડનું પડવું' આવા મારા ખ્યાલો હતા. પણ મારી જિંદગીમાં જ્યારે પહેલવહેલી આ વસ્તુ નજરોનજર જોઈ ત્યારે મારા ખ્યાલો બદલાયા અને હું એ મતમાં માનતો થયો કે આ જીવસૃષ્ટિથી બીજી પણ એક અદૃશ્ય સૃષ્ટિ છે જેમાં અસંખ્ય અસંતુષ્ટ જીવાત્માઓ વાસ કરીને ભ્રમણ કરી રહ્યા છે.

૧૯૬૨-૬૩ની સાલ હતી. હું ત્યારે અમદાવાદની એક મિલમાં ઝાંપા કારકુનની ફરજ પર હતો. મે કે જૂન માસમાં મેં પચ્ચીસેક દિવસની રજા લીધેલી અને હું મુંબઈ મારા મામાની દીકરીને ત્યાં ફરવા માટે ગયેલો. ત્યાર બાદ એમની સાથે માથેરાન ગયો.

એક રાત ત્યાં રહ્યો. પાછો હું બીજે દિવસે માથેરાનથી બપોરની બાર સાડા બારની ગાડીમાં નીકળી મુંબઈ આવ્યો. દાદર ગયો. ત્યાંથી પાછો મુંબઈ સેન્ટ્રલ ગયો. ફ્લાઈંગ રાણી જરાક માટે ચૂકી ગયો. ત્યાર બાદ જનતા મેલમાં હું વલસાડ આવવા માટે નીકળ્યો.

વલસાડમાં એ વખતે મારા મોટાભાઈ ઇન્સ્પેક્ટરની ફરજ પર હતા અને મારું પોતાનું વતન છે, એટલે ત્યાં જવા માટે હું સેન્ટ્રલ સ્ટેશનથી નીકળ્યો.

રાત્રે બાર-સાડા બાર વાગ્યે હું વલસાડ સ્ટેશને ઊતર્યો. સ્ટેશનથી મારા ઘરનો રસ્તો લગભગ દસપંદર મિનિટનો છે. એટલે હું ઘોડાગાડી કર્યા વગર ચાલતો જ નીકળ્યો; કારણ કે સામાન ખાસ કાંઈ હતો નહિ.

ટૂંકા રસ્તેથી જવા માટે હું તળાવની પાળ પરથી નીકળ્યો. ત્યાં બે તળાવ આવે છે. એક મલાવ તળાવ અને એક લાલ તળાવ, અને એક ગંગલી ખાડી આવે છે, જે આઠ મહિના સૂકી રહે છે ને વરસાદમાં બધું પાણી ત્યાંથી જાય છે. પાવડા પર ગરનાળા પાસે મારું મકાન છે.

હું રાત્રે જતો હતો ત્યારે નીરવ શાંતિ હતી. વસ્તી હતી નહિ. હું એકલો જ તળાવની પાળ પરથી પસાર થઈ રહ્યો હતો.

મલાવ તળાવ વટાવી હું મહાદેવના મંદિરથી આગળ લાલ તળાવની બાજુની પાળી પર ગયો. ત્યાં સામેથી એક કૂતરું ભસતું ભસતું આવ્યું.

તેને મેં હડ કરીને આઘું હઠાવ્યું એટલે કૂતરું આગળ જતું રહ્યું. રાત્રે કોઈક મુસ્લિમ ભાઈને ત્યાં પ્રોગ્રામ હતો. દૂર માઈકમાં કવ્વાલીનો અવાજ સંભળાતો હતો, એ સિવાય શાંતિ હતી.

આગળ દૂર ઓવારા પાસે સંડાસની લાઈન છે, તથા બાજુમાં એક કૂવો છે. ત્યાંથી નીચે ખાડીમાં જવાય છે.

ચાંદની રાત હતી. સુધરાઈની બત્તી પણ હતી. ત્યાં જાજરૂ પાસે મેં ત્રણ સ્ત્રીઓને વાત કરતી જોઈ.

સ્ત્રીઓએ સફેદ વસ્ત્રો પરિધાન કરેલાં હતાં, તથા મોં શ્યામ અને દાંત થોડા અંતરે છેટા છેટા હતા.

એવામાં ત્યાં કૂતરું ગયું એટલે પેલી ત્રણે સ્ત્રીઓ બોલી :

"હડે હડે ! આ ફાટી મૂઆં કૂતરાં તો જો, રાતનાય જંપતાં નથી."

હડે હડે ! અવાજ થયો. તરત કૂતરું ક્યાંય દૂર ખુલ્લા મેદાન તરફ ગાયબ થઈ ગયું ! આ બધો બનાવ એક આંખના પલકારમાં બની ગયો.

હું જ્યાં ઓવારા પાસે આવ્યો, ત્યાં તો પેલી ત્રણ સ્ત્રીઓ પણ ન મળે, અને કૂતરું પણ નહિ ! બધું અદૃશ્ય !

સંડાસ તરફ મેં જોયું. ખત્રીવાડના પાછળના વાડાનાં બારણાં તરફ જોયું પણ કાંઈ કહેતાં કાંઈ જ ન મળે.

મને થયું કે હમણાં ત્રણ સ્ત્રીઓ જાજરૂ પાસે ઊભી ઊભી વાતો કરતી હતી, કૂતરાને હડે હડે કરી કાઢ્યું તો એ સ્ત્રીઓ એટલી વારમાં ક્યાં ગાયબ થઈ ગઈ !

હું વિચારમાં પડી ગયો અને ઓવારાની બાજુમાંથી કૂવા પાસે થઈને ખાડીમાં ઊતર્યો. ત્યાં ખાડીમાં જોરશોરથી હુ હુ હુ હુ હી હી હી હી એવો પુષ્કળ અવાજ મેદાનના ઊંડાણમાંથી આવવા લાગ્યો.

મેં મેદાન તરફ જોયું. કોઈ ના મળે ! અવાજ આવે ! સામે સૂમસામ ભેંકાર જેવું લાગે. મારા પગ ઢીલા પડી ગયા. હું અહીં જ ફસડાઈ પડીશ એવું થયું. મનમાં ધ્રાસકો પડ્યો. છતાં મનને મજબૂત કરી ગાયત્રીમંત્રનો જાપ શરૂ કરી દીધો.

અવાજ ચાલુ રહ્યો, અને હું ગાયત્રીનો સતત મનમાં જાપ કરતો રહ્યો. ખાડી વટાવી ગરનાળા પર ચડ્યો. ઘેર ગયો અને ભોજન પણ કર્યા વગર જ સૂઈ ગયો.

આ વાત મેં કોઈને પણ કરી નહિ. પણ પાછું થોડા વખત પછી મારા મોસાળ વાંકલ જવાનું થયું, ત્યારે ત્યાં મારાં મામી સાથે વાત નીકળતાં મેં ઉપરનો પ્રસંગ તેમને કહ્યો, ત્યારે તેમણે કહ્યું કે આવું હોય છે જ, અને કોક વાર હેરાન પણ થઈ જવાય છે.

એમણે બીજા પણ કેટલાક પ્રસંગો કહ્યા કે જે બનેલા હતા. ત્યારે જ મને થયું કે ખરેખર હું હેરાન થતાં રહી ગયો. કોઈ કાચોપોચો હોત તો ત્યાં જ ફસડાઈ જાત.

હું સહીસલામત પસાર થયો તે બદલ ગાયત્રીમંત્રનો ને ગાયત્રીદેવીનો મનોમન આભાર માનવા લાગ્યો.

હજુ પણ હું રોજ સવારે ગાયત્રી કરું છું જ. આ મારા જીવનનો એક ન ભૂલી શકાય એવો પ્રસંગ છે. સામાન્ય માનવી માટે તો એક યાદગાર ને કદી પણ ભૂલી ન શકાય તેવો જ એક પ્રસંગ છે. અને હજુ પણ હું જ્યારે વિચારું છું ત્યારે મારી નજર સમક્ષ એ આખો પ્રસંગ ખડો થઈ જાય છે.

ખુલ્લી આંખે હું એ ત્રણેય સ્ત્રીઓને, કૂતરાને અને તેમના ગેબી અવાજોને જોઈ અને સાંભળી રહ્યો છું; જાણે કે હમણાં જ મેં જોયું ના હોય એવી રીતે આખો પ્રસંગ મારી નજર સમક્ષ ખડો થઈ જાય છે. અસ્તુ.

જય હિંદ."

□



૧૮. વાસની વાસના

મુનીન્દ્ર બહુશ્રુત હતા.

બહુશ્રુત એટલે વિશાળ વાચન કરનારા.

એક વાર તેમના હાથમાં એક દીપોત્સવી અંક હતો. મુનીન્દ્રના મિત્ર એના સંપાદક હતા. એ સંપાદકે જીવનની લીલીસૂકી જોઈ હતી ને ગમ્ય ને અગમ્યના પડદા ઉકેલવા જીવનભર પ્રયત્ન કર્યા હતો. અને અત્યારે પણ બે ધોતી ને બે કફની બગલથેલામાં નાખી જ્યાંત્યાં પહાડોમાં, કંદરાઓમાં, ગિરિતળેટીઓમાં, શહેરો અને ગામોમાં ઘૂમતા હતા. આ વિષયનો જે કોઈ જાણકાર મળ્યો તેનો સંપર્ક સાધતા ને નવનીત તારવતા.

જીવનનો એમનો શ્વાસોચ્છ્વાસ નિખાલસ છે. ને હરેક પળ શુભ અને કલ્યાણકારી હોય છે. તેઓનું નામ ઉષાકાંત જે. પંડ્યા. તેઓ એક માસિક ચલાવે છે, એનું નામ 'કિસ્મત' છે. એ 'કિસ્મત'માં અનેક અદ્‌ભુત પ્રસંગો આપે છે. કેટલાક સ્વાનુભવથી નીતરતા, કેટલાક પરાનુભવવાળા.

મુનીન્દ્રના હાથમાં 'કિસ્મત'નો દીપોત્સવી અંક હતો ! ને એક પાનાનો છેડો સહેજ વાળેલો હતો.

મુનીન્દ્રે વાતની શરૂઆત કરતાં કહ્યું : 'મૃગ અને ભરતમુનિની વાત તમે સાંભળી હશે.'

મેં કહ્યું : 'આપના સ્વમુખે એ વાત કહો.'

ભરત નામના મુનિ હતા. ભારે તપસ્વી અને ભારે ત્યાગી. એક દહાડો એક ઝરણાના કાંઠે બેઠા હતા. ખૂબ વરસાદ પડ્યો. ઝરણામાં પૂર આવ્યું. એ પૂરમાં એક હરણનું બચ્ચું તણાતું આવ્યું. મુનિને દયા આવી. પૂરમાં ઝંપલાવીને મૃગબાળને બચાવી લીધું.

મેં કહ્યું : 'ભારે દયાનું કામ કર્યું.'

દયા ડાકણ થઈ મુનિને. એ મૃગબાળ અશક્ત હતું. મુનિએ તેની સંભાળ લીધી. સશક્ત થયું ત્યારે મુનિએ વિચાર્યું કે કોઈ મૃગનું ટોળું મળે તો એમાં મૂકી દઉં. પણ એવું કોઈ ટોળું ન મળ્યું. મૃગબાળ તો ઋષિના પડખામાં જ રહે. આખરે મહાન ત્યાગી મુનિ મૃગમાં રાગવાન થયા. ઘડપણ આવ્યું. મોત બિછાના પાસે આવ્યું. મહાન મુનિ માટે ધૂળ ને સોનું એક હતાં. પણ પેલા મૃગની માયા મનમાં હતી. એકલું કેવી રીતે જીવી શકશે ?

મુનિ ગુજરી ગયા, પણ ત્યાં વસતા મુનિમંડળે કહ્યું કે, મનમાં જે વાસના રહે તે પૂરી કરવી પડે છે. મહામુનિ ભરતના મનમાં મૃગબાળની વાસના રહી ગઈ. આવતે ભવે મુનિ એ વાસના પૂરી કરવા મૃગ થઈને જન્મશે ને વાસના પૂરી કરશે.

'સુંદર કથા ! વાસના-દેહોની અનેક વાતો સાંભળીએ છીએ પણ આપે આ દૃષ્ટાંત દ્વારા એની સ્પષ્ટતા કરી.' મંડળીએ કહ્યું.

'વિશેષ સ્પષ્ટતા માટે મારા હાથમાં રહેલો આ અંક, જેમાં શ્રી હ. ના. ગઢવીએ રજૂ કરેલી વાર્તા છે તે તમને આપું છું. એ વાર્તા પ્રેતાત્મા વિશે અનેક પ્રશ્નો ખડા કરે છે જે વિશે હવે પછી ચર્ચા કરીશું.'

ને મુનીન્દ્રે મંડળીના એક સભ્યને વાર્તા વાંચવા આપી.

'સુમન પરફ્યુમરી સ્ટોર' મુંબઈનો એક જાણીતો સુગંધભંડાર હતો. સાંજના વખતે ત્યાં ઘરાકી સારી જામતી. સ્ટોરના માલિકને પણ પગ વાળીને બેસવાની ફુરસદ ન મળતી.

બધી જાતનાં અત્તરો અને સુગંધી દ્રવ્યોની અનેક જાતો અહીં મળતી. અને શેઠ પોતે જ એનું સંચાલન કરતા. સુમનલાલ શેઠ કુનેહબાજ વેપારી અને અત્તરના ભારે શોખીન તથા પારખુ હતા. વિદેશનાં મોંઘી કિંમતનાં સેન્ટો અને કાનપુર તથા લખનૌનાં ઊંચી જાતનાં અત્તરો એમને ત્યાં મળતાં.

રાતના લગભગ સાડા દસ થવા આવ્યા હતા, છતાં વીજળીની બત્તીઓના પ્રકાશથી સ્ટોર ઝળાંહળાં થતો હતો. નોકરવર્ગને જવા દઈ સુમન શેઠ દુકાન બંધ કરવાની તૈયારીમાં હતા. અચાનક એના નાકમાં એક નવા પ્રકારના અત્તરની મધુરી સુગંધ પ્રવેશી. કોઈ બાટલી ખુલ્લી રહી ગઈ હશે એમ ધારી તેઓ કબાટ ઉઘાડી તપાસ કરવા લાગ્યા, પણ કોઈ શીશી ઉઘાડી નહોતી કે અત્તર ઢોળાયું પણ નહોતું. ખુશબો વધતી જતી હતી. સુમન શેઠની અનુભવી બુદ્ધિએ તરત પકડી પાડ્યું હતું કે આવી આહ્‌લાદક ખુશબોવાળું કોઈ અત્તર પોતાની પાસે નથી. ત્યાં એક અલ્લડ યુવતી દમામભેર દુકાનમાં દાખલ થઈ. હાથમાંની પર્સ શો કેસ ઉપર મૂકી, નજીકની ખુરશી પર બેસી એ હાથરૂમાલથી મોઢું લૂછવા લાગી. દૂરથી ચાલીને આવતી હોય એમ પરિશ્રમથી એનું નમણું મુખ રતૂમડું થઈ ગયું હતું. એનાં વસ્ત્રોમાં પેલા મસ્ત અત્તરની ખુશબો આવી રહી હતી. શેઠ એના તરફ જોઈ રહ્યા.

'તમારી પાસે કોઈ સારી જાતનું અત્તર છે ?' એણે પૂછ્યું.

'જી હા,' કહીને શેઠ નમૂનો બતાવવા કબાટ તરફ વળ્યા.

યુવતી વીસેક વર્ષની લાગતી હતી. સપ્રમાણ દેહયષ્ટિ, નમણો ચહેરો અને મૂલ્યવાન વસ્ત્રો એણે પહેર્યાં હતાં.

જુવાનીનું જોમ એનાં અંગેઅંગમાં થનગનતું હતું. નજરને જકડી રાખે એવી આકર્ષક હોવા છતાં એની આંખો શીતળ-જડ જેવી લાગતી. અત્તર તરફ એ લાલચુ નજરે જોઈ રહી હતી.

'જરા જલદી કરો, પ્લીઝ ! મારે બહુ ઉતાવળ છે.' યુવતી બોલી. સુમન શેઠ અત્તરના નમૂના એની સામે મૂકતાં બોલ્યા : 'આ બકુલ, આ હિના, આ ગુલાબ !' અને યુવતીના હાથ પર અત્તરો લગાડ્યાં. શેઠને એનો હાથ જરા વધુ ઠંડો લાગ્યો. દરેક વખતે યુવતી મુખ મરડી પોતાની નાપસંદગી વ્યક્ત કરતી રહી અને ફરીથી બોલી : 'આનાથી સારી જાતનું કોઈ અત્તર નથી ? કિંમત ગમે તે હોય તેની ફિકર નહિ.' અને સાચે જ ઊભી થતી હોય એમ એણે પર્સ હાથમાં લીધી.

'જી . . . ના. ઊંચા ઊંચા અત્તરના નમૂના મેં આપને બતાવી દીધા. એથી વધારે સારું અત્તર તો મારી પાસે નથી.'

'ઠીક ત્યારે, નાહક આપનો સમય બગાડ્યો !' યુવતી મંદ સ્વરે બોલી. એના મુખ પર નિરાશાની ઘેરી છાયા સ્પષ્ટ દેખાઈ આવી. સુમન શેઠ એને જોઈ રહ્યા. અત્તરની પેલી માદક ભભક હજી એવી જ આવતી હતી.

એકાએક સુમન શેઠને પોતાનું પ્રિય અત્તર સાંભર્યું. કદાચ એ પસંદ પડી જાય એમ માની તેમણે યુવતીને એક મિનિટ થોભવા કહ્યું. તે પાછી ફરી બારણા પાસે ઊભી રહી. સુમનલાલ શેઠે એક ખુલ્લી શીશી તેને આપીને કહ્યું : 'આ અત્તર ખાસ મારા માટે જ હું મગાવું છું.'

શીશી આપતાં થયેલા હાથના સ્પર્શથી સુમન શેઠના દેહમાં આછી ઝણઝણાટી વ્યાપી ગઈ. દરમ્યાન યુવતીએ અત્તર સૂંઘીને કહ્યું : 'આજે તો ચાલશે. જોકે મારે જોઈએ છે એવું તો નથી – છતાં બે શીશી આપો.'

નમૂનાની શીશી પાછી લેતાં પણ શેઠને યુવતીના હાથનો સ્પર્શ થયો અને તેથી તે ચોંકી ગયા. તે ઘણો શીતળ હતો !

નજીકમાં ઊભેલી એ યુવતીને બે શીશી પૅક કરીને શેઠે આપી દીધી. એણે પર્સમાંથી એક સો રૂપિયાની ચલણી નોટ કાઢીને શેઠ સામે ધરી. એ લીધા વગર છૂટકો જ નહોતો એટલે યુવતીના હાથને સ્પર્શ ન થઈ જાય તેવી કાળજી રાખી એણે નોટ લીધી અને કિંમત લઈને બાકીના રૂપિયા પાછા આપ્યા.

'મારા માટે સારામાં સારું અત્તર બે બાટલી મગાવી રાખશો ? હું આવતા રવિવારે લગભગ આ સમયે જ આવીશ.' વધેલા રૂપિયા પર્સમાં પાછા મૂકતાં એણે વિનંતી કરી.

'જરૂર મગાવી આપીશ' આમ બોલી શેઠ એને વળાવવા થોડાં ડગલાં ચાલ્યા.

'અચ્છા ત્યારે સાહેબજી.' બારણા આગળ ઊભી રહી યુવતીએ જમણો હાથ લંબાવ્યો અને શેઠને પણ હાથ આપવો પડ્યો. પણ એનો બરફ જેવો સ્પર્શ શેઠને ભારે પડ્યો.

યુવતી ઝડપથી ચાલી ગઈ છતાં અત્તરની પેલી માદક સુવાસ પ્રસરી રહી હતી. શેઠ ક્યાંય સુધી એને જતી જોઈ રહ્યા હતા ! એ શ્રીમંત હતી એ તો ચોક્કસ હતું. છતાં એ આટલી મોડી અને તેય ચાલીને કેમ આવી હશે ?

પર્સ ઉપર લખાયેલું નામ-સરનામું શેઠે વાંચી લીધું હતું : રસીલા શ્રોફ, શ્રોફ બંગલો, વી. પી. મુંબઈ' તે પરથી એ પારલેમાં રહેતી હોય એવું અનુમાન થઈ શકતું હતું. પોતે પણ વિલેપારલેમાં જ રહેતા હતા. અગિયાર વાગ્યે એ પગે ચાલીને પરામાં કેમ પહોંચશે ? સાથે કોઈ માણસ પણ નથી. કદાચ ટ્રેનમાં જાય ખરી.

અને આવા વિચારોમાં જ દુકાન બંધ કરી સુમન શેઠ પોતાની 'ફિયાટ' ગાડી સ્ટાર્ટ કરી ઘર તરફ ઊપડ્યા. મોટરમાં આખા રસ્તે શેઠને એ જ વિચારો આવ્યા કર્યા. જમીને પથારીમાં પડ્યા તોપણ પેલી યુવતીના વિચારોએ શેઠનો પીછો મૂક્યો નહિ. એ બાઈનું વર્તન પણ વિચિત્ર હતું. હતી તો શોખીન અને સ્વરૂપવાન, પણ એના હાથ આટલા બધા ઠંડા કેમ ? એની આંખો પણ કોડા જેવી સ્થિર કેમ લાગતી હતી ? આખી રાત અજંપામાં જ પસાર

થઈ. બીજે દિવસે દુકાને જવા નીકળ્યા ત્યારે સુમન શેઠે જે રસ્તે શ્રોફ બંગલો આવતો હતો તે માર્ગેથી મોટર લીધી અને બંગલા પાસે ગાડી સાવ ધીમી કરી નાખી. બંગલો તો આલીશાન હતો પણ દરવાજે તાળું હતું. આટલું અવલોકન કરી સુમન શેઠ દુકાને જઈ, રોજિંદી પ્રવૃત્તિમાં પડી ગયા. દિવસો વીતવા લાગ્યા.

આજે રવિવાર હતો. દુકાનમાં ઘરાકી પણ સારી હતી તોપણ સમય કાઢીને સુમન શેઠે ઊંચામાં ઊંચી જાતના અત્તરની ચાર શીશીઓ ખરીદી રાખી હતી.

રાતના દસ વાગ્યા પછી સુમન શેઠ રસીલા શ્રોફની રાહ જોવા લાગ્યા. નોકરો તો ક્યારના ચાલી ગયા હતા. ઘડિયાળમાં સાડા દસનો ટકોરો પડ્યો અને શેઠના નાકમાં પેલી મસ્ત ખુશબો આવવા લાગી. તરત જ પેલી યુવતીએ પણ દેખા દીધી. એણે એ જ કીમતી વસ્ત્રો પહેર્યાં હતાં. એ ઝડપભેર પગથિયાં ચડી ગઈ. ગયા વખતે બેઠી હતી એ જ ખુરશીમાં બેસી, પર્સ શો કેસ પર મૂકી રૂમાલથી મોઢું લૂછવા લાગી. શેઠે પેલી બાટલીઓ તેને આપતાં સૂંઘીને કહ્યું : 'ચાલશે, બે શીશી આપો. ' અને પર્સમાંથી સોની નોટોનો થોકડો બહાર કાઢ્યો.

'બાકીની બે શીશી પણ લઈ જાવ ને ?' શેઠે કહ્યું. પણ આવનાર તેનો જવાબ નકારમાં આપતાં બોલી, 'બાકીની આવતા રવિવારે લઈ જઈશ.'

'આપને કયું અત્તર પસંદ છે એ કહો તો મગાવી આપું.' શેઠે કહ્યું.

'ઓહ !' યુવતીને કાંઈક યાદ આવ્યું હોય તેમ પર્સમાંથી એક ખાલી શીશી કાઢીને એમના હાથમાં મૂકી દીધી. આ વખતે પણ એની આંગળીઓ શેઠની હથેળીને અડકી ગઈ. ઠંડીનું લખલખું અનુભવતાં જરા ખસી શીશી પરનું લેબલ શેઠે વાંચ્યું. એ અત્તર તો બલ્ગેરિયાની એક જાણીતી કંપનીએ બનાવેલ 'રોઝ ૨૦' હતું. એ ખાલી બાટલીમાંથી આ યુવતીનાં વસ્ત્રો જેવી જ સુગંધ આવતી હતી. શેઠે બાટલી પરનું સરનામું નોંધી લીધું.

'મળી શકશે આ અત્તર ?' યુવતીએ પૂછ્યું.

'હું તપાસ કરાવીને આવતી કાલે જ ઑર્ડર આપી દઈશ. કંપનીમાં હશે તો જરૂર આવી જશે. છતાં આઠદસ દિવસ તો લાગશે. આપનું ઠેકાણું મને આપતાં જાઓ, એટલે આવે કે તરત ખબર આપી શકાય. આપને અહીં આવવાની તકલીફ ન લેવી પડે.'

'ના, ના, એટલી ઉતાવળ નથી.' યુવતીએ કહ્યું, 'આવતા રવિવારે રાતે હું જ આવી જઈશ.'

'પણ નહિ આવ્યું હોય તો ?'

'તો એ પછીના રવિવારે !'

'એના કરતાં સરનામું આપતાં જાઓ તો ?' શેઠે ફરી એ જ વાત કરી.

યુવતી જવાબ આપતાં બોલી : 'ના, સરનામું આપવાની તો શક્યતા જ નથી. જાતે જ આવીશ.'

'આપને આવી મોડી રાતે એકલાં આવવું પડે તે ખાનદાન કુટુંબની યુવાન સ્ત્રી માટે સારું નહિ. વળી આજકાલનો સમય પણ...!'

શિખામણને વચ્ચેથી જ અટકાવી યુવતી બોલી : 'આપની વાત સાચી છે, પણ મારે જાતે જ આવવું પડશે. હવે આપે કબૂલ કર્યું છે તો એમ કરજો કે અત્તર આવી જાય ત્યારે આ નંબર પર મને ટેલિફોન કરજો એટલે હું આવી જઈશ.' એમ કહી તેને નંબર લખી આપ્યો.

'ભલે, એમ કરીશ.' કહી શેઠ જરા હસ્યા. એ સમજી શકતા હતા કે નંબર પરથી સરનામું મેળવી શકાશે. જતી વખતે યુવતીએ હાથ લંબાવ્યો, પણ સુમન શેઠ દુકાનમાં ચાલ્યા ગયા હતા એટલે 'ટા . . . ટા . . .' બોલતી ઝડપથી ઊતરી સામેની ગલીમાં વળી. એ યુવતીનાં વસ્ત્રોમાંથી આવતી માદક સુગંધ હવે બંધ થઈ ગઈ, એટલે શેઠ દુકાન વધાવી ઘેર ગયા. જમીને પથારીમાં પડ્યા છતાં મગજનો કબજો રસીલા શ્રોફે જ લીધો હોય તેમ એના જ વિચારો આવતા હતા.

યુવતીનું વર્તન આશ્ચર્ય પમાડે તેવું હતું. દર રવિવારે મોડી રાતે આવવું, પગપાળા એકલા ચાલ્યા જવું, ભાવતાલ પૂછ્યા વગર નાણાં ચૂકવી આપવાં — આ બધું શું સૂચવતું હતું ? તેમાંય આજના વાર્તાલાપ દરમ્યાન પોતે એનો ભેદ જાણવાનો પ્રયાસ કર્યો છતાં એનું વલણ તો અગમ્ય જ રહ્યું. ખરેખર એ ભેદી યુવતી હતી. અંતે એક તુક્કો સૂઝ્યો, અત્યારે ટેલિફોન કરી જોઉં તો ?

શેઠ ઊભા થયા. ઘડિયાળમાં સાડા અગિયારનો એક ટકોરો પડ્યો. ટેલિફોન જોડતાં સામેથી જવાબ આવ્યો : એલાવ . . . હું રસીલા શ્રોફ . . .! અવાજ પેલી યુવતીનો જ હતો. અને જાણે તે બાજુમાં ઊભી હોય તેમ ઠંડીનું લખલખું એને આવી ગયું.

'એ તો હું સુમનલાલ, પરફ્યુમરી સ્ટોરવાળો . . .!'

'હલ્લો ! શું આટલું જલદી અત્તર મળી ગયું ?' સામેથી પ્રશ્ન થયો.

'જી, ના. એમ તો ક્યાંથી મળે ? પણ આવી જશે ચોક્કસ !'

'તો પછી ફોન શા માટે જોડ્યો ?' એના જવાબમાં નાખુશીનો રણકો હતો. શો જવાબ આપવો એ સુમન શેઠને સૂઝ્યું નહિ. અંતે હિંમત કરી એ બોલ્યો : 'આપ સલામત પહોંચી તો ગયાં ને, એ જાણવા માટે.'

સામેથી ખડખડાટ હાસ્ય સંભળાયું અને સુમનલાલ થીજી ગયા. 'હું તો ક્યારની પહોંચી ગઈ છું અને તમારી જેમ સૂવાની તૈયારી પણ કરું છું.' મજાકભર્યા સ્વરે એ બોલી.

'તો ઠીક, મને ચિંતા થતી હતી.' શેઠને હવે હિંમત આવી.

'આપનો આભાર, પણ શેઠજી, મારી ઉપાધિ કરવાની જરૂર નથી. મને કોઈ કશું કરી શકે તેમ નથી, સમજ્યા ? લ્યો, ત્યારે ગુડ નાઈટ !'

'ગુડ નાઈટ . . .' શેઠે વિવેક કર્યો ત્યાં તો સામેથી ટેલિફોન મૂકી દેવાયો.

હવે તો આ યુવતીનો ભેદ ઉકેલાવાને બદલે વધુ ઘેરો બન્યો. રસીલા શ્રોફ આટલી જલદીથી ઘેર પહોંચી જાય તે ગળે

ઊતરે તેવી વાત નથી. વળી 'મને કોઈ કશું કરી શકે તેમ નથી,' એ શબ્દો શું સૂચવતા હતા ? રહસ્ય વધુ ઘેરું બનતું હતું. શેઠ પથારીમાં પડ્યા, પણ તેમને એ ભેદી યુવતીનાં સ્વપ્ન જ આખી રાત સતાવતાં રહ્યાં !

હવે તો સુમન શેઠને રસીલા શ્રોફની જાણે રઢ લાગી હોય તેમ, દરરોજ દુકાને જતી વખતે અને રાતે પાછા ફરતાં પણ ગાડી 'શ્રોફ બંગલા' પાસેથી લઈ જવાનું શરૂ કર્યું. એ બંગલામાં ખાસ કોઈ દેખાતું નહિ. હા, રાતે ઘેર આવતા ત્યારે ઉપરના માળની એક રૂમમાં લાઈટનો પ્રકાશ દેખાતો.

રવિવારની રાતે એ યુવતી આવશે કે કેમ, એવી શેઠને શંકા હતી, કારણ કે મગાવેલું અત્તર હજુ આવ્યું નહોતું. પણ સાડા દસનો ટકોરો પડ્યો અને પેલી માદક સુગંધની લહેરખી આવી. શેઠે ગલી તરફ જોયું તો રસીલા શ્રોફ આવતી હતી.

એ જ વસ્ત્રો, એ જ ચાલ. કોઈનીય પરવા ન હોય એમ અને કાંઈક ખોવાયું હોય તેમ બાવરી જેવી તે ઝડપથી દુકાનમાં પ્રવેશી. એ બધી હિલચાલ રાબેતા મુજબની હતી. પર્સને શો કેસ ઉપર મૂકી રૂમાલથી મોઢું લૂછી તેણે પૂછ્યું : 'આવી ગયું પેલું અત્તર ?'

'હજુ આવ્યું નથી, બેક દિવસમાં આવી જશે. મેં તારથી મગાવ્યું છે.'

'ઓહ !' યુવતી નિરાશ થઈ અને અત્તરના કબાટ તરફ નજર ફેરવવા લાગી. સુમન શેઠે જરા હસીને પૂછ્યું : 'તે રાત્રે મેં આપને ફોન કરેલો તેથી ખોટું તો નથી લાગ્યું ને ?'

'ના, ના, એમાં શું ખોટું લાગે ! પણ મારી ચિંતા આપને વધુ પડતી થતી હોય એમ લાગ્યું હતું.' આછું હસીને એણે ઉત્તર આપ્યો.

'હા, જી. એવું કાંઈક ખરું, કારણ મોડી રાતના એકાકી અવરજવર મને ઠીક નથી લાગતી.' શેઠ બોલ્યા.

'આપની માન્યતા સાચી છે, પણ મારી બાબતમાં એવી કોઈ ધાસ્તી રાખવી નહિ. મને કોઈ કાંઈ કરી શકે તેમ નથી.' છેલ્લું વાક્ય એણે ભારપૂર્વક ઉચ્ચાર્યું.

'આપની આવી શ્રદ્ધા પાછળ કોઈ કારણ તો હશે ને ?'

'કારણ . . . ?' યુવતી આગળ બોલતાં ખમચાઈ. 'પણ ઘડીભર માની લો, હું કોઈ જુદા પ્રકારની. . . જુદી દુનિયાની છું!' એણે તરત વાક્ય પૂરું કર્યું.

'આપની વાત મારા મગજમાં ઊતરી શકતી નથી.' શેઠનું આશ્ચર્ય વધ્યે જતું હતું.

'આપ સમજતા નથી એ વધુ સારું છે . . .' યુવતી ધીરેથી બોલી અને કાંડાઘડિયાળ જોઈ બોલી : 'જવા દો એ વાત. બહુ મોડું થઈ ગયું. પેલી બે શીશી બાકી હતી તે આપી દો.'

અને પર્સમાંથી સો રૂપિયાની નોટ કાઢી શેઠને આપી. બાકીના રૂપિયા પાછા આપતી વખતે એના હાથનો સ્પર્શ નહોતો કરવો તોય થઈ ગયો અને શેઠના રોમાંચ ઊભાં થઈ ગયાં.

ઊભી થતાં એ બોલી : 'પેલું અત્તર આવતા રવિવાર સુધીમાં આવી જશે. હું આવીને . . .!'

'હું આપને ખબર આપીશ.' શેઠે કહ્યું.

'ના, એવી તકલીફ લેતા નહિ. હું જાતે જ આવી જઈશ. અચ્છા ત્યારે, સાહેબજી ! એમ બોલી એણે શેઠ તરફ હાથ લંબાવ્યો. શેઠને શેકહૅન્ડ કર્યા વગર છૂટકો નહોતો. અપાર્થિવ શીતળતાના અનુભવે શેઠ કંપી ગયા.

રસીલા શ્રોફ પેલી ગલીમાં વળીને અદૃશ્ય થઈ ગઈ. એ રાત પણ શેઠે અજંપામાં જ ગાળી. બીજે દિવસે બલ્ગેરિયાની કંપની તરફથી તાર આવ્યો, જેમાં મગાવેલું અત્તર હવાઈમાર્ગે રવાના કર્યાની ખબર હતી. સુમન શેઠે એ અત્તર શુક્રવારે મળી જવું જોઈએ તેવી ગણતરી કરીને રસીલા શ્રોફે 'ના' કહી હોવા છતાં, આ ખુશખબર એને આપવા ફોન જોડ્યો, પણ ઘણા પ્રયાસો કરવા છતાં

સામેથી કોઈ જવાબ ન મળ્યો. રાતના મોડેથી ફોન જોડતાં પણ સફળતા મળી નહિ. પેલું અત્તર શુક્રને બદલે શનિવારે શેઠને મળી ગયું. બૉક્સ ખોલીને ખાતરી કરી લીધા બાદ એમણે રાતના અગિયાર વાગ્યે રસીલા શ્રોફને ટેલિફોન જોડ્યો પણ કાંઈ જવાબ ન મળતાં કંટાળી પ્રયાસ માંડી વાળ્યો.

બીજા દિવસે રવિવાર હતો. ઘરાકીની ધમાલમાં આખો દિવસ ચાલી ગયો. રાતના દસ વાગ્યે નોકરોને રજા આપી ધુમ્રપાન કરવા બેસી પેલી યુવતીની પ્રતીક્ષા કરવા લાગ્યા. સાડા દસે પેલી માદક સુગંધ ફેલાઈ ગઈ અને રસીલા શ્રોફ બાવરી ઝડપથી આવી પહોંચી. સુમન શેઠ ઊભા થઈ ગયા અને મૃદુ હાસ્ય કરી કબાટમાંથી પેલું બૉક્સ લેવા ગયા. રાબેતા મુજબ પેલી યુવતી રૂમાલથી મોઢા પરનો પરસેવો લૂછતી હતી. એની આ બધી ક્રિયા જાણે યંત્રવત્ થતી હોય એમ ભૂલ વગર થયા કરતી.

'આપનું મનપસંદ અત્તર આવી ગયું છે' એમ સુમન શેઠે કહ્યું ત્યારે રસીલા શ્રોફ આનંદમાં આવી ગઈ. એની આંખો પણ જડતા છોડી જરાક ચમકી ગઈ હોય એવો ભાસ શેઠને થયો. ખુશમિજાજે એણે પૂછ્યું : 'ક્યારે આવી ગયું ?'

'ગઈ કાલનું આવી ગયું છે. મેં આપને ફોન પણ કરેલો.' સુમન શેઠ આટલું બોલી એના તરફ જોઈ રહ્યા.

'આપે ખોટી તકલીફ લીધી. મેં તો પહેલેથી આપને ફોન કરવાની ના કહી હતી ને !'

'છતાં મને થયું કે આપ હાજર હો તો ખુશખબર આપી દઉં.'

'પરંતુ આપ નિષ્ફળ ગયા, ખરું ને ?' યુવતીએ મુખ મલકાવી ઉમેર્યું. 'ખેર, આપે મારા માટે તકલીફ લીધી તે માટે આપનો આભાર માનું છું.'

'એમાં આભાર શાનો ? ઘરાકની સગવડ તો અમારે જાળવવી જોઈએ ને ?' શેઠે શિષ્ટાચાર બતાવ્યો.

'પણ મારી વાત જુદી છે. આપના ઉપકારનો બદલો હું વાળી શકું તેમ નથી.'

'અમે એવી આશા પણ નથી રાખતા.' સુમન શેઠે આટલું બોલી અત્તરનું બૉક્સ યુવતી સામે મૂકી દીધું. એણે બૉક્સમાંથી એક બાટલી લઈ ખોલીને સૂંઘી જોયું તો પોતાને જોઈતું હતું એ જ તે અત્તર હતું. આનંદના અતિરેકમાં એનું મુખ પ્રફુલ્લ બની ગયું. સુમન શેઠને એની દરેક હિલચાલ અજાયબીભરી લાગી.

'કેટલું ખર્ચ થયું આની પાછળ ?' યુવતીએ પૂછ્યું.

'જી, બત્રીસ રૂપિયે એક બાટલી પડી છે.'

યુવતી અમુક ક્ષણો મૂંગી બેસી રહી. પછી પર્સમાંથી સો-સોની દસ નોટો કાઢી આપતાં બોલી : 'લો, આપે ખર્ચેલાં નાણાં તેમ જ લીધેલી મહેનતના બદલા પેટે.'

સુમન શેઠે એમાંથી ચાર નોટો લીધી, બીજી લેવાનો ઈન્કાર કર્યો અને ગલ્લામાંથી સોળ રૂપિયા કાઢી પાછા આપ્યા.

'હું આપને ખુશીથી આપું છું.' યુવતીએ કહ્યું, 'જોકે આમ છતાં આપના અહેસાનનો બદલો તો વાળી શકું તેમ નથી એનું મને દુઃખ છે. મારી યાદ રૂપે આપું છું એમ સમજો.'

'સ્મૃતિચિહ્ન આપવું હોય તો કાંઈ બીજું આપો, નાણામાં એ ન લેવાય.' આમ બોલવા પાછળ શેઠનો આશય રહસ્ય ખુલ્લું થાય એ જ હતો.

'બીજું તો શું આપું ?' યુવતીએ નિરાશાજનક અવાજે કહ્યું, 'આપને આપી શકાય એવું બીજું કાંઈ મારી પાસે નથી.'

'તો થયું, કાંઈ જરૂર નથી.' સુમન શેઠ બોલ્યા.

યુવતીનું કથન માનતા ન હોય તેવા સ્પષ્ટ ભાવો એમના ચહેરા પર હતા. એમની નજર યુવતીનાં વસ્ત્રાભૂષણો પર ફરી રહી હતી.

'આપને ખોટું લાગ્યું હોય તેમ લાગે છે. સાચે જ મારી આપને આપવા જેવું કાંઈ નથી, છતાં બોલો વીંટી ?' યુવતીએ શેઠની નજર વીંટી પર ચોંટેલી જોઈ પૂછ્યું.

'ના, ના. એવી કંઈ જરૂર નથી.' સુમન શેઠ વિચારતંદ્રામાંથી જાગતાં હોય તેમ અચાનક બોલી ઊઠ્યા : 'આપની યાદી તો સદાય રહેવાની છે, પછી બાહ્યચિહ્નની શી જરૂર છે ?'

'એ ખરું, પણ આજનો દિવસ મારે માટે ખુશનુમા છે. આપે અત્તર લાવી આપી મારા દુઃખનું નિવારણ કર્યું છે, મને નવજીવન આપ્યું છે. એ રીતે આપ મારા મુક્તિદાતા થયા હોવાથી આપને ખુશ કરવાની મારી ફરજ છે. બોલો, શું આપું ? વીંટી કે હાર ?'

આવી અણધારી ઑફરથી શેઠ આશ્ચર્યમુગ્ધ બની ગયા.

'આપે કાંઈક તો લેવું પડશે.' યુવતી ફરી બોલવા લાગી : 'મારી ઈચ્છા તો ચલણી નોટો આપવાની છે. પછી તો જેવી આપની મરજી.'

'આપનો આભાર. મારે કાંઈ જોઈતું નથી.' શેઠ બોલી ઊઠ્યા.

'ના, તો પછી હીરાજડિત વીંટી રાખો.' એમ કહી યુવતીએ પોતાની આંગળીમાંથી વીંટી કાઢીને શેઠના હાથમાં મૂકી દીધી, અને બીજી ક્ષણે ઉમેર્યું : 'હું આપું છું તો પ્રેમથી, પણ આપ સાચવી શકશો નહિ, એમ મને લાગે છે. એ કારણે હું આપને તે આપવા ઈચ્છતી નહોતી.'

શેઠે એ યુવતીની વીંટી પહેરી લીધી. વીજળીના પ્રકાશમાં એનો ગુલાબી હીરો ખૂબ ચમકવા લાગ્યો.

યુવતીએ બૉક્સમાંથી અત્તરની બે બાટલી કાઢીને પર્સમાં મૂકી. બીજી એક શીશી ખોલી વસ્ત્રો તેમ જ રૂમાલ પર અત્તર છાંટ્યું. એની મધુર સુગંધથી આખી ગલી મહેકી ઊઠી. એનો ચહેરો ખુશનુમા બની ગયો ને સંતોષથી એણે પર્સ લીધી ને ઊભી થઈને જવા લાગી.

સુમન શેઠે બૉક્સ બતાવતાં કહ્યું : 'આ વધેલી બાટલી પણ લેતાં જાઓ. કિંમત તો તમે આપી દીધી છે.'

'નહિ જી. હવે મને એની જરૂર નથી. એ હવે આપ ગમે તેને આપી દેજો અથવા આપ તેનો ઉપયોગ કરજો. મારે જોઈતું હતું

તે મને મળી ગયું. આપે મને મદદ ન કરી હોત તો કોણ જાણે ક્યાં સુધી આથડવું પડત આની શોધમાં !'

આ અજબ યુવતીએ સુમન શેઠ સામે અહોભાવથી જોઈ આ શબ્દો ઉચ્ચાર્યા ત્યારે તેઓ રસીલા શ્રોફના આવા અગમ્ય વર્તનથી આભા બની ગયા. તેઓ કાંઈ બોલે તે પહેલાં એ ઊભી થઈ અને 'અચ્છા ત્યારે સાહેબજી, ગુડ નાઈટ,' બોલી હાથ લંબાવ્યો.

'ગુડ નાઈટ,' બોલી સુમન શેઠે હાથ લંબાવ્યો, પણ અતિશય શીતળતાને લીધે તરત પાછો ખેંચી લીધો. યુવતી ઝડપથી નીચે ઊતરી જમણી તરફ વળી, ગલીમાં દાખલ થઈ.

સુમન શેઠ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા હતા. એમણે બેધ્યાનપણે જ દુકાન બંધ કરી અને સામેની સાઈડે પડેલી મોટરમાં બેસી ઘેર જવા ઊપડ્યા. પણ આ અજબ સુંદરીના વિચારો જ શેઠના મગજમાં ઘોળાતા હતા ! ઘેર પહોંચ્યા ને તરત પેલી વીંટી એમણે તિજોરીમાં મૂકી દીધી.

રાત્રે એકાએક સુમન શેઠની ઊંઘ ઊડી ગઈ. પોતાના શયનખંડમાં કોઈ ફરતું હોય એવો તેમને ભાસ થયો. જૂની અને જાણીતી પેલી મસ્ત સુગંધ પ્રસરી રહી હતી. થોડી વાર શેઠ એ સુગંધના ઘેનમાં પડી રહ્યા હતા. આંખો ખોલીને જોયું તો સામેની દીવાલમાં આવેલી તિજોરી ઉઘાડી પડી હતી ને પેલી વીંટી એમાંથી ગુમ થઈ હતી. સ્તબ્ધ થઈ શેઠ ઊભા જ રહ્યા, ત્યાં ઘડિયાળમાં એક ટકોરો પડ્યો. રાતના અઢી વાગ્યા હતા. પછી શેઠને ઊંઘ આવી જ નહિ.

બીજે દિવસે દુકાને જઈ શેઠે રસીલા શ્રોફને ટેલિફોન જોડ્યો પણ જવાબ મળ્યો નહિ. ટેલિફોન મથકે તપાસ કરતાં જાણ્યું કે એ ટેલિફોન ચાલુ જ હતો અને બિલનાં નાણાં પણ એક વર્ષનાં ભરાઈ ગયાં હતાં. કુતૂહલવૃત્તિને સંતોષવા સુમન શેઠ પોતાની મોટરમાં વિલેપારલે શ્રોફના બંગલે પહોંચ્યા.

બંગલો ઉજ્જડ અને અવાવરુ હતો. 'ભાડે આપવાનું છે' એવું પાટિયું લટકતું હોવાથી, એમાં લખેલા ઠેકાણે તપાસ કરતાં જાણવા

મળ્યું કે એ બંગલાના માલિક શ્રીકાંત શ્રોફ છે. મહિના અગાઉ તેની પત્ની રસીલા શ્રોફનું આકસ્મિક મરણ થયા બાદ કલકત્તા રહેવા ચાલ્યા ગયા છે અને એ બંગલો પણ વેચી નાખવાનો છે. આ ખબર આપનાર મકાનોની દલાલી કરનાર ગૃહસ્થ હતો.

આ સાંભળી સુમન શેઠના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે વિચારવા લાગ્યા. રસીલા શ્રોફ છ મહિના પહેલાં મરણ પામ્યાં હોય તો પેલી યુવતી કોણ ?

સુમનલાલ શેઠ પેલા મકાનના દલાલને સાથે લઈ બંગલો જોવા ઊપડ્યા. બંગલો આલીશાન હતો. દીવાનખાના તથા શયનખંડમાં રસીલા શ્રોફની જુદા જુદા 'પોઝ'માં પડાવેલી છબીઓ ટિંગાતી હતી. અત્તર ખરીદવા આવેલી યુવતી એ જ હતી.

એના શયનખંડમાં પણ 'રોઝ ૨૦' અત્તરની મોહક સુગંધની આછી આછી મહેક હજુ પણ આવતી હતી. શેઠને આમાં કાંઈ સમજ પડતી નહોતી. દલાલને બીજી વાર મળવાનું કહી તેઓ દુકાને આવ્યા. શો-કેસ ઉપર સામે જ 'રોઝ-૨૦'નું અત્તર પડ્યું હતું. એ અજબ સેન્ટની મોહક સુગંધ ચારે તરફ પ્રસરી રહી હતી. શેઠને પણ આજે એ સુગંધથી તૃપ્તિ થતી નહોતી. અત્તર એ જ હોવા છતાં જાણે એમાંથી મહેક ઊડી ગઈ હતી.

નજરે જોયેલું-જાણેલું-અનુભવેલું હોવા છતાં એ માનવા શેઠનું મન માનતું નહોતું. શું છ મહિના પહેલાં મરણ પામેલી રસીલા શ્રોફનું પ્રેત ફક્ત એના અત્તરના શોખની અધૂરી રહી ગયેલી વાસના તૃપ્ત કરવા માટે જ આવી રીતે ભટકતું હશે ? શું આમ બની શકતું હશે ખરું ?

સુમનલાલ શેઠ મનોમન આ પ્રશ્નો પૂછી અને વિચારી રહ્યા હતા, પણ એનો ઉત્તર એમને કોણ આપે ?

☐



૧૯. પ્લાન્ચેટની પ્રક્રિયા

'ખબરદાર ! જો એને અડક્યો છે તો !'

અને હું અટકી ગયો. પેલી બારી ઉપરની હવાબારી પાસે એક પોટલા જેવું મૂકેલું હતું. બારી ઉપર ચઢીને એ પોટલી લેવાનો મારો વિચાર હતો. એ પોટલીમાંથી શું શું નીકળશે એ જાણવા હું અતિશય ઉત્સુક હતો, એટલો જ એ પોટલી શા માટે ત્યાં મુકાયેલી છે એ જાણવા માટે પણ.

મને ધમકાવવામાં આવ્યો કે તરત બારી પરથી હું નીચે ઊતર્યો.

'પણ, તમે કેમ ના પાડો છો ?' મેં પ્રશ્ન કર્યો.

'દાદાજીનો જીવ એના ઉપર આવીને બેસશે. જેટલા દિવસ ગીતાપાઠ ચાલશે તેટલા દિવસ એમનો જીવ ગીતાપાઠ સાંભળશે અને સંતૃપ્ત થશે. માટે ખબરદાર, જો એ પોટલી લીધી છે તો.'

મને વધુ સમજાવવામાં આવ્યો.

એ દિવસ દરમ્યાન ચોથી-પાંચમીમાં ભણતો. દાદાજી અવસ્થાને લીધે કુદરતના કાળચક્રના કાનૂન પ્રમાણે વસમી વિદાય લઈ ગયા.

હું તો એટલું જ સમજતો'તો કે દાદાજી હવે હાલી શકતા નથી, ચાલી શકતા નથી અને ઊંઘી ગયા લાગે છે. એટલે આ બધા તેમને ક્યાંક લઈ ગયા છે.

હવે દાદાજી કદી નહિ દેખાય એવું સાંભળતાં મને ઝળઝળિયાં પણ આવેલાં.

થોડીક વારમાં તો વિજય, પંકજ, શ્રીદેવી વગેરે હો-હા ધમાલ મચાવતાં આવી ચઢ્યાં.

'પેલી પોટલી જોઈ ?' હવાબારી તરફ અંગુલિનિર્દેશ કરતાં મેં કહ્યું. બધાં એ જોતાંવેંત ચમક્યાં ! ઘડીક તો બધાં શાંત રહ્યાં. દાદાજીના અવસાનથી ઘરમાં પણ સમગ્ર વાતાવરણ એવું થઈ ગયું હતું કે જવાબદારીવાળા વડીલવર્ગનું લક્ષ, ધાર્મિક વગેરે વિધિઓની કડાકૂટ તરફ જ કેન્દ્રિત થયેલું, જેવી રીતે અર્જુન અને દ્રોણાચાર્યની વાર્તામાં અર્જુનને પેલા પંખીની આંખ સિવાય કશું પણ નહોતું દેખાતું.

'અલ્યા ! દાદાજી તો ગુજરી ગયા. હવે જીવ ક્યાંથી આવે ?' અમારામાંથી કોક બોલ્યું.

'જીવ એટલે શું ?' પેલાને મેં પૂછ્યું કે ચૂપ થઈ ગયો.

'આત્મા.' શ્રીદેવીએ ચબરાકીથી જવાબ વાળ્યો કે અમે ચમક્યા.

'આત્મા ? તો આત્મા અને જીવમાં કશો ફેર નહિ ?' કોકે પૂછ્યું, પણ કોણ સમજાવે ?

'મૃતાત્મા ! મૃતાત્મા !' વિજય તાડૂક્યો.

અને એ પછી એણે સૂચવેલા એક અખતરા તરફ અમે વળ્યા. જીવ એટલે શું ? આત્મા એટલે શું ? આત્માનો જીવ ને શરીર જોડે શો સંબંધ છે ? મૃતશરીરને સ્મશાનમાં લોકો બાળે છે ત્યારે 'આત્મા' પણ ન બળે ?

ન બળે તો ક્યાં જાય ?

દાદાજીનો આત્મા ફરતો ફરતો પેલી પોટલી ઉપર ગીતાપાઠ સાંભળવા શું આવશે કે ? જો આવે તો બેઠેલો દેખાશે ?

જો આત્મા બેસી શકતો હોય તો કેવી રીતે બેસતો હશે ? એને પોટલી નાની ન પડે ? અને એવો વિચાર- વાવંટોળ મારા મનપ્રદેશમાં ચગ્યો.

મેં પૂછ્યું : 'અલ્યા વિજય ! આ આત્મા હોય કેવો ? ગોળ કે ચોરસ ? એ કેટલો મોટો હોય ?'

'ચૂપ રહે. આપણે મૃતાત્મા બોલાવીએ. જીવ અને આત્માની ઝંઝટ પડતી મૂક, તે ફાવે તે હોય.' વિજયે જવાબ વાળ્યો.

મારે પરાણે મૌન સેવવું પડ્યું.

અમે પ્રયોગ શરૂ કર્યો. રાતના સાડા નવેક થયા હતા.

એક મોટા કોરા ફૂલ્સકેપ કાગળની કિનારીઓ ઉપર 'એ'થી 'ઝેડ' લગી અને ૧થી ૧૦ લગી સંખ્યા લખી નાખી.

કાગળની વચ્ચે લગભગ તેના ગુરુત્વકેન્દ્ર આગળ એક પ્લાસ્ટિકની હળવી ગોળ ડબી ઊંધી પાડી અને પેન્સિલ વડે તેનો સીમાપ્રદેશ આંકી લીધો.

'મૃતાત્માનું આ ઘર છે.' વિજયે સમજ પાડી.

'ભૂતની આવી વાતો જવા દો, જવા દો !' એમ કોક બરાડી ઊઠ્યું અને કાગળ ફાડવા પણ દોડ્યું. ધાંધલ મચી. 'બીકણ ! બીકણ !' એવો શોર પણ પછી મચ્યો.

પણ પ્રયોગ આગળ ચાલ્યો. કોરા કાગળ પરના પેલા વર્તુલમય મૃતાત્માના ઘર (હોમ) પર પ્લાસ્ટિકની હળવી ડબી ઊંધી

મુકાઈ. હું, પંકજ અને વિજય ત્રણેય જણાએ અંગૂઠા પછીની આંગળી પોલી રીતે (હલકી રીતે) પેલી ડબી ઉપર મૂકી.

'ખરેખરા સાચા દિલના રહેજો અને ડબીને ધકેલશો નહિ.' વિજયે ગંભીરતાપૂર્વક સમજાવ્યું.

હું ચમક્યો. પંકજ વધારે સ્વસ્થ થયો અને નાની શ્રીદેવીએ ઘરમાં મારી મૂકી ! પુરપાટ ! !

'મૃતાત્મા આવો, મૃતાત્મા આવો' એવું અમે ત્રણેય મનોમન સતત રટવા માંડ્યા. સમય વીત્યો પણ ડબી ન હાલી. વિજયની ભારોભાર ગંભીરતા અને પંકજની મીંચાયેલી આંખો જોઈને મને હસવું આવ્યું કે અકસ્માત ડબીને સહેજ ધક્કો મરાઈ ગયો અને વિજય વીફર્યો.

ફરી વાર અખતરાનો આરંભ કરાયો. ઘણી વારે ડબી સહેજ હાલી અને થોડુંક સ્થળાંતર કરી ફરી હોમમાં આવી ગઈ. અમે ડબીના સ્થળાંતરકાળ દરમ્યાન પણ અમારી આંગળીનાં ટેરવાં હળવી રીતે ડબી પર મૂકી રાખેલાં. ભાર ન આવે તેમ.

પ્રથમ પ્રશ્ન પુછાયો કે 'તમે ક્યાંના વતની હતા ?'

હોમમાંથી ડબી ખસતી ખસતી 'એમ' તરફ ગઈ. પછી 'ઓ' તરફ. પછી 'એસ' તરફ અને અંતે મૉસ્કો જવાબ પ્રાપ્ત થયો.

ત્યાર બાદ અમે અમારા સ્વાર્થને લગતા પ્રશ્નોની ઝડી વરસાવી. સમય સારો એવો પસાર થઈ ગયો.

એક પ્રશ્નનો જવાબ 'હું તમારો સંહાર કરી નાખીશ' આવ્યો કે વિજયે કહ્યું : 'તેને છોડી મૂકો. તે થાક્યો છે. તે ગુસ્સે ભરાયો છે.'

સ્વિચ ઑફ કરી, પોતપોતાની પથારીમાં થાક્યાપાક્યા ઘસઘસાટ અમે ઊંઘી ગયા.

ઉત્તરાયણને દિવસે ચગેલા અસંખ્ય પતંગોમાંનો ચોક્કસ કપાયેલો પતંગ પકડવો એ પ્રમાણમાં અઘરું છે જ્યારે ગમે તે કપાયેલા પતંગને પકડવો ઠીક ઠીક સરળ છે.

કંઈક એમ જ, નિશ્ચિત મૃતાત્માને બોલાવવો કપરું છે, જ્યારે ગમે તેને આમંત્રવો, સરખામણીએ સરળ છે, વેગીલું છે. જોકે આવા પ્રયોગોથી દૂર રહેવું જોઈએ. અને એ પ્રત્યે સૂગ કેળવવી જોઈએ. કચરાપેટી તરફ આપણે કદી આકર્ષાયા છીએ ? તેમ છતાં આ ક્ષેત્રની આવી જણાયેલી ઘટનાઓનો ઊગમ વર્ષો લગી અજાણ્યો રહેવાનો. લંડન વસેલા પોતાના પુત્રને તેનો પિતા જોઈ શકતો નથી કે પુત્ર પિતાને જોઈ શકતો નથી. પૃથ્વી પરની જીવંત વ્યક્તિનો આત્મા પેલા મૃતાત્માને જોઈ શકતો નથી. છતાં પણ પિતાપુત્ર રસ લે છે એવું જ કંઈક આત્મા-મૃતાત્માઓનું છે. પત્રવ્યવહાર દ્વારા જેમ પેલા પિતાપુત્ર વાતો કરે છે એમ આવા પ્રયોગો દ્વારા, આવા પ્રયોગોને નિમિત્ત બનાવી પૃથ્વી પરના આત્મા અગમ્ય લોકમાંના મૃતાત્માઓની નજીક આવવા પ્રયત્ન કરે છે.

અમારા પદાર્થવિજ્ઞાનમાં શક્તિસંચયના અચળત્વનો સિદ્ધાંત આવે છે. બંધમાંના ખૂબ ઊંચે રહેલા પાણીમાં અપાર સ્થિતિશક્તિ રહેલી છે અને જ્યારે તેને વહેવડાવવામાં આવે છે ત્યારે વિદ્યુતઉત્પાદક મથકમાંના પેલા જનરેટરને એ પાણીની પ્રચંડ શક્તિ પુરપાટ પરિભ્રમણ કરાવી વીજળી પેદા કરી શકે છે. ટૂંકમાં પૃથ્વીમાંની વિધવિધ પ્રકારની કાર્યશક્તિઓનો જથ્થો અચળ રહે છે. તેઓનાં સ્વરૂપ ભલે જુદાં હોય, પૃથ્વી ઉપરની જીવંત વ્યક્તિઓનો આત્મા, કાળચક્રના ફરવા સાથે મૃતાત્મામાં ફેરવાય, ફરી બીજો જીવ ધારણ કરી આત્મા સ્વરૂપે આવે. એટલે કે પુનર્જન્મ લે. એટલે કે સમગ્ર બ્રહ્માંડમાંના આત્મા-મૃતાત્માઓ લગભગ અચળ જેવા છે અને જુદે જુદે સમયે જુદે જુદે સ્વરૂપે રહે છે. પદાર્થવિજ્ઞાનના હમણાં જ જોયા તે પ્રમાણેના પેલા શક્તિસંચયના અચળત્વના સિદ્ધાંતની સમાંતર આ ઘટના રહેલી છે એ નોંધવા જેવું તો ખરું.

વૃક્ષ ઉપરથી નીચે પડતા ફળને ન્યૂટનના પહેલાં કોઈએ શું નહિં જોયું હોય ? ચોક્કસ જોયું હશે જ; પણ જોનારને એ જાણીતી ઘટના અજાણી એ વેળા જરૂર લાગી હશે. એટલે આપણે માટે પણ કેટકેટલી ઘટનાઓ જાણવા છતાં અજાણી રહી જાય છે.

પેપરો ફૂટવાં, વિદ્યાર્થીઓનું નાપાસ થવું, કેનેડી, માર્ટિન લ્યૂથર, બંદારનાયક, ગાંધીજી વગેરે પર ગોળી છોડીને મોત નિપજાવવું, રૂપિયાનું અવમૂલ્યન, પ્રકાશ કણ સ્વરૂપનો છે કે તરંગ સ્વરૂપનો, ઈથરનું અસ્તિત્વ છે કે, અનાજનો ભાવવધારો વગેરે પારાવાર ઘટનાઓ બનતી જોઈ શકીએ છીએ, અનુભવી પણ શકીએ છીએ છતાં એ કેવી રીતે થાય છે એ વિચારીએ તો ઊંડા ઊતરવું પડે છે. વાદવિવાદ, ચર્ચાઓ થાય છે, મતમતાંતર થાય છે, અને આપણે કોઈક વાર ફસાતા જઈએ છીએ, ગૂંગળાતા જઈએ છીએ, અને મોટે ભાગે એ ઘટનાઓ આપણી પૃથ્વી પર અજાણી તરીકે અડ્ડા જમાવી બેસે છે !

હું તો માનું છું કે આવી ઘટનાઓ અગમ્ય, અદૃશ્ય અને અગોચર એવા પરમકૃપાળુ પ્રભુનું અસ્તિત્વ પુરવાર કરીને તેનામાં આપણી આસ્થા દૃઢ કરવા કારણભૂત બને છે.

*

સ્ટવ વિષેના મારા અનુભવો હું લખવા ઇચ્છું છું તે નીચે મુજબ છે :

જૂન ૧૯૬૨માં મારા મિત્રો અને મેં સ્ટવને લગતા જુદા જુદા અનુભવો કર્યા જે નીચે મુજબ છે :

(૧) સ્ટવ કેરોસીનથી સંપૂર્ણ ભરેલો હોય તોપણ પૂછેલા સવાલના જવાબ ટકોરા મારીને આપે છે.

(૨) તે માટે કોઈ પણ મંત્ર કે ધૂપદીપ કરવાની જરૂર નથી.

(૩) સ્ટવ પર બેસનાર ત્રણે વ્યક્તિને આ માટે સંપૂર્ણ શ્રદ્ધા હોવી જરૂરી છે. નહિ તો ઘણા લાંબા સમય સુધી જવાબ મળતા નથી.

(૪) દરેકે ધ્યાન કેન્દ્રિત કરી એકીનજરે સ્ટવ સમક્ષ જોઈ રહેવું ખૂબ જ જરૂરી છે.

(૫) જે પ્રશ્નોના જવાબ જાણતા હોય તે જ પ્રશ્નોના તદ્દન સાચા જવાબ મળે છે. પરંતુ જે પ્રશ્નોના જવાબ જાણતા નથી તે પ્રશ્નોના જવાબ ખોટા અથવા ૫૦ ટકા સાચા મળે છે.

(૬) ત્રણ પાયાની કોઈ પણ વસ્તુ જેવી કે માટલી મૂકવાની ઘોડી, રોટલી વણવાની આડણી, સાઈકલ, લોખંડની સગડી વગેરે પણ સ્ટવની માફક પૂછેલા પ્રશ્નોના જવાબ ટકોરા મારીને આપે છે.

(૭) સ્ટવને તેના બે પાયા હવામાં અધ્ધર રાખવાનું કહેતાં સ્ટવ તેના એક જ પાયાને હવામાં અધ્ધર રાખે છે.

(૮) વળી સ્ટવ પર બેસનાર કોઈ પણ વ્યક્તિ તેનો પ્રશ્ન મનમાં પૂછે તોપણ તે પ્રશ્નનો જવાબ ટકોરાથી મળે છે.

(૯) આ પ્રયોગ માટે કોઈ પણ સ્ત્રીજાતિની વ્યક્તિ બેસી શકતી નથી. કારણ કે ઘણા લાંબા સમય સુધી બેસવા છતાં પણ સ્ટવ ટકોરા મારીને જવાબ આપતો નથી.

(૧૦) સામાન્ય રીતે જે તાસક પર સ્ટવ મૂકવામાં આવે છે તેની ઊંચાઈ ૨થી ૨ા ઇંચ હોય છે. હવે સ્ટવને તાસક પરથી નીચે ઉતારી જે દિશામાં ખસવાનું કહો છો તે દિશામાં સ્ટવ તાસક પરથી નીચે ઊતરે છે અને તે જ દિશામાં કહો તેટલું અંતર ચાલે છે. અને ફરીથી તેને તાસક પર જઈ ટકોરા મારવાનું કહેતાં તાસક પર જઈ ટકોરા મારે છે. આ પ્રયોગ જોવા જેવો, આનંદદાયક અને વિચાર માગી લે તેવો છે. આ પ્રયોગ દરમ્યાન જો સ્ટવમાં કેરોસીન ભરેલું હોય છે તો તે ઢોળાય છે.

હવે સાઈકલને લગતો પ્રયોગ વિચાર માગી લે તેવો છે. એ નીચે પ્રમાણે છે :

પ્રથમ સાઈકલ સ્ટૅન્ડ પર ઊભી રાખી અને પછી નિયમ પ્રમાણે અમે ત્રણ મિત્રોએ અમારા હાથની ત્રણ આંગળીઓનાં ટેરવાં ગવર્નર અને કેરિયર પર ગોઠવ્યાં.

પછી અમુક સમયના પ્રયત્ન બાદ સાઈકલના સ્ટૅન્ડનો એક પાયો માગ્યા પ્રમાણે ટકોરા આપતો હતો. સમય, તારીખ, વાર વગેરેના જવાબ માગ્યા પ્રમાણે ટકોરા મારીને આપતો હતો. ત્યાર પછી એક મિત્રે સાઈકલ સ્ટૅન્ડ પરથી નીચે ઉતારી આગળ ચાલવાનું સૂચન કર્યું અને અમારા સૂચન વચ્ચે સાઈકલ ખરેખર સ્ટૅન્ડ પરથી નીચે ઊતરી ગઈ અને કહેવા પ્રમાણે આગળ ચાલવા લાગી.

ફરીથી સાઈકલને સ્ટૅન્ડ કરી, સાઈકલની સીટ પર એક મિત્રને બેસાડ્યો. અને ફરીથી ત્રણ મિત્રો નિયમ પ્રમાણે ગોઠવાઈ ગયા. અને પછી સાઈકલને સ્ટૅન્ડ પરથી નીચે ઊતરી ચાલવાનું કહ્યું. અને સાઈકલ કોઈ પણ જાતના બાહ્ય બળ વગર આગળ ચાલવા લાગી.

સીટ પર બેઠલો મિત્ર ગવર્નિંગ કરવા લાગ્યો અને આ રીતે સાઈકલ ધીમે ધીમે પ્લૅટફૉર્મના એક છેડાથી બીજા છેડા સુધી બાહ્ય બળ વગર ચાલી. આ પ્રયોગ રાત્રે મણિનગર સ્ટેશનના પ્લૅટફૉર્મ પર કર્યો હતો. સાથે અમે ત્રણે મિત્રો પણ આંગળીનાં ટેરવાં રાખીને ચાલ્યા.

આ પ્રસંગ અમને જિંદગી સુધી યાદ રહી ગયો છે.

વળી દૈનિક પેપરમાં રેલવેના ડબા પાંચ-છ માઈલ સુધી એમ ને એમ દોડી જવાના સમાચાર પણ વાંચ્યા છે. કદાચ તેનું કારણ આવું પણ હોઈ શકે !

□



૨૦. ચરીતર

માનવના જીવનમાં ક્યારેક એવા પ્રસંગો બની જાય છે કે ત્યારે એણે ન માની શકાય એવી વાતનું અસ્તિત્વ છે એમ માનવું પડે છે.

જીવનમાં રહી ગયેલી કોઈ વાસનાને કારણે જ મૃત્યુ પછી, એ જીવ પોતાની અધૂરી મનઃકામના પૂર્ણ કરવા વિશ્વમાં અથડાતા ફરે છે. ક્યારેક એ ધાર્મિકતાથી અને સ્નેહથી ભરપૂર હોય છે, અને બીજાને માટે આશીર્વાદ સમાન હોય છે તો ક્યારેક નિષ્ઠુર હોય છે !

ભૂતપ્રેતના વિષયને પ્રથમ તો હું કાલ્પનિક માનતો હતો. અમુકના અનુભવો પછી તે વિષય મારે માટે શંકાભર્યો બન્યો હતો

. . . પરંતુ એક અનુભવ મારા જીવનમાં એવો બન્યો કે મારે એ વિષયના અસ્તિત્વ વિષે માનવું જ પડ્યું.

મારા આ અનુભવની વાત લગભગ વીસેક વર્ષ પહેલાંની છે.

મારું મૂળ વતન લીંબડી પાસે આવેલું સૌકા ગામ ! આ લીંબડી અને સૌકા વચ્ચે આવેલો ભોગાવો આજે સુવિખ્યાત છે.

આ ભોગાવો અને આ સૌકા ગામની એક જમાનામાં જાહોજલાલી હતી ! સૌકાની બ્રહ્મપોળ એટલે સૌકાનું નાક કહેવાતી !

આ પ્રસંગ જ્યારે બન્યો ત્યારે મારી ઉંમર વીસ-એકવીસ વર્ષની હતી. હું રાણપુરમાં નોકરી કરતો. મારાં બા-બાપુજી સૌકામાં રહેતાં હતાં.

અચાનક એક દિવસ હું સૌકા બાપુજીને મળવા ગયો. થોડું કામ પણ હતું જ ! સૌકા એક-બે દિવસ રોકાયો અને તે પછી રાણપુર જવા માટે નીકળ્યો. તે સમયે અત્યારે લીંબડી સ્ટેશને જે સુવિધાઓ છે તેવી ન હતી. બપોર પછી જો બોટાદ-રાણપુર તરફ જવું હોય તો રાત્રે બાર વાગ્યા પછી ટ્રેન મળતી અને અમદાવાદ તરફ જવાની ટ્રેન લગભગ સાડા અગિયાર વાગ્યે મળતી.

હું અને મારા કાકા બંને રાત્રે સાડા દસ વાગ્યે લીંબડી જવા નીકળ્યા. મારા કાકાને અમદાવાદ જવાનું હતું. આથી મને થોડે સુધી સથવારો મળી ગયો હતો.

સૌકાની નિશાળવાળા રસ્તે થઈ ભોગાવામાંથી સીધા સ્ટેશન સુધી જવાનો રસ્તો હતો. અંધારું હતું તેથી સાથે 'ટૉર્ચ' રાખી હતી.

સામાનમાં ફક્ત એક થેલી હતી. ઘેરથી વાતો કરતા ધીરે ધીરે પંથ કાપ્યે જતા હતા, કારણ કે સમય ઘણો હતો.

અમે નિશાળ પાસેના રસ્તા પરથી પસાર થતા આગળ વધતા હતા ત્યારે એ રસ્તે એક 'કોઠી'નું ઝાડ આવે છે. એ ઝાડ પરથી કોઈ પડ્યું હોય તેવો ધબાકો થયો !

અચાનક થયેલા આ અવાજથી અમે ગભરાઈ ગયા. ટૉર્ચના પ્રકાશમાં એ તરફ જોયું પણ કશું જ નહોતું. એટલે કંઈક વાંદરું હશે એમ માનીને, બીક ખંખેરીને આગળ વધ્યા.

સૌકાના ભોગાવાના રેતાળ પટમાંથી અમે પસાર થતા હતા ત્યારે એક ચમત્કાર અમારી સામે ખડો થયો.

અંધારામાં અમારાથી ચારપાંચ વાર દૂર કોઈક બે સફેદ આકૃતિઓ અમારા પ્રતિ અંગુલિનિર્દેશ કરતી અંદરોઅંદર વાત કરતી હતી ! તેઓ શી ચર્ચા કરતા હશે એ તો અમને ખબર ન પડી, પણ અમારા પ્રત્યે વારંવાર થતા અંગુલિનિર્દેશે મને ગભરાવી મૂક્યો.

મેં મારા કાકાને પૂછ્યું : 'હેં કાકા ! આ આગળ બે જણા જાય છે તે કોણ છે ? આપણા સામે આંગળી ચીંધી શી વાત કરે છે ? ભૂતપ્રેત તો નથી ને ? '

'ના રે ના, ભૂતપ્રેત વળી કેવાં . . . તને ખબર છે, આપણા બાપદાદા કહેતા કે 'શંકા ભૂત અને મંછા ડાકણ'; એટલે એવી કોઈ શંકા અને ડર રાખ્યા વિના ચાલ. એવું કંઈ જ નથી.'

મારો ડર થોડો ઓછો થયો પણ એ આકૃતિઓનું અસ્તિત્વ મને મૂંઝવતું હતું.

ભેંકાર અંધકાર અને ઘેરી નિઃસ્તબ્ધતા ચોમેર પથરાયેલી હતી. આવા ભયાનક વાતાવરણ વચ્ચે અમે બે જ માણસો જતા હતા. અને તેમાં વળી આ આકૃતિઓ એ ભયાનકતામાં વધારો કરતી હતી.

દસેક મિનિટ સુધી અમારી આગળ એ આકૃતિઓ ચાલતી જ રહી.

મારા કાકા માતાજીના પરમ ઉપાસક અને મંત્રતંત્રના વિદ્વાન હતા. એમના મનમાં પણ એ આકૃતિઓ વિષે શંકા જાગી હતી. તે પછી તેમણે નીચા નમીને ભોગાવાના રેતાળ પટમાંથી થોડાક કાંકરા વીણ્યા, અને અમે આગળ વધ્યા.

થોડા સમય પછી અમે ભોગાવાના મધ્ય પટ સુધી પહોંચ્યા.

અહીં મારા કાકાએ પોતાના જમણા હાથમાં એકબે કાંકરીઓ લઈને મુખ પાસે રાખી અને કંઈક કર્યું. પછી એ કાંકરીઓ એ આકૃતિઓ તરફ ફેંકી. પણ કાંઈ પરિણામ મેં ન જોયું.

મારા કાકાની આ વર્તણૂક જોઈને મને થયું કે એ આકૃતિઓ ભૂત જ છે. મારા કાકા પોતાની શક્તિની નિષ્ફળતાથી કંઈક વિચારમાં પડી ગયા.

ભોગાવામાંથી એમણે થોડું પાણી લીધું. કાંકરીઓ મને સોંપી અને પછી તેઓ આ મંત્ર ધીમેથી બોલ્યા : 'ૐ અપવિત્રં પવિત્રો વા' આ મંત્ર બોલીને તેમણે એ પાણી પોતાના માથા પર રેડ્યું અને પછી શિખા (ચોટલી) છૂટી કરી ! અને મારી પાસેથી કાંકરીઓ લઈ જળમાં બોળી પવિત્ર કરી.

અને તે પછી મેં જોયું કે પેલી બંને આકૃતિઓ અમારા પ્રતિ દાંતિયાં કરતી ભેખડ પર ઊભી હતી. અમે આગળ વધ્યા પણ એ આકૃતિઓ હવે આગળ નહોતી વધતી. એની કોઈ સીમા આવી ગઈ હોય તેમ તે ત્યાં જ ઊભી હતી. અમે બંને તેની નજીક પહોંચ્યા.

આ જ વખતે મારા કાકાએ બે કાંકરી રાખી અને બીજી ફેંકી દીધી, અને ખોંખારો ખાધો, અને એ બંને કાંકરી મોં સામે રાખી કોઈ મંત્ર ભણ્યા.

અમે ત્યાં થોડો સમય ઊભા રહી ગયા, અને તે પછી મારા કાકાએ એ બન્ને કાંકરી એક પછી એક એ આકૃતિઓ સામે ફેંકી. એક ચીસ પડી અને આકૃતિઓ અદૃશ્ય થઈ ગઈ. હું મૂઢ બનીને જોઈ જ રહ્યો.

મેં પૂછ્યું : 'એ શું હતું ?'

'કંઈ જ નહોતું.' તેમણે જવાબ દીધો.


મેં ઘણી માથાકૂટ કરી પણ તેમણે વાત જ ફેરવી નાખી.

લગભગ બેત્રણ મહિના પછી હું અમદાવાદ ગયો ત્યારે મને આ વાત યાદ આવતાં મેં મારા કાકાને કહ્યું કે જે હતું તે મને કહો.

ત્યારે એમણે કહ્યું : 'ભાઈ, તું ડરી ન જાય એ માટે જ તને નહોતું કહ્યું. પણ એ 'ચરીતર' હતું. આપણે જે રસ્તેથી નીકળ્યા હતા ત્યાં કોઠીના ઝાડ નીચે ધબાકો થયો હતો ત્યારથી જ હું તે જાણી ગયો હતો કે આપણી પાછળ પડશે જ. પણ જનોઈ અને ગાયત્રીમંત્ર હોવાથી તે આપણને કંઈ કરી શક્તાં નહોતાં; પણ તેની સીમા આવી ત્યારે તેઓ અચૂક આપણને ઉથલાવી નાખત. પણ હું ચેતી ગયો અને મંત્રનો ઉપયોગ કર્યો ને તે અદૃશ્ય થઈ ગયા.'

આ અનુભવ પછી ન માની શકાય તેવી વાતનું અસ્તિત્વ મારે માનવું પડ્યું.

□



૨૧. દેવત્વનો અવતાર

'દેવ ધીંગા થાય છે, કારણ કે માણસ સ્વાર્થી અને દુર્બળ બન્યો છે.

'મઠોના કરતાં મંદિર મોટાં થયાં છે, ને પથરા કરતાં દેવની સંખ્યા વધતી જાય છે.

'દેવના દીવા ઘરના દીવા કરતાં વધુ ઘી ખાય છે ને ભક્ત કરતાં પૂજારી તગડા દેખાય છે.

'ગામેગામ છેતરપિંડીનાં દેવબજારો ખડાં થતાં જાય છે ને માણસ ભોગલાલસાની આરતી ઉતારતો જાય છે.

'ગમે ત્યારે જેમ ભગવાન અવતાર ધરતા નથી, એમ ગમે તે પથરાની મૂર્તિ પૂજનીય બનતી નથી. એ માત્ર ખિલૌનું છે, આકાર છે, અસ્મિતા નથી.

'હરએક મંદિર દેવનું વાસસ્થાન બની શક્તું નથી ને હરએક મૂર્તિ વરદાન આપી શક્તી નથી.'

મુનીન્દ્ર આજ ક્રાંતિકારની જબાનમાં બોલતા હતા. મંદિરો અને મૂર્તિઓની દિનદહાડે વધતી જતી સંખ્યાથી એ નારાજ હતા. એ બોલ્યા :

પથ્થરમાં દેવત્વ અવતારવાની હરેક શાસ્ત્રમાં મોટી વિધિઓ અને ક્રિયાઓ છે. સહુથી પ્રથમ તો એ મૂર્તિઓ ઘડવાની વિધિ છે ! ને એના ઘડનાર પાસેથી માગવામાં આવતી ભયંકર સંશુદ્ધિ છે. પૃથ્વીની ગંદકી દેવોને અસહ્ય છે.

કોઈ પણ દેવની મૂર્તિ ઘડવાનો જ્યારે વિચાર કરવામાં આવે છે ત્યારે સારી ખાણ પસંદ કરવામાં આવે છે. એ ખાણમાંથી નીકળતા પથ્થરની જાતોનો વિચાર કરવામાં આવે છે. હીરો જેમ ડાઘી હોય તો તે અપશુકનિયાળ ગણાય છે, લોકો તેને વાપરતા નથી; એમ પથ્થર પણ જો ડાઘી કે બરાબર ન હોય તો તેનો ત્યાગ કરવાનું શાસ્ત્રમાં વિધાન છે.

આ પછી જે મૂર્તિ બનાવવાની હોય છે, એનું શાસ્ત્રીય સ્વરૂપ, માપ વગેરે વિચારવામાં આવે છે, અને તે પ્રમાણે માપપૂર્વક તેને તૈયાર કરવામાં આવે છે.

પથ્થરમાંથી પ્રતિમા ઘડનારા શિલ્પીઓએ પણ ખાસ શુદ્ધિ ને પવિત્રતા જાળવવી પડે છે. કામ કરતાં પહેલાં તેઓ પૂરી શરીરશુદ્ધિ કરે છે, સ્વચ્છ ને સફેદ વસ્ત્રો ધારણ કરે છે, મુખમાં સુગંધી મુખવાસ રાખે છે, મોં આડે પણ વસ્ત્ર રાખે છે.

આં દિવસોમાં શૌચ વારંવાર જવું પડે કે બંધકોશ થાય તેવો આહાર લેતા નથી. હિંગ કે ડુંગળી-લસણનો ત્યાગ કરે છે.

શાંત અને ઉત્સાહી વાતાવરણ નીચે પ્રતિમાઓ ઘડાય છે. કોઈ વાર મીઠું સંગીત કે કોઈ વાર સુગંધ પ્રસારવામાં આવે છે.

કુશળ શિલ્પીઓ માપ, તોલ ને નિયમ મુજબ એવી રચના કરે છે કે જાણે પ્રતિમામાં પ્રાણ મૂકવો બાકી રહે છે. એમ લાગે છે કે જાણે હમણાં એ બોલી ઊઠશે.

હવે પ્રતિમામાં ઈશ્વરત્વ યા દેવત્વની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. આ એક મહત્ત્વની મંત્રાક્ષરવાળી ને બહુ મોટી વિધિ છે.

પથ્થરની મૂર્તિમાં પ્રભુત્વ પ્રગટાવવા અંજનશલાકાનો એક વિધિ થાય છે.

આ વિધિમાં પ્રથમ એક શાનદાર મંડપ તૈયાર કરવામાં આવે છે, ને વેદિકા પર ઘડીને તૈયાર કરેલી મૂર્તિનું સ્થાપન કરવામાં આવે છે. આજુબાજુનું વાતાવરણ સુંદર અને સુગંધી તથા વાજિંત્રોના મીઠા સૂરોથી આહ્લાદક બનાવવામાં આવે છે.

પછી પૃથ્વી પર દેવોને આમંત્રણ આપવા જળયાત્રા યોજવામાં આવે છે. મહાપુરુષો જે ભૂમિને સ્પર્શ્યા હોય એ ભૂમિનાં રજકણોમાં સત્ત્વ હોય છે. આ પ્રસંગે પવિત્ર તીર્થોમાંથી ને પવિત્ર નદીઓમાંથી જળ મગાવી તેનાથી ભરેલા કુંભોમાં ૧૮ જુદી જુદી ઔષધિઓ તાપી ધરતીને પવિત્ર જલથી શુદ્ધ કરવામાં આવે છે.

આ પછી કુંભસ્થાપના થાય છે. સ્વચ્છ જળથી ભરેલા માટીના ઘડા પર નાળિયેર મૂકી, આજુબાજુ નાગરવેલનાં પાન મૂકી, લીલા રેશમી કપડાથી મુખ બાંધી, નીચે ચોખા પાથરી તેના પર કુંભ મુકાય છે.

આ દરમિયાન મંત્રોચ્ચાર ચાલુ હોય છે. કુંભની બે બાજુ બે દીપક રાખવામાં આવે છે, જે મહોત્સવ દરમિયાન અખંડ જલતા રહે છે.

આ વખતે સવારસાંજ સંગીત, નૃત્ય, ગીત ને વાદ્ય ચાલુ રહે છે. જે કોઈ ગીત-સંગીતમાં ભાગ લે એને ખાલી હાથે જવા દેવામાં આવતા નથી. કોઈ ને કોઈ ચીજ ભેટ આપવામાં આવે છે.

આટલી સત્ત્વશુદ્ધિ પછી નવ ગ્રહની પૂજા થાય છે. દશ દિક્પાળને વધાવવામાં આવે છે. દેવોને બલિબાકુલા આપી આવાહન આપવામાં આવે છે. ક્ષેત્રપાલ દેવદેવીને આમંત્રીને હવે પછીનો બધો ભાર તેમને સોંપવામાં આવે છે. યંત્રપૂજન પણ થાય છે.

અને પછી પથ્થરની પ્રતિમામાં પ્રભુ પ્રગટાવનાર ગુરુદેવ ગુરુમંત્રનો જાપ શરૂ કરે છે. આ ગુરુ જેટલા પવિત્ર ને જેટલા જાણકાર એટલું પ્રબલ પ્રભુત્વનું પ્રતિમામાં આરોપણ થાય છે.

પૃથ્વી શુદ્ધ કરવાની, હવા સુગંધી કરવાની, અને એ સાથે આ કાર્ય કરનારે પણ ખૂબ દેહશુદ્ધિ રાખવી પડે છે. માથાના વાળ કંકોડીથી સાફ કરવાના હોય છે. દેહ પર પીઠી ચોળી સ્નાન કરવું પડે છે, ને સ્વચ્છ વસ્ત્ર સાથે માથામાં ચંબેલીનું તેલ નાખવાનું હોય છે.

દેવોને પૃથ્વી પર નિમંત્રવા એ સામાન્ય બાબત નથી. એ પ્રસંગે એ નગર, ગામ યા તેટલા વિસ્તારમાં કોઈ માણસ ભૂખ્યુંતરસ્યું ન હોવું જોઈએ. એ માટે ગામઝાંપે ચોખા મૂકવાનો રિવાજ હોય છે. ગામના કે નગરના એક પણ ઘરમાં એ દિવસે ધુમાડો ન નીકળે. ચૂલો ન સળગે. અઢારે વર્ણ એકસાથે જમે ને આનંદ કરે.

આટલી સત્ત્વશુદ્ધિ પછી પરમ મંત્રાધીશ્વર આચાર્ય ગુરુ એક અંજન તૈયાર કરે છે. સોનાની સળી (શલાકા) હાથમાં લે છે ને પ્રભુની કે દેવની પ્રતિમાની આંખમાં આંજે છે.

આ વિધિ પછી પથ્થરની પ્રતિમા સાક્ષાત્ પ્રભુરૂપ કે દેવરૂપ બને છે. માણસ તેની અવહેલના કે ઉપાસના દ્વારા શાપ કે વરદાન પામે છે.

ખરેખરી વિધિથી દેવત્વ પામેલી અનેક પ્રતિમાઓ આજે પણ ચમત્કારિક છે.

આવી દેવપ્રતિમાઓને કાજે મંદિરો બનાવવાં એ પણ રમત વાત નથી. ખોટી રીતે બનાવેલાં મંદિરોમાં આવી મૂર્તિઓ મૂકવાથી ઘણાં ગામ યા સંઘની અવનતિ થયેલ છે.

દેવમંદિરો હલકાં કાષ્ઠ કે માટીનાં બનાવવાનાં હોતાં નથી. ઓછામાં ઓછાં એક હજાર વર્ષ ચાલે તેવો પ્રબંધ કરવાનો હોય છે.


મંદિરનો પાયો ઊંડો જોઈએ અને તેના બ્રહ્મરંધ્રમાં એકે બાલ કે હાડકું હોવું ન જોઈએ. એની નીચેની જમીન પણ ખાસ શુદ્ધ કરી લેવી જોઈએ.

આ મંદિરની જમીન પણ ન્યાયના દ્રવ્યથી મેળવેલી હોવી જોઈએ. મંદિર બાંધવામાં જો ગફલત થાય અને એમાં પ્રભુત્વવાળી મૂર્તિને પધરાવવામાં ન આવે, તો અગ્રેસરોને ખૂબ હાનિ પહોંચે છે. નિર્વંશ પણ જાય છે.

મંદિરના કેટલાક નિયમો હોય છે. જે મંદિરમાં નિયમો ન જળવાય એ મંદિર વેધવાળાં ગણાય છે. આ મંદિરો એના નિર્માતાનું ખૂબ નુકસાન કરે છે.

ઘણાંખરાં મંદિરોના બંધાવનારાની તે પછી અવનતિ કે ઉન્નતિ જોઈએ છીએ તે પ્રસ્થાપિત મૂર્તિ કે મંદિર દ્વારા થયેલી હોય છે.

□



૨૨. મહમદ છેલ ને 'મોનો'

'સંસારમાં જાદુકલા બે પ્રકારની છે. એક બ્લૅક મૅજિક, જેને આપણે મેલી વિદ્યા કહીએ છીએ તે, અને બીજી વ્હાઈટ મૅજિક. વ્હાઈટ મૅજિકમાં ૭૫ ટકા વિજ્ઞાન છે. બ્લૅક મૅજિકમાં ૭૫ ટકા માંત્રિક સાધના છે.'

જાદુકલાને સંસારની અન્ય કલાઓની સમાન માનવંત દરજ્જે બેસાડનાર ને દેશમાં તથા દેશ બહાર માન પામનાર મહાન જાદુગર શ્રી કે. લાલે ઉપરના શબ્દો અમારાં આ લખાણો માટે ઉચ્ચારતાં ને વિશેષ મસાલો આપતાં કહ્યું :

'આકાશમાં ઘણી અદૃશ્ય વસ્તુઓ રહી છે, તેમ પ્રેતાત્માઓ પણ વસે છે. તેઓ અતૃપ્ત વાસનાવાળા હોય છે, ને પોતાની વાસના

તૃપ્તિ માટે મિડિયમ(ઉત્તરસાધક)ની શોધમાં ફરતા ફરે છે. બ્લૅક મૅજિકનો સાધક એ આત્માઓને મોં માગ્યા બલિથી ને બહુમાનથી ખુશ કરે છે ને પછી પોતાનું ધાર્યું કામ કરાવે છે. પણ આ સંબંધ કાષ્ઠ અને અગ્નિનો છે. પચાસ ટકા સાધકો, જાદુગરો, તાંત્રિકો આખરે એમાં દુ:ખી થાય છે, ને કમોત માણે છે ! જૂના વખતના અઘોરીઓ, કાપાલિકો ને માંત્રિકો આ જાણતા.

પણ આખરે તેમની વૃત્તિઓ પ્રચંડ બની જતી, ને પોતે પોતાને ખાતી. ધીરે ધીરે આવા લોકોની સંખ્યા ઘટી ગઈ. આ મેલી વિદ્યા કેટલાક જાદુગરોએ હસ્તગત કરી, ને તેઓ જાદુગર તરીકે ભારે નામના મેળવી ગયા.'

શ્રી કે. લાલના શબ્દોમાં જાદુકલાના એ પુરોગામીઓ તરફ હમદર્દી હતી. તેઓએ આદર સાથે આગળ કહ્યું :

'આ પછી બ્લૅક મૅજિક તરફ લોકોનો ચાહ ઘટ્યો ને પછી બ્લૅક મૅજિક અને વ્હાઈટ મૅજિક બંનેનો પ્રયોગ જાદુગરો કરવા લાગ્યા. મહમદ છેલની વાત તો જાણો છો. એ કાળમાં કચ્છમાં 'મોનો' – મોહન – કરીને સુપ્રસિદ્ધ જાદુગર થઈ ગયો. પણ કળાકારો તરફની ઉપેક્ષા અને અસૂયાએ તેમને ઈતિહાસમાં સ્થાન આપ્યું નથી. મારી પાસે 'કચ્છ મિત્ર' નામના કચ્છના આગેવાન પત્રનું એક કટિંગ છે. તેટલું હાલ પૂરતું બસ થશે.' શ્રી લાલે ટૂંકામાં પતાવ્યું.

કટિંગ વાંચવાનું શરૂ કરીએ એ પહેલાં અમારી મંડળીના માનવંતા કેસરી બાપાએ કહ્યું, : 'લાવો કટિંગ. હું વાંચું : મેં એને નજરે જોયો હતો.'

એમણે કટિંગ વાંચવું શરૂ કર્યું :

મોહનો કચ્છનો એક યુગવર્તી જાદુગર પંકાઈ ગયો છે જેને જોનારા અને જેના પ્રયોગો નજરે જોનારા હમણાં પણ હયાત છે. કચ્છના એ જાદુગરની ગજબ જેવી દૈવી શક્તિ વિશે અનેક વાતો સાંભળવા મળે છે. આ સ્થળેથી તેમની કેટલીક હેરત પમાડે તેવી વિગતો રજૂ થઈ ગઈ તે પછી આ વિભાગનું રસપૂર્વક વાચન કરનારા વર્ગ તરફથી તેમના અંગે કેટલીક વિગતો મળતાં એ મોહના અંગે વધુ પ્રકાશ નાખવો શક્ય બન્યો છે.

સ્વાભાવિક છે કે મોહના પાસે આ અલૌકિક વિદ્યા ક્યાંથી આવી તે જાણવાનું મન થાય. પરંતુ કચ્છના ઐતિહાસિક વિગતોના જાણકાર શ્રી અશ્વિનકુમાર અંતાણીના મંતવ્ય મુજબ મોહના જાદુગરે આ કળા ખડીરના ભાંજણા ડુંગરમાંથી હસ્તગત કરેલી. ખડીર એ વિશ્વમાં અલગ પડેલો પ્રદેશ છે. તેની ચારે બાજુ રણ છે. રણ પણ કેવું અગમ્ય અને અભેદ્ય ! આવા અલગ પડેલા પ્રદેશમાં ભાંજણો ડુંગર અફાટ રણની કાંધે ગાઢ જંગલ વચ્ચે પડેલો છે. આ ડુંગરની સિદ્ધિ એ છે કે તેની ટોચ ઉપર તપશ્ચર્યા કરવી કઠિન છે. આવા કઠિન ડુંગર ઉપર તપશ્ચર્યા કર્યા બાદ તેની તળેટીએ રણનો છેડો જ્યાં ખડીરની ભૂમિ પાસે પૂરો થાય છે ત્યાં એકલ માતાનું મંદિર છે. ત્યાં એક યોગીપુરુષે વસવાટ કરેલો.

આ યોગીપુરુષની ત્રણ યુવાનોએ ખૂબ સેવાચાકરી કરીને તેની પાસેથી જ્ઞાન મેળવેલું. આ ત્રણ યુવાનો પૈકી એક યુવાન તે કચ્છનો માનીતો અને જાણીતો જાદુગર મોહનો.

સ્વાભાવિક છે આ પ્રકારની શક્તિ ધરાવતા મોહનાને રાજ્ય તરફથી આદરમાન અને સગવડો મળે જ. તે મુજબ મોના જાદુગરને મહારાવશ્રી તરફથી ખાસ વેતન આપવામાં આવતું.

એટલું જ નહિ, પણ તેનું સંરક્ષણ અને તેના જાનમાલને કશી પણ નુકસાની પહોંચે નહિ તે કોટવાળોની જવાબદારી રહેતી. આટલું માન અને મોભો તેમણે આ કળામાં મેળવેલી સિદ્ધિની પ્રસિદ્ધિ છે.

એક વખત મોહનાએ એક જીવતી છોકરીને બાળી નાખી હતી. તેનું અગ્નિસ્નાન અને જ્વાળાઓ લોકોએ જોયેલી અને તેની ભસ્મમાંથી ફરીથી છોકરીને જ્યારે સજીવન કરી ત્યારે તો તેની કલા ઉપર ઈંડું ચડી ગયું : લોકો તો તેની આ અજબ સિદ્ધિની તારીફ કરતાં કદી થાકતા નથી.

મોનાનો ચાલુ પહેરવેશ ધોતિયું, ખમીસ અને વહાણછાપ ટોપી. તદ્દન સાદો અને લબાડ જેવો લાગે.

એક વખત તે મહારાવશ્રીની સલામે ગયો. તેનો દરવેશ તો ઉપર વર્ણવ્યો છે તેવો જ. તેમાં જરા પણ ફેરફાર નહિ. તે તો ગયો.

દરબાર ભર્યો હતો. કચ્છી-ઉમરાવો ઉપરાંત ત્યાં આવેલા અંગ્રેજ મહેમાનો તો તેને જોઈને ડઘાઈ જ ગયા. તેનો આવો દેખાવ જોઈને તેઓએ અંદરો અંદર મોહનાની ઠેકડી ઉડાવેલી. આ વાત કંઈ મોહનાથી છાની રહી નહિ. હકીકતમાં તે દિવસે મોહનાના જાદુના પ્રયોગો બતાવવાનો જ કાર્યક્રમ રાખવામાં આવેલો તેથી મોહનાએ પોતાની રમૂજ કરનારને રમૂજભરી પરિસ્થિતિમાં મૂકવાનો વિચાર કર્યો.

કેટલાક હેરત પમાડે તેવા પ્રયોગો મોહનાએ કરી બતાવ્યા. બાદ જ્યારે પ્રયોગો પૂરા થયા ત્યારે સ્વાભાવિક પરદેશી મહેમાનોએ પોતાના ટેબલ પર મૂકેલી હેટો ઉઠાવી તો કાળા નાગ જોઈને બધા ગભરાઈ ગયેલા. તેઓએ આવા કલાકારની રમૂજ કરેલી તેનો મનોમન પશ્ચાત્તાપ કર્યો.

ગાંગા કરીને જાણીતા કંદોઈને તો ઘણાએ જોયો હશે. તે વખતે તેની મીઠાઈ ઘણી વખણાય. મોહનાએ એક વખત ગાંગા પાસેથી જરા ચાખવા માટે મીઠાઈ માગેલી. સામાન્ય રીતે જે મોહનાને ઓળખે તે કદીયે તેની માગણીની અવગણના કરે નહિ કે તેને છેડવાની હિંમત કરે નહિ. પણ ગાંગજીભાઈ પણ સ્વભાવના તામસી. તેમણે જણાવી દીધું : જાઓ, નહિ મળે. મફતની મીઠાઈ અહીં નહિ મળે.

ગાંગજીભાઈ જ્યારે બપોરે જમી નીંદર કરીને પાછા દુકાને આવ્યા ત્યારે દુકાન ખાલીખમ. બધી જ મીઠાઈ, દૂધ, દહીં તમામ મોહનાને ત્યાં ગોઠવાઈ ગયેલું. ગાંગાએ માફી માગી અને કાકલૂદી કરી ત્યારે તેને તેનો માલ પાછો મળ્યો.

તે વખતે હિન્દુસ્તાનમાં પ્રખ્યાત જાદુગર મહમદ છેલના નામનો ડંકો વાગે. વિશ્વવિખ્યાત જાદુગર. જામનગરમાં જામ રણજિતસિંહજી, જેઓ એક મહાન ક્રિકેટર હતા, તેમણે નિમંત્રેલ. આ પ્રસંગે કચ્છમાંથી ખાસ પ્રસંગને અનુલક્ષીને જામનગર આવવાનું નિમંત્રણ મોહનાને આપવામાં આવેલું. બે મહાન જાદુગરોનું ઐતિહાસિક મિલન કંઈ સામાન્ય પ્રસંગ તો ન જ લેખાય.

કચ્છથી મોહનાને ત્યાં લઈ જવા માટે ખાસ સગવડ કરવામાં આવી. એક સ્પેશિયલ લૉન્ચમાં ખુદ મહારાવશ્રી ખેંગારજી તેમની સાથે ગયા હતા. સ્ટીમર જતી હતી તેને બંદર ઉપર થોડે આગળ સામે લેવા માટે લૉન્ચ આવી જેમાં જાદુગર મહમદ છેલ પણ હતો.


મોહના જાદુગરે સામે આવી રહેલી એ લૉન્ચને સદંતર ગુમ કરીને ત્યાં મહેમાનોને આશ્ચર્યચકિત કરેલા, એટલું જ નહિ પરંતુ સૌના જીવને તાળવે બેસાડી દીધેલા.

આખરે કિનારે બન્ને સહીસલામત દેખાતાં સૌનો જીવ ધામ બેઠેલો. મોહના અને મહમદ છેલના આ મુકાબલાની જામનગરમાં લોકજીભે ભારે પ્રશંસા થયેલી.

મોહનો જો ધારત તો વિશ્વમાં પોતાની એ હેરત પમાડે તેવી શક્તિનો પ્રભાવ બતાવી શક્યો હોત. પરંતુ કચ્છ છોડીને એ ક્યાંય જવા ઈચ્છતો ન હતો. તે ક્યાંય ગયો નહિ. તેણે પોતાનું જીવન આ જ કલા અને વ્યવસાયમાં કચ્છમાં જ પૂરું કર્યું.

મોહનાની ઘણી વાતો લોકસ્મરણમાં હશે; તેને મેળવીને ગ્રંથસ્થ કરવાની જરૂરિયાત નકારી કઢાય નહિ.

□



૨૩. સંજયદૃષ્ટિ

માનવી અસીમ શક્તિનો ખજાનો છે.

માનવીની આંખ, ચિત્ત અને આત્મામાં વિપુલ તાકાત પડી છે. પણ એના અજ્ઞાનને પરિણામે આ તાકાત સુષુપ્ત પડી રહે છે. હિપ્નોટિઝમ અને મેસ્મેરિઝમ જેવી વિદ્યાઓ આંખ અને ચિત્તની શક્તિના આધારે જ રચાયેલી છે.

પ્રાણવાન જીવંત મંત્રો માનવીને અવનવીન ચમત્કારો સર્જતો બતાવે છે.

મંત્રશક્તિને બળે માનવી કેવી કેવી સિદ્ધિઓનો સ્વામી બની શકે છે, તેની આ સત્ય ઘટના છે.

એક વાર રાજસ્થાનનો એક રહેવાસી વર્ધામાં મહાત્મા ગાંધીને મળવા આવ્યો. ગાંધીજીને આ માણસ પસંદ પડ્યો. એને આશ્રમમાં રહેવાની રજા આપી. એ જાતે સુથાર હતો.

ધીમે ધીમે એના વિશે એવી વાત ફેલાવા લાગી કે એને 'સંજયદૃષ્ટિ' પ્રાપ્ત થઈ છે. માઈલો દૂરની બાબત એ આસાનીથી કહી શકે છે. ઘટના ગમે તેટલે દૂર થતી હોય, પણ એ અહીં બેઠા બેઠા એનું રજેરજ વર્ણન આપી શકે છે. બધા એની પરીક્ષા કરવા લાગ્યા અને એની વાત તપાસ કરતાં સાચી માલૂમ પડતી હતી.

પછી તો આશ્રમવાસીઓ એ સુથારની આસપાસ ટોળે વળવા લાગ્યા. દૂર-સુદૂર રહેતાં પોતાનાં સગાંસંબંધીઓના સમાચાર પૂછવા લાગ્યા.

આ સુથાર આંખો બંધ કરીને જાણે પોતાની અંતર્દૃષ્ટિની ઘટના નીરખતો હોય એમ સમાચાર કહેતો. આશ્રમવાસીઓ એના કહ્યા પછી એ સમાચાર અંગે પોતાનાં સગાંસંબંધીઓને પુછાવતા અને વાત સાવ સાચી નીકળતી.

૧૯૪૨ની આઠમી ઑગસ્ટે મુંબઈમાં ગાંધીજીની ધરપકડ થઈ. અંગ્રેજ સરકાર ગાંધીજીને ક્યાં લઈ ગઈ છે અને કઈ જેલમાં રાખ્યા છે, તે અંગે સંપૂર્ણ ગુપ્તતા જાળવવા માગતી હતી.

એક બાજુ આખો દેશ ગાંધીજીની ખબર મેળવવા તલપાપડ થઈ રહ્યો હતો, બીજી બાજુ અંગ્રેજી તંત્રની મજબૂતાઈમાંથી બારીક માહિતી પણ બહાર આવતી ન હતી.

આખો દેશ બેચેન હતો. ચોમેર ચિંતા અને અકળામણનું વાતાવરણ પ્રસરી ગયું હતું. આ સમયે એક સમયના ગુજરાતના રાજ્યપાલ અને જાણીતા ગાંધીવાદી શ્રીમન્નારાયણે પેલા સુથારને બોલાવ્યો અને ગાંધીજી ક્યાં છે તે કહેવા જણાવ્યું.

પેલા સુથારે સમાધિ લગાવી. જાણે અંતર્દૃષ્ટિથી કશું નીરખતો ન હોય ! આજુબાજુ આશ્રમવાસીઓ આતુરતાથી વીંટળાઈને બેઠા હતા.

થોડો સમય પસાર થયો. સુથારના મોં પર આનંદની રેખાઓ પ્રગટવા લાગી. એણે બંધ આંખો સાથે બોલવાનું શરૂ કર્યું :

'એક બંગલા બહાર દરવાજા પર કંઈક લખેલું છે. મને વંચાય પણ છે.' માનનીય શ્રીમન્નારાયણે એની સામે સ્લેટ મૂકી અને લખવા માટે ચોક આપ્યો.

સંજયદૃષ્ટિથી નિહાળતા આ સુથારે વાંકાચૂકા અક્ષરોમાં લખ્યું :

'આગાખાન પૅલેસ.'

આ વાંચી બધા ખુશ થઈ ગયા. માનનીય શ્રીમન્નારાયણજીએ પૂના સંપર્ક સાધીને તપાસ કરી.

વાત સાવ સાચી નીકળી.

આમ એક આધુનિક સંજયે બાપુને શોધી કાઢ્યા.

હિંદીના પ્રસિદ્ધ વિદ્વાન ડૉ. રણધીર ઉપાધ્યાયે આ પ્રસંગની સત્યતા અંગે રાજ્યપાલશ્રીએ પત્ર લખ્યો હતો. આ અંગેનો એમનો જવાબ અમે સાદર અક્ષરશઃ રજૂ કરીએ છીએ.

પ્રિય શ્રી ઉપાધ્યાય,

તમારો તા. ૧૦ ઑક્ટોબરનો પત્ર મળ્યો. ધન્યવાદ. શ્રી કુંજબિહારીલાલે જે 'સંજય' વિશે લખ્યું છે એ પ્રસંગ સાચો છે. એ ભાઈ સીકર જિલ્લાનો એક સુથાર હતો અને તેણે આવા હજારો માઈલ દૂરના કેટલાક સમાચાર આપ્યા હતા. દુઃખ સાથે જણાવવાનું કે હવે એ ભાઈ હયાત નથી. તેનો એવો દાવો હતો કે તે આ વિદ્યા બીજાઓને શીખવી શકે છે. તેને હનુમાનજીનો એક મંત્ર સાધ્ય હતો અને એના જ દ્વારા તેને આ દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઈ શકી હતી.

વિનમ્ર

શ્રીમન્નારાયણ

આમ મંત્રશક્તિના બળે માનવી અજાયબ કાર્યો કરી શકે છે. માત્ર જરૂર છે એ શક્તિનો નિઃસ્વાર્થપણે અને સાચો ઉપયોગ કરનાર સાધકની.

માનવી બહારની મૂડી ભેગી કરવા ઘેલો બન્યો છે. પણ એના અંતરની મબલક મૂડીનો એ ક્યારે ઉપયોગ કરશે ?



૨૪. કાળા પડછાયા ને હું

રાજકોટના એ વિવેકાનંદ રોડ પર આવેલા આલીશાન બિલ્ડિંગમાં અમારો ડાયરો જામ્યો હતો.

રાત્રિના લગભગ ૮-૩૦ થવાની તૈયારી હતી.

મુનીન્દ્રની સાથે અગમનિગમની વાતોની ચર્ચા ચાલતી હતી.

સૌ પોતપોતાના નાનામોટા અનુભવો કહેતા હતા ત્યાં મારા મિત્ર શ્રી નંદલાલ દવેએ પોતાને થયેલો મંત્રશક્તિનો અનુભવ કહેવો શરૂ કર્યો.

વાત તો ૧૯૪૦ની સાલની છે. હું એ સમયે અમદાવાદમાં રહેતો હતો. રમખાણો પછીના એ દિવસો હતા. ડરનાં માર્યાં ઘણાં

કુટુંબો પોતાનાં ઘર બંધ કરી વતન ચાલ્યાં ગયાં હોવાથી અમદાવાદની અમુક પોળો અને લત્તાઓ ઉજ્જડ ભાસતાં હતાં પણ એવી એક પોળમાં એક કુટુંબનો હું પડોશી હતો જેમાં એ ઘરના કુટુંબના વડા એકલા જ પોતે રહેતા હતા.

જે દિવસની આ વાત છે તે દિવસની તિથિ, તારીખ કે વાર આજે મને યાદ નથી. પરંતુ તે દિવસે રાતે દસ વાગ્યે એ ભાઈએ મને કહ્યું : તમે એકલા જ છો તો મારે ત્યાં સૂવા આવોને !

એમની વાત માનવા જેવી હતી. હું પણ એકલો જ હતો. મેં તેમની વાત માન્ય રાખી અને હું એ રાત્રે તેમના ઘેર સૂવા માટે ગયો.

ડેલીબંધ મકાન. વચ્ચે મોટો ચોક. એવા એ મકાનમાં હું ચારપાઈ (ખાટલો) બિછાવી તેના પર સૂતો. રોજ રાત્રે સૂતી વખતે ગાયત્રીમંત્રના અમુક જપ કર્યા પછી જ સૂવાની મને આદત હતી. તે રીતે જાપ પૂરો કરી હું નિદ્રાદેવીને અધીન થઈ ગયો.

કેટલો સમય પસાર થઈ ગયો હશે એ તો ખ્યાલ નથી. પરંતુ એ ડેલીબંધ મકાનમાં કોઈ કાળાં વસ્ત્રોથી સજ્જ થયેલી આકૃતિ આવી અને મને દબાવ્યો. . . . એટલા જોરથી મને દબાવ્યો કે હું મારી પથારીમાં હલચલ પણ કરી શક્યો નહિ. મનમાં ન કલ્પી શકાય તેવી અકથ્ય મૂંઝવણ હતી. શું કરવું એ સૂઝતું નહોતું.

કેટલોક સમય આ રીતે પસાર થઈ ગયો, પણ તે આકૃતિથી કંઈ ન વળ્યું હોય એમ એ આકૃતિમાંથી બે આકૃતિ ઉપસ્થિત થઈ ! એક આકૃતિએ મારા ખભાઓ ઉપર દબાણ કર્યું અને બીજી આકૃતિએ મારા પગને સ્થિર પકડી તેની વચ્ચેના ભાગ પર દબાણ લાવવું શરૂ કર્યું.

કેટલીક પળો સુધી આ રીતે દબાણ કરતાં એ બંને કાળાં વસ્ત્રધારી આકૃતિઓએ ઊંહકારા કરવા માંડ્યા !

અકથ્ય અને અકલ્પ્ય તેવી વસ્તુસ્થિતિમાંથી હું પસાર થઈ રહ્યો હતો. મારે જીવવું હતું અને એ આકૃતિઓને મારા જીવનને મોતને તાબે કરવું હતું !

એ શું હતું એ આજ પણ યાદ રાખી શકાયું છે ! એ કાળાં વસ્ત્રધારી આકૃતિઓ અને એ રાતનું ભયાનક દૃશ્ય આજ પણ મારી દૃષ્ટિ સમક્ષ વારંવાર આવી જાય છે. હું ચારપાઈ પર ચત્તો સૂતો છું અને કોઈ બે કાળાં વસ્ત્રધારી આકૃતિઓ . . .

પરંતુ ત્યાં ગાયત્રીનો એ ગેબી મંત્ર મને યાદ આવ્યો. મારા માનસપટ પર એ મંત્રના શબ્દો અંકિત થવા માંડ્યા . . . એ અંકિત થતા શબ્દોનું ઉચ્ચારણ મારા મુખેથી થવા માંડ્યું : ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્ . . . અને એ શબ્દોના ઉચ્ચારણ સાથે જ એ ભૂત આકૃતિઓ અદૃશ્ય થઈ ગઈ. હું મારી પથારીમાં બેઠો થઈ ગયો. શરીર પરસેવાથી ભીંજાઈ ગયું હતું. અસ્વસ્થ થઈ ગયેલાં મનહૃદયને ગાયત્રી મંત્રના જપ દ્વારા સ્વસ્થ બનાવ્યું પણ નિદ્રા ચાલી ગઈ હતી.

હું ભૂતકાળના જૂના વિચારોને વાગોળતો સૂતો. 'બ્રાહ્મણ જનોઈવ્રતધારી છે. એના મોઢે ગાયત્રી અને સરસ્વતી ગમે ત્યારે આવીને વાસ કરી જાય છે.' તેવું મારા વડીલો અને વિદ્વાનોનું કહેવું આ પ્રત્યક્ષ અનુભવ પછી હું માનતો થયો. પણ એ રાતે . . .


એ રાતે મારા માનસપટ પર અંકિત થતા અને થઈ રહેલા ગાયત્રીના એ ગેબી મંત્રે મને તો અચૂક એ કાળના શેતાની પંજામાંથી ઉગારી લીધો.

મુનીન્દ્રે ઉપસંહાર કરતાં કહ્યું :

'આ પ્રસંગમાં એમ કહી શકાય કે આકૃતિઓનું આગમન માત્ર સ્વપ્નની માયા હોય. ઘણાને આ અનુભવ થાય છે. સ્વપ્નથી ચેતનાશક્તિ હણાઈ જાય છે. પણ આ સ્વપ્ન નથી પણ જાગ્રત અવસ્થામાં જોયેલાં દૃશ્ય હોય છે. ઘણાને આવા અનુભવો થાય છે ને એ વખતે જો કોઈ મંત્રાક્ષર જેવી વસ્તુ સહાયે ન આવે તો તેનું પરિણામ ઘણું વિપરીત આવે છે.

'જે વસ્તુ અગમ્ય છે તેનો ઉપચાર ગાયત્રી જેવા મંત્રમાં છે.'

□



૨૫. નુગરો અને સુગરો

સુગરા મળજો લાખ,
નુગરા ન મળજો એક.

સુગરા એટલે જેને માથે ગુરુ છે એવો સાધક.

નુગરા એટલે જેને માથે ગુરુ નથી એવો સાધક.

આધ્યાત્મિક જગતમાં નુગરાની લવલેશ કિંમત નથી. નુગરો નિંદવાલાયક અને કોઈ કામ લાયક ગણાતો નથી. મહામહેનતે પકડેલો સાપ અગર નુગરો હોય તો મદારી એને સંઘરતો નથી.

ગુરુ દ્વારા ગોવિંદ પામી શકાય પ્રભુદર્શન થઈ શકે એવી શ્રદ્ધા હતી. અને વિદ્યાલય વગરના ગુરુઓ શિષ્યોની અનેક રીતે પરીક્ષા

કરતા. શ્રદ્ધા, આજ્ઞાંકિતતા ને સમર્પણભાવ વગરના વિદ્યાર્થીને એ પાસે ઢૂંકવા પણ ન દેતા.

આવા ગુરુઓ શિષ્યોની શોધમાં ઘૂમતા. શિષ્યો ગુરુની શોધમાં.

આજના યુગને શંકામાં નાખી દે તેવી એ ગુરુઓની શિષ્યપરીક્ષા હતી, અને એમાં બહુ થોડા ઉત્તીર્ણ થતા. જે ઉત્તીર્ણ થતા એ ન્યાલ થઈ જતા.

ગુજરાતના સંત, અધ્યાત્મયોગી, મૌનમંદિરોના સાધક પૂ. મોટા પોતાના જીવનમાં ગુરુભક્તિ અને ગુરુશ્રદ્ધાના થોડા પ્રસંગોનું બયાન કરે છે; એ ખરેખર રોમહર્ષણ છે.

આજનો વિદ્યાર્થી લાયકાતમાં ફી ધરી દે એટલે ગુરુનું તર્પણ થઈ જાય છે : એ વખતના ગુરુઓને શિષ્યોનું સમર્પણ પણ ઓછું પડતું.

પૂ. મોટા પોતાના જીવનદર્શનમાં લખતાં જણાવે છે કે મારા ગુરુને હું એક વાર નડિયાદ મારે ઘેર તેડી લાવ્યો.

તેઓ મેડીમાં બેઠા કે તરત તેમણે મને કહ્યું : હું તને સાધનામાં દીક્ષિત કરવાને આવ્યો છું અને તે માટે એક મોટું મકાન જોઈએ.

મેં અચંબો પામીને કહ્યું : 'બાપજી, હું તો ગરીબ છું. મારે કશી કોઈ મોટા મોટા માણસોની ઓળખાણપિછાણ નથી ને એવી લાગવગ પણ નથી કે જેથી કરીને કોઈક એવા મોટાનું મકાન મેળવી શકું.'

તેઓ તો આવેશમાં આવી જઈને કદાચ મને મારી પણ બેસત. પરંતુ હું જરાક આઘો ખસી ગયો.

તેમણે મને કહ્યું કે તું તો ગધેડો છે. તારામાં કશી અક્કલ નથી. સાવ બુદ્ધુ છે. એવું એવું કેટલુંયે ઉચ્ચાર્યું હશે. પછી તો તેઓ પાછા બોલ્યા કે, 'મોટું મકાન જોઈએ એટલું જ માત્ર બસ નથી. પરંતુ તે એકાંત જગામાં પણ આવેલું હોવું જોઈએ.'

અરે ! પ્રભુ અહીં જ્યાં મોટું મકાન જ મેળવી શકવાની શક્યતા નથી ત્યાં વળી એકાંત જગાની તમે પાછા વાત કરો છો એવું મનમાં બોલું છું ત્યાં તો તે પાછા ભભૂકી ઊઠ્યા અને બોલ્યા :

'એક મોટું મકાન જોઈએ. અને તે પાછું સંપૂર્ણ એકાંતમાં હોવું જોઈએ. એટલું જ નહિ પરંતુ પાસે એક જળાશય પણ હોવું જોઈએ. એવું મેળવીને જલદી મારી પાસે તું પાછો ચાલ્યો આવ.'

આવું મકાન કેવી રીતે મેળવવું તેની મને તો કશી શક્યતા કે સૂઝ પડી શકતી ન હતી. એટલામાં તો મારે કામે જવાનો સમય થયો. તેઓશ્રીને મેં તે માટે પ્રાર્થના કરી ને સંમતિયે મેળવી. મારી બાને તેઓશ્રીની મેં ભાળવણી કરી ને હું તો મરીડા ભાગોળે શાળાના કામે જવાને નીકળ્યો.

રસ્તે જતાં જતાં રોજ મારે વહોરવાડમાંથી પસાર થવાનું હતું. આપણે બધા વિદ્યાપીઠમાં રહેલા એટલે તે સંસ્કારને કારણે હિંદુમુસ્લિમ એકતાનો ભાવ પણ જાગેલો ખરો. તે ભાવથી પ્રેરાઈને રોજ જતાં જતાં વહોરવાડના એક પ્રતિષ્ઠિત સજ્જન કાસમ સાહેબને હું રોજ 'અસ્સલામ અલયકુમ' ભાવથી નિયમિત રીતે કરતો.

મારે રોજ ત્યાંથી જવાનો સમય મિનિટે મિનિટનો પૂરી રીતે નિયમિત હતો એટલે તેઓ પણ દરરોજ પોતાના મકાનના ઓટલા ઉપર મારી રાહ જોતા ઊભા રહેતા. તેમને હું પ્રેમથી સલામ ભરતો ને તેઓ પણ તે રીતે પાછી વાળતા. આવો અમારો અતૂટ નિયમ હતો.

પરંતુ આજે તો એક મોટું મકાન, એકાંત જગા અને પાસે જળાશય એ જ વિચારસરણીમાં મારું મન ડૂબી ગયું હતું તે કારણથી કરીને હાજી કાસમમિયાં સાહેબ ઓટલા ઉપર ઊભા રહ્યા હતા તોપણ તેમને મેં જોયા નહિ અને વીસેક ડગલાં આગળ ચાલ્યો ગયો.

રોજની સલામ ભરવાના અભ્યાસને કારણે ત્યાં જ સલામની સ્મૃતિ જાગી તેથી પાછો ફર્યો અને કાસમમિયાં સાહેબ

પાસે આવીને તેમને સલામ ભરવાનું ચૂકી ગયો તે માટે તેમની ક્ષમા પણ માગી ત્યારે તેઓ બોલ્યા : 'અલ્યા તું આજે કયા વિચારમાં ડૂબી ગયો છે ?'

મેં કહ્યું : 'મારે ઘેર એક ઓલિયાસાહેબ પધાર્યા છે.'

તેમણે કહ્યું : 'એ તો તારા સારા નસીબની હકીકત છે.'

મેં તેમને કહ્યું : 'એટલાથી જ પતતું નથી. એ તો એવું એવું માગે છે કે જે કદી પણ મેળવી ન શકું.'

તેમણે મને કહ્યું : 'તું બરાબર માંડીને મને બધી હકીકત કહે તો ખરો.'

મેં તેમને બધી વિગતવાર હકીકત કહી સંભળાવી.

તેમણે કહ્યું : 'અરે ! ભગત ! તું મૂંઝાય છે શા માટે ? આપણો એક મોટો બંગલો ડભાણને રસ્તે છે અને તે એકાંત જગામાં છે. તેની નજીકમાં વસ્તી પણ નથી અને પાસે જ રામ તળાવડી પણ છે. જા, તે તને વાપરવા આપું છું. લે આ તેની કૂંચી લઈ જા અને તારા ઓલિયાને તે બંગલામાં રાખજે.' આ મકાનની તો મને ખબર હતી. શ્રી ઈન્દુલાલભાઈના સમયમાં ત્યાં જ હરિજન આશ્રમ ચાલતો હતો. અને ત્યાં ઘણો સમય હું રહ્યો પણ હતો. આવું મોટું મકાન, એકાંત જગા અને જળાશય તેઓશ્રીના માગવા પ્રમાણે જ મળી ગયાં, તેથી કેટલો બધો આનંદ મને પ્રગટેલો તે તમને કેવી રીતે સમજાવી શકું ને વર્ણવી શકું ?

મને તો દોડીને એકદમ મારા ગુરુ મહારાજ પાસે જઈને તેમને પગે પડી જવાનું દિલ થયું. પરંતુ તે કાળે પણ કર્તવ્યનું ભાન જબરદસ્ત હતું. તેથી તેવી પ્રગટેલી ભાવનાના પૂરથી પણ તણાઈ જવાનું માંડી વાળીને મળેલા કર્મમાં જ પ્રયાણ કરવાનું રાખ્યું. મરીડા ભાગોળે જઈ, કામથી પરવારી કરી, પાછો ઘેર આવ્યો, ત્યારે તેમને ગદ્ગદ ભાવથી પ્રણામ કર્યા, અને બનેલી બધી હકીકત કહી સંભળાવી. તે પછીથી તેઓને લઈને તે મકાનમાં રહેવાનું હતું ને ત્યાં મને તેઓશ્રીએ સાધનામાં દીક્ષિત કર્યો.

આ પ્રસંગની અસર મારા જીવન પર એટલી બધી ઊંડી તો પડેલી છે કે તે અસરથી જે ભાવના પ્રગટ્યા કરેલ, તે ભાવનાએ

મને સાધનામાં ભાંગી પડતાં હંમેશાં ઉગારેલો છે. તેઓશ્રી મારે ત્યાં નડિયાદ પધાર્યા તે તેમની અપાર કરુણાનું પ્રત્યક્ષ જીવતુંજાગતું દૃષ્ટાંત છે. આવી તેમની સહજ કરુણાનો અદ્ભુત પ્રતાપ કદી પણ હું વીસરી શક્યો નથી.

કદી પણ મેં તેમની છબી પાસે રાખી નથી, ને રાખવાનું દિલ થયું હોત તોપણ તેટલી રકમ ત્યારે મારી પાસે ન હતી – જોકે પ્રભુકૃપાથી મારા સદ્ગુરુ મહારાજની મારા દિલમાંની ભાવનાથી પ્રેરાઈને તેમનું સાકાર સ્વરૂપ પ્રગટાવવાનું હંમેશા બન્યા કરેલું છે અને અંતરમાં તેવી રીતે તેમને જગાડવાનું અને જગાડીને તેઓશ્રીને પ્રત્યક્ષ કરીને તેમની કૃપા - મદદ માગવાનું અને પ્રેરણા પામવાનું કરી શકાયું છે.


શ્રી સદ્ગુરુનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું અવલંબન અને તેમાંથી મળતાં ભાવ ને શક્તિ તે વળી કોઈ જુદા જ પ્રદેશની હકીકત છે. તે મોટું મકાન, તે એકાંત જગા ને તે રામ તળાવડી આજે પણ હયાત છે. મારા જીવનવિકાસનું તે એક પવિત્ર તીર્થસ્થળ છે. પરંતુ વારંવાર તે સ્થૂળ તીર્થસ્થાનમાં જઈને પાવન થવાનું પણ મેં કરેલું નથી. તેમ છતાં તીર્થસ્થળની ભાવનાની અસરને હું કદી ભૂલી શક્યો નથી.

સ્થૂળ ભાવના કરતાં સૂક્ષ્મની ભાવનામાં પ્રભુકૃપાથી પરોવાઈ રહેવાનું ને તેમાંથી ચેતન મેળવવાનું જ્ઞાન ભાવસાધનાની શરૂઆતથી જ તેઓશ્રીની કૃપાથી મેળવી શકાયું હતું.

કોઈ જીવને પોતાના સદ્ગુરુનો આવો પ્રત્યક્ષ સાકાર ભાવ ન પ્રગટી શકે, એટલે કે મૂર્તિમંત તે ન થઈ શકે, તેમ છતાં કોઈ લાગણીથી કે ભાવનાથી પ્રાર્થના થાય તો તેની યથાર્થતામાં શક્યતા ખરી કે નહિ, તે વિષે વિચારતાં સમજાય કે પહેલાં તો લાગણી કોઈ ને કોઈ પ્રસંગથી કરી કાં તો પ્રગટે, કોઈ આઘાત-પ્રત્યાઘાતથી પ્રગટે, અથવા તો જેનું અવલંબન લીધેલું છે તેનું સ્મરણ થવાથી પ્રગટે, અથવા તો કોઈ મુશ્કેલી, દુઃખ કે એવું પ્રગટતાં તેમાંથી કંઈક હળવાશ મેળવવાને પ્રાર્થના કરવાનું દિલ થાય ને તેવા દિલમાંથી

લાગણી પ્રગટે. પરંતુ પ્રાર્થના જે પ્રગટે તેમાં યોગ્ય સંવેદન પ્રગટવા માટે તેના મૂળમાં લાગણી ને ભાવના પ્રગટેલાં હોવાં જોઈશે. જે જીવે જેનું અવલંબન લીધેલું છે તે અવલંબન પરત્વેનું જો તેનું દિલ જાગેલું હોય તો તેના પરત્વેનાં લાગણી, ભાવના, ભક્તિ વગેરે પણ તેનામાં ભલે તે સાકાર રૂપના પરિણામમાં ન પ્રગટતાં હોય એટલે કે સદ્‌ગુરુની મૂર્તિ તે નિહાળી શકતો ન હોય, તેમ છતાં તેવા અવલંબનના ભાવનું વ્યક્તિત્વ કોઈ ને કોઈ રીતે તેના વર્તન તરીકે પરખાઈ જવું ઘટે છે. તો તેવી લાગણી ને ભાવના યથાર્થપણામાં ગણી શકાય. અને લાગણી કે ભાવના યથાર્થપણાનાં હોય તો તેની પ્રાર્થના યથાર્થતાવાળી ગણાય.

□



૨૬. શ્રદ્ધાનો વિજય

લગભગ ત્રણેક વરસ પહેલાંની વાત છે.

મુનીન્દ્રને મળવાની ઘણો સમય થયાં મનમાં ઈચ્છા જાગી હતી. બરાબર એવા સમયે જ તેઓ જૂનાગઢના ગરવા ગિરનારની કંદરાઓનું પરિભ્રમણ કરવા નીકળ્યા હતા. મને મળી જવા માટે સંદેશો મોકલ્યો.

સંદેશો મળતાં જ હું સીધો એમની પાસ પહોંચી ગયો. હું જ્યારે ત્યાં પહોંચ્યો ત્યારે મુનીન્દ્ર ઉચ્ચાસને બિરાજ્યા હતા અને તેમની સામે એક ભાઈ નિરાશ વદને બેઠા હતા.

મુનીન્દ્ર તેમને કહેતા હતા : 'ભાઈ, તમે શ્રદ્ધા રાખો. શ્રદ્ધા જેવું બળ ક્યાંય નથી. તમે જેની પર શ્રદ્ધા રાખતા હો તેના સહારે રહો. તમારામાં શ્રદ્ધા હશે તો કથીરમાંથી પણ કંચન મેળવી શકશો.'

'પરંતુ ક્યાં સુધી શ્રદ્ધા રાખું ?' તે ભાઈ ગળગળા સાદે બોલ્યા. 'ઘરમાં ખાવા ધાન પણ નથી રહ્યું, દેવીને દીવો કરવા જેટલું ઘી પણ નથી અને . . .' એ ભાઈ રડી પડ્યા.

મુનીન્દ્ર એને સાંત્વન આપવા લાગ્યા. વાતાવરણને ગમગીન જોઈ હું એક બાજુ બેસી ગયો.

મને ગુપચુપ આવીને બેસી ગયેલો જોઈ મુનીન્દ્રે આછું સ્મિત કરીને મને આવકાર્યો અને કહ્યું : 'ભાઈ નંદ ! તું ઠીક સમય પર આવ્યો છે. આ ભાઈને હવે ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા નથી રહી. કોઈ કાર્યમાં તેમને સફળતા નથી મળતી. ઘણો સમય થયાં તેઓ બેકાર બની ગયા છે. ઈશ્વરમાં શ્રદ્ધા હતી ત્યાં સુધી સાહસ કરી જોયાં. હવે એમની શ્રદ્ધા ખૂટી ગઈ છે અને મારી પાસે આવ્યા છે. તેઓ કહે છે કે મેં શ્રદ્ધાપૂર્વક સખત પરિશ્રમ કર્યો હતો પણ હું દરેક વખતે નિષ્ફળ જ ગયો છું.' આટલું કહી મુનીન્દ્રે મારી સામે જોયું.

મેં કહ્યું : 'ભાઈ ! કસોટી તો સોનાની જ થાય છે. અનેક નિષ્ફળતાઓની વચ્ચે જે શ્રદ્ધા ન ગુમાવે તે જ સફળ થાય છે.'

હું આગળ બોલવા જાઉં ત્યાં જ મને અટકાવીને મુનીન્દ્રે કહ્યું : 'નહિ નંદ, શિખામણો કે ઉપદેશ તેમને અસર નહિ કરે.'

મુનીન્દ્રની મર્મવાણીને સમજું ન સમજું ત્યાં જ મને એક મારો અનુભવ યાદ આવી ગયો અને ત્યારે જ મુનીન્દ્રે કહ્યું : 'હા, બરાબર છે, તારો કોઈ અનુભવ કહે.'

અને મેં મારી વાત શરૂ કરી :

ચારપાંચ વરસ પહેલાંની આ વાત છે.

એક વ્યાવહારિક કામ અંગે મારા ભાઈએ મને અમદાવાદ બોલાવ્યો. આ પ્રસંગે સગાંવહાલાંઓ પણ ઘણાં આવેલાં. મારા કાકાના દીકરા જેમનું નામ રવિશંકર, તેઓ પણ તેમના કુટુંબ સાથે આવેલ હતા.

આ પ્રસંગે સૌ પોતપોતાના કામમાં પરોવાઈ ગયા હતા. વ્યાવહારિક વિધિ સાંજે હતી. સૌ એટલા બધા કામમાં લીન થઈ ગયા હતા કે પાંચ–દસ મિનિટ સાથે બેસીને વાત કરવાનો પણ સમય નહોતો.

બરાબર આ જ સમયે રવિશંકર હાંફળોફાંફળો થતો મારી પાસે આવ્યો અને કહ્યું : 'ભાઈ, તમે મારા નાના બાબાને જોયો ?'

'ના ભાઈ !' મેં જવાબ આપ્યો, 'મેં તો નથી જોયો. પણ તેમાં આટલો બધો બેચેન કેમ બની ગયો ? હશે આટલામાં જ. ક્યાંક છોકરાઓ ભેગો રમતો હશે.'

'ક્યાંય નથી. મેં આખું ઘર ખૂંદી નાખ્યું. કોઈને તેની ખબર નથી.' તેણે એ જ રીતે કહ્યું.

'અરે પણ ઘરમાં નહિ હોય તો બહાર રમતો હશે.' મેં હસતાં હસતાં કહ્યું.

'પણ મોટાભાઈ ! મેં બધે તપાસ કરી. બહાર પણ નથી.' તે ચિંતાતુર સાદે બોલ્યો.

આ સાંભળી હું પણ ચિંતામાં પડી ગયો. તે પછી મેં અને એણે બન્નેએ સાથે તપાસ આદરી. દરેકને પૂછી જોયું. દરેકે કહ્યું કે અમને ખબર નથી.

આખા ઘરમાં સૌને જાણ થઈ ગઈ કે રવિશંકરનો બાબો ખોવાયો છે. સૌ તેની ગોતાગોતમાં પડી ગયા.

બાબાની ઉંમર આશરે પાંચેક વરસની હશે. સૌ પોતાનાં કામ મૂકી તપાસ કરવા લાગ્યા. નાનાં બાળકોથી માંડીને દરેકને પૂછી જોયું. આસપાસની પોળો ખૂંદી નાખી. બે-ત્રણ જણા પોલીસ ચોકીએ જઈ જાણ કરી આવ્યા. બપોરના બાર વાગ્યા સુધી ગોતાગોત કરી, પણ નિષ્ફળતા જ મળી.

હું રવિશંકરને સાંત્વન આપતો હતો. શ્રદ્ધા રાખવા માટે કહેતો હતો. પણ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ તે વધુ નિરાશ થતો જતો હતો. સાંજના પાંચ વાગ્યા સુધી કશા સમાચાર

મળ્યા નહિ. સાંજની વિધિ પણ જેમતેમ પતાવી દીધી. તે પછી સૌ નવરા પડતાં વળી એક વખત શોધખોળ કરી. આટલી આટલી મહેનત છતાં સફળતા ન મળી.

રવિશંકર હવે ખૂબ નિરાશ થઈ ગયો હતો. મારા સાંત્વન આપવાના પ્રયાસો પણ નિષ્ફળ જતા હતા. ત્યાં કોઈકે કહ્યું : 'હમણાં અમદાવાદમાં બાવાઓ બાળકોને ઉપાડી ગયાના ઘણા બનાવો બની ગયા છે.'

આ સાંભળીને રવિશંકર સાવ ભાંગી પડ્યો.

આથી મેં કહ્યું : 'ભાઈ ! ચિંતા કર નહિ. તારો છોકરો એક જ કલાકમાં આવી જશે.'

'મોટાભાઈ ! હવે મને આશા નથી.' તે ગળગળા સાદે બોલ્યો : 'આટઆટલા પ્રયત્નો કર્યા. જો તે મળી જાત તો મળી જાત. હવે તે ક્યાં ગયો હશે ?'

રવિશંકરની આ હાલત હું ન જોઈ શક્યો. આથી મેં કહ્યું : 'ભાઈ ! હવે તો તું એક જ કલાક રાહ જોજે. અત્યારે દસ વાગ્યા છે. અગિયાર વાગ્યા પહેલાં તારો છોકરો આ ઘરમાં હશે. હું સાચું કહું છું. ફક્ત એક જ કલાકમાં તારો છોકરો આવી જશે.' એમ કહી હું ઊભો થયો. બાથરૂમમાં જઈને મેં સ્નાન કર્યું. પછી પૂજાના રૂમમાં જઈને, ઘીનો દીવો કરીને માના નામનું રટણ કરવા લાગ્યો.

મને આદ્યશક્તિમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. આ શ્રદ્ધાના બળે જ મેં રવિશંકરને વચન આપ્યું હતું. મને પૂરી શ્રદ્ધા હતી કે મારા વચનને આદ્યશક્તિ જરૂર સાર્થક કરશે જ. આ અખૂટ શ્રદ્ધાના દીપકને અંતરમાં જલતો રાખી હું આદ્યશક્તિને પ્રિય એવા આનંદના ગરબાનું સ્તવન કરવા લાગ્યો.

સમયની ગતિ વધવા લાગી. મારી શ્રદ્ધાની કસોટી થવા લાગી. પણ મેં મારી શ્રદ્ધાના એક અંશને પણ ખૂટવા ન દીધો. આનંદના ગરબાના સ્તવન પાછળ કેટલો સમય વીતી ગયો તેનું મને ભાન ન હતું.

બરાબર એ જ વખતે અવાજ આવ્યો : 'ભાઈ . . . બાબો આવી ગયો છે.'

આ શબ્દો સાંભળી મને એટલો આનંદ થયો કે જેનું વર્ણન કરી શકવા હું સમર્થ નહોતો.

થોડા સમય પછી મેં રવિશંકરને પૂછ્યું : 'શું એક જ કલાક થયો છે ને ?'

'હા, ભાઈ !' મારી શ્રદ્ધાથી આશ્ચર્ય પામતાં તેણે જવાબ આપ્યો.

આ પછી મેં બધી વાત અથથી અંત સુધી જણાવવા રવિશંકરને કહ્યું.

'કોઈ માજી આવીને બાબાને મૂકી ગયાં. આવીને મને કહ્યું, 'લો. સંભાળી લો તમારા પુત્રને.' બાબાને જોઈ હું આનંદમાં આવી ગયો અને માજીનો આભાર માનવા જાઉં તે પહેલાં તો તે માજી કોણ જાણે ક્યારે ચાલ્યાં ગયાં. મેં એ માજીનો ચહેરો પણ બરાબર જોયો નહોતો. કોણ હશે એ ?' રવિશંકરને પોતાના આ પ્રશ્નનો જવાબ હજુ સુધી મળ્યો નથી. પણ . . . મને ખાતરી થઈ ગઈ હતી કે આદ્યશક્તિ સાક્ષાત્ આવીને મારી શ્રદ્ધાને, મારા વચનને સાર્થક કરી ગયાં. આ પછી મેં અનેક વિટંબણાઓમાં પણ શ્રદ્ધા ગુમાવી નથી.

મેં વાત પૂરી કરી.

'હવે તમને સમજાયું, ભાઈ ?' મુનીન્દ્રે પેલા ભાઈ તરફ જોતાં કહ્યું : 'શ્રદ્ધા તો પારસમણિ છે. ફક્ત તમને શ્રદ્ધા પર શ્રદ્ધા રાખતાં આવડવું જોઈએ.' આટલું કહીને પછી મુનીન્દ્રે તે ભાઈને વિદાય આપી.

અને અમે જોયું કે તે ભાઈમાં હવે નવું બળ આવ્યું હતું. તેમના ચહેરા પર નવું તેજ આવ્યું હતું.

ઉપરોક્ત મુલાકાતને ઘણાં વર્ષો વીતી ગયાં.

એક સાંજે હું રસ્તા પરથી પસાર થતો હતો ત્યાં એક મોટરકારે મને રોક્યો.

'કેમ છો, નંદજી ?' મોટર ચલાવનાર ભાઈએ મને કહ્યું : 'ચાલો, બેસી જાઓ.'

'બસ, ભૂલી ગયા ને ?' તે ભાઈએ હસતાં હસતાં કહ્યું.

'માફ કરજો. પણ હું આપને ઓળખી ન શક્યો.'

'મુનીન્દ્રના સાન્નિધ્યમાં એક નિરાશ, હતાશ વ્યક્તિને તમે તમારા અનુભવની વાત કહી હતી, યાદ છે ?'

અને અચાનક એ પ્રસંગ મને સાંભરી આવ્યો અને આશ્ચર્યપૂર્વક મેં કહ્યું, 'હા, યાદ આવ્યું. તમે . . .'


'હા જી, ચાલો પહેલાં મોટરમાં બેસી જાઓ. પછી હું વાત કરીશ.' મોટરનું બારણું ખોલતાં તેમણે કહ્યું. હું મોટરમાં બેઠો. મોટર ચલાવતાં જ તેમણે વાત શરૂ કરી.

'તમારા અનુભવે અને મુનીન્દ્રની શિખામણોએ મને નવો જન્મ આપ્યો. અને એ વડે જ આજે હું અહીં સુધી પહોંચ્યો છું. મેં ફરી એક વખત પૂરી શ્રદ્ધાથી પુરુષાર્થ શરૂ કર્યો અને હું સફળ થયો.'

આ પછી તેમણે તેમના ધંધાની અને અન્ય વાતો કરી. પછી તેમના ઘેર લઈ જઈ મારી આગતા-સ્વાગતા કરી.

હું વિચારતો રહ્યો : ગઈ કાલનું ચીમળાયેલું એ પુષ્પ આજે ફરી શ્રદ્ધાના સિંચનથી ખીલી ઊઠ્યું હતું.

□



૨૭. સ્વપ્નસંકેત

જીવનમાં અનુભવોનું અપાર વૈવિધ્ય જોવા મળે છે.

કોઈ આ અનુભવને વિચિત્ર ઘટના ગણી બાજુએ હડસેલી દે છે. કેટલાક અનુભવને અચરજભર્યા બનાવ તરીકે મનની સ્મરણપેટીમાં સંઘરી રાખે છે. તો થોડીક વ્યક્તિઓ એ આશ્ચર્યજનક અનુભવની પાછળના રહસ્યને પામવા પ્રયત્ન કરે છે.

આવી વિરલ વ્યક્તિઓમાં ડૉ. સ્નેહલતાબહેન મહેતાનો સમાવેશ થાય છે. વિરાટ વિશ્વમાં અવનવા અનુભવો મેળવવાની તીવ્ર જિજ્ઞાસા અને એ અનુભવનો બૌદ્ધિક અર્થ તારવવાની અને શોધવાની એમની સતત મથામણ છે.

ડૉ. સ્નેહલતાબહેન મહેતાના અંગત જીવનનો એક વિલક્ષણ અનુભવ અહીં અમે એમની જ જબાનમાં પેશ કરીએ છીએ.

*

આ સમયે અમે કલકત્તામાં રહેતાં હતાં. એક વાર સોમવારની રજા આવતી હતી. શનિવારે અડધા દિવસની ઑફિસ હોય, આથી શનિવારની રજા લઈને શનિવાર, રવિવાર અને સોમવાર એમ ત્રણ દિવસ બહારગામ જવાનો વિચાર કર્યો. ભુવનેશ્વર અને જગન્નાથપુરીના પ્રવાસનો કાર્યક્રમ પણ ઘડી કાઢ્યો. 'પુરી એક્સપ્રેસ'ની રાતની ટિકિટ લેવા તથા બુકિંગ કરાવવા માટે મારા પતિ બપોરના ત્રણેક વાગ્યે ઑફિસમાંથી સ્ટેશન પર જવા માટે કોટ પહેરતા હતા. કોટ પહેરીને ઑફિસની બહાર નીકળે તે પહેલાં એક વહોરા કોમના સજ્જન એમની ઑફિસમાં દાખલ થયા. તેઓ ક્યારેક ક્યારેક પોતાના વેપારના કામકાજ અંગે મારા પતિની ઑફિસમાં આવતા હતા.

એમને તૈયાર થતા જોઈને પૂછવા લાગ્યા :

'કેમ સાહેબ, અત્યારે વળી ક્યાં ચાલ્યા ?'

મારા પતિએ તેમને કહ્યું કે 'સળંગ ત્રણ દિવસની રજાઓ આવે છે. આથી ભુવનેશ્વર અને જગન્નાથપુરી જવાનો કાર્યક્રમ ઘડ્યો છે. આ માટે પુરી એક્સપ્રેસની શુક્રવાર રાતની ટિકિટ લેવા હું જાઉં છું.'

પેલા વહોરા સજ્જને કહ્યું :

'વાહ ! કેવું કહેવાય ? હું તમને આ જ કહેવા આવ્યો હતો. મને થયું કે આ રજાઓ આવે છે તો તમે સહકુટુંબ બહારગામ ફરી આવો આવું સૂચવવા માટે જ આજે તો આવ્યો હતો. લાવો ત્યારે, હવે તમે ના જશો. હું જ ટિકિટો લઈ આવું.'

મારા પતિએ તેને ટિકિટો લાવવા નાણાં આપ્યાં. શુક્રવાર રાતની ટ્રેનની ત્રણ ટિકિટ લાવવા કહ્યું.

એ વહોરા સજ્જન ત્રણ ટિકિટો લઈને આપવા આવ્યા, પણ મારા પતિએ જોયું તો તેઓ શુક્રવાર રાતના બદલે ગુરુવાર રાતની

ટિકિટ લાવ્યા હતા. શુક્રવારે રજા નહોતી. આથી મારા પતિએ વહોરા સજ્જનને કહ્યું કે શનિવારની અડધી રજા તો લીધી છે. વળી શુક્રવારના એક દિવસની વધુ રજા લેવી બરાબર ગણાય નહિ. માટે ગુરુવારની આ ટિકિટો બદલીને શુક્રવારની ટિકિટો લાવો.

પેલા વહોરા સજ્જને ઇન્કાર કરતાં કહ્યું : 'અરે સાહેબ, હવે બદલવાની માથાકૂટ રહેવા દો ! આમે ઘણા વખતે બહારગામ જાઓ છો, તો નિરાંતે એકાદ દિવસ વધુ રહી મજા કરો ને ! શુક્રવારની રજા લઈ લેજો. એમાં છે શું ?'

આમ કહી વહોરા સજ્જને ટિકિટ બદલાવી લાવવાની ના પાડી.

જવાનો સમય નજીક આવ્યો. આ સમયે મને લગભગ રોજ રાત્રે સ્વપ્નામાં એક વહોરાજીની ટોપી અને મુસલમાનની ઘણી ટોપીઓ દેખાયા કરે. પણ સ્વપ્નની એ વાત પર મેં લાંબો વિચાર કર્યો નહિ.

અમારે શુક્રવારનો કાર્યક્રમ બદલીને ગુરુવારે રાત્રે જ ભુવનેશ્વર અને જગન્નાપુરી જવા માટે રવાના થવું પડ્યું. વહેલી સવારે ભુવનેશ્વર પહોંચ્યાં. ત્યાનાં મંદિરો જોઈને સાંજે જગન્નાથપુરી પહોંચી ગયાં.

જગન્નાથપુરીના સમુદ્રકિનારે બી. એન. આર. હોટલ નામની એક આલીશાન હોટલ હતી. આ આધુનિક હોટલમાં મુખ્યત્વે અંગ્રેજોને જ ઊતરવા દેવામાં આવતા હતા. અમે ત્યાં જઈને મૅનેજરને મળ્યા. મારા પતિએ સરકારી અધિકારી હોવાનું ઓળખપત્ર બતાવ્યું. આથી આ આધુનિક અને આલીશાન હોટલના પહેલે માળે રહેવા માટે એક સુંદર અને મોટો રૂમ કાઢી આપ્યો.

અમારા સિવાય બાકીના તમામ ઉતારુઓ અંગ્રેજ હતા. અમે સ્નાન કરી તૈયાર થઈને રાતના ભોજન માટે નીચે આવ્યાં, તો જોયું કે હોટલમાં અંગ્રેજ પુરુષો કરતાં સ્ત્રીઓ અને બાળકો વધારે હતાં. એ બધાં રેડિયોની આસપાસ ગોઠવાઈને બેઠાં હતાં. તેઓ સમાચાર સાંભળવા અને સમજવા ખૂબ ઉત્સુક હતાં. આ સમાચારો બંગાળી

અને હિંદી ભાષામાં પ્રસારિત થતા હોવાથી તેઓ બરાબર સમજી શકતાં નહિ. આમ છતાં ચિંતાતુર વદને અને આતુરતાથી કાન માંડીને બેઠાં હતાં.

અમને જેવાં દાખલ થતાં જોયાં કે તરત જ અંદરોઅંદર વાતચીત કરીને અમારી પાસે આવીને કહેવા લાગ્યાં કે તમે કૃપા કરીને રેડિયો પાસે આવીને બેસો. સ્થાનિક ભાષામાં આવતા સમાચારો સાંભળીને એનો તરજુમો અમને કહી સંભળાવો. આનું કારણ એ હતું કે કલકત્તામાં મોટા પ્રમાણમાં હુલ્લડો ફાટી નીકળ્યાં હતાં. આની અગાઉથી મળેલી બાતમી પ્રમાણે આ તોફાનો અંગ્રેજ અને ગોરાઓની સામે પણ થવાનાં હતાં. આથી એ લોકોએ સ્ત્રીઓ અને બાળકોને આ રીતે જગન્નાથપુરીમાં મોકલી દીધાં હતાં. આથી જ હોટલમાં ઘણી ભીડ હતી. અંગ્રેજ સ્ત્રીઓને પોતાના પતિ અને અન્ય વડીલ પુરુષવર્ગની સુખાકારીની ચિંતા હતી. આથી જ આટલી આતુરતાથી રેડિયોની આસપાસ બેઠાં હતાં.

અમને તો આ હુલ્લડ વિશે સહેજે ખ્યાલ ન હતો. રેડિયો પરના સમાચારથી જાણવા મળ્યું કે કલકત્તા ભડકે બળતું હતું. આ હુલ્લડ અંગ્રેજો વિરુદ્ધ નહિ પરંતુ હિંદુ-મુસલમાનો વચ્ચેનું કોમી હુલ્લડ હતું. હુલ્લડને કારણે કલકત્તા જતી કે ત્યાંથી ઊપડતી તમામ ટ્રેન રદ કરવામાં આવી હતી.

આમ તો જગન્નાથપુરીમાં ત્રણ દિવસ રહેવાનો અમારો કાર્યક્રમ હતો, પરંતુ હુલ્લડનું જોર ઘણું ભયંકર હતું. ટ્રેન ચાલુ થયા સિવાય કલકત્તા જવાય પણ શી રીતે ? આખા કલકત્તામાં જ્યારે કોમી હુલ્લડે હાહાકાર મચાવ્યો હતો, ત્યારે જગન્નાથપુરીની આલીશાન હોટલની અંદર, ખુનામરકીના જગતથી ઘણે દૂર, શાંત વાતાવરણમાં અમે આઠ દિવસ પસાર કરી નાખ્યા.

આઠ દિવસ બાદ ટ્રેનો ચાલુ થઈ. હુલ્લડ શમી ગયું. અમે કલકત્તા પહોંચ્યાં. હોમગાર્ડના રક્ષણ હેઠળ સ્ટેશનથી ઘેર આવ્યાં. આખું શહેર વેરાન ભાસતું હતું. ઠેરઠેર આગથી તારાજ થયેલાં ઘર નજરે પડતાં હતાં. અમને આવેલાં જોઈને અમારા પડોશીઓને ભારે

આશ્ચર્ય થયું. તેઓ તો બધા એમ સમજતા હતા કે હુલ્લડ ચાલુ થયું તે દિવસથી અમારું ઘર બંધ હતું. તેથી અમે બધાં હુલ્લડની આગમાં ખતમ થઈ ગયાં હોઈશું !


એ લોકોએ હુલ્લડની ભયંકરતાની વાતો કરી. આઠ-આઠ દિવસ સુધી દૂધ, શાક તથા રોજિંદા જીવનવ્યવહારની ચીજવસ્તુઓ વગર ચલાવવું પડ્યું હતું, જ્યારે અમે જગન્નાથપુરીની આલીશાન હોટલમાં રાજશાહી ખાણું પામ્યાં. આ તે નસીબની કેવી બલિહારી !

વિચાર કરતાં અમને સમજાયું કે પેલા અમારી ટિકિટ ખરીદી લાવનારા વહોરા ભાઈને હુલ્લડની તૈયારીની પહેલેથી જ ખબર હોવી જોઈએ. આથી એમાંથી ઉગારી લેવા માટે જ જાણીજોઈને તેઓ ગુરુવારની ટિકિટ લઈ આવ્યા હશે ! અને એથી જ એમણે એ ટિકિટ બદલીને શુક્રવારની ટિકિટ લાવવાની વાતનો સાફ સાફ ઇન્કાર કર્યો હશે.

આ બનાવ બન્યો તે પહેલાં થોડા દિવસ અગાઉથી મને સ્વપ્નમાં એક વહોરાજીની ટોપી તથા મુસલમાનોની ટોપી દેખાયા કરતી હતી. દેખાય અને વળી પાછી અદૃશ્ય થઈ જાય.

શું સ્વપ્નમાં દેખાતી એક વહોરાજીની ટોપી પેલી ઘણી ટોપીઓ વચ્ચે અમારું રક્ષણ કરશે એવો તો એનો અર્થ નહિ હોય ને ?

□



૨૮. મહુડી તીર્થ

જમાનાનું લક્ષણ એ છે કે, નાવ આપણી પાસે છે, પણ સુકાન કોઈને હાથ છે.

ઉંમરમાં કંઈક મોટા વિજાપુરના શાસ્ત્રી એક નવોઢાને પરણી લાવ્યા. જમાનો એ હતો કે, 'દીકરી અને ગાય દોરે ત્યાં જાય.' હજી પીઠી દેહ પર હતી. પાનેતર પહેરેલું જ હતું. પહેલી રાતનાં કંકુ-કેસર અણછબ્યાં હતાં ને વહુરાણી ધૂણવા લાગી.

'હાઉ ! હાઉ ! હું ચુડેલ ! મને અડશો મા ! આઘા રહેજો ! અડશે એને ખાઈશ.'

આધેડ પતિ હિંમત હારી ગયો. બાઈ ઓરડામાં ધૂણતી બેઠી. પતિ બહાર ખાટલાની પાંગતે બેસી રહ્યો. મિલનની રાત એમ ને એમ વહી ગઈ !

આખો દિવસ જુવાન બાઈ કામ કરે. રાત પડે અને પતિ પાસે આવે, સગાંવહાલાં સમજાવવા આવે કે બાઈ ધૂણે ! 'ખાઉ ખાઉ, સબકો ખાઉ, તુમકો ખાઉ, ઉસકો ખાઉ, સબકો ખાઉ !'

ભૂવા આવ્યા. ફકીર આવ્યા. જતિ આવ્યા. સતી આવ્યાં.

બાધા, નૈવદ્ય ને માનતા ચાલ્યાં. બાઈ સાજી ન થઈ. આખરે એક ફકીર આવ્યો.

જેવી એની જવાની, એવા એના મંત્રો ! બાઈ ચડપ કરતી ડાહી થઈ ગઈ. ફકીરે ગવાડાના રસ્તે આવેલ કબ્રસ્તાનના પીરને મલીદો ચઢાવી આવવા કહ્યું.

વૃદ્ધ શાસ્ત્રી કહે તે કરવા તૈયાર હતા. એમણે મલીદો તૈયાર કર્યો, પણ ચઢાવવા કોણ જાય ! એક તો કબ્રસ્તાન, ગીચ ઝાડી, ભયંકર એકાંત, વળી પીરપીરાણાનું કામ !

કોઈની હિંમત ન ચાલે. આ વખતે બેચર કરીને કણબીના એક છોકરે બીડું ઝડપ્યું. : 'લાવો, હું જઈશ.'

બેચરે મલીદો લીધો. ગયો પીરની દરગાહે. મલીદો મજાર સામે ધરીને બોલ્યો : 'હે પીરસાહેબ ! મલીદો લાવ્યો છું. સુખે આરોગો. અહીં બેઠો છું.'

મલીદો એટલે કાચો લોટ, ઘી, ગોળની કુલેર જેવું.

બેચર બેઠો. રાત પડી. શેરી લોબાનનો ધૂપ ખુશબો વહાવતો હતો.

થોડો સમય વીત્યો. બેચરે મલીદાની થાળી પરથી રૂમાલ ઉપાડ્યો. જોયું. લચપચતો મલીદો એવો ને એવો પડ્યો હતો.

બેચરે કહ્યું : 'પીરસાહેબ ! હું વિદ્યાર્થી છું. વળી રાતે જમતો નથી. મને આશા છે કે હું મલીદો ખાઈશ તો તમે રાજી થશો.'

બેચર તો મલીદો ઉડાવી ગયો. થાળીવાટકો ખાલી લઈને પાછો ફર્યો.

શિક્ષકને કહ્યું : 'પીરસાહેબે મલીદો ન ખાધો. હું ખાઈ ગયો. ભૂખ લાગી હતી.'

શિક્ષકનો પિત્તો ફાટ્યો ! 'માળા અઘોરી ! અલ્યા, મરી જઈશ ! દેવસ્થાનની આમન્યા કંઈ સમજે ખરો કે ? ભૂત જેવો !'

આશ્ચર્યની વાત એ બની કે બેચરને કંઈ ન થયું. બેચરના મનમાં પણ કુતૂહલ રહ્યું કે આ શું ? જેનાથી બાઈને સારું થયું એનાથી મને કંઈ ન થયું.

આ બહાદુર બેચરને એક સાધુ મળ્યા. પવિત્ર જોગંદર જેવા સાધુ. સાધુએ કહ્યું કે, 'અલ્યા બેચર ! ધીંગામસ્તીથી શું વળ્યું ? તારી પાસે બળ હશે પણ સાચું બળ નથી. સાચું બળ તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યમાં છે. એ ત્રણ વસ્તુ પ્રાપ્ત કર ! મુનિ થા. સંસારનો ઉદ્ધાર કરીશ.'

બેચરનો આત્મા પ્રકાશપંથી હતો. એણે સંસારની માયા તજી દીધી. મુનિ થઈ ગયો. વિજાપુર, પિલવાઈ, વરસોડા, માણસાના પ્રદેશમાં એ ઘૂમવા લાગ્યો. એ પ્રદેશની સુંદર વનરાજિ એની તપોભૂમિ બની ગઈ. એનાં મીઠાં ઝરણાં યોગની નિર્ઝરિણી બની રહ્યાં.

એ વખતે દેવા નામના બહારવટિયાને પિલવાઈ-મહુડીના રસ્તા પર ફાંસી થઈ. ફાંસી એક આંબલી નીચે થઈ. દેવો બ્રાહ્મણનો દીકરો હતો, ને કોળીનો ગોર હતો.

કુછંદે ચઢીને બહારવટે ચઢ્યો હતો. કહેવાતું કે આ માર્ગે દેવો મરીને બ્રહ્મરાક્ષસ સરજાણો છે. લોકો ત્યાંથી પસાર થતાં ધોળે દહાડે ફાટી પડે. લોકોમાં ભય વ્યાપી ગયો. રસ્તો સાવ ઉજ્જડ. છાશવારે ને છાશવારે કોઈ ધૂણે. કોઈના દાંત બંધાઈ જાય. કોઈ કંઈ કંઈ ચરીતર દાખવે.

આ વખતે પિલવાઈના વટદાર લોકોએ રાજને મહેસૂલ આપવાની ના પાડી. ઘણી વાટાઘાટો ચાલી. ઘણી સંધિઓ થઈ. પણ

કંઈ ન વળ્યું. એક દહાડે વડોદરાથી તોપો આવી. ચાર દિશામાં ચાર તોપો ગોઠવાઈ ગઈ. તોપો છૂટી ! ગામ ખેદાનમેદાન !

વડોદરા રાજ્યની આંખનો ડોળો લાલ થયો.

હવે તો આખો પ્રદેશ ભૂત અને ભૂવાથી ભરાઈ ગયો ! કહેવાય છે કે, બેચરમાંથી મુનિ બનેલા 'બુદ્ધિસાગર' અહીં ઘૂમી રહ્યા. દેવાની ફાંસીની આંબલીએ રાત રહ્યા. પિલવાઈમાં વારંવાર પર્યટન કર્યું. પણ લોકો તો નાહિમત જ રહ્યા. ભૂત . . . ભૂત . . . !

મુનિ પોતે યોગના અભ્યાસી હતા. આ રીતે અનાથ બનેલા લોકોના અને વિવેક વગર જે મળે તેને પૂજનારા ભદ્ર જીવોના કલ્યાણ માટે કંઈ કરવાનો વિચાર કરી રહ્યા.

માણસ દેહથી બળવાન નથી. મનથી બળવાન ન હોય તો તેનો કંઈ અર્થ નહિ. જે બળવાન ન હોય એની બાંય કાં મુનિ કાં દેવ પકડે.

તનને મદદ કરનાર લાકડી ! મનને ટેકો આપનાર આસ્થા ! શ્રદ્ધા, ઈમાન ! મુનિ ફરતા ફરતા એક વાર વિજાપુરથી ચાર ગાઉ પર આવેલ મહુડી ગામમાં જઈ રહ્યા. આંબા, રાયણ, પીપળ, મહુડાથી ભરેલ આ ગામ છે. મુનિએ પોતાની નોંધમાં નોંધ્યું :

'મહુડી ગામ વસ્યાં ૩૦૦-૪૦૦ વર્ષ થયાં, એમ કિંવદન્તી છે. મહુડી પાસે સાબરમતીના કાંઠા પર ખડાયતા ગામ છે. તેમાંથી મણમણની ઈંટો નીકળે છે. તે ગામ પ્રાચીન છે. તેમાંથી એક અજિતનાથ નીકળ્યા છે. જૂનાં ખડાયતા ખંડેરો છે. ત્યાં ભોંયરું હોવાનો સંભવ છે. ત્યાં પ્રતિમાઓ મળે છે. હાલ મહુડી ગામમાં એક જિનમંદિર છે. શ્રાવકોનાં આશરે ત્રીસ ઘર છે. કાલિદાસ વોરા વગેરે આગેવાન છે.'

આ મહુડીની ભૂમિમાં મુનિ જપ-તપ કરી રહ્યા. પણ ગામેગામ ઊભરાતાં ભૂત-પ્રેત, શાકણ-ડાકણનાં દરદીઓ એમનું કાળજું કોરી ખાવા લાગ્યાં. કોઈ મોંમાં ખાસડું લઈ કબરે જાય, કોઈ પીરના થાનકે જઈ પંજા છાતીએ લે. આમ હરિજનને અડે નહિ,

પણ ગરજે ગમે તેનો પ્રસાદ ચાખે ! માનવતાની આ હરાજી મહાસાધુનું કાળજું કોરી રહી.

એમણે આત્માની વાતો કરી, સોએ એકને ગળે ઊતરી.

એમણે ચમત્કારી વાતો કરી, સોમાં નવાણુંને ગળે ઊતરી.

'આત્મજ્યોતિ પ્રગટાવો, અદ્‌ભુત આત્માનંદ મળશે.'

પણ જગ જાણે જુદો રસ લઈને બેઠું હતું. પોતાના વિચારો પ્રગટ કરતાં તેઓ કહે છે :

'નિષ્કલંક વજ્રાંગ બ્રહ્મચર્ય આજે કોઈએ જોયું નથી. આત્માની નિર્ભયતા અદૃશ્ય બની છે, ધર્મ સગવડિયો બન્યો છે.

'માન્યા માટે માથું આપવાની તમન્ના નથી ! સેવામાંય સ્વાર્થની મોટાઈ છે. નિષ્કલંક ચારિત્ર્ય લગભગ દુર્લભ છે. મૃત્યુભયની બેપરવાઈ આજે દેખાતી નથી.

'કલ્યાણ અને પ્રેમનો ઝરો માનવીના હૃદયમાંથી શોષાઈ ગયો છે. ચિંતા, અસંતોષ અને ઈર્ષ્યા આજે માનવ-જીવનનાં ખાસ અંગ બન્યાં છે, મોટાઈમાં ખપ્યાં છે. દેહનું જ પૂરું ભાન ન હોય ત્યાં આત્માની પિછાણ કોને હોય ? માણસ જાણે જીવતું ભૂત બન્યો છે. ભૂતને ભૂત જ મળે – બીજું શું મળે ? '

સાધુની કરુણા અજબ હોય છે. છેલ્લા ત્રણ દિવસથી તો ભૂગર્ભ (ભોંયરા)માં છે. ન ખાવુંપીવું, ન હાજતપાણી ! ત્રણ દિવસ બાદ એક દાઢિયાળો જોગી દાઢી ડોલાવતો બહાર આવે છે. એના મોં પર દિવ્ય પ્રકાશ છે. એ કહે છે : 'અહીં દેરી કરો.'

સાધુના વચનમાં શ્રદ્ધા રાખનાર શ્રાવકો દેરી ખડી કરે છે. હવે સાધુ શિલ્પીઓને નિમંત્રે છે. કહે છે :

'મેં સ્વપ્નમાં નીરખેલી મૂર્તિને તમે પથ્થરમાં સાદર સાકાર કરો. જુઓ, એના હાથમાં સંકલ્પનું તીર ને સિદ્ધિનું ધનુષ છે. એનું એક કદમ આગળ બઢાવેલું છે. એક સ્થિર છે. દેહ પર યોગીના જેવો લંગોટ છે. મસ્તકે રાજાનો મુગટ છે. એની મૂછો મૃત્યુંજય છે ને આંખોમાં અભય છે.'

વાતો કરવી સહેલી હતી, પણ મૂર્તિ ઘડવી મુશ્કેલ હતી. પણ જમાનો સહકારનો હતો. શિલ્પીઓ રાત-દિવસ મથ્યા. આખરે મૂર્તિ તૈયાર થઈ. પણ પ્રશ્ન એ થયો કે સંસારમાં મૂર્તિઓ ક્યાં ઓછી છે, ને પૂજાઅલંકારના અખાડા ક્યાં ઓછા ચાલે છે કે નવા વધારવા ?

મૂર્તિ સ્થાપન કરી, પણ એક સિદ્ધાંત પણ સ્થાપન કર્યો કે, મૂર્તિની પૂજા બંધ ! ન કેસર ચઢે, ન ચોખા ચઢે, ન પતાસાં ! બાર મહિને એક વાર કાળી ચૌદશે પૂજા થાય. અને તે નિયત કરેલા બે બ્રાહ્મણો કરે !

દેવને નિવેદમાં સુખડું ચઢે. ગમે તેટલું સુખડું ચઢે, પણ દેરીની દીવાલ બહાર લઈ જવાય નહિ. ત્યાં ખવાય તેટલું ખાઓ, બાકી વહેંચો ! નાતજાતના ભેદ વગર વહેંચો.

ગામની અઢારે કોમ એ સુખડું પામે. સુખડાનું જાણે સદાવ્રત બાંધ્યું. મુનિ અઢારે આલમના હતા. સાંપ્રદાયિકતા કે સંકુચિતતા મુનિના હૈયે છબી નહોતી. એ સહુના હતા. સહુ એમના હતા.

વિ. સં. ૧૯૮૦માં માગસર સુદિ બીજે એ દેવની પ્રતિષ્ઠા કરી.

દેવનું નામ ઘંટાકર્ણ !

જાણીતા વીરોમાંના એક ! ઊંચા થંભ પર રહેલી ઘંટા આજે પણ એ દેવનો મહિમા પ્રસારી રહી છે અને માણસને કહી રહી છે :

'દેવ ઊભા છે, પણ સહુથી મોટી આસ્થા છે. મનને ચોખ્ખું રાખો. તમારી નાવને શ્રદ્ધાના સુકાનથી હાંકો. બેડો પાર થઈ જશે.'

દેરી પણ અનોખો સંદેશ આપે છે.

મહામના આચાર્ય બુદ્ધિસાગરસૂરિજીની દેરી કહે છે :

'માયાના બંધ તોડો. મુનિ થાઓ. વિશ્વને તમારું કરો. વિશ્વના તમે થાઓ. સમત્વ વગર સાધુ થયા તોય શું ?'

બાજુમાં ઊભેલી ઘંટાકર્ણ વીરની દેરી કહે છે : 'દિવ્ય ગુણો પ્રાપ્ત કરો. ડરો નહિ. દેવ બનો.'

પડખે જરાક આગળ આવેલ જિનમંદિર કહે છે :

'પોતાની જાતને જીતો. જિન બનો. રાગ અને દ્વેષ બંને છોડી મુક્તિને વરો !'

આ દિવ્ય સંદેશ આજે પણ સંભળાય છે ! એ મહુડીમાં એક ગુરુકુળ ખડું કરવાનો એના નિર્માતા આચાર્ય મુનિનો સંકલ્પ હતો. અમદાવાદથી ૧૮ માઈલે કલોલ, કલોલથી ૨૮ માઈલે પિલવાઈ, વિજાપુર, ત્યાંથી પાંચ માઈલે મહુડી. આમ કુલ એકાવન માઈલ દૂર મહુડી છે.

અહીં ખડાયતાના ઈષ્ટ દેવનાં અતિ પ્રાચીન અને અતિ અર્વાચીન એમ બે મંદિરો છે. સાબરમતીકાંઠે, ઊંચી ભેખડ પર આવેલું વાદળથી વાતો કરતું કોટ્યર્કનું મંદિર કલાપ્રેમીને મુગ્ધ બનાવે છે અને તેમાં રહેલી એક અદ્‌ભુત જિન પ્રતિમા કલાપ્રેમીની આંખોને ત્યાં ચોંટાડી રાખે તેવી છે.

□